મહોપાધ્યાય શ્રીમદ્ યશોવિજયજી-પ્રણીત

# જ્ઞાનસાર

ચારિત્રનો સાર મુક્તિ




સંયોજકઃ-પૂ. મુનિ શ્રી રાજશેખરવિજયજી

ૐ હ્રીં શ્રીશંખેશ્વર પાર્શ્વનાથાય નમઃ

સિદ્ધાન્તમહોદધિ શ્રીવિજયપ્રેમસૂરિપરમગુરુભ્યો નમઃ

ઐં નમઃ

ન્યાયવિશારદ મહોપાધ્યાય

શ્રીયશોવિજય મહારાજ વિરચિત-

# જ્ઞાનસાર

[ સ્વોપજ્ઞ ભાષાર્થ સહિત ભાવાનુવાદ ]


: સંયોજક-સંપાદક :

સ્વ. સિદ્ધાન્તહોદધિ પૂજ્ય આચાર્યદેવ શ્રીપ્રેમસૂરીશ્વરજી
મ.ના શિષ્યરત્ન પરમગીતાર્થ આચાર્યદેવ શ્રીહીરસૂરીશ્વરજી
મ.ના શિષ્ય પરાર્થપરાયણ પૂ.મુ.શ્રીલલિતશેખર વિજયજી
મહારાજના શિષ્ય પૂ. મુનિરાજ શ્રી રાજશેખર વિજયજી



—પ્રકાશક—

શ્રીઆરાધના ભવન જૈનસંઘ [ દાદર-મુંબઈ ]
( જ્ઞાન દ્રવ્યમાંથી )

પ્રથમ આવૃત્તિ, નકલ ૧૦૦૦

મૂલ્ય રૂ. ૨-૫૦

વીરસંવત ૨૪૯૯ ~~વિક્રમસંવત ૨૦૨૯~~

# સમર્પણ

સંસારસાગરને પેલે પાર લઈ જતી મારી સંયમજીવનની નૌકાના સફળ સુકાની પરમગીતાર્થ પ. પૂ. આચાર્યદેવ શ્રીમદ્વિજય હીરસૂરીશ્વરજી મહારાજના પુનિત પાણિપદ્મમાં.

સમર્પકઃ– મુનિરાજશેખર વિજય

મુદ્રક : ભોગીલાલ વી. દેસાઈ સંગીતા સેટિંગ વર્ક્સ,
૨૬, સત્યમ સોસાયટી, શાહપુર, બહાઈ સેન્ટર, અમદાવાદ–૧.

# સંપાદકીય વક્તવ્ય

પૂર્વે જ્ઞાનસાર ગ્રંથનું સ્વોપજ્ઞ ભાષાર્થ સહિત ભાવાનુવાદ રૂપે પ્રકાશન થઈ ગયું છે, જેનું સંપાદન પંડિત શ્રી ભગવાનદાસ હરખચંદે કર્યું છે. એ ગ્રંથ અલભ્ય બની જવાથી મહત્ત્વના સ્થળે વિશેષ સ્પષ્ટીકરણ કરીને સ્વોપજ્ઞ ભાષાર્થ સહિત જ્ઞાનસારગ્રંથનું સંપાદન કાર્ય કરવાની લહેરુચંદ ભોગીલાલ ગ્રંથમાળા તરફથી મને વિનંતિ થઈ. મેં એ વિનંતિ તરફ લક્ષ્ય ન આપ્યું. ફરીવાર વિનંતિ થઈ. આખરે મેં આ ગ્રંથનું સંપાદન કરવાનો નિર્ણય કર્યો. પંડિત શ્રી ભગવાનદાસ હરખચંદ સંપાદિત જ્ઞાનસાર ગ્રંથ જ સુધારા–વધારા સાથે પ્રકાશિત થાય એ માટે મેં પ્રયત્ન કર્યો. પણ તેમાં મને સફળતા ન મળવાથી સ્વતંત્ર સંયોજન–સંપાદન કરવાનો નિર્ણય કર્યો. સ્વોપજ્ઞભાષાર્થ શ્રી લાલભાઈ દલપતભાઈ ઈન્સ્ટીટયુટની બે હસ્તલિખિત પ્રતોના આધારે લખ્યો છે. પંડિતજી સંપાદિત ગ્રંથ પણ સાથે રાખ્યો હતો. પ્રાચીન લિપિ વાંચવાનો મહાવરો ન હોવાથી જ્યાં અક્ષરો ઉકેલી શકાય નહિ ત્યાં તથા સંદિગ્ધ કોઈ કોઈ સ્થળે એ ગ્રંથનો ઉપયોગ કર્યો છે. પંડિતજીએ જે રીતે ભાષાર્થ લખ્યો છે તે જ રીતે મેં લખ્યો છે. અર્થાત્ જેમ પંડિતજીએ ભાષાર્થના પૂ. શ્રી ઉપાધ્યાયજી મહારાજના શબ્દોમાં ખાસ ફેરફાર કર્યો નથી, તેમ મેં પણ તેમાં ખાસ ફેરફાર કર્યો નથી. પંડિત-જીએ ક્રિયાપદના પ્રાચીન ભાષાના રૂપોને બદલીને વર્તમાન ભાષાના રૂપો મૂકયાં છે. મેં પણ તેમ જ કર્યું છે. પંડિતજીએ

શ્લોકના દરેક શબ્દના બધા જ અક્ષરો લખ્યા છે, જ્યારે મેં બહુધા જે શબ્દમાં એથી વધારે અક્ષરો હોય ત્યાં ટુંકાવીને આદિ અક્ષર લખ્યો છે. કર્તાએ (પૂ. શ્રી ઉપાધ્યાયજી મહારાજે) ભાષાર્થમાં ઘણા સ્થળે વધારે અક્ષરવાળા શબ્દોને ટુંકાવીને લખ્યા છે. ભાષાર્થમાં કોઈ કોઈ સ્થળે શબ્દાર્થ ઉપરાંત વિશેષ લખાણ પણ છે. તેને મેં ભાવાનુવાદમાં પ્રાયઃ લઈ લીધો છે.

ભાવાનુવાદમાં જ્યાં જ્યાં વિશેષ સ્પષ્ટીકરણની જરૂર લાગી ત્યાં ત્યાં મેં મારા ક્ષયોપશમ મુજબ સ્પષ્ટીકરણ કર્યું છે. ભાવ વિશેષ સમજાય એ માટે કાળજી રાખી છે. પણ ક્યાં વિરાટકાય રહસ્યપૂર્ણ આ ગ્રંથ અને ક્યાં મારી સાવ વામણી શક્તિ ! એટલે આમાં કોઈ જાતની ખામી નથી એમ માનવું એ નરી ધૃષ્ટતા જ ગણાય. સંપૂર્ણ ભાવાનુવાદ પંડિતવર્ય શ્રી પુખરાજજી અમીચંદજીએ કાળજીથી તપાસ્યો છે. આમ છતાં આમાં કંઈ પણ શાસ્ત્રવિરુદ્ધ લખાયું હોય તો તે બદલ અંતઃકરણથી ક્ષમા યાચું છું. આમાં ક્યાંય પણ ભૂલ ખ્યાલમાં આવે તો મને જણાવવાની કૃપા કરે એવી વાચક મહાશયોને વિનંતિ કરું છું. સંપાદન સારું થાય એ માટે વિદ્વાન પૂ. **મુનિરાજશ્રીરાજેન્દ્ર** વિ.મ.ની ચીવટ અને પ.પૂ. મારા ગુરુદેવશ્રી (**શ્રીલલિતશેખર** વિ મ.)નો પ્રૂફસંશોધનાદિમાં સહયોગ ચિરસ્મરણીય બની રહેશે.

લક્ષ્મીવર્ધક જૈન ઉપાશ્રય, વિ. સં. ૨૦૩૦ મુનિ
શાંતિવન, અમદાવાદ-૭ ચૈ. સુ. ૧૩ રાજશેખરવિજય

# પ્રાક્કથન

જૈનશાસનમાં કેવળ તત્ત્વજ્ઞાનની કિંમત નથી, તત્ત્વજ્ઞાન સાથે આચાર હોય, આચારપ્રેમ હોય તો જ તેની કિંમત છે. આથી જ જૈનશાસનમાં થયેલા મહાપુરુષોના તાત્ત્વિક ગ્રંથો ગણુ આચારની પ્રેરણા આપનારા હોય છે. પ્રસ્તુત જ્ઞાનસાર ગ્રંથ તત્ત્વજ્ઞાનપૂર્ણ હોવા સાથે વૈરાગ્યપૂર્ણ હોવાથી સાધકોને ઉચ્ચકોટિની સાધના-આચાર માટે માર્ગદર્શક અને પ્રેરક છે. સામાન્ય જીવોથી આરંભી ઉચ્ચકક્ષાના આરાધક સુધીના સહુ કોઈ તત્ત્વજિજ્ઞાસુઓને સુંદર જીવન જીવવામાં આ ગ્રંથ દીવાદાંડીની ગરજ સારે છે. તેમાં ભરેલો વૈરાગ્ય આચારની શિથિલતાને ખંખેરી નાખવાની પ્રેરણા અને બળ આપે છે. સ્વ. પ. પૂ. પં. ૧૦૦૮ શ્રીકાંતિવિજયજી મ. સાહેબ મને વારંવાર કહેતા હતા કે "જ્ઞાનસાર ગ્રન્થ કેવળ ભણવા માટે જ નથી, પરંતુ સતત વિચારપૂર્વક આચરણમાં મૂકવા જેવો છે."

આ ગ્રંથની પૂર્ણ જરૂરિયાત અને મહત્તા તો જે સાધક આત્માઓ વારંવાર પઠન-પાઠન કરે તે જ જાણી શકે. આ ગ્રંથ સામાન્ય અભ્યાસકોથી આરંભી વિદ્વાન ગીતાર્થ મહાપુરુષોને પણ અત્યંત ચિંતનીય અને મનનીય હોવાથી એને જૈનશાસનની મહાન ગીતા કહીએ તો પણ અતિશયોક્તિ ભર્યું ન જ કહેવાય. આના ઉપર જેમ જેમ ચિંતન-મનન થાય તેમ તેમ નવું જાણવાનું મળે એવો મારો અનુભવ છે. આ ગ્રંથના બત્રીશ અષ્ટકોમાં પ્રત્યેક અષ્ટકમાં એક એક વિષય ટૂંકમાં બતાવેલ હોવા છતાં

એટલો સચોટ અને રહસ્યપૂર્ણ છે કે એનું પૂર્ણ રહસ્ય સમજવા માટે પ્રત્યેક વિષય ઉપર ભિન્ન ભિન્ન ગ્રંથ લખાય તો પણ ઓછું પડે. આનું પઠન-પાઠન ખૂબ જ વધે એ અત્યારે ઘણું જ જરૂરી છે.

આ ગ્રંથ સર્વ કોઈને ઉપયોગમાં આવી શકે તે દૃષ્ટિબિંદુથી વિદ્વાન પ. પૂ. શ્રી રાજશેખર વિજયજી મહારાજ સાહેબે આ પુસ્તિકા તૈયાર કરી છે. ખાસ મહત્ત્વના સ્થાને તે તે વિષય ઉપર જરૂરી સ્પષ્ટીકરણ કર્યું છે. તથા તે તે વિષય બીજા કયા કયા સ્થળે છે તે ટિપ્પણમાં બતાવીને તત્ત્વજિજ્ઞાસુઓને સુગમતા કરી આપી છે.

આજના ભૌતિકવાદના વિષથી બચવા નાના મોટા સહુ કોઈ આરાધકો આ ગ્રંથનું કંઠસ્થ કરવા પૂર્વક ચિંતન-મનન કરી પૂજ્યશ્રીના આ પ્રયાસને સફળ બનાવે એ જ શુભેચ્છા.

વિ. સં. ૨૦૩૦, પુખરાજ અમીચંદજી કોઠારી
ચૈ. સુ. ૩ શ્રીમદ્ યશોવિજયજી જૈન સંસ્કૃત પાઠશાલા
તા. ૨૬-૩-૧૯૭૪ મહેસાણા (ઉ. ગુજ.)

# જ્ઞાનસાર ગ્રંથથી લાભ મેળવવાનો ઉપાય

જ્ઞાનસાર ગ્રંથ શ્રમણ સમુદાયમાં સુપ્રસિદ્ધ છે. આ ગ્રંથ સ્વજીવન શુદ્ધિ થાટે સર્વ કોઇ સાધકને ઉપયોગી છે, સાધુઓને તો અતિ ઉપયોગી છે. કારણ કે સાધુને—સાધુના જીવનને ઉદ્દેશીને લખવામાં આવ્યો છે. આ ગ્રંથ તાત્ત્વિક હોવા સાથે વૈરાગ્યમય છે. વર્તમાનમાં વિદ્યમાન વૈરાગ્ય-પ્રધાન ગ્રંથોમાં આ ગ્રંથ પોતાની આગવી વિશિષ્ટતા ધરાવે છે. એની રચના રોચક અને અસર કારક છે.

ચિંતન–મનન પૂર્વક આનું વાંચન કરવાથી સાધનામાં પ્રબળ પ્રેરણા મળે છે. જો સાધક આ ગ્રંથને સંપૂર્ણ કંઠ-સ્થ કરીને આત્મનિરીક્ષણપૂર્વક ચિંતન–મનન કરે તો જરૂર એનું જીવન સુવિશુદ્ધ બનતું જાય. જે સાધક સંપૂર્ણ ગ્રંથને કંઠસ્થ ન કરી શકે તે પોતાના જીવનની વિશુદ્ધિ માટે અધિક મહત્ત્વના શ્લોકોને ચૂંટીને કંઠસ્થ કરીને આત્મનિરીક્ષણ પૂર્વક તેનું ચિંતન–મનન કરે તો થોડા શ્લોકોથી પણ ઘણો લાભ થાય. અરે ! કોઇ એકાદ શ્લોકથી પણ અચિં-ત્ય ફળ જોવા મળે. શરત એટલી જ છે કે આત્મનિરીક્ષણ પૂર્વક એનું ચિંતન–મનન થવું જોઇએ. ચિંતન–મનન પણ જોઈએ અને આત્મનિરીક્ષણ પણ જોઇએ. જીવનની વિશુદ્ધિ માટે વૈરાગ્યપ્રધાન ગ્રંથોનું આત્મનિરીક્ષણ પૂર્વક ચિંતન–મનન અનિવાર્ય છે. આપણે એ ન ભૂલવું જોઈએ કે વૈરાગ્યના કોઇ પણ ગ્રંથનું ચિંતન–મનન કે અધ્યયન–અધ્યાપન આત્મનિરીક્ષણપૂર્વક થાય તો જ સફળ બને. આત્મનિરીક્ષણ એટલે શ્લોક વગેરેના ભાવને પોતાના આત્માને અનુલક્ષીને વિચારવો.

આત્મનિરીક્ષણપૂર્વક આ ગ્રંથનું ચિંતન-મનન કરવામાં આવે તો જીવનમાંથી ઘણા દોષો દૂર થાય અને નવા દોષો પ્રવેશે નહિ. સંપૂર્ણ ગ્રંથ અસરકારક હોવા છતાં અમુક શ્લોકો જીવનવિશુદ્ધિ માટે ખૂબ જ અસરકારક છે. જેમકે, यश्चिद्दर्पणविन्यस्त......( અ. ૪. શ્લોક-૮ ) એ શ્લોકના ભાવનું આત્મનિરીક્ષણપૂર્વક ચિંતન-મનન કરવામાં આવે તો આત્મા સ્વાદિષ્ટ ખાન-પાન, ચિત્તાકર્ષક વસ્ત્ર-પાત્ર, મનોરંજક મકાન, ભક્તગણાકર્ષણ વગેરેમાં લેવાઈ ન જાય. કદાચ અનાદિ કાળના મોહના સંસ્કારથી ક્યારેક તેમાં રાગ ભાવ થઈ જાય તો પણ જ્યારે રાગભાવ થાય ત્યારે આ શ્લોકના ભાવને યાદ કરવાથી આત્મા તુરત રાગભાવથી પાછો હઠી જાય. તેવી રીતે यस्य ज्ञानसुधासिन्धौ ( અ. ૨ શ્લોક-૨ ) એ શ્લોકના ભાવનો આત્મા સાથે વિચાર કરવામાં આવે તો દુનિયાનું નિરર્થક અવનવું જાણવાનો તલસાટ ન થાય. બહારનું નકામું જોવાની ઉત્કંઠા ન થાય. સાધનામાં બિનજરૂરી બોલવાની તલપ ન થાય. ગપ્પાં મારવાનું ન પાલવે. સાધનામાં અવરોધક કે બિનજરૂરી કશું જ જાણવાની-સાંભળવાની જરા ય ઉત્કંઠા ન થાય. જીવનને વિશુદ્ધ બનાવવામાં બિનજરૂરી કશું જ જોવા આંખો તલપાપડ ન બને.

परब्रह्मणि मग्नस्य......( અ. ૨ શ્લોક ૪ ) એ શ્લોકનું ચિંતન-મનન કરનાર સંપત્તિના સંતાપમાં શેકાય નહિ, લલનાઓની લપમાં મશગૂલ ન બને, દુનિયાની પંચાતમાં ન પડે. આ રીતે સાધકના બાહ્યદૃષ્ટિ બંધ થઈ જવાથી તેને बाह्यदृष्टि......(અ. ૨૦ શ્લોક ૧) એ શ્લોકમાં કહ્યું

છે તેમ અંતરના વૈભવનો અનુભવ થાય છે.

આવા તો અનેક શ્લોકો આ ગ્રંથમાં રહેલા છે. આવા વૈરાગ્યમય શ્લોકોથી ભરપૂર આ ગ્રંથના અધ્યયન–અધ્યાપનથી લાભ મેળવવા–જીવનને વિશુદ્ધ બનાવવા તેનું આત્મનિરીક્ષણપૂર્વક ચિંતન–મનન કરવું જોઈએ. **આવા વૈરાગ્યમય ગ્રંથો પણ જો તેનો આત્મા સાથે વિચાર કરવામાં ન આવે તો લાભપ્રદ ન બને.** જ્યાં સુધી વીતરાગ અવસ્થા ન આવે ત્યાં સુધી સાધકમાં દોષો તો રહેવાના જ. હા, કોઈ દોષ વધારે પ્રમાણમાં હોય, તો કોઈ દોષ અલ્પપ્રમાણમાં હોય એવું બને. ભરતક્ષેત્રમાં વર્તમાનકાળમાં ઉચ્ચકક્ષાના સાધકમાં પણ અલ્પપ્રમાણમાં (સૂક્ષ્મરૂપે) તો દોષો રહેવાના જ. પણ જે દોષો વધારે પ્રમાણમાં (સ્થૂલરૂપે) હોય તે દોષો વર્તમાનકાળમાં અવશ્ય દૂર કરી શકાય. એ માટે આવા ગ્રંથોનું આત્મનિરીક્ષણપૂર્વક ચિંતન–મનન કરવું જોઈએ.

સાધકે સર્વપ્રથમ ગુસ્સો, અહંકાર, સ્વાદિષ્ટ ખાન–પાનની લાલસા, માન–સન્માનની ભૂખ, હાસ્ય, કુતૂહલ વૃત્તિ, વસ્ત્રાદિની ટાપટીપ, નિંદા–વિકથા વગેરે દોષમાંથી કયો દોષ મને વધારે પીડે છે તેનું નિરીક્ષણ કરવું જોઈએ. ચોક્કસાઈ પૂર્વક નિરીક્ષણ કરવાથી જરૂર આનો ખ્યાલ આવી જશે. સાથે એ પણ ખ્યાલમાં આવશે કે કોઈ એકાદ દોષની વધારે પડતી પજવણીમાંથી બીજા અનેક દોષો જન્મે છે. પરિણામે જીવનમાં તેના પ્રત્યાઘાતો આવતાં મધ જેવા મધુર જીવનમાંથી પણ ક્યારેક ક્યારેક તો કારેલાના જેવા

કડવા ઓડકાર આવે છે. આથી જે દોષ વધારે પજવતો હોય તે દોષને દૂર કરવા જ્યારે જ્યારે તે દોષ વ્યક્ત બને ત્યારે ત્યારે તેને અનુરૂપ આ ગ્રંથના શ્લોકનું ચિંતન-મનન કરવું જોઈએ. જેમ કે, જો ક્રોધ દોષ હેરાન કરતો હોય તો ज्ञानध्यान...(અ. ૬ શ્લોક ૫) વગેરે શ્લોકોનું ચિંતન–મનન કરવું જોઈએ. વસ્ત્રાદિની ટાપ–ટીપનો દોષ પરેશાન કરતો હોય તો स्वद्रव्यगुण......(અ. ૫ શ્લોક ૫) વગેરે શ્લોકોનું ચિંતન–મનન કરવું જોઈએ. જ્યારે માન–સન્માનની ભૂખ જાગે ત્યારે गौरवं पौरवन्द्यत्वात्......( અ. ૧૨ શ્લોક–૬ ) વગેરે શ્લોકોનું ચિંતન મનન કરવું જોઈએ. આહાર–પાણીની લાલસા કે કામવાસના વગેરે દોષ હેરાન કરે ત્યારે सरित्सहस्र......(અ. ૭ શ્લોક–૩) વગેરે શ્લોકોનું ચિંતન–મનન કરવું જોઈએ. દોષોને દૂર કરવાનો–ઘટાડવાનો આ ઉત્તમ ઉપાય છે. કદાચ પ્રારંભમાં એનું ફળ ન પણ દેખાય. છતાં પ્રયત્ન ચાલુ રાખવાથી લાંબા કાળે અવશ્ય લાભ થાય. વર્ષોથી ઘર કરી ગયેલા શરીરના દોષો પણ જલદી મટતા નથી, તો અનંત ભવોથી જડ ઘાલીને રહેલા આત્માના દોષો જલદી દૂર ન થાય એ સહજ છે. કેટલીક વખત એવું પણ બને કે આ પ્રમાણે ક્રોધ વગેરે દોષને દૂર કરવા જેમ જેમ પ્રયત્ન કરવામાં આવે તેમ તેમ દોષ ઘટવાને બદલે જાણે વધતો હોય એવું લાગે. છતાં હતાશ ન બનતાં પ્રયત્ન ચાલુ રાખવો જોઈએ. જેમ દીપક બુઝાતા પહેલાં વધારે પ્રજ્વલિત બને છે, તેમ ક્યારેક મરવાની અણી ઉપર રહેલા દોષ માટે પણ કેમ ન બનતું હોય ? મરવાનો સમય આવે ત્યારે રોગી રોજ કરતાં અધિક

સ્ફૂર્તિ અનુભવે, અધિક સ્વસ્થ બને એવું કેટલીક વખત નથી બનતું ? ઔષધ આદિથી શરીરમાં રોગોને દૂર કરવાની પ્રક્રિયા શરૂ થાય ત્યારે પ્રથમ કરતાં પણ વધારે પીડા થાય, પણ, પછી થોડા જ ટાઇમમાં તદ્દન શાંતિ થઈ જાય, રોગ મૂળમાંથી ચાલ્યો જાય એવું નથી બનતું ? જે કોઈ સાધક* આ રીતે દોષોને દફનાવવાનો પ્રયત્ન કરે છે તે ટૂંક સમયમાં કે લાંબા કાળે અવશ્ય સફળ બને છે. અરે ! આ ભવમાં નહિ તો આવતા ભવમાં પણ એ દોષો દૂર થશે. અહીં મહેનત કરવાથી આવતા ભવમાં વગર મહેનતે કે અલ્પ પ્રયત્નથી દોષો દૂર થઈ જશે.

સહુ કોઈ આ ગ્રંથના આત્મનિરીક્ષણપૂર્વક ચિંતન-મનનથી પોતાના દોષો દૂર કરીને-ગુણો પ્રકટ કરીને સ્વનું શ્રેય સાધવા પૂર્વક અનેક પરજીવોનું શ્રેય સાધે એ જ શુભેચ્છા.

લક્ષ્મીવર્ધક જૈન ઉપાશ્રય વિ. સં. ૨૦૩૦ મુનિ
શાંતિવન, અમદાવાદ-૭ ચૈ. સુ. ૧૩ રાજશેખર વિજય

---

* યોગશતકમાં બતાવેલી આત્મદોષ નિરીક્ષણની વિધિ અને દોષોને દૂર કરવાનો ઉપાય દરેક સાધકને સાધનામાં માર્ગદર્શક અને પ્રેરક છે. એના આધારે જ મને અહીં આ લખવાની પ્રેરણા મળી છે. સ્વયં સ્વદોષનું નિરીક્ષણ ન કરે, પણ હિતૈષીઓ અવસરે શાંતિથી મર્યાદામાં પોતાના દોષ તરફ અંગુલિનિર્દેશ કરે એ પણ જેને ન ગમતું હોય તેવા સાધકને કદાચ આ નાહ ગમે. પણ સુયોગ્ય સાધકોને જરૂર આ ગમશે.

# વિષયાનુક્રમ


| વિષય | | પૃષ્ઠ |
|---|---|---|
| ૧ પૂર્ણ | અષ્ટક | ૧ |
| ૨ મગ્ન | ,, | ૧૦ |
| ૩ સ્થિરતા | ,, | ૧૭ |
| ૪ મોહત્યાગ | ,, | ૨૪ |
| ૫ જ્ઞાન | ,, | ૩૦ |
| ૬ શમ | ,, | ૪૧ |
| ૭ ઇંદ્રિયજય | ,, | ૪૯ |
| ૮ ત્યાગ | ,, | ૫૪ |
| ૯ ક્રિયા | ,, | ૬૪ |
| ૧૦ તૃપ્તિ | ,, | ૭૧ |
| ૧૧ નિર્લેપ | ,, | ૭૬ |
| ૧૨ નિઃસ્પૃહ | ,, | ૯૦ |
| ૧૩ મૌન | ,, | ૯૫ |
| ૧૪ વિદ્યા | ,, | ૧૦૩ |
| ૧૫ વિવેક | ,, | ૧૦૯ |
| ૧૬ મધ્યસ્થ | ,, | ૧૧૯ |
| ૧૭ નિર્ભય | ,, | ૧૩૦ |
| ૧૮ અનાત્મપ્રશંસા | | |
| ૧૯ તત્ત્વદૃષ્ટિ | ,, | ૧૪૧ |
| ૨૦ સર્વસમૃદ્ધિ | ,, | ૧૪ |
| ૨૧ કર્મવિપાકચિંતન | | ૧૫૨ |
| ૨૨ ભવોદ્વેગ | ,, | ૧૫૮ |
| ૨૩ લોકસંજ્ઞાત્યાગ | | ૧૬૩ |
| ૨૪ શાસ્ત્રદૃષ્ટિ | ,, | ૧૬૮ |
| ૨૫ પરિગ્રહ | ,, | ૧૭૪ |
| ૨૬ અનુભવ | ,, | ૧૮૦ |
| ૨૭ યોગ | ,, | ૧૮૬ |
| ૨૮ નિયાગ | ,, | ૧૯૮ |
| ૨૯ પૂજા | ,, | ૨૧૩ |
| ૩૦ ધ્યાન | ,, | ૨૨૦ |
| ૩૧ તપ | ,, | ૨૩૪ |
| ૩૨ સર્વનાશ્રય | ,, | ૨૨૬ |
| ૩૩ ઉપસંહાર | | ૨૩૪ |
| ૩૪ ગ્રંથકારની પ્રશસ્તિ | | ૨૪૨ |
| ૩૫ બાલબોધ (ટબા)ની પ્રશસ્તિ | | ૨૪૫ |


**ऐन्द्रवृन्दनतं नत्वा, वीरं तत्त्वार्थदेशिनम् । ***
**अर्थः श्रीज्ञानसारस्य, लिख्यते लोकभाषया ॥**

ઇંદ્રના સમૂહથી નમાયેલા અને તત્ત્વાર્થના ઉપદેશક મહાવીર પ્રભુને નમસ્કાર કરીને જ્ઞાનસારનો અર્થ લોકભાષામાં લખું છું.

---

* ભાષાર્થના મંગલાચરણનો આ શ્લોક છે.

न्यायाचार्य श्री यशोविजयोपाध्यायविरचितम्

# श्री ज्ञानसारप्रकरणम् ।

## अथ पूर्णताष्टकम् ॥ १ ॥

**ऐन्द्रश्रीसुखमग्नेन लीलालग्नमिवाखिलम् ।**
**सच्चिदानन्दपूर्णेन पूर्णं जगदवेक्ष्यते ॥ १ ॥**

(૧) इव = જેમ ऐं. = ઇંદ્ર સંબંધી લક્ષ્મીના સુખમાં મગ્ન થયેલા પુરુષથી अ. = સર્વ ज. = જગત ली. = સુખમાં મગ્ન થયેલું अवे. = દેખાય છે. (તેમ) स. = (सत्-) સત્તા (चिद्-) જ્ઞાન અને (आनन्द-) સુખથી પૂર્ણ યોગીથી (સંપૂર્ણ જગત) पूर्णं = જ્ઞાન, દર્શન અને ચારિત્રથી પૂર્ણ દેખાય છે.

## પૂર્ણજ્ઞાનીની દૃષ્ટિ :

(૧) જેમ ઇંદ્રની લક્ષ્મીના સુખમાં મશગૂલ સંપૂર્ણ જગતને સુખી જૂએ છે, તેમ સત્તા* જ્ઞાન

* સત્તા=સદા સ્વરૂપમાં વિદ્યમાનતા. શ્રી દેવચંદ્રજી મહારાજે સત્‌નો શુભ અથવા શાશ્વત એવો અર્થ કર્યો છે. એમની દૃષ્ટિએ સચ્ચિદા. પદનો અર્થ શુભ કે શાશ્વત જ્ઞાન અને સુખ એ બેથી પૂર્ણ એવો થાય છે.

અને આનંદ એ ત્રણુથી પૂર્ણ વિશ્વના સઘળા જીવોને જ્ઞાન–દર્શન–ચારિત્રથી પૂર્ણ જૂએ છે.

જેમ વ્યવહારમાં સુખમાં મશગૂલ બધાને સુખી જૂએ છે, તેમ પૂર્ણ [ સામાન્યકેવલી, અરિ-હંત અને સિદ્ધ ભગવાન ] બધા જીવોને પૂર્ણ જૂએ છે. નિશ્ચય નયની દૃષ્ટિએ બધા આત્માઓ જ્ઞાન–દર્શન–ચારિત્રથી પરિપૂર્ણ છે.

**पूर्णता या परोपाधेः सा याचितकमण्डनम् ।**
**या तु स्वाभाविकी सैव जात्यरत्नविभानिभा ॥२॥**

(૨) प. = પરવસ્તુના નિમિત્તથી या = જે पू.= પૂર્ણ પણું (છે) सा = તે या. = માગી લાવેલા ઘરેણાં સમાન (છે). तु = પરંતુ या = જે स्वा. = સ્વભાવસિદ્ધ (પૂર્ણતા છે) सैव = તે જ जा. = ઉત્તમરત્નની કાંતિ જેવી (છે.)

## ઔપાધિક અને સ્વાભાવિક પૂર્ણતાનું વર્ણન–

(૨) સંપત્તિ આદિ પરવસ્તુથી થતી પૂર્ણતા લગ્નાદિ પ્રસંગે માગી લાવેલા આભૂષણો સમાન છે. જ્ઞાન–દર્શન–ચારિત્ર રૂપ સ્વાભાવિક પૂર્ણતા તો શ્રેષ્ઠ રત્નની કાંતિ સમાન છે.

જેમ માગી લાવેલા આભૂષણોથી થતી શોભા કૃત્રિમ છે અને ઉત્તમ રત્નની કાંતિ–શોભા સ્વા-

ભાવિક છે; તેમ અજ્ઞાન જીવોએ માનેલી ધનાદિકથી પૂર્ણતા કૃત્રિમ છે, અને જ્ઞાનાદિ આત્મગુણોથી પ્રગટેલી પૂર્ણતા સ્વાભાવિક છે.

**अवास्तवी विकल्पैः स्यात्पूर्णताऽब्धेरिवोर्मिभिः ।**
**पूर्णानन्दस्तु भगवान् स्तिमितोदधिसन्निभः ॥३॥**

(૩) इव = જેમ ऊ. = તરંગોથી अ. = સમુદ્રની(અવાસ્તવિક પૂર્ણતા હોય તેમ) वि. = વિકલ્પોથી (આત્માની)) अवा. = અવસ્તુથી થયેલી–કલ્પિત पू. = પૂર્ણતા स्याद् = હોય. तु = પરંતુ पूर्णा. = પૂર્ણ આનંદવાળો भ. = શુદ્ધસ્વભાવવાળો આત્મા स्ति. = સ્થિર સમુદ્રના જેવો (પ્રશાંત હોય છે.)

## ઔપાધિક પૂર્ણતાનું કારણ–

(૩) જેમ તરંગોથી થતી સમુદ્રની પૂર્ણતા અવાસ્તવિક છે, તેમ હું ધનવાન છું વગેરે વિકલ્પોથી થતી પૂર્ણતા અવાસ્તવિક છે. પૂર્ણાનંદ સ્વરૂપ (સિદ્ધ) ભગવાન વિકલ્પ રહિત હોવાથી સ્થિર સમુદ્ર સમાન છે.

સમુદ્રમાં બે રીતે પૂર્ણતા છે. (૧) તરંગોથી અને (૨) સ્થિરતાથી. તેમ આત્મામાં પણ બે રીતે પૂર્ણતા છે. (૧) વિકલ્પોથી અને સ્થિરતાથી. વિકલ્પોથી થતી પૂર્ણતા અનિત્ય છે, કારણ કે પૂર્વે (બીજી ગાથામાં) કહ્યું તેમ કૃત્રિમ છે. સ્થિરતાથી

પ્રગટતી પૂર્ણતા પૂર્વે કહ્યું તેમ સ્વાભાવિક હોવાથી નિત્ય છે. આથી નિત્ય પૂર્ણતા પ્રાપ્ત કરવા હું ધનવાન છું વગેરે વિકલ્પોનો ત્યાગ કરવો જોઈએ.

जागर्ति ज्ञानदृष्टिश्चेत्तृष्णाकृष्णाहिजाङ्गुली ।
पूर्णानन्दस्य तत्किं स्याद्दैन्यवृश्चिकवेदना ? ॥४॥

(૪) चेत् = જો तृ. = તૃષ્ણારૂપ કાળા નાગના ઝેરનો નાશ કરવામાં ગારુડીના (=મદારીના) મંત્રસમાન ज्ञा. – તત્ત્વજ્ઞાન રૂપ દૃષ્ટિ जा. – પ્રગટે છે तत् – તો पू. – પૂર્ણઆનંદવાળાને दै. – દીનતારૂપ વીંછીની પીડા किम् – કેમ स्यात् – હોય.

## પૂર્ણાનંદને પરવસ્તુની તૃષ્ણા ન થવાનું કારણ–

(૪) જો તૃષ્ણા રૂપ કાળા નાગનો ઝેર ઉતારવામાં ગારુડી મંત્ર સમાન તત્ત્વજ્ઞાન દૃષ્ટિ પ્રગટે છે તો પૂર્ણાનંદ ભગવાનને દીનતા રૂપ વીંછીના ડંખની વેદના કેમ હોય ?

સ્વ–પરના વિવેક રૂપ તત્ત્વજ્ઞાનદૃષ્ટિથી તૃષ્ણાનો ક્ષય થવાથી પૂર્ણાનંદ બનેલા આત્મામાં દીનતા હોતી નથી. આનાથી તત્ત્વજ્ઞાનદૃષ્ટિ તૃષ્ણાક્ષયનો રામબાણ ઉપાય છે એ જણાવ્યું.

पूर्यन्ते येन कृपणास्तदुपेक्षैव पूर्णता ।
पूर्णानन्दसुधास्निग्धा दृष्टिरेषा मनीषिणाम् ॥५॥

(५) येन – જે ધનધન્યાદિ પરિગ્રહ વડે क्षु. – હીન સત્ત્વવાળા पू. – પૂરાય છે त. – તેની ઉપેક્ષા જ पू. – સ્વાભાવિક જ્ઞાનાદિ ગુણની પરિપૂર્ણતા (છે.) पूर्णा. – પૂર્ણ આનંદરૂપ અમૃતથી આર્દ્ર થયેલી एषा – આ द. – તત્ત્વજ્ઞાન રૂપ દૃષ્ટિ म. – તત્ત્વજ્ઞાનીની (હોય છે.)

## તત્ત્વજ્ઞાનીની દૃષ્ટિ-પૂર્ણતાની વ્યાખ્યા-

(૫) જે ધનાદિકથી હીન સત્ત્વવાળા જીવો પૂર્ણ બને છે તેની ઉપેક્ષા જ પૂર્ણતા છે. પૂર્ણ આનંદરૂપ અમૃતથી આર્દ્ર બનેલી આ દૃષ્ટિ તત્ત્વજ્ઞાનીની હોય છે.

તત્ત્વજ્ઞાની આત્મા ધનાદિકથી નહિ, પરંતુ આત્માના અનંતજ્ઞાનાદિ ગુણોથી પૂર્ણતા માને છે.

**अपूर्णः पूर्णतामेति पूर्यमाणस्तु हीयते ।**
**पूर्णानन्दस्वभावोऽयं जगदद्भुतदायकः ॥६॥**

(૬) अ. – ધન–ધાન્યાદિ પરિગ્રહથી રહિત पू. – જ્ઞાનાદિની પૂર્ણતાને एति – પામે છે. पू. – ધનધાન્યાદિ પરિગ્રહથી પૂરાતો ही. – (જ્ઞાનાદિગુણોની) હાનિ પામે છે. अयं – આ पू. – આનંદથી પરિપૂર્ણ આત્માનો સ્વભાવ ज. – જગતને આશ્ચર્ય કરનાર (છે.)

## પૂર્ણાનંદ સ્વભાવની અદ્‌ભુતતા–

(૬) ત્યાગના પરિણામ વડે ધનાદિક પૌદ્‌ગલિક પદાર્થોથી અપૂર્ણ આત્મા જ્ઞાનાદિ ગુણોથી

પૂર્ણ બને છે, અને પુદ્ગલોથી પૂર્ણ થતો આત્મા જ્ઞાનાદિ ગુણોથી હીન બને છે. પૂર્ણાનંદ આત્માનો આ સ્વભાવ જગતને આશ્ચર્ય કરનારો છે.

લૌકિક કોઠાર વગેરે ધાન્યાદિના ત્યાગથી અપૂર્ણ બને છે અને સંગ્રહથી પૂર્ણ બને છે. જ્યારે પૂર્ણાનંદનો સ્વભાવ આનાથી વિપરીત છે. આથી પુદ્ગલાનંદી જીવોને પૂર્ણાનંદનો સ્વભાવ આશ્ચર્ય કરે છે.

**परस्वत्वकृतोन्माथा भूनाथा न्यूनतेक्षिणः ।**
**स्वस्वत्वसुखपूर्णस्य न्यूनता न हरेरपि ॥७॥**

(૭) પ. – પરવસ્તુમાં આત્મપણાની બુદ્ધિથી કરી છે (ઉ. –) વ્યાકુલતા જેઓએ એવા મૂ. – રાજાઓ ન્યૂ.–પોતાની ન્યૂનતાને જોનારા (છે.) સ્વ. – આત્માને વિશે આત્માપણાના સુખથી પૂર્ણ થયેલાને હ. – – ઇંદ્ર કરતાં પણ ન્યૂ. – ઓછાંપણું ન – નથી.

## પૂર્ણાનંદ–પુદ્ગલાનંદીનો ભેદ–

(૭) પુદ્ગલમાં આત્મપણાની બુદ્ધિથી વ્યાકુલ બનેલા રાજાઓ પણ પોતાને અપૂર્ણ જૂએ છે. આત્મામાં આત્મસુખથી પૂર્ણ બનેલા મુનિને ઇંદ્રથી પણ કમીના હોતી નથી.

પુદ્ગલાનંદી જીવોને ગમે તેટલી સંપત્તિ મળે

તો પણ તૃપ્તિ થતી નથી. તૃષ્ણા અનંત હોવાથી સદા અપૂર્ણ જ રહે છે. પૂર્ણાનંદ આત્મા ઇંદ્રના સુખથી પણ અનંતગુણા સુખનો અનુભવ કરે છે.[1]

**कृष्णे पक्षे परिक्षीणे शुक्ले च समुदञ्चति ।**
**द्योतन्ते सकलाध्यक्षाः पूर्णानन्दविधोः कलाः ॥८॥**

(૮) कृष्णे पक्षे परिक्षीणे – કૃષ્ણપક્ષનો ક્ષય થયે છતે शुक्ले च समुदञ्चति – અને શુક્લપક્ષનો ઉદય થયે છતે स.– સર્વને પ્રત્યક્ષ એવી पू. – પૂર્ણાનંદરૂપ ચંદ્રના कलाः અંશો– ચૈતન્ય પર્યાયો द्यो. – પ્રકાશમાન થાય છે.

## આત્માની શુદ્ધિનો (પૂર્ણતાનો) કાળ–

(૮) કૃષ્ણપક્ષનો ક્ષય અને શુક્લપક્ષનો ઉદય થતાં પૂર્ણાનંદ આત્મારૂપ ચંદ્રની સર્વ પ્રત્યક્ષ કલાઓ–ચૈતન્ય પર્યાયો પ્રકાશમાન થાય છે.

જેમ ચંદ્રની કળાઓ શુક્લપક્ષમાં જ પ્રકાશિત બને છે, તેમ આત્માના ચૈતન્ય પર્યાયો શુક્લપક્ષમાં જ પ્રકાશિત–શુદ્ધ બને છે.

સુદ પખવાડિયું ચંદ્રનો શુક્લપક્ષ છે અને વદ પખવાડિયું કૃષ્ણપક્ષ છે. આત્માનો શુક્લપક્ષ અને કૃષ્ણપક્ષ કાળ આ પ્રમાણે છે.–જે કાળ અધ્યા-

---

૧. યો. શા. પ્ર. ૨ ગા. ૧૧૨, ૧૧૪. અ. સા. ગા. ૧૧ પ્ર. ૨. ગા. ૧૨૪ થી ૧૨૮, ૨૩૫ થી ૨૩૮.

ત્મની પ્રાપ્તિમાં બાધક બને તે કાળ આત્માનો કૃષ્ણપક્ષ અને જે કાળ અધ્યાત્મની પ્રાપ્તિમાં બાધક ન બને તે આત્માનો શુક્લપક્ષ છે. અનાદિકાળથી સંસારમાં પરિભ્રમણ કરી રહેલા જીવોમાં જે જીવનો સંસાર પરિભ્રમણ કાલ એક પુદ્ગલ[2] પરાવર્ત જેટલો રહે છે તે જીવનો એ (–અંતિમ એક પુદ્ગલ પરાવર્ત) કાળ શુક્લપક્ષ છે અને એ પહેલાનો બધો કાળ કૃષ્ણપક્ષ છે. કારણ કે ચરમાવર્તમાં (અંતિમ પુદ્ગલ પરાવર્તમાં) જ અધ્યાત્મની પ્રાપ્તિ થઈ શકે છે. કોઈ પણ જીવને ચરમાવર્તની પહેલાં અધ્યાત્મની પ્રાપ્તિ થાય જ નહિ. ચરમાવર્તમાં તુરત અધ્યાત્મની પ્રાપ્તિ થાય જ એવો નિયમ નથી, પરંતુ જો અધ્યાત્મની પ્રાપ્તિ થાય તો ચરમાવર્તમાં જ થાય; ચરમાવર્ત પહેલાં અધ્યાત્મની પ્રાપ્તિ ન જ થાય એવો નિયમ છે. આમ, અધ્યાત્મની પ્રાપ્તિમાં ચરમાવર્ત પહેલાનો કાળ બાધક બનતો હોવાથી કૃષ્ણપક્ષ છે, અને ચરમાવર્ત કાળ બાધક ન બનતો

---

૨ અસંખ્ય વર્ષો=એક પલ્યોપમ. ૧૦ કોડાકોડિ પલ્યોપમ –૧ સાગરોપમ. ૨૦ કોડાકોડિ સાગરોપમ=અવસર્પિણી ઉત્સર્પિણી રૂપ એક કાલચક્ર. અનંતા કાળચક્રો = ૧ પુદ્ગલ પરાવર્ત. પુદ્ગલ પરાવર્તનું વિશેષ સ્વરૂપ કર્મગ્રંથ, પંચસંગ્રહ વગેરે ગ્રંથોથી જાણી લેવું.

હોવાથી શુક્લપક્ષ છે.

વિંશતિવિંશિકા[3] વગેરે ગ્રંથોમાં ચરમાવર્ત કાળને ધર્મયૌવનકાળ અને અચરમાવર્ત કાળને-ચરમાવર્તની પહેલાના બધા કાળને ભવબાલકાળ કહ્યો છે. કારણ કે-જેમ બાળકને સમજણના અભાવે ભોગ ઉપર (વ્યક્તરૂપે) રાગ હોતો નથી, આથી તેને ધૂલિક્રીડામાં આનંદ આવે છે. પણ, એ જ બાળક યુવાન બને છે ત્યારે ભોગરાગ ઉત્પન્ન થતાં બાલ્યાવસ્થાની ધૂલિક્રીડા વગેરે ક્રિયાઓ શરમાવા જેવી લાગે છે. તેમ, અચરમાવર્તમાં રહેલા જીવને અજ્ઞાનતાના યોગે ધૂલિક્રીડા જેવી સંસાર ક્રિયામાં આનંદ આવે છે. પણ એ જીવ ચરમાવર્તકાળમાં આવે છે ત્યારે ધર્મરાગ ઉત્પન્ન થતાં સંસારક્રિયાઓ શરમભરી (હેય) લાગે છે. આમ, ચરમાવર્તકાળ શુક્લપક્ષ છે અને અચરમાવર્તકાળ કૃષ્ણપક્ષ છે. શુક્લપક્ષ-કૃષ્ણપક્ષની આ વ્યાખ્યા દશાશ્રુતસ્કંધની[4] ચૂર્ણિના આધારે કરી છે. [5]સ્થાનાંગ સૂત્ર વગેરેના

---

૩ વિં. વિં. ચોથી વિંશિકા ગા. ૧૯-૨૦, પાંચમી વિંશિકા ગા. ૧૮-૧૯. અ. સા. ગા. ૧૮-૧૯

૪ દશાશ્રુત સ્કંધ છઠ્ઠા અધ્યાયની ચૂર્ણિના આધારે.

૫ સ્થાનાંગ પહેલા સ્થાનની ટીકા તથા યો. બિં. ગા. ૭૨ વગેરેના આધારે.

આધારે દેશોન અર્ધપુદ્ગલ પરાવર્તકાળ શુક્લપાક્ષિક અને તે પહેલાનો બધો કાળ કૃષ્ણપાક્ષિક છે. આ કથન પ્રમાણે શુકલપક્ષ–કૃષ્ણપક્ષની વ્યાખ્યા આ પ્રમાણે કરી શકાય.

સમ્યગ્દર્શનાદિ મોક્ષમાર્ગની પ્રાપ્તિમાં જે કાળ બાધક બને તે કૃષ્ણપક્ષ અને જે કાળ બાધક ન બને તે શુકલપક્ષ. સંસાર પરિભ્રમણ કાલ દેશોન અર્ધપુદ્ગલ પરાવર્ત જેટલો બાકી રહે ત્યારે જ સમ્યગ્દર્શનાદિ મોક્ષમાર્ગની પ્રાપ્તિ થઈ શકે. દેશોન અર્ધપુદ્ગલ પરાવર્ત પહેલા સમ્યગ્દર્શનાદિ મોક્ષમાર્ગની પ્રાપ્તિ ન જ થાય. આમ, દેશોન અર્ધપુદ્ગલ પરાવર્તથી પહેલાનો કાળ મોક્ષમાર્ગની પ્રાપ્તિમાં બાધક બનતો હોવાથી કૃષ્ણપક્ષ છે અને દેશોન અર્ધપુદ્ગલ પરાવર્તકાળ તેમાં બાધક ન બનતો હોવાથી શુકલપક્ષ છે.

## अथ मग्नताष्टकम् ॥२॥

**प्रत्याहृत्येन्द्रियव्यूहं समाधाय मनो निजम् ।**
**दधच्चिन्मात्रविश्रान्तिर्मग्न इत्यभिधीयते ॥१॥**

(૧) इ. – ઇંદ્રિયોના સમૂહને प्र. – વિષયોથી નિવૃત્ત કરીને निजं – પોતાના मनः – મનને स. – આત્મ દ્રવ્યમાં

એકાગ્ર કરીને ચિ. – ચૈતન્યસ્વરૂપ આત્માને વિશે સ્થિરતાને દ. – ધારણ કરતો મ. – લીન થયેલો ઇતિ – એમ અ. – કહેવાય છે.

## મગ્નની વ્યાખ્યા—

(૧) ઇંદ્રિયોના સમૂહને વિષયોથી નિવૃત્ત કરીને પોતાના મનને આત્મદ્રવ્યમાં એકાગ્ર કરીને, ચૈતન્ય સ્વરૂપ આત્મામાં સ્થિરતા કરતો આત્મા મગ્ન કહેવાય છે.

અહીં યોગના આઠ અંગોમાં આવતા પ્રત્યાહાર અને સમાધિ એ બે અંગો જણાવ્યા છે. ઇંદ્રિયોની વિષયોથી નિવૃત્તિ કરવી એ પ્રત્યાહાર છે અને આત્મામાં જ મનની એકાગ્રતા એ સમાધિ છે.[૬]

**यस्य ज्ञानसुधासिन्धौ परब्रह्मणि मग्नता ।**
**विषयान्तरसंचारस्तस्य हालाहलोपमः ॥२॥**

(૨) य. – જેને ज्ञा. – જ્ઞાનરૂપ અમૃતના સમુદ્ર प. – પરમાત્માને વિશે म. – મગ્નપણું (છે) त. – તેને वि. – પરમાત્મા સિવાય બીજા વિષયમાં પ્રવૃત્તિ કરવી हा. – ઝેર જેવી (લાગે છે.)

૬ અભિ. ચિંતા. ગા. ૮૩ અને ૮૫.

## મગ્નની રૂપાદિ વિષયોમાં અપ્રવૃત્તિ—

(૨) જ્ઞાનરૂપ સુધાના સિંધુ સમાન પરમાત્મામાં મગ્ન જીવને જ્ઞાનથી અન્ય રૂપાદિ વિષયમાં પ્રવૃત્તિ ઝેર જેવી લાગે છે.

જેમ અમૃતનો આસ્વાદ કરવામાં લીન બનેલો જીવ ઝેરની ઇચ્છા પણ કરતો નથી. માલતી પુષ્પના રસમાં લીન બનેલો ભ્રમર બાવળ વગેરે વૃક્ષ ઉપર બેસતો નથી, તેમ આત્મસુખમાં મગ્ન જીવ રૂપાદિ વિષયોમાં પ્રવૃત્તિ કરતો નથી.

**स्वभावसुखमग्नस्य जगत्तत्त्वावलोकिनः ।**
**कर्तृत्वं नान्यभावानां साक्षित्वमवशिष्यते ॥३॥**

(૩) स्व. – સ્વાભાવિક આનંદમાં મગ્ન થયેલા ज. – (અને) જગતના તત્ત્વને (=સ્યાદ્વાદથી શુદ્ધ સ્વરૂપને) જોનાર યોગીને अ. – અન્યભાવોનું क. – કર્તાપણું न – નથી, માત્ર सा. – સાક્ષાત્ દ્રષ્ટાપણું अ. – બાકી રહે છે.

(૩) સ્વાભાવિક આનંદમાં મગ્ન બનેલા અને જગતના તત્ત્વને યથાર્થ રૂપે જોનાર યોગીને અન્ય-ભાવોનું=રાગાદિવિભાવ, જ્ઞાનાદિ કર્મ અને ઘટાદિ રૂપ પર ભાવોનું કર્તાપણું નથી, કિંતુ દ્રષ્ટાપણું છે. અર્થાત્ આવો આત્મા બાહ્ય ક્રિયાઓમાં આ મેં કર્યું એવા પ્રકારનો અહંકાર કરતો નથી. તે એમ

વિચારે કે—માટી વગેરે ભાવો ઘટાદિ રૂપે પરિણમે છે તેમાં કુંભાર વગેરે સાક્ષી માત્ર છે, તો તે કેમ અભિમાન રાખે કે અમે ઘટાદિ પદાર્થના કર્તા છીએ. એ પ્રમાણે ભાષાવર્ગણા દ્રવ્ય વર્ણપણે, વર્ણ પદપણે, પદ વાક્યપણે, વાક્ય મહાવાક્ય-પણે અને મહાવાક્ય ગ્રંથપણે પરિણમે છે, તેમાં ગ્રંથકાર સાક્ષીમાત્ર છે. તો તે કેમ અભિમાન રાખે કે હું ગ્રંથકર્તા છું. સર્વદ્રવ્યો સ્વસ્વ પરિણામના કર્તા છે, કોઈ દ્રવ્ય પર પરિણામનો કર્તા નથી. આ દૃષ્ટિએ (શબ્દનયની) આત્મા સર્વ પર કાર્યમાં સાક્ષીમાત્ર હોય છે, કર્તા નહિ.[૭]

**परब्रह्मणि मग्नस्य श्लथा पौद्गलिकी कथा ।**
**क्वामी चामीकरोन्मादाः स्फारा दारादराः क्व च ॥**

---

૭ શુદ્ધનિશ્ચયનયની દૃષ્ટિએ આત્મા કશું ય કરતો નથી, તદ્દન ઉદાસીનની જેમ રહે છે. શબ્દનયની દૃષ્ટિએ આત્મા સ્વશુદ્ધ સ્વભાવનો કર્તા છે, પણ રાગાદિવિ-ભાવનો કર્તા નથી. ઋજુસૂત્રનયની દૃષ્ટિએ આત્મા રાગાદિ વિભાવનો પણ કર્તા છે, પણ જ્ઞાનાવરણીયાદિ કર્મનો કર્તા નથી. નૈગમ અને વ્યવહાર નયની દૃષ્ટિએ કર્મનો પણ કર્તા છે. આ વિષયની વિશેષ સ્પષ્ટતા માટે પ્રસ્તુત ગ્રંથમાં ૧૧ મા નિર્લેપ અષ્ટકના બીજા શ્લોકનું વિવેચન જૂઓ.

(૪) प. – પરમાત્માના સ્વરૂપમાં म. – લીન થયેલાને पौ. – પુદ્‌ગલ સંબંધી कथा – વાત श्लथा – નીરસ (લાગે છે), स्फारा: – ચિત્તને ચમત્કારી અમી – આ चा. – સુવર્ણનું–ધનનું અભિમાન क्व – ક્યાં (હોય) ? च – અને दा. – સ્ત્રીના આદરો क्व – ક્યાં (હોય) ?

(૪) પરમાત્મ સ્વરૂપમાં લીન બનેલાને પુદ્‌ગલની વાત નીરસ લાગે છે. એને અજ્ઞાન જીવોના ચિત્તમાં ચમત્કાર ઉત્પન્ન કરનાર ધનનું અભિમાન ક્યાંથી હોય ? અને સ્ત્રી વિશે આદર પણ ક્યાંથી હોય ?

**तेजोलेश्याविवृद्धिर्या साधोः पर्यायवृद्धितः ।**
**भाषिता भगवत्यादौ सेत्थम्भूतस्य युज्यते ॥५॥**

(૫) भ – ભગવતિ આદિ ગ્રંથમાં प. – માસાદિ ચારિત્ર પર્યાયની વૃદ્ધિ થવાથી सा. – સાધુની या – જે ते. – ચિત્ત-સુખની વિશેષ વૃદ્ધિ भा. – કહી છે सा – તે इ. – આવા પ્રકારના જ્ઞાનમગ્નને यु. – ઘટે છે.

(૫) ભગવતી આદિ ગ્રંથમાં કહેલી સાધુના સંયમપર્યાયની વૃદ્ધિથી તેજોલેશ્યાની–ચિત્તસુખની વૃદ્ધિ આવા પ્રકારના જ્ઞાનમગ્ન મહાત્માને ઘટે છે.[૮]

---

૮ અધ્યાત્મો. અ. ૨ ગા. ૧૪, અ. સા. ગા. ૫૩૫, ઉ. ૨. ગ. ૧૯૨, ભગ. શ. ૧૪ ઉ. ૧૦, ધ. બિં. અ. ૬ નો અંતિમ શ્લોક.

## ભગવતી આદિ ગ્રંથોમાં નિર્દિષ્ટ
## = તેજોલેશ્યા વૃદ્ધિનો ક્રમ =

| દીક્ષાપર્યાય. | કયા દેવોથી અધિક. |
|---|---|
| ૧ માસ. | વાણવ્યંતર. |
| ૨ ” | ભવન પતિ (અસુર સિવાય). |
| ૩ ” | અસુરકુમાર |
| ૪ ” | ગ્રહ, નક્ષત્ર, તારા. |
| ૫ ” | ચંદ્ર–સૂર્ય. |
| ૬–૭–૮–૯–૧૦ | ક્રમશઃ ૧–૨, ૩–૪, ૫–૬, ૭–૮, ૯–૧૨. |
| ૧૧–૧૨ | ક્રમશઃ ૯ ગ્રૈવે.–૫ અનુ. |

**ज्ञानमग्नस्य यच्छर्म तद्वक्तुं नैव शक्यते ।**
**नोपमेयं प्रियाश्लेषैर्नापि तच्चन्दनद्रवैः ॥६॥**

(૬) ज्ञा. – જ્ઞાનમાં મગ્ન થયેલાને यत् – જે शर्म–સુખ (છે) तद् – તે व. – કહેવાને श. – સમર્થ થવાય नैव – જ નહિ. (તથા) तत् – તે प्रि. – પ્રિય સ્ત્રીના આલિંગન વડે (અને) च. – ચંદનના વિલેપન વડે अपि – પણ उ.–સરખાવવા યોગ્ય न – નથી.

(૬) જ્ઞાનમગ્નનું સુખ મુખથી કહી શકાય તેમ નથી. એના સુખની પ્રિયા–આલિંગનના કે ચંદન

વિલેપનના સુખ સાથે સરખામણી થઈ શકે એમ નથી.

જ્ઞાનમગ્નનું સુખ અતીંદ્રિય હોવાથી વાણીનો વિષય બનતું નથી. તથા એ સુખ આધ્યાત્મિક હોવાથી સ્વાભાવિક છે, જ્યારે પ્રિયા–આલિંગનનું અને ચંદન વિલેપનનું સુખ કૃત્રિમ છે. આથી એ સુખની પ્રિયા–આલિંગનના અને ચંદન–વિલેપનના સુખની સાથે સરખામણી થઈ શકે જ નહિ.[૯]

**शमशैत्यपुषो यस्य विप्रुषोऽपि महाकथा ।**
**किं स्तुमो ज्ञानपीयूषे तत्र सर्वाङ्गमग्नताम् ? ॥७॥**

(૭) य. – જે જ્ઞાનામૃતના वि. – બિંદુની अपि – પણ शं. – ઉપશમ શીતળતાને પોષનારી म. – મોટી વાર્તાઓ (છે.) तत्र ज्ञानपीयूषे – તે જ્ઞાનરૂપ અમૃતને વિશે स. – સર્વ અંગે મગ્નપણાની किम् – શી રીતે स्तुमः – સ્તુતિ કરીએ.

(૭) શમ રૂપ શીતલતાની પુષ્ટિ કરનાર જે જ્ઞાનામૃતના બિંદુની પણ મહા કથા છે, તે જ્ઞાનામૃતમાં સંપૂર્ણ પણે મગ્નતાની શી રીતે સ્તુતિ કરીએ ?

જેને જ્ઞાન રૂપ અમૃતનું બિંદુ પણ પ્રાપ્ત થયું છે તેના સુખનું વર્ણન કરવું કઠીન છે તો જેને સંપૂર્ણ પણે જ્ઞાનામૃતની પ્રાપ્તિ થઈ છે તેના

---

૯ અધ્યાત્મો. અ. ૨ ગા. ૧૩.

સુખનું વર્ણન શી રીતે થઈ શકે ? અર્થાત્ ન થઈ શકે.

**यस्य दृष्टिः कृपावृष्टिर्गिरः शमसुधाकिरः ।**
**तस्मै नमः शुभज्ञानध्यानमग्नाय योगिने ॥८॥**

(૮) य. – જેની दृ. – ચક્ષુ कृ. – કૃપાની વૃષ્ટિરૂપ (છે, અને) गिरः – વાણી श. – ઉપશમરૂપ અમૃતનો છંટકાવ કરનારી (છે) शु. – પ્રશસ્ત જ્ઞાન અને ધ્યાનમાં લીન થયેલા त. – તે यो. – યોગીને नमः – નમસ્કાર (હો) !

(૮) જેની દૃષ્ટિ કરુણાની વૃષ્ટિ કરે છે અને વાણી પ્રશમ રૂપ અમૃતને છાંટે છે, પ્રશસ્ત જ્ઞાન–ધ્યાનમાં મગ્ન તે યોગીને નમસ્કાર હો !

## अथ स्थिरताष्टकम् ॥३॥

**वत्स ! किं चञ्चलस्वान्तो भ्रान्त्वा भ्रान्त्वा विषीदसि ।**
**निधिं स्वसन्निधावेव स्थिरता दर्शयिष्यति ॥१॥**

(૧) व. – હે વત્સ ! चं. – ચંચલ અંતઃકરણવાળો भ्रा. भ्रा. – ભમી ભમીને किम् – કેમ वि. – ખેદ પામે છે ? स्थि. – સ્થિરપણું स्व. – પોતાની પાસે एव–જ नि.–નિધાનને द. – બતાવશે.

(૧) હે વત્સ ! તું ચંચલ ચિત્તવાળો બની સુખ માટે પૌદ્ગલિક વસ્તુઓને મેળવવા જ્યાં ત્યાં ભટકી ભટકીને ખેદ પામે છે. પૌદ્ગલિક વસ્તુઓ મળતી

નથી તો તું દીન બનવાથી વિષાદ પામે છે જ, પરંતુ પૌદ્‌ગલિક વસ્તુઓ મળવા છતાં અતૃપ્તિ અને ઈર્ષ્યાથી વિષાદ પામે છે. માટે તું આત્મામાં સ્થિર થા. આત્મામાં સ્થિરતા તારી પાસે જ રહેલી અનંત જ્ઞાનાદિ ગુણો રૂપ સંપત્તિનું નિધાન બતાવશે.

**ज्ञानदुग्धं विनश्येत लोभविक्षोभकूर्चकैः ।**
**अम्लद्रव्यादिवास्थैर्यादिति मत्वा स्थिरो भव ॥२॥**

(૨) अ. – ખાટા પદાર્થના इव – જેવી अ. – અસ્થિરતાથી लो.– લોભના વિકારરૂપ કૂચા થવાથી ज्ञा. – જ્ઞાનરૂપ દૂધ वि.–બગડી જાય इति – એમ मत्वा–જાણીને स्थिरः – સ્થિર भव – થા.

(૨) અસ્થિરતારૂપ ખાટા પદાર્થથી લોભના વિકાર રૂપ કૂચા થવાથી જ્ઞાન રૂપ દૂધ બગડી જાય છે એમ જાણીને સ્થિર થા.

**अस्थिरे हृदये चित्रा वाङ्नेत्राकारगोपना ।**
**पुंश्चल्या इव कल्याणकारिणी न प्रकीर्तिता ॥३॥**

(૩) अस्थिरे हृदये–ચિત્ત અસ્થિર હોય તો चित्रा–વિવિધ પ્રકારે वा. – વાણી, નેત્ર અને આકારનું સંગોપન કરવું (તે) पुं. – કુલટા સ્ત્રીની इव – જેમ क. – કલ્યાણ કરનાર प्र.–કહેલ न – નથી.

(૩) ચિત્ત અસ્થિર હોય તો, એટલે કે સુખબુદ્ધિથી પૌદ્‌ગલિક પદાર્થોમાં ભટકતું હોય તો

વિચિત્ર વાણી, નેત્ર અને આકૃતિ–વેષાદિની સંગોપના (–અંદરની લાલસાને છુપાવવાની ક્રિયા) અસતી સ્ત્રીની જેમ કલ્યાણ કરનારી કહી નથી.

જેમ અસતી સ્ત્રીની દેખાવથી થતી પતિભક્તિ આદિ ક્રિયા દુષ્ટ આશય હોવાથી કલ્યાણ કરનારી બનતી નથી, તેમ પૌદ્ગલિક આશંસાથી થતી દ્રવ્ય ધર્મક્રિયા કલ્યાણ કરનારી બનતી નથી. (કેવળ પૌદ્ગલિક તીવ્ર આશંસાથી થતી ધર્મક્રિયા કપટ-ક્રિયા છે.)

**अन्तर्गतं महाशल्यमस्थैर्यं यदि नोद्धृतम् ।**
**क्रियौषधस्य को दोषस्तदा गुणमयच्छतः ॥४॥**

(૪)यदि – જો अ. – અંદર રહેલું म.–મહાન શલ્ય રૂપ अ. – અસ્થિરપણું उ. – દૂર કર્યું न – નથી, तदा – તો गुणं – ફાયદો अ. – નહિ આપનાર क्रि. – ક્રિયારૂપ ઔષધનો कः – શો दोषः – દોષ ?

(૪) જો અંતરમાંથી મહાશલ્ય રૂપ અસ્થિરતા દૂર ન કરવામાં આવે તો ગુણ નહિ કરનાર ધર્મ-ક્રિયા રૂપ ઔષધનો શો દોષ ?

શરીરમાં શલ્ય રહેલું હોય તો સારી પણ દવા લાભ ન કરે, એમાં દવાનો દોષ નથી. તેમ આત્મામાં પૌદ્ગલિક પદાર્થોની આશંસા રૂપ શલ્ય

રહેલું હોય તો ધર્મક્રિયાઓ લાભ ન કરે, બલ્કે નુકશાન પણ કરે. એમાં ધર્મક્રિયાઓનો દોષ નથી, કિંતુ શલ્યનો દોષ છે. આથી શલ્ય કાઢવું જોઈએ[10]

**स्थिरता वाङ्मनःकायैर्येषामङ्गाङ्गितां गता ।**
**योगिनः समशीलास्ते ग्रामेऽरण्ये दिवा निशि ॥५॥**

(૫) ये. – જેઓનું स्थि. – સ્થિરપણું वा. – વાણી, મન અને કાયા વડે अ. – તન્મયતાને गता – પ્રાપ્ત થયેલ છે ते – તે यो. – યોગીઓ ग्रामे – ગામમાં अ. – જંગલમાં दिवा – દિવસે (અને) निशि – રાતે स. – સમભાવવાળા (હોય છે.)

(૫) જેમની સ્થિરતા મન, વચન અને કાયાથી ચંદન–ગંધની જેમ એકીભાવને પામી છે, તે યોગીશ્વરો ગામ–નગરમાં અને જંગલમાં તથા દિવસે અને રાતે સમભાવવાળા હોય છે.

**स्थैर्यरत्नप्रदीपश्चेद् दीप्रः सङ्कल्पदीपजैः ।**
**तद्विकल्पैरलं धूमैरलंधूमैस्तथाऽऽश्रवैः ॥६॥**

(૬) चेद् –જો स्थै.– સ્થિરતા રૂપ રત્નનો દીવો दीप्रः – દેદીપ્યમાન (છે) तत् – તો सं. – સંકલ્પ રૂપ દીવાથી ઉત્પન્ન થયેલા वि. – વિકલ્પ રૂપ धूमैः – ધૂમાડાઓથી तथा – તથા

---

૧૦ શ્રી ચિદાનંદ મહારાજ કૃત શ્રી કુંથુનાથ જિન સ્તવન, અ. ક. અધિ. ૯ ગા. ૧૨ વગેરે

अलंधूमैः – અત્યંત મલિન आ.–પ્રાણાતિપાત વગેરે આસ્રવોથી अलं – સર્યું.

(૬) જો સ્થિરતા રૂપ રત્નનો દીવો સદા દેદીપ્યમાન છે તો સંકલ્પરૂપ દીપથી ઉત્પન્ન થયેલા વિકલ્પરૂપ ધૂમાડાનું તથા અત્યંત મલિન પ્રાણાતિપાત આદિ આસ્રવોનું શું કામ છે ? અર્થાત્ જે આત્મસ્વભાવમાં સ્થિર રહે છે તેને સંકલ્પ–વિકલ્પો અને આસ્રવો હોતા નથી.

પરભાવની ચિંતાને અનુસરનાર અશુદ્ધ ચપલતા એ સંકલ્પ છે અને તેનું વારંવાર સ્મરણ એ વિકલ્પ છે.[૧૧] જેમ તેલાદિનો દીપક થોડીવાર પ્રકાશ કરીને ઘરને ધૂમાડાથી કાળું બનાવી દે છે, તેમ સંકલ્પો ક્ષણિક હોવાથી ક્ષણવાર રહીને વિકલ્પોથી આત્માને મલિન બનાવે છે.[૧૨]

**उदीरयिष्यसि स्वान्तादस्थैर्यं पवनं यदि ।**
**समाधेर्धर्ममेघस्य घटां विघटयिष्यसि ॥७॥**

(૭) यदि–જો स्वा.–અંતઃકરણમાંથી अ.–અસ્થિરતારૂપ

---

૧૧ અ. સા. ગા. ૨૪૧

૧૨ જ્ઞાનમંજરી ટીકાના આધારે આ વ્યાખ્યા લખી છે. બાલાવબોધ (ટબા)ના આધારે હું ક્રોધી ઇત્યાદિ સંકલ્પ છે અને મારું ધન, મારી સ્ત્રી વગેરે વિકલ્પ છે.

પ.–પવનને ઉ.–ઉત્પન્ન કરીશ (તો) ધ.–ધર્મમેઘ નામની સ.–સમાધિની ઘટાં–ઘટાને વિ.–વિખેરી નાંખીશ.

(૭) જો અંતઃકરણમાંથી અસ્થિરતા રૂપ પવન ઉત્પન્ન કરીશ તો ધર્મમેઘ સમાધિની શ્રેણિને વિખેરી નાખીશ.

धर्मं कैवल्यफलं मेहति=वर्षतीति धर्ममेघः–[13] જેનાથી કેવળજ્ઞાનની પ્રાપ્તિ થાય તેવા ધર્મની વૃષ્ટિ કરે તે ધર્મમેઘ સમાધિ. જેમ એકાએક ફૂંકાયેલો પ્રચંડ પવન વાદળાની શ્રેણિ વિખેરી નાંખે છે, તેમ સ્થિર પણ આત્મામાં જો તેવા પ્રકારના પ્રમાદાદિના યોગે અસ્થિરતા ઉત્પન્ન થાય તો જેના યોગે કેવળજ્ઞાનની પ્રાપ્તિ થાય તેવી ઉત્તમ પ્રકારની સમાધિનો નાશ થાય. પરિણામે કેવળજ્ઞાન અટકી જાય.

હવે પાતંજલ યોગદર્શનની અપેક્ષાએ ધર્મમેઘ સમાધિનો અર્થ જોઈએ. પાતંજલ યોગદર્શનમાં સંપ્રજ્ઞાત અને અસંપ્રજ્ઞાત એમ બે પ્રકારની સમાધિ કહી છે. ચિત્તની ક્લિષ્ટવૃત્તિઓનો નિરોધ એ સંપ્રજ્ઞાત સમાધિ અને ક્લિષ્ટ–અક્લિષ્ટ બંને પ્રકારની ચિત્ત–વૃત્તિઓનો નિરોધ તે અસંપ્રજ્ઞાત[14] સમાધિ છે. ધર્મ-

---

૧૩ પા. યો. પા. ૪ સૂ. ૨૯ મણિપ્રભા ટીકા.

૧૪ પા. યો. પા. ૧ સૂ. ૨ ભાવાગણેશવૃત્તિ, તથા પા. યો. પા. ૧ સૂ. ૧૭–૧૮

મેઘ સમાધિ સંપ્રજ્ઞાત સમાધિની પરાકાષ્ઠા રૂપ છે. જૈનદર્શનની દૃષ્ટિએ ક્ષપકશ્રેણિનું ધ્યાન સંપ્રજ્ઞાત સમાધિ છે. કારણ કે તેમાં ક્લિષ્ટ ચિત્તવૃત્તિઓનો નિરોધ છે. કેવલજ્ઞાન અવસ્થા અસંપ્રજ્ઞાતસમાધિ છે. કારણ કે તેમાં સર્વ પ્રકારની ચિત્તવૃત્તિઓનો નિરોધ છે. જૈનદર્શનની દૃષ્ટિએ અસંપ્રજ્ઞાત સમાધિના સયોગ કેવલજ્ઞાન અને અયોગ કેવલજ્ઞાન એમ બે ભેદ છે. પાતંજલ યોગદર્શનમાં જેને ધર્મમેઘ કહેવામાં આવે છે તે જૈનદર્શનની દૃષ્ટિએ અયોગ અવસ્થા રૂપ કે કેવલજ્ઞાનરૂપ અસંપ્રજ્ઞાત સમાધિ છે.[૧૫] તેની ઘટાને વિખેરવી એટલે ક્ષપક શ્રેણિને અટકાવીને કેવલજ્ઞાનને રોકવું. અસ્થિરતાના યોગે ક્ષપક શ્રેણિનો પ્રારંભ ન થઈ શકે. ક્ષપક શ્રેણિ અટકવાથી કેવળ-જ્ઞાન અટકી જાય–ન થાય. અહીં બાલાવબોધ (ટબો) આ પ્રમાણે છે.–"પાતંજલ શાસ્ત્રમાં ધર્મ-મેઘ નામે અસંપ્રજ્ઞાત સમાધિ કહ્યો છે. તેની ઘટાને વિખેરશે એટલે આવતા કેવળજ્ઞાનને રોકશે."

---

૧૫ યો. વિં. ગા. ૨૦ ની ટીકા, પા. યો. પા. ૧ સૂ. ૧૭–૧૮ પૂ. શ્રી ઉપાધ્યાયજી મહારાજની ટીકા, દ્વા. દ્વા. ૨૦ ગા. ૧૫ થી ૨૧, યો.બિં.ગા. ૪૧૮, ૪૨૦, ૪૨૧.

**चारित्रं स्थिरतारूपमतः सिद्धेष्वपीष्यते ।**
**यतन्तां यतयोऽवश्यमस्या एव प्रसिद्धये ॥८॥**

(૮) चा. - ચારિત્ર (યોગની) स्थि. - સ્થિરતા રૂપ (છે) अतः - આથી सि. - સિદ્ધોમાં પણ (ચારિત્ર) इ. - ઇચ્છાય છે. (માટે) य. - યતિઓએ अ.- આ સ્થિરતાની एव - જ प्र.- પરિપૂર્ણ સિદ્ધિ માટે अ. - અવશ્ય य.-યત્ન કરવો જોઈએ.

(૮) યોગની સ્થિરતારૂપ ચારિત્ર છે. આથી સિદ્ધોમાં પણ ચારિત્ર કહ્યું છે. માટે યતિઓએ સ્થિરતાની જ પરિપૂર્ણ સિદ્ધિ માટે અવશ્ય પ્રયત્ન કરવો જોઈએ.

## अथ मोहत्यागाष्टकम् ॥४॥

**अहं ममेति मन्त्रोऽयं मोहस्य जगदान्ध्यकृत् ।**
**अयमेव हि नञ्पूर्वः प्रतिमन्त्रोऽपि मोहजित् ॥१॥**

(૧) अहं मम - હું અને મારું इति - એવો अयं - આ मो.-મોહનો मं. - મંત્ર (=દેવાધિષ્ઠિતવિદ્યા) ज. -જગતને આંધળું કરનાર (છે.) अयमेव - આ જ न. - નકારપૂર્વક प्र.- વિરોધી મંત્ર अपि - પણ मो.- મોહને જીતનાર (છે.)

(૧) હું અને મારું એ પ્રમાણે મોહરાજાનો મંત્ર છે. એ મંત્ર જગતને આંધળું કરે છે. નકાર પૂર્વક આ જ–હું નથી મારું નથી એ પ્રમાણે વિરોધી મંત્ર પણ છે. તે મંત્ર મોહને જિતનાર છે. કારણ કે તે ધર્મરાજાનો મંત્ર છે.

**शुद्धात्मद्रव्यमेवाहं शुद्धज्ञानं गुणो मम ।**
**नान्योऽहं न ममान्ये चेत्यदो मोहास्त्रमुल्बणम् ॥२॥**

(૨) शु. – શુદ્ધ આત્મદ્રવ્ય एव – જ अहं – હું (છું), शु. – કેવલજ્ઞાન मम – મારો गुणः – ગુણ (છે.) अ. – તેથી ભિન્ન अहं – હું न – નથી, च – અને अ. – બીજા પદાર્થો मम – મારા न – નથી; इति – એ પ્રમાણે अदः – આ उ. – તીવ્ર मो. – મોહનો નાશ કરવાનું શસ્ત્ર (છે.)

(૨) પુદ્ગલસંગથી રહિત નિજ સત્તા રૂપે રહેલ શુદ્ધ આત્મા દ્રવ્ય જ હું છું, ધનવાન વગેરે રૂપે હું નથી. કેવળજ્ઞાન વગેરે ગુણો મારાં છે, સંપત્તિ આદિ પદાર્થો મારા નથી. આવી ભાવના મોહને મારવાનું તીક્ષ્ણ શસ્ત્ર છે.[૧૬]

**यो न मुह्यति लग्नेषु भावेष्वौदयिकादिषु ।**
**आकाशमिव पङ्केन नासौ पापेन लिप्यते ॥३॥**

(૩) यः – જે ल. – લાગેલા औ. – ઔદયિક વગેરે भा. – ભાવોમાં न मु. – મુંઝાતો નથી, असौ – એ इव – જેમ आ. – આકાશ पं. – કાદવથી (લેપાતું નથી તેમ) पा. – પાપથી न लि. – લેપાતો નથી.

(૩) જે વળગેલા ઔદયિક[૧૭] આદિ ભાવોમાં

---

૧૬ સંથારા પોરિસિ સૂત્ર एगोऽहं વગેરે ત્રણ ગાથા.

૧૭ ઔદયિકભાવ = કર્મના ઉદયથી થતા સુખ, દુઃખ, ઉચ્ચકુળ, નીચકુળ વગેરે ભાવો. આદિ શબ્દથી ક્ષાયોપશમિક વગેરે.

રાગ-દ્વેષ કરતો નથી, તે જેમ આકાશ કાદવથી લેપાતું નથી તેમ પાપથી લેપાતો નથી.

કર્મના ઉદયથી પ્રાપ્ત થતા કામભોગાદિના નિમિત્તમાત્રથી કર્મબંધ થતો નથી, પરંતુ તેમાં રાગદ્વેષ થાય તો કર્મબંધ થાય છે. કર્મબંધનું મુખ્ય કારણ રાગ-દ્વેષ છે. આથી કર્મના ઉદયથી આવતા સુખ-દુઃખમાં રાગ-દ્વેષ ન કરનાર કર્મોથી લેપાતો નથી. તીર્થંકર વગેરે જીવોનું ગૃહસ્થાવાસનું જીવન આ વિષયમાં દૃષ્ટાંત રૂપ છે.[૧૮]

**पश्यन्नेव परद्रव्यनाटकं प्रतिपाटकम् ।**
**भवचक्रपुरस्थोऽपि नामूढः परिखिद्यति ॥४॥**

(૪) भ. – ભવચક્ર નામના નગરમાં રહેતો अपि – પણ प्र. – પોળે પોળે प. – જન્મ-જરા-મરણાદિ રૂપ પુદ્ગલ દ્રવ્યના નાટકને प.–જોતો एव–જ अ.–મોહરહિત न प. – ખેદ પામતો નથી.

---

૧૮ અ. સા. ગા. ૫૨૯, ૫૩૧, ઉત્તરા. અ. ૩૨ ગા. ૧૦૧, જ્ઞા. સા. અ. ૧૧ ગા. ૧, સ. સા. ગા. ૧૯૪ વગેરે, તથા ૨૪૨ વગેરે तद् ज्ञानस्यैव......... સમયસારકલશ, યો. સ. ગા. ૧૬૪ વગેરે, યો. બિં. ગા. ૨૦૩ વગેરે, શા. વા. સ. ગા. ૮ વગેરેની સ્યાદ્વાદકલ્પલતા ટીકા

(૪) અનાદિ અનંત કર્મ પરિણામ રાજાના પાટનગર રૂપ ભવચક્ર નામના નગરમાં રહેવા છતાં એકેંદ્રિય આદિ નગરની પોળે પોળે પુદ્ગલદ્રવ્યના જન્મ, જરા અને મરણ આદિ નાટકને જોતો મોહ રહિત આત્મા ખેદ પામતો નથી.

ત્રીજી ગાથામાં ઔદયિકાદિ ભાવોમાં મોહ ન પામનાર પાપથી લેપાતો નથી એ જણાવ્યું છે. આ ગાથામાં ઔદયિકાદિ ભાવોમાં મોહ ન થાય એ માટે કેવી વિચારણા–ભાવના રાખવી જોઈએ તે જણાવ્યું છે. તેવા પ્રકારના કર્મના ઉદયથી ઊભી થતી અનુકૂળ–પ્રતિકૂળ પરિસ્થિતિમાં આ બધું પુદ્ગલનું નાટક છે, મારું સ્વરૂપ નથી એમ વિચારવાથી રાગ–દ્વેષ રૂપ ખેદ થતો નથી. રાજા= કર્મપરિણામ. પોળ=એકેંદ્રિય આદિ. પ્રેક્ષક=મોહ-રહિત આત્મા. પાટનગર=ભવચક્ર. નાટક=જન્મ–જરા–મરણ–સુખ–દુઃખ વગેરે.

**विकल्पचषकैरात्मा पीतमोहासवो ह्ययम् ।**
**भवोच्चतालमुत्तालप्रपञ्चमधितिष्ठति ॥५॥**

(૫) वि. – વિકલ્પ રૂપ મદિરા પીવાના પાત્રોથી पी.– જેણે મોહ રૂપ મદિરા પીધી છે એવો अयं–આ आ.–જીવ हि – ખરેખર ! उ.–જ્યાં હાથ ઊંચા કરીને તાળીઓ આપ-

વાની ચેષ્ટા કરવામાં આવે છે એવા भ.–સંસાર રૂપ દારુના પીઠાનો अ.–આશ્રય કરે છે.

(૫) વિકલ્પ રૂપ મદ્યપાનના પાત્રથી મોહ રૂપ મદિરાનું પાન કરનાર આ આત્મા જ્યાં હાથ ઊંચા કરીને તાળીઓ આપવાની ચેષ્ટા કરવામાં આવે છે. એવા સંસાર રૂપ દારુના પીઠાનો આશ્રય કરે છે.

જેમ દારુના પીઠામાં દારુ પીને નશામાં રહેલો માણસ સ્વ–પરના વિવેકથી રહિત બનીને તાળીઓ આપવી વગેરે અયોગ્ય ચેષ્ટાઓ કરે છે તેમ મોહાધીન જીવ વિષયસેવનાદિ અનુચિત પ્રવૃત્તિ કરે છે.

**निर्मलं स्फटिकस्येव सहजं रूपमात्मनः ।**
**अध्यस्तोपाधिसम्बन्धो जडस्तत्र विमुह्यति ॥६॥**

(૬) आ.–આત્માનું स.–સ્વભાવસિદ્ધ रूपं–સ્વરૂપ स्फ.–સ્ફટિકના જેવું नि.––સ્વચ્છ (છે.) तत्र–તેમાં अ.–આરોપ્યો છે ઉપાધિનો સંબંધ જેણે એવો जडः–અવિવેકી मु.–મુંઝાય છે.

(૬) આત્માનું સ્વાભાવિક સ્વરૂપ સ્ફટિકના જેવું નિર્મલ છે. મૂઢ જીવ નિર્મલ આત્મામાં કર્મજન્ય ઉપાધિના સંબંધનો આરોપ કરીને મુંઝાય છે.

સ્ફટિક સ્વભાવે નિર્મલ–શ્વેત હોય છે. પણ

કાળા કે રાતા પુષ્પના યોગથી તે કાળું કે રાતું દેખાય છે. આથી સ્ફટિકના વાસ્તવિક સ્વરૂપને નહિ જાણ-નાર જીવ કાળા કે રાતા પુષ્પના યોગથી કાળા કે રાતા દેખાતા સ્ફટિકને ખરેખર કાળું કે રાતું માની લે. એ પ્રમાણે આત્માના સ્વાભાવિક સ્વરૂપને નહિ જાણનારા જીવો આત્મા શુદ્ધ હોવા છતાં કર્મના યોગથી મનુષ્ય આદિ રૂપે દેખાતા આત્માને ખરેખર મનુષ્ય વગેરે રૂપે માનીને મુંઝાય છે.

**अनारोपसुखं मोहत्यागादनुभवन्नपि ।**
**आरोपप्रियलोकेषु वक्तुमाश्चर्यवान् भवेत् ।।७।।**

(૭) मो. – મોહના ત્યાગથી–ક્ષયોપશમથી अ.– સહજ સુખને अ. – અનુભવતા अपि – પણ (યોગી) आ. – કલ્પિત સુખ જેમને પ્રિય છે એવા લોકોમાં व. – કહેવાને आ. – આશ્ચર્યવાળો भ. – થાય.

(૭) મોહના[૧૯] ત્યાગથી (-ક્ષયોપશમથી) સહજ સુખનો અનુભવ કરનાર પણ આરોપિત

---

૧૯ સહજ સુખનો સંપૂર્ણ અનુભવ તો મોહના ક્ષયથી કેવળજ્ઞાનીને થઈ શકે. પણ બાલાવબોધ( ટબા )માં ત્યાગથી–ક્ષયોપશમથી એવો અર્થ કર્યો છે. આથી અહીં ક્ષાયિક નહિ, કિંતુ ક્ષાયોપશમિક સહજ સુખ વિવક્ષિત છે.

સુખમાં પ્રીતિવાળા લોકને સહજ સુખ કહેવામાં આશ્ચર્ય પામે છે. સહજ સુખનું સ્વરૂપ વાણીથી સમજાવી શકાતું ન હોવાથી મૂઢ જીવોને આ સહજ સુખ શી રીતે સમજાવવું એમ આશ્ચર્ય પામે છે.

**यश्चिद्दर्पणविन्यस्तसमस्ताचारचारुधीः ।**
**क्व नाम स परद्रव्येऽनुपयोगिनि मुह्यति ? ॥८॥**

(૮) यः – જે चि. – જ્ઞાન રૂપ દર્પણમાં સ્થાપેલા સમસ્ત જ્ઞાનાદિ આચારોથી સુંદર બુદ્ધિવાળો (છે) सः – તે अ. – કામ ન આવે તેવા प. – પુદ્ગલ દ્રવ્યમાં क्व – ક્યાં मु. – મોહ પામે ?

(૮) જે જ્ઞાન રૂપ દર્પણમાં સ્થાપન કરેલા સમસ્ત (જ્ઞાનાદિ પાંચ) આચારોથી સુંદર બુદ્ધિવાળો છે તે કામમાં ન આવે તેવા પુદ્ગલાદિ પરદ્રવ્યમાં ક્યાં મોહ પામે ? અર્થાત્ સમ્યગ્જ્ઞાનપૂર્વક જ્ઞાનાદિ આચારોમાં ઓતપ્રોત બનેલો આત્મા પરદ્રવ્યમાં ક્યાંય મોહ પામતો નથી.[૨૦]

## अथ ज्ञानाष्टकम् ॥५॥

**मज्जत्यज्ञः किलाज्ञाने विष्ठायामिव शूकरः ।**
**ज्ञानी निमज्जति ज्ञाने मराल इव मानसे ॥१॥**

---

૨૦ અ. સા. ગા. ૧૮૪ થી ૨૦૩, પ્ર. ૨. ગા. ૨૩૯–૨૪૦.

(૧) इव – જેમ शू.–ડુક્કર वि.–વિષ્ઠામાં म.–મગ્ન બને છે (તેમ) अज्ञः–અજ્ઞાની किल–ખરેખર ! अ.–અજ્ઞાનમાં (મગ્ન થાય છે.) इव–જેમ म.–હંસ मा.–માનસરોવરમાં नि.–અત્યંત લીન બને છે, (તેમ) ज्ञानी–જ્ઞાનવંત ज्ञाने–જ્ઞાનમાં (અતિશય મગ્ન થાય છે.)

**(૧) જેમ ભૂંડ વિષ્ઠામાં મગ્ન બને છે, તેમ અજ્ઞાની–સ્વપરના વિવેકથી રહિત જીવ ખરેખર અજ્ઞાનમાં–પુદ્ગલદ્રવ્યમાં મશગૂલ બને છે. જેમ હંશ માનસરોવરમાં અત્યંત મશગૂલ બને છે, તેમ જ્ઞાની–સ્વપરના વિવેકવાળો જીવ જ્ઞાનમાં–આત્મ–સ્વરૂપમાં અતિશય લીન બને છે.**

**निर्वाणपदम्प्येकं भाव्यते यन्मुहुर्मुहुः ।**
**तदेव ज्ञानमुत्कृष्टं निर्बन्धो नास्ति भूयसा ॥२॥**

(૨) एकं – એક अपि – પણ नि. – મોક્ષનું સાધનભૂત પદ मु.-વારંવાર भा.–વિચારાય છે तदेव – તે જ ज्ञानं – જ્ઞાન उ. – શ્રેષ્ઠ છે. भू. – ઘણા જ્ઞાનનો नि. – આગ્રહ ना.–નથી.

**(૨) મોક્ષના સાધનભૂત એક પણ પદની જે વારંવાર ભાવના–આગમ અને શ્રુતયુક્તિથી મનન[૨૧]**

---

૨૧ આવા પ્રકારના ચિંતન–મનને નિદિધ્યાસન કહેવામાં આવે છે.

निरन्तरं विचारो यः श्रुतार्थस्य गुरोर्मुखात् ।
तन्निदिध्यासनं प्रोक्तं तच्चैकाग्र्येण लभ्यते ॥

થાય તે જ જ્ઞાન ઉત્કૃષ્ટ છે. ઘણું ભણવાનો આગ્રહ નથી.

સાવધાની:– આનો અર્થ એ નથી કે ઘણું ન ભણવું. સમ્યગ્દર્શનાદિ ગુણોની રક્ષા, શુદ્ધિ અને વૃદ્ધિ માટે ઘણું ભણવાની બહુ જરૂર છે. અહીં ઘણું ભણવાનો આગ્રહ નથી એવું કથન ભાવનાજ્ઞાનની મહત્તા બતાવવા કરવામાં આવ્યું છે. ભાવનાજ્ઞાનથી જાણેલું જ વાસ્તવિક જાણેલું છે અને ભાવનાજ્ઞાન પૂર્વકની જ ક્રિયા શીઘ્ર મોક્ષ આપનારી બને છે. એક પણ પદના ભાવનાજ્ઞાનથી કલ્યાણ થાય છે. આથી જ સામાયિક પદ માત્રની ભાવનાથી–ભાવનાજ્ઞાનથી અનંતા જીવો મોક્ષ પામ્યા છે એમ શાસ્ત્રમાં[૨૨] સંભળાય છે. ભાવનાજ્ઞાન થોડું હોય તો પણ ઘણું છે, અને તે વિના ઘણું જ્ઞાન પણ પોપટના પાઠરૂપ છે.

જ્ઞાનના ત્રણ પ્રકાર:– શ્રુત, ચિંતા અને ભાવના એમ ત્રણ પ્રકારનું જ્ઞાન છે. શ્રુતજ્ઞાન:– ચિંતન–મનન વિના માત્ર શ્રુતથી (સાંભળવાથી કે વાંચવાથી) થયેલું કદાગ્રહ રહિત વાકયાર્થ જ્ઞાન તે શ્રુતજ્ઞાન. આ જ્ઞાન કોઠીમાં રહેલા બીજ સમાન છે. જેમ કોઠીમાં પડેલા બીજમાં ફળની શક્તિ રહેલી છે, જો યોગ્ય ભૂમિ આદિ નિમિત્તો મળે તો તેમાંથી ફળ–પાક થાય,

---

૨૨ તત્ત્વાર્થ–સંબંધકારિકા ગા. ૨૭

તેમ શ્રુતજ્ઞાનમાં ચિંતાજ્ઞાન અને ભાવના જ્ઞાન રૂપ ફળ-પાક થવાની શક્તિ રહેલી છે.

શ્રુતજ્ઞાનમાં હિતમાં પ્રવૃત્તિ કરાવવાની અને અહિતથી નિવૃત્તિ કરાવવાની શક્તિ નથી. કોઠીમાં પડેલું બીજ જેમ ઉપયોગમાં આવતું નથી; તેમ માત્ર શ્રુતજ્ઞાનથી લાભ (-હિતમાં પ્રવૃત્તિ અને અહિતથી નિવૃત્તિરૂપ) થતો નથી. આથી જ ધર્મ-બિંદુમાં શ્રુતજ્ઞાન ઉપરાગ માત્ર છે એમ કહ્યું છે. જેમ જપા પુષ્પના સાંનિધ્યથી સ્ફટિક મણિમાં જપા પુષ્પના રંગનો માત્ર ઉપરાગ થાય છે, પણ મણિ તદ્રૂપ બની જતો નથી. તેમ શ્રુતજ્ઞાનના યોગથી આત્માને માત્ર બાહ્ય બોધ થાય છે, આંતર પરિણતિ થતી નથી. આથી તેનાથી જોયેલ અને જાણેલ અનર્થથી નિવૃત્તિ થતી નથી.

ચિંતાજ્ઞાનઃ- સાંભળ્યા કે વાંચ્યા પછી અત્યંત સૂક્ષ્મ અને સુંદર યુક્તિઓથી ચિંતા-વિચારણા કરવાથી થતું મહા વાક્યાર્થજ્ઞાન તે ચિંતાજ્ઞાન. આ જ્ઞાન જલમાં પડેલા તેલના બિંદુ સમાન છે. જેમ તેલબિંદુ જલમાં પ્રસરીને વ્યાપી જાય છે, તેમ આ જ્ઞાન સૂત્રાર્થમાં વ્યાપી જાય છે, અર્થાત્

જે વિષયનું ચિંતાજ્ઞાન થાય છે, તે વિષયનો બોધ સૂક્ષ્મ બને છે.

ભાવનાજ્ઞાનઃ– મહાવાક્યાર્થ થયા પછી એ વિષયના તાત્પર્યનું–રહસ્યનું જ્ઞાન તે ભાવનાજ્ઞાન. આ જ્ઞાનના યોગે વિધિ આદિ વિશે અતિશય આદર થાય છે. આ જ્ઞાન જાતિવંત અશુદ્ધ રત્નની કાંતિ સમાન છે. જેમ શ્રેષ્ઠરત્ન અશુદ્ધ (ક્ષાર આદિના પુટપાકથી રહિત) હોવા છતાં અન્યરત્નોથી અધિક દેદીપ્યમાન હોય છે, તેમ ભાવનાજ્ઞાન અશુદ્ધરત્ન સમાન ભવ્ય જીવ કર્મરૂપ મલથી મલિન હોવા છતાં શેષ (શ્રુતાદિ) જ્ઞાનોથી અધિક પ્રકાશ પાથરે છે. આ જ્ઞાનથી જાણેલું જ વાસ્તવિક જાણેલું છે. ક્રિયા પણ આ જ્ઞાન પૂર્વક જ કરવામાં આવે તે જલદી મોક્ષ પ્રાપ્ત થાય છે. ભાવના જ્ઞાનથી પદાર્થનું જેવું જ્ઞાન થાય છે તેવું શ્રુતાદિ જ્ઞાનોથી થતું નથી.[૨૩]

**स्वभावलाभसंस्कारकारणं ज्ञानमिष्यते ।**
**ध्यान्ध्यमात्रमतस्त्वन्यत्तथा चोक्तं महात्मना ॥३॥**

---

૨૩ ધ. બિં. અ. ૬ સૂ. ૩૩ વગેરે, ષો. ૧૧ ગા. ૬ વગેરે ઉ.૫. ગા. ૮૮૨ની ટીકા, લ. વિ. સરણદયાણં પદની પંજિકા.

(૩) स्व. – સ્વભાવની પ્રાપ્તિના સંસ્કારનું કારણ ज्ञानं – જ્ઞાન इ. – ઇચ્છાય છે. अतः – એનાથી अ. – બીજું तु – તો ધ્યા. – માત્ર બુદ્ધિનું અંધપણું (છે.) च – અને तथा – તે પ્રમાણે म. – મહાપુરુષથી उ. – કહેવાયું છે.

(૩) જેનાથી આત્મસ્વભાવની પ્રાપ્તિ થાય તેવા સંસ્કારનું–વાસનાનું કારણ બને તે જ્ઞાન ઇષ્ટ છે. તે સિવાયનું જ્ઞાન બુદ્ધિનો અંધાપો છે. તે જ પ્રમાણે મહાત્મા પતંજલ ઋષિએ કહ્યું છે. અહીં પતંજલ ઋષિને પ્રથમ યોગદૃષ્ટિની અપેક્ષાએ મહાત્મા તરીકે જણાવેલ છે.

**'वादांश्च प्रतिवादांश्च वदन्तोऽनिश्चितांस्तथा ।**
**तत्त्वान्तं नैव गच्छन्ति तिलपीलकवद् गतौ' ॥४॥**

(૪) अ. – તત્ત્વના નિર્ણય વિનાના वा. – પૂર્વપક્ષને च – અને प्र. – ઉત્તરપક્ષને तथा – ૭ માસ સુધી કંઠશોષ થાય તે પ્રમાણે व. – કહેનારા गतौ – ગમન કરવામાં ति. – ઘાંચીના બળદની પેઠે त. – તત્ત્વના પારને नैव ग. – પામતા જ નથી.

## મહાત્મા પતંજલ ઋષિનું વચનઃ-

(૪) અનિર્ધારિત અર્થવાળા પૂર્વપક્ષ અને ઉત્તરપક્ષને કહેતાં કહેતાં છ માસ સુધી કંઠશોષ કરે, પણ ગમન કરવામાં ઘાંચીના બળદની પેઠે

तत्त्वनो पार पामता नथी.[२४]

**स्वद्रव्यगुणपर्यायचर्या वर्या पराऽन्यथा ।**
**इति दत्तात्मसंतुष्टिर्मुष्टिज्ञानस्थितिर्मुनेः ॥५॥**

(५) स्व. – पोताना द्रव्य–गुण–पर्यायमां परिणति वर्या – श्रेष्ठ (छे) परा – तेनाथी अन्य परिणति अ. – श्रेष्ठ नथी इति – एम मुनेः – मुनिनी द. – आप्यो छे आत्माने संतोष जेणे एवी मु. – संक्षेपमां रहस्य ज्ञाननी मर्यादा (छे).

(५) पोताना शुद्ध आत्मद्रव्यमां, पोताना शुद्ध ज्ञान–दर्शन चारित्रादि गुणोमां अने पोताना शुद्ध व्यंजन–अर्थ पर्यायमां रमणता हितकर छे. पराऽन्यथा–परद्रव्य गुण–पर्यायमां रमणता हितकर नथी, आ प्रमाणे मुनिना ज्ञाननो संक्षेपथी सार छे, जे मुनिना आत्माने संतोष आपे छे.

अष्ट प्रवचन माताथी आरंभी १४ पूर्वो सुधी मुनिनुं श्रुतज्ञान होय छे. ए बधा ज्ञाननो संक्षेपथी सार शो? ए प्रश्नना उत्तरमां अहीं जणाव्युं छे के पोताना शुद्ध आत्म द्रव्य–गुण –पर्यायोमां रमणता हितकर छे अने पर द्रव्य–गुण

---

२४ अ. उ. अ. १ गा. ७४; यो. बिं. गा. ६७, षो. श. गा. १ टीका; द्वा. द्वा. २३ गा. ५.

–પર્યાયમાં રમણતા અહિતકર છે. મુનિના શ્રુતજ્ઞાનનો સંક્ષેપથી આ સાર છે. સંક્ષેપથી સારવાળું આ જ્ઞાન મુનિના આત્માને પરમ સંતોષ આપે છે. આથી મુનિ બાહ્ય ભાવોમાં ન રમતાં કેવળ સ્વભાવમાં જ રમે છે.

**अस्ति चेद् ग्रन्थिभिज्ज्ञानं किं चित्रैस्तन्त्रयन्त्रणैः? ।**
**प्रदीपाः क्वोपयुज्यन्ते तमोघ्नी दृष्टिरेव चेत् ? ॥६॥**

(૬) चेद्–જો ग्र.–ગ્રંથિભેદથી થયેલું જ્ઞાન अ.–છે (તો) चित्रैः–અનેક પ્રકારના त.–શાસ્ત્રના બંધનોથી किम्–શું ? चेद्–જો दृ.–આંખ જ त.–અંધકારને હણનારી (છે તો) प्र.–દીવાઓ क्व–ક્યાં उ.–ઉપયોગી થાય ?

(૬) જો ગ્રંથિના ભેદથી ઉત્પન્ન થયેલું આત્મ પરિણતિવાળું જ્ઞાન છે તો વિવિધ પ્રકારના શાસ્ત્રોના બંધનનું શું કામ છે? જો[૨૫] દૃષ્ટિ જ અંધકારનો નાશ કરનારી છે. તો દીવાઓની શી જરૂર ?

દીપક અંધકાર દૂર કરવાનું સાધન છે. આથી જેની આંખ જ અંધકારનો નાશ કરતી હોય તેને

૨૫ ઘુવડ, ભૂત વગેરે રાત્રે ફરનારા પ્રાણિઓની દૃષ્ટિ –આંખ સ્વયમેવ અંધકારનો નાશ કરવાની શક્તિવાળી હોય છે.

દીપકની જરૂર પડતી નથી. તેમ, શાસ્ત્રો હેય-ઉપાદેયના વિવેક રૂપ (આત્મપરિણતિમત્) જ્ઞાનનું સાધન છે; આથી જો ગ્રંથીભેદથી (સમ્યક્ત્વની પ્રાપ્તિથી) એ જ્ઞાન થઈ જાય તો વિવિધ શાસ્ત્રોની જરૂર પડતી નથી.

લાલબત્તી :– આનો અર્થ એ નથી કે સમ્યગ્દર્શન પ્રાપ્ત થયા પછી વિવિધ શાસ્ત્રોનું અધ્યયન નકામું છે ? સમ્યગ્દર્શન થયા પછી પણ સમ્યગ્-દર્શનને વધુ શુદ્ધ અને સ્થિર બનાવવા માટે વિવિધ શાસ્ત્રોનું અધ્યયન ઘણું જ જરૂરી છે. અહીં જો ગ્રંથિના ભેદથી ઉત્પન્ન થયેલું જ્ઞાન છે તો વિવિધ શાસ્ત્રોના બંધનોનું કામ નથી એવું કથન ગ્રંથિ-ભેદથી થતા આત્મપરિણતિમત્ જ્ઞાનની મહત્તા અને ગ્રંથિભેદ વિના થતા વિષયપ્રતિભાસજ્ઞાનની નિરર્થકતા બતાવવા કરવામાં આવ્યું છે.

જ્ઞાનના ત્રણ પ્રકાર છે. (૧) વિષય પ્રતિભાસ, (૨) આત્મપરિણતિમત્ અને (૩) તત્ત્વસંવેદન. હેય કે ઉપાદેય વગેરે પ્રકારના વિવેક વિના આ કોઈ વસ્તુ છે અથવા અમુક વસ્તુ છે એ પ્રમાણે માત્ર વિષયનો–વસ્તુનો પ્રતિભાસ–જ્ઞાન તે વિષય-પ્રતિભાસ જ્ઞાન. બાળક વિષ આદિને જોઈને આ કોઈ વસ્તુ છે એટલું જ જાણે છે, પણ તે હેય છે કે

ઉપાદેય છે ? અર્થાત્ ખાવા લાયક છે કે ખાવા લાયક નથી ? એ જાણતો નથી. એ પ્રમાણે જેને જાણેલ વસ્તુ–પદાર્થ તાત્ત્વિક દૃષ્ટિએ હેય છે કે ઉપાદેય છે અથવા ઉપેક્ષણીય છે એવો નિર્ણય ન થાય અથવા વિપરીત નિર્ણય થાય, એટલે કે હેય વસ્તુ ઉપાદેય લાગે અને ઉપાદેય હેય લાગે તેનું જ્ઞાન વિષય-પ્રતિભાસ રૂપ છે. સમ્યગ્દર્શન રહિત જીવોને આ જ્ઞાન હોય છે. જેનાથી તાત્ત્વિક દૃષ્ટિએ હેય–ઉપાદેયનો વિવેક થાય તે જ્ઞાન આત્મપરિણતિમત્ (આત્મપરિણતિવાળું) છે. આ જ્ઞાન સંયમ રહિત સમ્યગ્દૃષ્ટિ જીવોને હોય છે. જેનાથી તાત્ત્વિક દૃષ્ટિએ હેયોપાદેયના વિવેક ઉપરાંત હેયથી નિવૃત્તિ અને ઉપાદેયમાં પ્રવૃત્તિ થાય તે તત્ત્વસંવેદન જ્ઞાન. આ જ્ઞાન મુખ્યતયા વિશુદ્ધ ચારિત્રવાળા સાધુને હોય છે. અભ્યાસના પરિપાકથી ભાવચારિત્રની પ્રાપ્તિ થતાં આત્મપરિણતિમત્ જ્ઞાન જ તત્ત્વ સંવેદન રૂપ બની જાય છે. તત્ત્વસંવેદન જ્ઞાન વિના મોક્ષની પ્રાપ્તિ થતી ન હોવાથી આ ત્રણ જ્ઞાનમાં તત્ત્વ સંવેદન જ્ઞાન શ્રેષ્ઠ છે. પણ આત્મપરિણતિમત્ જ્ઞાન વિના તત્ત્વસંવેદન જ્ઞાન ન જ થાય. આ દૃષ્ટિએ આત્મ-પરિણતિમત્ જ્ઞાન શ્રેષ્ઠ છે.[૨૬]

---

૨૬ હા. અ. ૯ સંપૂર્ણ. ઉ. ૫. ગા. ૩૭૩ સટીક.

मिथ्यात्वशैलपक्षच्छिज्ज्ञानदम्भोलिशोभितः ।
निर्भयः शक्रवद्योगी नन्दत्यानन्दनन्दने ॥७॥

(૭) मि. – મિથ્યાત્વ રૂપ પર્વતની પાંખને છેદનાર ज्ञा. – જ્ઞાન રૂપ વજ્રથી શોભિત नि. – ભય રહિત યોગી – યોગવાળો आ. – આનંદ રૂપ નંદનવનમાં श. – ઇંદ્રની જેમ नं. – ક્રીડા કરે છે.

(૭) મિથ્યાત્વ રૂપ પર્વતની પાંખને છેદનાર, જ્ઞાન રૂપ વજ્ર વડે શોભાયમાન, અને નિર્ભય યોગી આનંદરૂપ નંદનવનમાં ઇન્દ્રની જેમ ક્રીડા કરે છે. અર્થાત્ આવા યોગી (સ્વાભાવિક) સુખ અનુભવે છે.

पीयूषमसमुद्रोत्थं रसायनमनौषधम् ।
अनन्यापेक्षमैश्वर्यं ज्ञानमाहुर्मनीषिणः ॥८॥

(૮) म. – પંડિતો ज्ञानं – જ્ઞાનને अ. – સમુદ્રમાંથી નહિ ઉત્પન્ન થયેલું पी. – અમૃત, अनौ. – ઔષધ વિનાનું र. – જરા અને મરણનો નાશ કરનાર રસાયણ अ. – બીજાની અપેક્ષા વિનાનું ऐ. – પ્રભુત્વ आहुः – કહે છે.

(૮) પંડિતો જ્ઞાનને સમુદ્રમાંથી નહિ ઉત્પન્ન થયેલું અમૃત, ઔષધ વિનાનું રસાયણ અને અન્યની અપેક્ષા વિનાનું ઐશ્વર્ય કહે છે.

લોકપ્રસિદ્ધ અમૃત સમુદ્રમાંથી ઉત્પન્ન થયું છે. (એવી લોકમાન્યતા છે.) જ્યારે જ્ઞાન રૂપ અમૃત આત્મામાં જ પ્રગટ થાય છે. લોકપ્રસિદ્ધ

રસાયણુ માટે ઔષધના પ્રયોગો કરવા પડે છે, જ્યારે જ્ઞાન રૂપ અમૃત માટે તેવા પ્રયોગો કરવા પડતા નથી. લૌકિક ઐશ્વર્ય માટે સંપત્તિ આદિ બાહ્ય સાધનોની અપેક્ષા રહે છે, જ્યારે જ્ઞાન રૂપ ઐશ્વર્ય માટે તેની જરૂર પડતી નથી.

## अथ शमाष्टकम् ॥६॥

**विकल्पविषयोत्तीर्णः स्वभावालम्बनः सदा ।**
**ज्ञानस्य परिपाको यः स शमः परिकीर्तितः ॥१॥**

(૧) वि. – વિકલ્પના વિષયથી નિવૃત્ત થયેલ सदा. – નિરંતર स्व. – આત્માના શુદ્ધ સ્વભાવનું આલંબન જેને છે એવો ज्ञा. – જ્ઞાનનો यः – જે प. – પરિણામ सः – તે शमः – સમભાવ प. – કહ્યો છે.

(૧) જેમાં ઇષ્ટપણાની અને અનિષ્ટપણાની કલ્પના નથી અને નિરંતર આત્માના શુદ્ધ સ્વરૂપનું આલંબન છે એવો જ્ઞાનનો પરિપાક એ શમ છે. આ શમ યોગના પાંચ ભેદોમાં સમતારૂપ ચોથો ભેદ છે. યોગના અધ્યાત્મ, ભાવના, ધ્યાન, સમાધિ અને વૃત્તિસંક્ષય એમ પાંચ ભેદો છે. ઉચિત વૃત્તિવાળા વ્રતધારીનું મૈત્રી વગેરે ભાવ સહિત જિનપ્રણીત શાસ્ત્રાનુસારે જીવાદિ તત્ત્વોનું ચિંતન તે અધ્યાત્મ યોગ છે. (૧) જ્ઞાનાવરણ આદિ અશુભ કર્મનો ક્ષય, (૨) વીર્યોલ્લાસ રૂપ સત્ત્વપ્રાપ્તિ, (૩) ચિત્ત સ્વસ્થતા

રૂપ શીલ, અને (૪) શુદ્ધ રત્નના પ્રકાશ જેવો સ્થિર બોધ એ ચાર અધ્યાત્મયોગનાં ફળો છે. અધ્યાત્મનું સેવન કરનારને અધ્યાત્મયોગથી મોહ રૂપ વિષના વિકારોનો વિનાશ થાય છે એવો અનુભવ થાય છે. આથી આ અધ્યાત્મયોગ અનુભવ સિદ્ધ અમૃત છે.

ચિત્તમાંથી કામક્રોધાદિ ક્લિષ્ટ ભાવોને દૂર કરીને અધ્યાત્મયોગનો જ વૃદ્ધિ પામતો વારંવાર અભ્યાસ તે ભાવનાયોગ. (૧) કામ–ક્રોધાદિ અશુભ અભ્યાસની નિવૃત્તિ, (૨) જ્ઞાનાદિ શુભ અભ્યાસની અનુકૂલતા અને (૩) ચિત્તશુદ્ધિની વૃદ્ધિ એ ત્રણ ભાવના યોગનાં ફળો છે.

સૂક્ષ્મ ઉપયોગ યુક્ત અને પવન રહિત ગૃહમાં રહેલા દીપકની જેમ સ્થિર ચિત્તની કોઈ એક વિષયમાં એકાગ્રતા તે ધ્યાન. (૧) સર્વકાર્યોમાં સ્વાવલંબન–પરાધીનતાનો અભાવ, (૨) સર્વ કાર્યોમાં સ્થિરતા, અને (૩) ભવના અનુબંધનો વિચ્છેદ, અર્થાત્ ભવની પરંપરા થાય તેવા કર્મબંધનો અભાવ એ ત્રણ ધ્યાન યોગનાં ફળો છે.

અજ્ઞાનથી કરેલી વિષયોમાં ઇષ્ટપણાની અને અનિષ્ટપણાની કલ્પનાનો વિવેકથી ત્યાગ કરીને

સમભાવ રાખવો તે સમતાયોગ. (૧) તપના પ્રભાવથી પ્રગટેલી આમર્ષ આદિ લબ્ધિઓના ઉપયોગનો અભાવ, (૨) ઘાતીકર્મ ક્ષય, (૩) અને અપેક્ષા રૂપ બંધનનો સર્વથા વિચ્છેદ એ ત્રણ સમતાયોગનાં ફળો છે.[૨૭]

અન્યદ્રવ્ય (કર્મ)ના સંયોગથી થયેલી માનસિક વિકલ્પ રૂપ અને શારીરિક સ્પંદન (હલનચલનાદિ ક્રિયા) રૂપ વૃત્તિઓનો ફરીથી ઉત્પન્ન ન થાય તે રીતે નિરોધ તે વૃત્તિસંક્ષય યોગ. માનસિક વિકલ્પ રૂપ વૃત્તિઓનો નિરોધ થતાં કેવલજ્ઞાન પ્રગટે છે. શારીરિક સ્પંદન રૂપ વૃત્તિઓનો નિરોધ થતાં શૈલેશી અવસ્થા થાય છે. (૧) કેવલજ્ઞાન, (૨) શૈલેશી–અવસ્થા અને (૩) મોક્ષ એ ત્રણ વૃત્તિસંક્ષય યોગનાં ફળો છે.

**अनिच्छन् कर्मवैषम्यं ब्रह्मांशेन समं जगत् ।**
**आत्माभेदेन यः पश्येदसौ मोक्षंगमी शमी ॥२॥**

(૨) क. – કર્મથી કરેલા વિવિધ ભેદોને अ. – નહિ ઇચ્છતો यः – જે ब्र. – બ્રહ્મના અંશ વડે समं–એકસ્વરૂપવાળા ज. – જગતને आ. – આત્માથી અભિન્નપણે प. – જૂએ असौ – એ शमी – ઉપશમવાળો मो. – મોક્ષગામી થાય છે.

---

૨૭ યો. બિં. ગા. ૩૧ તથા ૩૫૮ થી ૩૬૭.

(૨) જે કર્મકૃત વર્ણાશ્રમાદિ ભેદને ઇચ્છતો નથી અને ચૈતન્ય સત્તાની અપેક્ષાએ એકસ્વરૂપવાળા જગતના જીવોને પોતાના આત્માથી અભિન્નપણે જૂએ છે તે ઉપશાંત યોગી મોક્ષગામી બને છે.

આ જ વાત શબ્દભેદથી ભગવદ્‌ગીતામાં કહી છે.[૨૮] પણ ત્યાં એકાંતે અભેદ દૃષ્ટિ છે, જ્યારે અહીં અપેક્ષાએ અભેદ દૃષ્ટિ છે. શુદ્ધ દ્રવ્યાસ્તિક નયની દૃષ્ટિએ દરેક જીવ સમાન છે. કારણ કે દરેક જીવમાં ચૈતન્યસત્તા સમાન છે. અર્થાત્ દરેક જીવમાં ચૈતન્ય હોવાથી ચેતન રૂપે દરેક જીવ સમાન છે. અશુદ્ધ નયની દૃષ્ટિએ કર્મ-કૃત વિષમતાના યોગે દરેક જીવ ભિન્ન છે. આથી જ ચૈતન્યની દૃષ્ટિએ દરેક જીવ સમાન હોવા છતાં બ્રાહ્મણ–ચાંડાળ, ગાય–બળદ, મનુષ્ય–પશુ, ગરીબ–શ્રીમંત આદિ ભિન્નતાનો વ્યવહાર થાય છે.[૨૯]

**आरुरुक्षुर्मुनिर्योगं श्रयेद् बाह्यक्रियामपि ।**
**योगारूढः शमादेव शुध्यत्यन्तर्गतक्रियः ॥३॥**

(૩) યોગં – સમાધિ ઉપર આ. – ચઢવાને ઇચ્છતો મુનિઃ – સાધુ બા. – બાહ્ય આચારને પણ શ્ર. – સેવે યો. –

---

૨૮ ભ. ગી. અ. ૫ ગા. ૧૮–૧૯.

૨૯ અ. સા. ગા ૫૩૬ થી ૫૪૧

યોગ ઉપર ચઢેલો अन्त. – અભ્યંતર ક્રિયાવાળો ( સાધુ ) श. – શમથી જ शु. – શુદ્ધ થાય છે.

(૩) સમાધિયોગ ઉપર ચઢવાને ઇચ્છતા મુનિ બાહ્ય આવશ્યકાદિ ક્રિયાને પણ સેવે છે, યોગ ઉપર ચઢેલા મુનિ અભ્યંતર ક્રિયાવાળા હોય છે, અને ઉપશમથી જ શુદ્ધ થાય છે.

અહીં યોગારૂઢ થવા એટલે કે સમભાવને સિદ્ધ કરવા શું કરવું જોઈએ અને યોગારૂઢ થયા પછી શું કરવાનું રહે છે એ બે પ્રશ્નોનો ખુલાસો કરવામાં આવ્યો છે. તેમાં પહેલાં યોગારૂઢ થવા આવશ્યકાદિ બાહ્ય ક્રિયાની જરૂર છે એ વાત જણાવી. યોગારૂઢ થવા ઇચ્છનારા મુનિ પ્રીતિ, ભક્તિ અને વચન રૂપ શુભ સંકલ્પમય અનુષ્ઠાનો દ્વારા અશુભ સંકલ્પોને હઠાવીને યોગારૂઢ બને છે– સમાધિને સિદ્ધ કરે છે. યોગારૂઢ થયા પછી બાહ્યક્રિયાઓની જરૂર નથી. યોગારૂઢ મુનિ બાહ્ય ક્રિયા વિના માત્ર શમથી–સિદ્ધ કરેલી સમતાથી જ શુદ્ધ થાય છે.

પ્રશ્નઃ– તો શું યોગારૂઢ સર્વથા ક્રિયા રહિત હોય છે? ઉત્તરઃ– ના. યોગારૂઢને અસંગ ક્રિયા હોય છે. પ્રશ્નઃ– કેવા સાધુઓ યોગારૂઢ કહેવાય ? ઉત્તરઃ–

જિનકલ્પી, શ્રેણીએ ચઢેલા વગેરે સાધુઓ યોગારૂઢ છે. આવા સાધુઓને[30] પ્રીતિ, ભક્તિ અને વચન ક્રિયા ન હોય, કિંતુ અસંગ ક્રિયા કે અભ્યંતર ક્રિયા હોય. સમાધિ રૂપ યોગના અભ્યાસકાળમાં ચિત્તશુદ્ધિ માટે આવશ્યકાદિ બાહ્ય ક્રિયાઓની અપેક્ષા રહે છે. એ ક્રિયાઓ કરતાં કરતાં જ્યારે સમાધિ–સમભાવ રૂપ યોગ સહજ સિદ્ધ થઈ જાય છે. ત્યારે ક્રિયાની અપેક્ષા રહેતી નથી, અશક્તિના કારણે લાકડીના ટેકે ચાલનારને શક્તિ આવ્યા પછી લાકડીની જરૂર રહેતી નથી તેમ.[31]

**ध्यानवृष्टेर्दयानद्याः शमपूरे प्रसर्पति ।**
**विकारतीरवृक्षाणां मूलादुन्मूलनं भवेत् ॥४॥**

(૪) ध्या.–ધ્યાન રૂપ વૃષ્ટિથી द.–દયા રૂપ નદીનું श. प्र.–ઉપશમ રૂપ પૂર વધે છતે वि.–વિકાર રૂપ કાંઠાના ઝાડોનું मू.–મૂળથી उ.–ઉખડવું भ.–થાય છે.

(૪) ધ્યાન રૂપ વૃષ્ટિથી દયા રૂપ નદીનું શમ રૂપ પૂર વધે છે ત્યારે વિકાર રૂપ કાંઠાનાં વૃક્ષોનું મૂળથી ઉન્મૂલન થઈ જાય છે.

---

૩૦ પ્રીતિ આદિ ચાર પ્રકારના અનુષ્ઠાનનું વર્ણન પ્રસ્તુત ગ્રંથમાં ૨૭મા યોગાષ્ટકમાં કર્યું છે.

૩૧ અ. સા. યોગ સ્વરૂપ અધિકાર સંપૂર્ણ, વિશેષ રૂપે ગા. ૨૧ થી ૨૫; અ. ઉ. અ. ૨. ગા. ૩૪.

અહીં "ધ્યાન રૂપ વૃષ્ટિથી" એમ કહીને ધ્યાન એ શમનું સાધન છે એમ જણાવ્યું છે. ધ્યાન શમનું સાધન છે માટે જ પાંચ પ્રકારના યોગમાં ધ્યાન પછી સમતાનો નિર્દેશ છે.

**ज्ञानध्यानतपःशीलसम्यक्त्वसहितोऽप्यहो ! ।**
**तं नाप्नोति गुणं साधुर्यं प्राप्नोति शमान्वितः ॥५॥**

(૫) अहो – આશ્ચર્ય ! ज्ञा.– જ્ઞાન–ધ્યાન–તપ–બ્રહ્મચર્ય–સમ્યક્ત્વથી સહિત अपि – પણ साधुः – સાધુ तं – તે गुणं – ગુણને न आ. – પામતો નથી, यं – જે ગુણને श. – શમયુક્ત સાધુ प्रा. – પામે છે.

(૫) કેવું આશ્ચર્ય ! શમથી અલંકૃત મુનિ જે ગુણો મેળવે છે તે ગુણો જ્ઞાન, ધ્યાન, તપ, શીલ અને સમ્યક્ત્વથી સહિત પણ સાધુ શમ વિના મેળવી શકતો નથી.

જ્ઞાનાદિ ગુણો હોવા છતાં શમ ગુણ ન આવે ત્યાં સુધી વીતરાગદશા, કેવલજ્ઞાન વગેરે ગુણો મેળવી શકાતા નથી. જ્ઞાનાદિ ગુણો શમ દ્વારા જ વીતરાગદશા, કેવલજ્ઞાન વગેરે ગુણોનાં કારણ છે. અર્થાત્ જ્ઞાનાદિ ગુણોથી શમનો લાભ અને શમના લાભથી વીતરાગ દશા આદિ ગુણોનો લાભ થાય છે. આથી જ્ઞાનાદિ ગુણ યુક્ત સાધુએ

એ ગુણો દ્વારા શમ ભાવને મેળવવાનું લક્ષ્ય રાખવું જોઈએ એવું અહીં ગર્ભિત રીતે સૂચન કર્યું છે.[32]

**स्वयम्भूरमणस्पर्द्धिवर्धिष्णुसमतारसः ।**
**मुनिर्येनोपमीयेत कोऽपि नासौ चराचरे ॥६॥**

(૬) स्व. – સ્વયંભૂરમણ સમુદ્રની સ્પર્ધા કરનાર અને વૃદ્ધિ પામતો સમતારસ છે જેનો એવા मुनिः – સાધુ येन – જેનાથી उ. – સરખાવાય असौ – એ कोऽपि – કોઈપણ च. – જગતમાં न. – નથી.

(૬) જે મુનિનો સમતારસ સ્વયંભૂરમણ સમુદ્રની સ્પર્ધા કરી રહ્યો છે અને હજી ય વધી રહ્યો છે તે મુનિની તુલના કરી શકાય એવો કોઈ પદાર્થ જગતમાં નથી.[33]

**शमसूक्तसुधासिक्तं येषां नक्तंदिनं मनः ।**
**कदापि ते न दह्यन्ते रागोरगविषोर्मिभिः ॥७॥**

(૭) येषां – જેમનું मनः – મન न. – રાતદિવસ श. – શમના સુભાષિત રૂપ અમૃત વડે સિંચાયેલું છે ते – તેઓ कदाऽपि – કદી પણ रा. – રાગ રૂપ સર્પના વિષની લહરીઓથી न द. – બળતા નથી.

---

૩૨ પ્ર. ર. ગા. ૨૪૩.

૩૩ પ્ર. ર. ગા. ૨૩૫ ૨૩૬, ઉત્તરા. અ. ૧૩ ગા. ૧૭, આ. નિ. ગા ૮૬૬.

(૭) જેમનું મન સમતાના સુભાષિતો રૂપ અમૃતથી રાત–દિવસ સિંચાયેલું રહે છે તેઓ કદી પણ રાગ રૂપ સર્પના વિષના તરંગોથી બળતા નથી.

**गर्जज्ज्ञानगजोत्तुङ्गरङ्गद्ध्यानतुरङ्गमाः ।**
**जयन्ति मुनिराजस्य शमसाम्राज्यसंपदः ॥८॥**

(૮) मु.–મુનિ રૂપ રાજાની ग.–ગર્જના કરતા જ્ઞાન રૂપ હાથીઓ અને ઉંચા, નૃત્ય કરતા ધ્યાન રૂપ ઘોડાઓ જેમાં છે એવી श.–શમ રૂપ સામ્રાજ્યની સંપત્તિ ज.–જયવંતી–સૌથી ઉત્કૃષ્ટ છે.

(૮) જેમાં જ્ઞાન રૂપ હાથીઓ ગર્જના કરી રહ્યા છે, અને ધ્યાન રૂપ અશ્વો ખેલી રહ્યા છે એવી, મુનિરૂપ રાજાની શમ રૂપ સામ્રાજ્યની સંપત્તિ સર્વોત્કૃષ્ટ છે.

## अथ इन्द्रियजयाष्टकम् ॥७॥

**बिभेषि यदि संसारान्मोक्षप्राप्तिं च कांक्षसि ।**
**तदेन्द्रियजयं कर्तुं स्फोरय स्फारपौरुषम् ॥१॥**

(૧) यदि.–જો सं–ભવભ્રમણથી बि.–તું ભય પામે છે च–અને मो.–મોક્ષની પ્રાપ્તિને कां.–ઇચ્છે છે, तदा–

તો ક્ર. – ઇંદ્રિયોનો જય કર્તું – કરવાને સ્ફા. – દેદીપ્યમાન પરાક્રમને સ્ફો. – પ્રવર્તાવ.

(૧) જો તું સંસારથી ભય પામે છે અને મોક્ષ મેળવવાને ઇચ્છે છે તો ઇંદ્રિયોનો જય કરવા દેદીપ્યમાન પરાક્રમને ફોરવ, અર્થાત્ મહા પરાક્રમ કર.

ઇંદ્રિયોને પોત પોતાના વિષયથી રોકવી એ વાસ્તવિક ઇંદ્રિય જય નથી, કિંતુ શુભ કે અશુભ રૂપ આદિ વિષયમાં રાગ–દ્વેષ ન કરવા એ ઇંદ્રિય જય છે. અલબત્ત, ઇંદ્રિયજય માટે ઇંદ્રિયોને વિષયોથી દૂર રાખવી એ જરૂરી છે, એથી ઇંદ્રિયજય સુકર બને છે; પણ એટલા માત્રથી ઇંદ્રિયજય થઈ ગયો છે એમ ન કહી શકાય. ઇંદ્રિયોનો વિષયો સાથે સંબંધ થવા છતાં વિવેકના બળે તેમાં રાગ–દ્વેષ ન કરવા એ જ વાસ્તવિક ઇંદ્રિયજય છે.[૩૪]

**वृद्धास्तृष्णाजलापूर्णैरालवालैः किलेन्द्रियैः ।**
**मूर्छामतुच्छां यच्छन्ति विकारविषपादपाः ॥२॥**

---

૩૪ પ્રસ્તુત ગાથાની જ્ઞાનમંજરી ટીકા, પા. યો. પા. ૨ સૂ. ૫૫ ના ભાષ્યની પૂ. ઉપા. શ્રીયશો વિ. મ. ની ટીકા.

(૨) तृ. – તૃષ્ણા રૂપ જળથી ભરેલા इ. – ઇંદ્રિયોરૂપ आ. – ક્યારાઓથી वृ. – વૃદ્ધિ પામેલા वि. – વિકાર રૂપ ઝેરી ઝાડો किल – ખરેખર अ. – ઘણી मू. – ચૈતનની અવસ્થાને-મમતાને य. – આપે છે.

(૨) ખરેખર ! તૃષ્ણા રૂપ જળ વડે સંપૂર્ણ ભરેલા ઇંદ્રિયો રૂપ ક્યારાઓથી મોટા થયેલા વિકાર રૂપ વિષવૃક્ષો ગાઢ મૂર્છા આપે છે=મોહ પમાડે છે.

**सरित्सहस्रदुष्पूरसमुद्रोदरसोदरः ।**
**तृप्तिमान्नेन्द्रियग्रामो भव तृप्तोऽन्तरात्मना ॥३॥**

(૩) स. – હજારો નદીઓથી ન પૂરી શકાય એવા સમુદ્રના પેટ જેવો इ. – ઇંદ્રિયોનો સમુદાય तृ. – તૃપ્તિવાળો (થતો) न – નથી. (માટે) अ. – અંતર આત્માથી तृ. – સંતોષી भव – થા.

(૩) હજારો નદીઓથી ન પૂરી શકાય એવા સમુદ્રના તળિયા જેવો ઇંદ્રિઓનો સમૂહ ગમે તેટલા વિષયો આપવામાં આવે તો પણ તૃપ્ત થતો નથી. માટે ઇંદ્રિયોને મનગમતા વિષયો આપીને તૃપ્ત કરવાની ધાંધલ છોડીને આત્માના સહજ સુખથી તૃપ્ત થા.[૩૫]

**आत्मानं विषयैः पाशैर्भववासपराङ्मुखम् ।**
**इन्द्रियाणि निबध्नन्ति मोहराजस्य किङ्कराः ॥४॥**

---

૩૫ પ્ર. ૨. ગા. ૪૮, ઉપ. ભા. ગા. ૧૯૭ થી ૨૦૨.

(૪) मो. – મોહરાજાના किं. – દાસ इ. – ઇંદ્રિયો भ. – સંસાર વાસથી ઉદ્‌વિગ્ન થયેલા आ. – આત્માને (પણ) वि. – વિષયો રૂપ पाशैः – બંધનોથી नि. – બાંધે છે.

(૪) મોહરાજાના ચાકર રૂપ ઇંદ્રિયો સંસાર-વાસથી વિમુખ થયેલા આત્માને પણ વિષયો રૂપ બંધનોથી બાંધે છે!

**गिरिमृत्स्नां धनं पश्यन् धावतीन्द्रियमोहितः ।**
**अनादिनिधनं ज्ञानं धनं पार्श्वे न पश्यति ॥५॥**

(૫) इ. – ઇંદ્રિયોના વિષયોમાં મોહિત થયેલો गि. – પર્વતની માટીને धनं – ધનરૂપે प. – જોતો धा. – દોડે છે. (પણ) पा. – પાસે રહેલા अ. અનાદિ–અનંત ज्ञानं – જ્ઞાન રૂપ धनं – ધનને न प. – જોતો નથી.

(૫) ઇંદ્રિયોથી મોહ પામેલો જીવ પર્વતની માટીને સુવર્ણ–ચાંદી આદિ ધન રૂપે જોતો ચારે તરફ દોડે છે, પણ પોતાની જ પાસે અનાદિ અનંત જ્ઞાન રૂપ ધનને જોતો નથી.

**पुरःपुरःस्फुरत्तृष्णा मृगतृष्णानुकारिषु ।**
**इन्द्रियार्थेषु धावन्ति त्यक्त्वा ज्ञानामृतं जडाः ॥६॥**

(૬) पु. – આગળ આગળ વધતી જતી તૃષ્ણા જેઓને છે એવા जडाः – અજ્ઞાનીઓ ज्ञा. – જ્ઞાન રૂપ અમૃતને त्य. – છોડીને मृ. – ઝાંઝવાના જળ જેવા इ. – ઇંદ્રિયોના વિષયોમાં धा. – દોડે છે.

(૬) આગળ આગળ વધતી જતી તૃષ્ણાવાળા મૂર્ખ લોકો જ્ઞાન રૂપ અમૃતને છોડીને ઝાંઝવાના જળ સરખા ઇંદ્રિયોના રૂપાદિ વિષયોમાં દોડે છે.

**पतङ्गभृङ्गमीनेभसारङ्गा यान्ति दुर्दशाम् ।**
**एकैकेन्द्रियदोषाच्चेद् दुष्टैस्तैः किं न पञ्चभिः ? ॥७॥**

(૭) चेद् – જો प. – પતંગિયા, ભ્રમર, માછલાં, હાથી અને હરણ ए. – એક એક ઇંદ્રિયના દોષથી दु. – માઠી અવસ્થાને या. – પામે છે, (તો) दु. – દોષવાળી तैः – તે प. – પાંચ ઇંદ્રિયોથી किं न – શું ન થાય ?

(૭) જો પતંગિયું, ભ્રમર, મત્સ્ય, હાથી અને હરણ એક એક ઇંદ્રિયના દોષથી મરણાદિ રૂપ દુર્દશાને પામે છે તો દુષ્ટ પાંચે ઇંદ્રિયોથી શું ન થાય? અર્થાત્ અનેક પ્રકારે દુર્દશા થાય.[૩૬]

**विवेकद्विपहर्यक्षैः समाधिधनतस्करैः ।**
**इन्द्रियैर्यो न जितोऽसौ धीराणां धुरि गण्यते ॥८॥**

(૮) वि. – વિવેકરૂપ હાથીને હણવામાં સિંહસમાન स. – સમાધિ રૂપ ધનને લુંટવામાં ચોર સમાન इ. – ઇંદ્રિયોથી यः – જે जितः – જિતાયો न – નથી, सः – તે धी. – ધીર પુરુષોની धुरि – આદિમાં ग. – ગણાય છે.

(૮) વિવેક રૂપ હાથીને હણવામાં સિંહ

૩૬ પ્ર. ર. ગા. ૪૧ થી ૪૭, અ. ક. અ. ૧૦ ગા. ૧૪

સમાન અને સમાધિ રૂપ ધન ચોરવામાં ચોર સમાન ઇંદ્રિયોથી જે જીતાયો નથી તે ધીર પુરુષોમાં અગ્રેસર ગણાય છે.

## अथ त्यागाष्टकम् ॥८॥

**संयतात्मा श्रये शुद्धोपयोगं पितरं निजम् ।**
**धृतिमम्बां च पितरौ तन्मां विसृजतं ध्रुवम् ॥१॥**

(૧) पि. – હે માતા–પિતા ! सं. – સંયમને અભિમુખ થયેલો હું शु. – શુદ્ધોપયોગ રૂપ निजं–પોતાના पि.–પિતાનો च – અને धृतिं – આત્મરતિ રૂપ अ.– માતાનો श्रये–આશ્રય કરું છું. तत् – તેથી मां – મને ध्रुवं – અવશ્ય वि. – છોડો.

(૧) હે માતપિતા! સંયમને[૩૭] અભિમુખ થયેલો હું રાગ–દ્વેષ રહિત શુદ્ધ આત્મજ્ઞાન રૂપ પોતાના પિતાનો અને આત્મરતિ રૂપ માતાનો આશ્રય કરુ છું. આથી હવે તમે મને અવશ્ય છોડો.

---

૩૭ જેણે સંયમનો સ્વીકાર કર્યો હોય તેને સંયત આત્મા કહેવાય. છતાં અહીં જેણે હજી સંયમનો સ્વીકાર કર્યો નથી, પરંતુ સંયમ સ્વીકારવાને તૈયાર થયો છે તેને પણ સંયત આત્મા કહ્યો એ નિશ્ચય નયની દૃષ્ટિએ ઘટે છે. નિશ્ચય નયની દૃષ્ટિએ જે ક્રિયા કરવા માંડી તે કરી કહેવાય. આથી સંયમ લેવા માંડયું એટલે લીધું કહેવાય.

**युष्माकं सङ्गमोऽनादिर्बन्धवोऽनियतात्मनाम् ।**
**ध्रुवैकरूपान् शीलादिबन्धूनित्यधुना श्रये ॥२॥**

(૨) ब. – હે બંધુઓ ! अ. – અનિશ્ચિત છે આત્મા–પર્યાય જેમનો એવા यु.– તમારો सं.– મેળાપ अ. – અનાદિ (થી) છે. इति – એથી अ. – હવે ध्रु. – નિશ્ચિત એકસ્વરૂપ-વાળા शी. – શીલ વગેરે બંધુઓનો श्रये – આશ્રય કરું છું.

(૨) હે બંધુઓ! બંધુ તે શત્રુ થાય અને શત્રુ તે બંધુ થાય એ પ્રમાણે અનિશ્ચિત પર્યાય-વાળા તમારો સંબંધ (પ્રવાહથી) અનાદિથી છે. આથી હવે નિશ્ચિત રૂપે એક સ્વરૂપવાળા (નિયમા હિત કરવાના જ સ્વરૂપવાળા) શીલ, સત્ય, શમ, દમ સંતોષાદિ બંધુઓનો આશરો લઉં છું.

**कान्ता मे समतैवैका ज्ञातयो मे समक्रियाः ।**
**बाह्यवर्गमिति त्यक्त्वा धर्मसंन्यासवान् भवेत् ॥३॥**

(૩) एका – એક स. – સમતા एव – જ मे – મારી कान्ता – વહાલી સ્ત્રી છે. स. – સમાન આચારવાળા સાધુઓ मे – મારા ज्ञा. – સગાવહાલા (છે.) इति – એ પ્રમાણે बा. – બાહ્યવર્ગને त्य. – છોડીને ध. – ધર્મસન્યાસવાળો भ. – થાય.

(૩) એક સમતા જ મારી વહાલી પત્ની છે, સમાન આચારવાળા સાધુઓ જ મારા સંબંધીઓ છે. આ પ્રમાણે (પહેલી બીજી ગાથામાં અને ત્રીજી

ગાથાના પૂર્વાર્ધમાં જણાવ્યા પ્રમાણે ) બાહ્ય પરિવારનો ત્યાગ કરીને બાહ્યઋદ્ધિ આદિ સંબંધી ઔદયિક ભાવ રૂપ ધર્મના ત્યાગવાળો થાય, અર્થાત્ ઔદયિક ભાવને છોડી ક્ષાયોપશમિક ભાવવાળો થાય.

યોગશાસ્ત્રોમાં યોગના ઇચ્છા, શાસ્ત્ર, સામર્થ્ય એમ ત્રણ ભેદ છે. (૧) આગમના બોધવાળા જ્ઞાનીનો પૂર્ણ ધર્મ કરવાની ઇચ્છા હોવા છતાં પ્રમાદના યોગે અપૂર્ણ—અતિચારાદિથી ખામીવાળો ધર્મવ્યાપાર ઇચ્છાયોગ છે. (૨) શ્રદ્ધાળુ અને પ્રમાદ રહિતનો શાસ્ત્રના સૂક્ષ્મબોધથી શાસ્ત્ર મુજબ અખંડ = અતિચારાદિથી રહિત યથાશક્તિ ધર્મ વ્યાપાર શાસ્ત્રયોગ છે. (૩) જેના ઉપાયો શાસ્ત્રમાં સામાન્યથી બતાવ્યા છે, પણ વિશેષથી બતાવ્યા નથી, છતાં સાધકની શક્તિની પ્રબળતાથી થતો વિશિષ્ટ ( શાસ્ત્રમાં વિશેષ રૂપે નહિ કહેલો ) ધર્મ વ્યાપાર સામર્થ્યયોગ છે.

સામર્થ્યયોગના ધર્મસંન્યાસ અને યોગ-સંન્યાસ એમ બે ભેદ છે. ધર્મસંન્યાસના તાત્ત્વિક અને અતાત્ત્વિક એમ બે ભેદ છે. ઔદયિકભાવ રૂપ ધર્મનો સંન્યાસ—ત્યાગ એ અતાત્ત્વિક ધર્મ-સંન્યાસ છે. ક્ષાયોપશમિક ભાવ રૂપ ધર્મનો ત્યાગ

એ તાત્ત્વિક ધર્મસંન્યાસ છે. મન, વચન અને કાયા એ ત્રણે યોગોનો ત્યાગ એ યોગ સંન્યાસ છે. અતાત્ત્વિક ધર્મસંન્યાસ પ્રવ્રજ્યાકાલે હોય છે. કારણ કે ત્યારે ઔદયિક ભાવ રૂપ અશુભ ધર્મનો ત્યાગ થાય છે. તાત્ત્વિક ધર્મસંન્યાસ ક્ષપકશ્રેણિમાં આઠમા ગુણસ્થાને હોય છે.[૩૮] કારણ કે ક્ષપક શ્રેણિમાં ક્ષાયોપશમિક ભાવના ક્ષમાદિ ધર્મનો ત્યાગ થાય છે. યોગ સંન્યાસ ૧૪ મા ગુણસ્થાને શૈલેશી અવસ્થામાં હોય છે. ત્યાં ત્રણે યોગોનો ત્યાગ થાય છે. યોગ રહિત બનેલો આત્મા મોક્ષમાં જાય છે.

આ ગાથામાં અતાત્ત્વિક ધર્મસંન્યાસનો નિર્દેશ કર્યો. ચોથી ગાથામાં તાત્ત્વિક ધર્મસંન્યાસનો અને સાતમી ગાથામાં યોગ સંન્યાસનો નિર્દેશ છે.[૩૯]

---

૩૮ જો કે, ક્ષાયોપશમિક ભાવના બધા ધર્મોનો ત્યાગ તો ૧૨ મા ગુણ સ્થાનના અંતે થતો હોવાથી સંપૂર્ણ ધર્મસંન્યાસ યોગ ૧૨ મા ગુણ સ્થાને હોય. છતાં, નિશ્ચયનયની દૃષ્ટિએ જે ક્રિયા કરવા માંડી તે કરી કહેવાય, ધર્મ સંન્યાસ કરવા માંડ્યો એટલે કર્યો કહેવાય. આથી તાત્ત્વિક ધર્મ સંન્યાસ ક્ષપકશ્રેણીમાં આઠમા ગુણ સ્થાને હોય એવો નિર્દેશ નિશ્ચયનયની દૃષ્ટિએ છે.

૩૯ લ. વિ. ‘નમુત્થુણં’ પદની ટીકા, યો. સ. ગા. ૨ વગેરે.

**धर्मास्त्याज्याः सुसङ्गोत्थाः क्षायोपशमिका अपि ।**
**प्राप्य चन्दनगन्धाभं धर्मसंन्यासमुत्तमम् ॥४॥**

(૪) च. – ચંદનના ગંધ સમાન उ. – ઉત્તમ ध. – ધર્મસંન્યાસને प्रा. – પ્રાપ્ત કરીને सु. – સત્સંગથી ઉત્પન્ન થયેલા क्षा. – ક્ષયોપશમવાળા अपि – પણ धर्माः – ધર્મો त्या. – તજવા લાયક છે.

(૪) ભાવના ચંદનના ગંધ સમાન ઉત્તમ ધર્મસંન્યાસને પામીને સત્સંગથી ઉત્પન્ન થયેલા ક્ષાયોપશમિક ધર્મો પણ તજવા લાયક છે.

ઉત્તમ ધર્મસંન્યાસ એટલે તાત્ત્વિક ધર્મ સંન્યાસ. ધર્મસંન્યાસથી ક્ષાયોપશમિક ભાવોની નિવૃત્તિ થતાં ક્ષાયિક ભાવો પ્રગટે છે. આથી આ યોગ તાત્ત્વિક છે. સુગંધ બે જાતની હોય છે. એક સ્વાભાવિક અને બીજી નૈમિત્તિક. પરના નિમિત્તથી વસ્ત્રાદિમાં આવતી ગંધ નૈમિત્તિક છે. નિમિત્ત વિના ચંદન વગેરેની સહજ ગંધ સ્વાભાવિક છે. અહીં ક્ષાયોપશમિક ધર્મો નૈમિત્તિક ગંધ જેવા છે. કારણકે તેમાં દેવ–ગુરુ–શાસ્ત્ર વગેરે આલંબનની અપેક્ષા રહે છે. ક્ષાયિક ધર્મો સ્વાભાવિક ગંધ જેવા છે. જેમ ગંધ ચંદનનો સ્વાભાવિક ધર્મ છે, તેમ ક્ષાયિક ભાવ આત્માનો સ્વાભાવિક ધર્મ છે. આથી જ અહીં ધર્મસંન્યાસને ચંદનગંધ સમાન કહ્યો છે.

**गुरुत्वं स्वस्य नोदेति शिक्षासात्म्येन यावता।**
**आत्मतत्त्वप्रकाशेन तावत्सेव्यो गुरूत्तमः ॥५॥**

(૫) या. – જ્યાં સુધી शि. – શિક્ષાના સમ્યક્ પરિણામથી आ. – આત્મસ્વરૂપના બોધ વડે स्व. – પોતાનું गु. – ગુરુપણું न उ. – ન પ્રગટ થાય, ता. – ત્યાં સુધી गु.–ઉત્તમ ગુરુ से. – સેવવા યોગ્ય છે.

(૫) જ્યાં સુધી ગ્રહણ અને આસેવન એ બંને શિક્ષાના સમ્યક્ પરિણમનથી શુદ્ધ આત્મ સ્વરૂપના (સંશય અને વિપર્યાસથી રહિત) બોધ વડે પોતાના આત્મામાં ગુરુપણું ન આવે ત્યાં સુધી ઉત્તમ ગુરુ (–જ્ઞાનદાતા આચાર્ય) સેવવા જોઈએ[૪૦]

અહીં ગુરુપણું આવવાનાં બે કારણોનો નિર્દેશ કર્યો છે. (૧) ગ્રહણ–આસેવન શિક્ષાનું સમ્યક્ પરિણમન. (૨) શુદ્ધ આત્મસ્વરૂપનો બોધ. ગ્રહણ–આસેવન શિક્ષાના સમ્યક્ પરિણમનથી શુદ્ધ આત્મસ્વરૂપનો બોધ થતાં ગુરુપણું આવે છે. આથી સાધુએ પ્રથમ ગ્રહણ–આસેવન શિક્ષા પોતાના આત્મામાં પરિણમે એવા લક્ષ્ય પૂર્વક ગુરુસેવા કરવી જોઈએ એવો ગર્ભિત ઉપદેશ આપ્યો છે.

ગુરુની પાસે સૂત્ર–અર્થનો અભ્યાસ એ

---

૪૦ વિ. આ. ભા. ગા. ૩૪૫૯

ગ્રહણશિક્ષા. પ્રતિલેખનાદિની ક્રિયાનો અભ્યાસ એ આસેવનશિક્ષા. અર્થાત્ સાધુધર્મના આચારોનું જ્ઞાન મેળવવું એ ગ્રહણશિક્ષા અને એ આચારોનું પાલન કરવું એ આસેવન શિક્ષા.[૪૧] અથવા ગ્રહણ કરેલા–સ્વીકારેલા વ્રતાદિધર્મનું જ્ઞાન (શિક્ષા) મેળવવું તે ગ્રહણશિક્ષા. ગ્રહણ કરેલા વ્રતાદિધર્મનું આસેવન–પાલન થઈ શકે એ માટે પ્રતિલેખનાદિ આચારોનું જ્ઞાન ( શિક્ષા ) મેળવવું એ આસેવન શિક્ષા.

**ज्ञानाचारादयोऽपीष्टाः शुद्धस्वस्वपदावधि ।**
**निर्विकल्पे पुनस्त्यागे न विकल्पो न वा क्रिया ॥६॥**

(૬) ज्ञा. – જ્ઞાનાચાર વગેરે આચારો अपि – પણ शु. – શુદ્ધ એવા પોતપોતાના પદની મર્યાદા સુધી इ. – ઈષ્ટ છે. पुनः – પણ नि. – વિકલ્પ ચિંતાથી રહિત त्यागे – ત્યાગમાં न वि. – વિકલ્પ નથી च – અને न क्रिया–ક્રિયા નથી.

(૬) જ્ઞાનાચારાદિ પણ પોતપોતાના શુદ્ધપદની મર્યાદા સુધી ઈષ્ટ છે–સેવન કરવા જોઇએ. નિર્વિકલ્પ ત્યાગની અવસ્થામાં વિકલ્પ નથી અને ક્રિયા પણ નથી.

---

૪૧ ધ. સં. ભા. ૨ ગા. ૮૬

જ્ઞાનાચારનું શુદ્ધ પદ કેવલજ્ઞાન છે. આથી કેવલજ્ઞાન ન થાય ત્યાં સુધી જ્ઞાનાચારનું સેવન જરૂરી છે. દર્શનાચારનું શુદ્ધ પદ ક્ષાયિક સમ્યક્ત્વ છે. આથી ક્ષાયિક સમ્યક્ત્વ પ્રાપ્ત ન થાય ત્યાં સુધી દર્શનાચારનું સેવન જરૂરી છે. એ પ્રમાણે સ્વશુદ્ધ પદ યથાખ્યાત ચારિત્રની પ્રાપ્તિ ન થાય ત્યાં સુધી ચારિત્રાચારનું સેવન કરવું જોઈએ. સ્વશુદ્ધ પદ પરમ શુકલ ધ્યાનની પ્રાપ્તિ ન થાય ત્યાં સુધી તપાચારનું પાલન કરવું જોઈએ. આત્મવીર્યની સર્વથા શુદ્ધિ ન થાય ત્યાં સુધી વીર્યાચારનું સેવન જરૂરી છે.

આત્મા જ્યાં સુધી ઉચ્ચકોટિની સમાધિ યા ધ્યાનદશા પ્રાપ્ત ન કરે ત્યાં સુધી અમુક આચારોનું સેવન કરવા યોગ્ય છે અને અમુક આચારોનું સેવન કરવા યોગ્ય નથી વગેરે શુભ વિકલ્પો–સંકલ્પો હોય છે. આથી એ અવસ્થાનો ત્યાગ સવિકલ્પ છે. સાધનાની પ્રારંભદશામાં આવો શુભ વિકલ્પ પૂર્વકનો ત્યાગ જ હિતકર છે. સવિકલ્પ ત્યાગની સાધના કરતાં કરતાં આત્મા જ્યારે ઉચ્ચ કોટિની સમાધિ યા ધ્યાનદશા પ્રાપ્ત કરે છે ત્યારે પૂર્વોક્ત વિકલ્પોથી–સંકલ્પોથી રહિત બની જાય છે, અને સર્વ પ્રપંચરહિત સ્વાત્માનુભવરૂપ શુદ્ધો-

પયોગ દશામાં વર્તે છે. આ દશામાં વર્તતા ત્યાગીનો ત્યાગ નિર્વિકલ્પ ત્યાગ છે. આ દશામાં હું અમુક ( આવશ્યકાદિ ) ક્રિયા કરું વગેરે વિકલ્પો-સંકલ્પો ન હોવાથી ક્રિયા પણ ન હોય. આથી અહીં કહ્યું કે નિર્વિકલ્પ ત્યાગની અવસ્થામાં વિકલ્પ નથી અને ક્રિયા પણ નથી. આજ વિષયનો ભાવ છઠ્ઠા અષ્ટકની ત્રીજી ગાથામાં योगारूढः शमादेव शुध्यत्यन्तर्गतक्रियः એ શબ્દોમાં કહ્યો છે.

**योगसंन्यासतस्त्यागी योगानप्यखिलांस्त्यजेत् ।**
**इत्येवं निर्गुणं ब्रह्म परोक्तमुपपद्यते ॥७॥**

(૭) યો. – યોગનો રોધ કરવાથી त्यागी – ત્યાગવાળો अ. – બધા योगान् – યોગોનો अपि – પણ त्य. – ત્યાગ કરે. इ. – એ પ્રમાણે प. – બીજાએ કહેલ नि. – ગુણરહિત ब्रह्म– આત્મસ્વરૂપ उ. – ઘટે છે.

(૭) ક્ષાયોપશમિક ધર્મનો ત્યાગી યોગના નિરોધથી સર્વયોગોનો પણ ત્યાગ કરે. આ પ્રમાણે બીજાએ કહેલ ગુણ રહિત આત્મા પણ ઘટે છે.

સાંખ્યદર્શનના પ્રણેતા કપિલ વગેરે આત્માને સર્વથા ગુણોથી ( જ્ઞાનાદિ ગુણોથી પણ ) રહિત માને છે. પણ તે અસત્ય છે. આત્મા ક્યારે ય સર્વથા ગુણ રહિત બનતો જ નથી. આત્મા સર્વથા ગુણરહિત બને તો આત્માનું અસ્તિત્વ

જ ન રહે. પ્રશ્નઃ- તો પછી આત્મા નિર્ગુણ છે એમ તેઓ કહે છે એ કેવી રીતે ઘટે ? ઉત્તરઃ- આ અષ્ટકમાં બતાવ્યા પ્રમાણે ધર્મસંન્યાસ અને યોગસંન્યાસથી ઔપાધિક ગુણોથી રહિત બનવાથી આત્મા નિર્ગુણ બને છે. અર્થાત્ મુક્તઆત્મા ઔપાધિક (મતિજ્ઞાન આદિ અને મનયોગ આદિ) ગુણોની દૃષ્ટિએ નિર્ગુણ છે, પણ સ્વાભાવિક કેવલ જ્ઞાનાદિ ગુણોની દૃષ્ટિએ તો સગુણ છે. આ જ વાત આઠમા શ્લોકમાં કહી છે.

**वस्तुतस्तु गुणैः पूर्णमनन्तैर्भासते स्वतः ॥**
**रूपं त्यक्तात्मनः साधोर्निरभ्रस्य विधोरिव ॥८॥**

(૮) व. – પરમાર્થથી तु – તો नि. – વાદળથી રહિત विधोः – ચંદ્રની इव – જેમ त्य. – ત્યાગી છે આત્મા જેનો એવા ( त्यक्तः सकलविभावरूपः आत्मा येन सः त्यक्तात्मा. ) साधोः – સાધુનું रूपं – સ્વરૂપ अ. – અનંત गुणैः – ગુણોથી स्व. – સ્વયં भा. – ભાસે છે.

(૮) પરમાર્થથી તો વાદળાંઓથી રહિત ચંદ્રની જેમ સર્વવિભાવોથી રહિત આત્મા કેવલ જ્ઞાનાદિ અનંતગુણોથી પરિપૂર્ણ સ્વયમેવ ભાસે છે–પ્રગટે છે. અર્થાત્ જેમ વાદળ દૂર થતા ચંદ્રનો સ્વાભાવિક પ્રકાશ ગુણ પ્રગટ થાય છે તેમ સર્વ-

વિભાવો દૂર થતાં આત્માના સ્વાભાવિક જ્ઞાનાદિ ગુણો પ્રગટ થાય છે. આથી આત્મા સર્વથા નિર્ગુણ છે એવી માન્યતા મિથ્યા છે.

## अथ क्रियाष्टकम् ॥९॥

**ज्ञानी क्रियापरः शान्तो भावितात्मा जितेन्द्रियः ।**
**स्वयं तीर्णो भवाम्भोधेः परांस्तारयितुं क्षमः ॥१॥**

(૧) ज्ञानी – સમ્યગ્જ્ઞાનવાળા, क्रि. – ક્રિયામાં તત્પર शा. – ઉપશમયુક્ત भा. – ભાવિત છે આત્મા જેનો એવા जि. – ઇંદ્રિયોને જિતનાર भ. સંસાર રૂપ સમુદ્રથી स्वयं – પોતે तीर्णः – તરેલ છે, ( અને ) प. – બીજાઓને ता. – તારવાને क्षमः – સમર્થ છે.

(૧) જ્ઞાની, ક્રિયામાં તત્પર, ઉપશાંત, જ્ઞાનાદિ ગુણોથી ભાવિતાત્મા અને જિતેંદ્રિય સાધુ સ્વયં સંસાર સમુદ્રથી તરેલો છે અને બીજાને તારવાને સમર્થ છે.

**क्रियाविरहितं हन्त ज्ञानमात्रमनर्थकम् ।**
**गतिं विना पथज्ञोऽपि नाप्नोति पुरमीप्सितम् ॥२॥**

(૨) हन्त – ખેદ સૂચક અવ્યય क्रि. – ક્રિયા વિનાનું ज्ञा. – એકલું જ્ઞાન अ.– નિરર્થક છે. गतिं विना–ચાલવાની ક્રિયા વિના प. – માર્ગનો જાણનાર પણ इ. – ઇચ્છિત पुरं – નગર ना. – પહોંચતો નથી.

(૨) ક્રિયારહિત એકલું જ્ઞાન (મોક્ષફળ મેળવવા માટે) નિરર્થક છે. માર્ગનો જાણકાર પણ ચાલવાની ક્રિયા વિના ઇચ્છિત શહેરમાં પહોંચતો નથી. [૪૨A]

**स्वानुकूलां क्रियां काले ज्ञानपूर्णोऽप्यपेक्षते ।**
**प्रदीपः स्वप्रकाशोऽपि तैलपूर्त्यादिकं यथा ॥३॥**

(૩) यथा – જેમ प्र. – દીવો स्व. – પોતે પ્રકાશ રૂપ (છે, તો) अपि – પણ तै. – તેલ પૂરવા વગેરેની (અપેક્ષા રાખે છે તેમ) ज्ञा. – જ્ઞાનથી પરિપૂર્ણ–પૂર્ણજ્ઞાની अपि–પણ काले – અવસરે स्वा. – સ્વભાવને અનુકૂલ क्रियां – ક્રિયાની अ. – અપેક્ષા રાખે છે.

(૩) જેમ દીપક સ્વયં સ્વપ્રકાશ રૂપ હોવા છતાં, તેલ પૂરવા આદિ ક્રિયાની અપેક્ષા રાખે છે;

---

૪૨A અ. સા. અધ્યાત્મ સ્વરૂપ અધિકાર અને યોગ અધિકાર, પૂ. શ્રી ઉપાધ્યાયજી મહારાજ કૃત શ્રીસીમંધર સ્વામીના સવાસો ગાથાના સ્તવનની પાંચમી ઢાળ, અ. ઉ. અ. ૩ ગા. ૧૩ થી ૧૮, શા. સમુ. ગા. ૬૭૯ થી ૬૯૧, અ. કલ્પ. અ. ૮ ગા. ૯, ઉ. મા. ગા. ૪૨૫-૪૨૬, વિ. આ. ભા. ગા. ૧૧૨૬ વગેરે જ્ઞાન–ક્રિયા પ્રકરણ તથા ૧૫૯૩ મી ગાથા, સ. તર્ક કાં. ૩ ગા. ૬૮, ઉત્તરા. અ. ૨૧ ગા. ૨૭.

તેમ પૂર્ણ જ્ઞાની પણ અવસરે સ્વભાવ રૂપ કાર્યને અનુકૂલ ક્રિયાની અપેક્ષા રાખે છે.[42B]

**बाह्यभावं पुरस्कृत्य ये क्रियां व्यवहारतः ।**
**वदने कवलक्षेपं विना ते तृप्तिकाङ्क्षिणः ॥४॥**

(૪) ये – જેઓ बा. – બાહ્યભાવને पु. – આગળ કરીને व्य. – વ્યવહારથી क्रियां – ક્રિયાનો (નિષેધ કરે છે) ते–તેઓ व. – મોઢામાં क. विना – કોળિયો નાંખ્યા સિવાય तृ. – તૃપ્તિને ઈચ્છનારા છે.

(૪) જેઓ બાહ્યભાવને આગળ કરીને વ્યવહારથી ક્રિયાનો નિષેધ કરે છે તેઓ મુખમાં કોળિયો નાખ્યા વિના તૃપ્તિ ઈચ્છે છે.

સાર:– આવશ્યકાદિ ક્રિયાઓ કરવી એ તો બાહ્યભાવ છે. મુક્તિ બાહ્યભાવથી ન થાય, કિંતુ અંતરના પરિણામથી થાય. આથી મુક્તિ મેળવવા બાહ્ય ક્રિયાઓની જરૂર નથી એમ કહીને ક્રિયાઓનો નિષેધ કરનારાઓ મુખમાં કોળિયો નાખ્યા વિના તૃપ્તિ ઈચ્છનારા છે. જેમ મુખમાં કોળિયો નાખ્યા વિના તૃપ્તિ ન થાય તેમ આવશ્યકાદિ ક્રિયાઓ વિના પણ મોક્ષ ન થાય.

અહીં क्रियां व्यवहारतः એવા પાઠના સ્થાને

---

42B અ. ઉપ. અ. ૩ ગા. ૩૩ થી ૩૭.

क्रियान्यवहारतः એવા સમસ્ત પાઠ પણ જોવા મળે છે. આ પાઠના આધારે "આવશ્યકાદિ ક્રિયાના વ્યવહારથી = આચરણથી બાહ્યભાવને = પુણ્યબંધથી થતા દેવલોકાદિ સુખને આગળ કરીને જેઓ ક્રિયાનો નિષેધ કરે છે તેઓ મુખમાં કોળિયો નાખ્યા વિના તૃપ્તિ ઇચ્છનારા છે." એવા અર્થ થાય. તાત્પર્ય:- આવશ્યકાદિ ક્રિયાઓથી પુણ્યબંધ થાય છે. આથી આત્મા કર્મોથી છૂટવાને બદલે બંધાય છે. નિજ શુદ્ધ આત્મામાં લીન રહેવાથી જ આત્મા કર્મોથી છૂટે છે.......આમ કહીને આવશ્યકાદિ ક્રિયાઓનો નિષેધ કરનારાઓ મુખમાં કોળિયો નાખ્યા વિના તૃપ્તિ ઇચ્છે છે.

**गुणवद्बहुमानादेर्नित्यस्मृत्या च सत्क्रिया ।**
**जातं न पातयेद्भावमजातं जनयेदपि ॥५॥**

(૫) गु. – ગુણિજનના બહુમાન વગેરેથી च – અને नि. – વ્રતાદિના હંમેશા સ્મરણથી स. – શુભ ક્રિયા जातं – ઉત્પન્ન થયેલા भावं – ભાવને न पा. – ન પાડે (અને) अ. – નહિ ઉત્પન્ન થયેલા ભાવને अपि – પણ ज. – ઉત્પન્ન કરે.

(૫) અધિક ગુણવંતનો બહુમાન વગેરેથી અને લીધેલા નિયમોના નિત્ય સ્મરણથી શુભક્રિયા ઉત્પન્ન થયેલા શુભભાવને ન પાડે અને નહિ ઉત્પન્ન

થયેલા ભાવને ઉત્પન્ન કરે.[43]

આદિ શબ્દથી પાપની જુગુપ્સા, અતિચારોની આલોચના, દેવ-ગુરુની ભક્તિ અને ઉત્તરગુણની શ્રદ્ધાનું ગ્રહણ કરવું. ઉત્તરગુણની શ્રદ્ધા એટલે ઉત્તરગુણની ઈચ્છા. સમ્યક્ત્વની પ્રાપ્તિ થઈ હોય તો અણુવ્રત વગેરેની ઈચ્છા રાખવી, અણુવ્રતનો સ્વીકાર કર્યો હોય તો મહાવ્રતોની ઈચ્છા રાખવી એમ મળેલા ગુણોથી ઉપરના ગુણોની ઈચ્છા ઉત્તરગુણ શ્રદ્ધા છે.

**क्षायोपशमिके भावे या क्रिया क्रियते तया ।**
**पतितस्यापि तद्भावप्रवृद्धिर्जायते पुनः ॥६॥**

(૬) क्षा. भावे – ક્ષાયોપશમિક ભાવમાં या–જે क्रिया–તપ-સંયમને અનુકૂલ ક્રિયા क्रि. – કરાય છે, तया–તે ક્રિયાથી प. – પડી ગયેલાને अपि – પણ पुनः – ફરીથી त. – તે ક્રિયાના ભાવની વૃદ્ધિ जा. – થાય છે.

(૬) ક્ષાયોપશમિક ભાવમાં કરવામાં આવતી ક્રિયાથી શુભભાવથી પડી ગયેલાના પણ શુભ-ભાવની ફરી વૃદ્ધિ થાય છે. અર્થાત્ જેના શુભ ભાવો મંદ પડી ગયા છે તેના પણ શુભ ભાવો

---

૪૩ શ્રા. ધ. વિં. ગા. ૭ થી ૧૦, પંચા. ૧ ગા. ૩૫ થી ૩૮ ધ. બિં. અ. ૩ સૂ. ૨૮.

ક્ષાયોપશમિક ભાવથી ક્રિયા કરતાં કરતાં વધે છે, અને જેના શુભભાવો મંદ પડ્યા નથી તેના શુભભાવો ક્રિયા કરતાં કરતાં અધિક વધે છે. અથવા સ્થિર રહે છે. આ જ વાત હવે પછીના શ્લોકમાં કહી છે.[૪૪]

**गुणवृद्ध्यै ततः कुर्यात् क्रियामस्खलनाय वा ।**
**एकं तु संयमस्थानं जिनानामवतिष्ठते ॥७॥**

(૭) ततः – તેથી गु. – ગુણની વૃદ્ધિ માટે वा–અથવા अ. – નહિ પડવા માટે क्रियां कु. – ક્રિયા કરે. एकं – એક सं. – સંયમનું સ્થાનક तु – તો जि. – કેવલજ્ઞાનીને अ. – રહે છે.

(૭) (ક્ષાયોપશમિક ભાવની ક્રિયામાં શુભ ભાવોને વધારવાનો અને સ્થિર રાખવાનો ગુણ છે.) આથી ગુણની વૃદ્ધિ માટે અથવા સ્થિરતા માટે ક્રિયા કરવી જોઈએ. એક જ સંયમસ્થાન તો કેવલજ્ઞાનીને જ રહે છે.

કેવલજ્ઞાનીના પરિણામો એક સરખા રહેતા હોવાથી તેમને આવશ્યકાદિ ક્રિયાની જરૂર નથી. પણ કેવલજ્ઞાની સિવાય બીજાઓના પરિણામની હાનિ–વૃદ્ધિ થયા કરે છે. આથી તેમને સારા પરિણામની રક્ષા અને વૃદ્ધિ માટે આવશ્યકાદિ ક્રિયાની જરૂર છે.

---

૪૪ પંચા. ૩ ગા. ૨૪, ઉ. પ. ગા. ૩૯૧ સટીક.

**वचोऽनुष्ठानतोऽसङ्गा क्रिया सङ्गतिमङ्गति ।**
**सेयं ज्ञानक्रियाऽभेदभूमिरानन्दपिच्छला ॥८॥**

(૮) व. – વચનાનુષ્ઠાનથી असङ्गा क्रिया – નિર્વિકલ્પ સમાધિ રૂપ અસંગ ક્રિયા सं. – યોગ્યતાને अं. – પામે છે. सा–તે इयं – આ ( અસંગ ક્રિયા ) ज्ञा.– જ્ઞાન અને ક્રિયાની અભેદભૂમિ–એકતા રૂપ છે, (અને) आ.–આત્માના આનંદથી ભીંજાયેલી છે.

(૮) વચનાનુષ્ઠાનથી નિર્વિકલ્પ સમાધિ રૂપ અસંગ ક્રિયા[45] સંગતિને–યોગ્યતાને પામે છે. અર્થાત્ વચનાનુષ્ઠાનથી અનુક્રમે અસંગક્રિયા સિદ્ધ થાય છે. તે આ ( અસંગક્રિયા ) જ્ઞાનક્રિયાની અભેદભૂમિકા છે. કારણ કે અસંગભાવ રૂપ ક્રિયા

---

૪૫ આ અનુવાદમાં આધારભૂત બાલવબોધયુક્ત જ્ઞાનસારની હસ્ત લિખિત બંને પ્રતોમાં તથા મુદ્રિત બંને પ્રતોમાં असङ्गा क्रिया सङ्गतिमङ्गति એવો પાઠ છે. એ જ પાઠ ઠીક લાગે છે. કારણ કે सेयं ( सा इयं ) પદ અસંગ-ક્રિયા માટે વપરાયો છે. જો असङ्गा क्रिया એમ પ્રથમ વિભક્તિવાળો અને ( सङ्गति પદ સાથે ) અસમસ્ત પાઠ ન હોય તો सेयं પદથી असङ्गक्रिया નો પરામર્શ ન થઈ શકે. મુદ્રિત પુસ્તકોમાં असङ्गक्रियासंगति એવો પાઠ છે. જો કે, બંને પાઠ પ્રમાણે ભાવ તો એક જ નીકળે છે. પણ ઉપર કહ્યું તેમ असङ्गा क्रिया એવો પાઠ ઠીક લાગે છે.

શુદ્ધોપયોગ રૂપ જ્ઞાન અને શુદ્ધવીર્યોલ્લાસ રૂપ ક્રિયા સાથે તાદાત્મ્ય–એકરૂપતા ધારણ કરે છે. તથા તે અસંગક્રિયા સ્વાભાવિક આનંદ રૂપ અમૃતરસથી ભિંજાયેલી છે.[૪૬]

## अथ तृप्त्यष्टकम् ॥१०॥

**पीत्वा ज्ञानामृतं भुक्त्वा क्रियासुरलताफलम् ।**
**साम्यताम्बूलमास्वाद्य तृप्तिं याति परां मुनिः ॥**

(૧) ज्ञा. – જ્ઞાન રૂપ અમૃત पी. – પીને क्रि. – ક્રિયા રૂપ કલ્પલતાનું ફળ भु. – ખાઈને सा. – સમભાવ રૂપ તાંબૂલ आ.–ચાવીને मुनिः – સાધુ परां – અત્યંત तृ. या.– તૃપ્તિ પામે છે.

(૧) જ્ઞાન રૂપ અમૃત પીને, ક્રિયા રૂપ કલ્પ-વેલડીના ફળ ખાઈને અને સમતા રૂપ તાંબૂલનો આસ્વાદ કરીને મુનિ ઉત્કૃષ્ટ તૃપ્તિ પામે છે.

**स्वगुणैरेव तृप्तिश्चेदाकालमविनश्वरी ।**
**ज्ञानिनो विषयैः किं तैर्यैर्भवेत्तृप्तिरित्वरी ॥२॥**

(૨) चेत् – જો ज्ञा. – જ્ઞાનીને स्व. – પોતાના જ્ઞાનાદિ ગુણોથી एव – જ आ. – હંમેશા अ.– વિનાશ ન પામે તેવી तृ. – તૃપ્તિ भ. – થાય ( તો ) यैः – જેમનાથી इ. – થોડા

---

૪૬ વચનાનુષ્ઠાન અને અસંગાનુષ્ઠાનનું વર્ણન આ ગ્રંથમાં ૨૭ મા અષ્ટકમાં વિસ્તારથી કર્યું છે.

કાળની तृ. – તૃપ્તિ (છે) तैः–તે वि. – વિષયોથી किम् – શું ? (વિષયોની શી જરૂર છે ?)

(૨) જ્ઞાનીને પોતાના જ્ઞાનાદિ ગુણો વડે સદા કાળ વિનાશ ન પામે તેવી તૃપ્તિ થતી હોવાથી ક્ષણિક તૃપ્તિ કરનારા વિષયોની જરા ય પડી હોતી નથી.

**या शान्तैकरसास्वादाद्भवेत्तृप्तिरतीन्द्रिया ।**
**सा न जिह्वेन्द्रियद्वारा षड्रसास्वादनादपि ॥३॥**

(૩) शा. – શાન્ત રૂપ અદ્વિતીય રસના અનુભવથી अ. – ઇંદ્રિયોથી ન અનુભવી શકાય તેવી या – જે तृप्तिः – તૃપ્તિ भ. – થાય सा – તે जि. – જિહ્વા ઇંદ્રિયથી ष. – ૭ રસ ચાખવાથી अपि – પણ न – ન થાય.

(૩) કોઈની તુલનામાં ન આવે તેવા શાંત રસના આસ્વાદથી અનુભવ ગમ્ય જેવી તૃપ્તિ થાય છે તેવી તૃપ્તિ જિહ્વા ઇંદ્રિયથી ષડ્રસના ભોજનથી પણ થતી નથી.

**संसारे स्वप्नवन्मिथ्या तृप्तिः स्यादाभिमानिकी ।**
**तथ्या तु भ्रान्तिशून्यस्य सात्मवीर्यविपाककृत् ॥**

(૪) स्व.–સ્વપ્નની જેમ सं.–સંસારમાં आ.–અભિમાનથી થયેલી–માની લીધેલી मि. – જુઠી तृ.–તૃપ્તિ स्यात्–હોય, त. – સાચી તૃપ્તિ तु – તો भ्रा. – મિથ્યાજ્ઞાનથી રહિતને હોય. सा – તે आ. – આત્માના વીર્યની પુષ્ટિ કરનાર છે.

(૪) જેમ સ્વપ્નમાં મોદક ખાવાથી કે જોવાથી વાસ્તવિક તૃપ્તિ થતી નથી, તેમ સંસારમાં વિષયોથી માની લીધેલી જુઠી તૃપ્તિ થાય છે. સાચી તૃપ્તિ તો મિથ્યાજ્ઞાન રહિત સમ્યગ્દૃષ્ટિને હોય છે. તે તૃપ્તિ આત્મવીર્યનો વિપાક-પુષ્ટિ કરનારી છે. અર્થાત્ તૃપ્તિથી આત્મવીર્યની પુષ્ટિ-વૃદ્ધિ થાય છે. (તૃપ્તિનું લક્ષણ આત્મવીર્યની પુષ્ટિ છે.)

**पुद्गलैः पुद्गलास्तृप्तिं यान्त्यात्मा पुनरात्मना ।**
**परतृप्तिसमारोपो ज्ञानिनस्तन्न युज्यते ॥५॥**

(૫) पु. - પુદ્ગલોથી पु. - પુદ્ગલો तृ. - પુદ્ગલના ઉપચય રૂપ તૃપ્તિ या.-પામે છે, पुनः - અને आत्मना- આત્માર્થી-આત્મગુણોના પરિણામથી आ. - આત્મા तृ.-તૃપ્તિ (પામે છે.) तत् - તેથી ज्ञा. - સમ્યગ્જ્ઞાનવંતને प. - પુદ્ગલની તૃપ્તિમાં આત્માનો ઉપચાર न यु.-ઘટતો નથી.

(૫) પુદ્ગલોથી પુદ્ગલો જ ઉપચય રૂપ તૃપ્તિ પામે છે. તથા આત્મગુણ-પરિણામથી આત્મા તૃપ્તિ પામે છે. આથી પુદ્ગલની તૃપ્તિનો આત્મામાં ઉપચાર કરવો એ અભ્રાન્ત જ્ઞાનીને ઘટતો નથી. અન્યદ્રવ્યના ધર્મનો અન્યદ્રવ્યમાં આરોપ કરે તે જ્ઞાની કેમ કહેવાય ?

ભાવ :- સ્વાદિષ્ટ ભોજનથી શરીરમાં ઉપ-ચય = પુષ્ટિ-વૃદ્ધિ થાય છે. ભોજન પુદ્ગલો છે અને

શરીર પણ પુદ્‌ગલ છે. આથી પુદ્‌ગલોથી પુદ્‌ગલો તૃપ્તિ પામે છે, નહિ કે આત્મા. આત્મા અને પુદ્‌ગલ બંને ભિન્ન દ્રવ્યો છે. આથી પુદ્‌ગલનો તૃપ્તિ રૂપ ધર્મ આત્મામાં ક્યાંથી આવે ? આમ છતાં, ભોજનાદિ પુદ્‌ગલોથી આત્મા તૃપ્તિ પામે છે એમ માનવું એ અજ્ઞાનતા છે. જ્ઞાની આવું ન માને, જ્ઞાની તો આત્મગુણપરિણામથી જ આત્મા તૃપ્તિ પામે છે એમ માને. જેમ અહીં ભોજનના દૃષ્ટાંતથી પુદ્‌ગલોથી પુદ્‌ગલો તૃપ્તિ પામે છે એની ઘટના કરી તેમ પાંચેય ઇંદ્રિયોના વિષયોના દૃષ્ટાંતથી ઘટના કરી લેવી.

**मधुराज्यमहाशाकाग्राह्ये बाह्ये च गोरसात् ।**
**परब्रह्मणि तृप्तिर्या जनास्तां जानतेऽपि न ॥६॥**

(૬) म. – ( मधु–राज्य–महा–ऽऽशाका–ऽग्राह्ये ) મનોહર રાજ્યની મોટી આશા જેઓને છે એવા પુરુષોથી પ્રાપ્ત ન કરી શકાય એવા [ અથવા ( मधुर–आज्य–महाशाकाऽग्राह्ये ) શાકર, ઘી અને ઉત્તમશાકથી ગ્રહણ ન કરી શકાય તેવા ] च – અને गो. – વાણીથી [ અથવા દૂધ, દહીં ઘી આદિ ગોરસથી ] बा. – બહાર–ન અનુભવી શકાય તેવા प. – પરમાત્મામાં या – જે तृ. – તૃપ્તિ ( થાય છે ) तां – તેને ज. – લોકો जानतेऽपि न – જાણતા પણ નથી.

(૬) મનોહર રાજ્યની મોટી આશાવાળાઓથી

ન અનુભવી શકાય અને વાણીથી ન કહી શકાય તેવા પરબ્રહ્મમાં જે તૃપ્તિ છે તેને અજ્ઞાન લોકો જાણુતા પણુ નથી ! તો અનુભવે કયાંથી ?

આ શ્લોકનો બીજી રીતે અર્થ:—સાકર, ઘી અને ઉત્તમ શાકથી ન અનુભવી શકાય તથા દૂધ-દહીં-ઘી આદિ ગોરસથી ભિન્ન એવા પરબ્રહ્મમાં જે તૃપ્તિ છે તેને અજ્ઞાન લોકો જાણુતા પણુ નથી ! તો અનુભવે કયાંથી ?

**विषयोर्मिविषोद्गारः स्यादतृप्तस्य पुद्गलैः ।**
**ज्ञानतृप्तस्य तु ध्यानसुधोद्गारपरम्परा ॥७॥**

(૭) पु.–પુદ્ગલોથી अ.–અતૃપ્તને वि.–વિષયના તરંગ રૂપ ઝેરનો ઓડકાર स्यात्–હોય છે. ज्ञा.–જ્ઞાનથી તૃપ્તને तु–તો ध्या.–ધ્યાન રૂપ અમૃતના ઓડકારની પરંપરા હોય છે.

(૭) પુદ્ગલથી અતૃપ્તને વિષયવિલાસ રૂપ વિષના (ખરાબ) ઓડકાર આવે છે. જ્ઞાનથી તૃપ્તને ધ્યાન રૂપ અમૃતના (મીઠા) ઓડકારની પરંપરા ચાલે છે.

**सुखिनो विषयातृप्ता नेन्द्रोपेन्द्रादयोऽप्यहो ।**
**भिक्षुरेकः सुखी लोके ज्ञानतृप्तो निरञ्जनः ॥८॥**

(૮) वि.–વિષયોથી અતૃપ્ત इं.–ઈંદ્ર, વગેરે अपि–પણુ सु.–સુખી न.–નથી. अहो–એ આશ્ચર્ય છે. लोके–

જગતમાં ज्ञा. – જ્ઞાનથી તૃપ્ત नि. – કર્મમેલથી રહિત एकः – એક भिक्षु – સાધુ सुखी – સુખી ( છે. )

(૮) કેવું આશ્ચર્ય ! વિષયોથી અતૃપ્ત ઇંદ્ર વગેરે પણ સુખી નથી. આ જગતમાં જ્ઞાનથી તૃપ્ત થયેલ અને કર્મ રૂપ અંજનની મલિનતાથી રહિત સાધુ જ સુખી છે.

## अथ निर्लेपाष्टकम् ॥११॥

संसारे निवसन् स्वार्थसज्जः कज्जलवेश्मनि ।
लिप्यते निखिलो लोको ज्ञानसिद्धो न लिप्यते ॥१॥

(૧) क. – કાજળના ઘર રૂપ सं. – સંસારમાં नि. – રહેતો ( અને ) स्वा.–સ્વાર્થમાં તત્પર नि. – સમસ્ત लोकः– લોક लि. – ( કર્મથી ) લેપાય છે. ( પણ ) ज्ञा. – જ્ઞાનથી સિદ્ધ પુરુષ न लि. – લેપાતો નથી.

(૧) રાગ–દ્વેષાદિ રૂપ કાજળના ઘર સમાન સંસારમાં રહેતા અને પોતાના ધન સ્વજનાદિ વગેરે સ્વાર્થમાં તત્પર જગતના બધા જીવો કર્મથી લેપાય છે, પણ જ્ઞાનસિદ્ધ=હેયોપાદેયના યથાર્થ બોધથી પોતાના આત્મામાં જ લીન રહેનાર પુરુષ લેપાતો નથી. [૪૭]

नाहं पुद्गलभावानां कर्ता कारयिताऽपि च ।
नानुमन्तापि चेत्यात्मज्ञानवान् लिप्यते कथम् ? ॥२॥

---

૪૭ અ. ઉ૫. અ. ૨ ગા. ૩૫ થી ૩૯.

(૨) अहं – હું पु. – પૌદ્ગલિક ભાવોનો कर्ता – કરનાર, च – અને का. – કરાવનાર अपि – પણ च – તથા अ. – અનુમોદનાર अपि – પણ न. – નથી इति – એ પ્રમાણે आ. આત્માના જ્ઞાનવાળો कथं – કેમ लि. – લેપાય ?

(૨) શુદ્ધ આત્મા હું પુદ્ગલના કર્મ, શરીર વગેરે ભાવોનો કરનાર, કરાવનાર અને અનુમોદન કરનાર નથી એ પ્રમાણે સમભાવવાળા આત્મજ્ઞાની કર્મથી કેમ લેપાય ?

આત્મા કર્તા છે કે નહિ ? છે તો કયા ભાવોનો કર્તા છે ? એ વિષે જુદા જુદા નયની જુદી જુદી માન્યતા છે. આથી આપણે અહીં જુદા જુદા નયોની આત્માના કર્તૃત્વ સંબંધી કેવી માન્યતા છે તે વિચારી લઈએ, જેથી આ શ્લોકનો અને આ ગ્રંથમાં આવતા બીજા પણ આવા ભાવના શ્લોકોનો ભાવ સમજાઈ જાય.

શુદ્ધદ્રવ્યાર્થિક નયની કે શુદ્ધનિશ્ચયનય (–શુદ્ધનિશ્ચયનય સ્વરૂપ સંગ્રહનય)ની દૃષ્ટિએ આત્મા કોઈ જ ભાવોનો કર્તા નથી. આ નયની દૃષ્ટિએ આત્મા પોતાના શુદ્ધ ભાવોનો પણ કર્તા નથી. આ નય આત્માને કૂટસ્થ નિત્ય માને છે. [ પ્રસ્તુતમાં કૂટસ્થ નિત્ય એટલે સ્વભાવની ઉત્પત્તિથી રહિત. ] આથી તેમાં શુદ્ધ સ્વભાવની ઉત્પત્તિ જ

થતી નથી. જેની ઉત્પત્તિ જ ન હોય તેનો ઉત્પાદક પણ ક્યાંથી હોય ? આ નયની દૃષ્ટિએ આત્મા તદ્દન ઉદાસીનની જેમ રહે છે. તે કશું ય કરવાની પ્રવૃત્તિ કરતો નથી. એટલે જેમ આકાશ તદ્દન ઉદાસીન હોવાથી કર્મથી લેપાતો નથી. તેમ આત્મા પણ ઉદાસીન હોવાથી કર્મથી લેપાતો નથી. આ નયની દૃષ્ટિએ દરેક આત્મા સદૈવ શુદ્ધસ્વભાવરૂપ જ છે. આત્મા અને શુદ્ધસ્વભાવ એ એક જ વસ્તુ છે, દીપક અને તેની જ્યોતિ એક જ છે તેમ.

પ્રશ્ન : જો આત્મા કંઈ જ કરતો નથી તો જાણવાની ક્રિયા કરે કે નહિ ? ઉત્તર : આત્માને નવું ઉત્પન્ન કરવાની દૃષ્ટિએ નિષ્ક્રિય કહ્યો છે, નહિ કે જાણવાની દૃષ્ટિએ. જાણવામાં કંઈ નવું ઉત્પન્ન કરવાનું હોતું નથી.જેમ દીવો પ્રકાશ્યા કરે છે, પણ કશું નવું કરતો નથી, તેમ જ્ઞાનસ્વરૂપ આત્મા સહજ ભાવે જાણ્યા કરે છે, પણ કશું નવું કરતો નથી. આથી આત્મા અકર્તા છે.

પ્રશ્નઃ– આત્મા ભલે પરભાવનો કર્તા ન હોય, પણ સ્વશુદ્ધભાવનો કર્તા કેમ નહિ ? ઉત્તરઃ– જો આત્મા સ્વભાવનો કર્તા હોય તો જે ક્ષણે તેણે સ્વભાવ ઉત્પન્ન કર્યો તેની પૂર્વ-ક્ષણોમાં તેમાં સ્વભાવ ન હતો એ સિદ્ધ થાય

છે. કારણ કે હોય તો ઉત્પન્ન કરવાની શી જરૂર ? પૂર્વક્ષણોમાં સ્વભાવ વિનાનો તે આત્મા જડ બની જાય. પછી ગમે તેટલા પ્રયત્નો કરવા છતાં જડ બનેલો તે ચેતન બને જ નહિ. આ આપત્તિને નિવારવા શુદ્ધ નિશ્ચયનય આત્માને સ્વભાવનો પણ કર્તા માનતો નથી. આમ, શુદ્ધ નિશ્ચયનયની દૃષ્ટિએ આત્મા શુદ્ધ સ્વભાવનો કર્તા નથી, કિંતુ માત્ર શુદ્ધ સ્વભાવ ધારણ કરનારો છે.

શુદ્ધપર્યાય ( શબ્દ ) નયથી આત્મા શુદ્ધ સ્વભાવનો કર્તા છે. એ નયનું કહેવું છે કે દરેક દ્રવ્ય પોતપોતાના ભાવોનો કર્તા છે, પણ પરદ્રવ્યના ભાવોનો કર્તા નથી. જો એક દ્રવ્ય પરદ્રવ્યના ભાવોનો કર્તા બને તો તે પરદ્રવ્યમય બની જાય. હવે એવો નિયમ છે કે જે દ્રવ્ય અન્યદ્રવ્યમય બની જાય તે દ્રવ્યનો નાશ થઈ જાય. આથી જો આત્મા પુદ્ગલના ભાવોનો કર્તા બને તો તેનો નાશ થવાની આપત્તિ આવે. માટે આત્મા પુદ્ગલાદિ-ભાવોનો કર્તા નથી, કિંતુ માત્ર પોતાના શુદ્ધ ભાવોનો કર્તા છે. શુદ્ધ નય પર્યાયાર્થિક નય હોવાથી શુદ્ધક્ષણોના પર્યાયોને આશ્રયીને વિચાર કરે છે. પર્યાય તો પ્રતિક્ષણ ઉત્પાદ—વિનાશશીલ છે. આથી

આત્મા પ્રતિક્ષણ પોતાના શુદ્ધ ભાવોનો કર્તા છે. પ્રસ્તુત શ્લોકમાં આ નયની દૃષ્ટિએ આત્માને પરભાવોનો અકર્તા કહ્યો છે.

ઋજુસૂત્ર નયથી આત્મા રાગાદિક વિભાવોનો પણ કર્તા છે. તેનું કહેવું છે કે, આત્મા સ્વયં જ્યારે જ્યારે જે જે ભાવને પરિણમાવે છે, ત્યારે ત્યારે તે તે ભાવોનો કર્તા આત્મા કહેવાય. આમ, ઋજુસૂત્ર નય આત્મામાં પોતાના જ ભાવોનું કર્તૃત્વ સ્વીકારે છે, પણ પૌદ્ગલિક ભાવોનું કર્તૃત્વ સ્વીકારતો નથી.

પ્રશ્ન:– આત્મામાં પૌદ્ગલિક ભાવોનું કર્તૃત્વ સ્વીકારવામાં આવે તો શી આપત્તિ આવે? ઉત્તર:– જો આત્માને પોતાના અને પરના ભાવોનો કર્તા માનવામાં આવે તો એક જ આત્મામાં બે ક્રિયા (એક સ્વભાવોને કરવાની અને બીજી પરભાવોને કરવાની) થવાની આપત્તિ આવે. જિનેશ્વર દેવોને એક જ દ્રવ્યમાં બે ક્રિયા સંમત નથી.

પ્રશ્ન:– જો આત્મા પર પૌદ્ગલિક ભાવોનો કર્તા નથી તો કર્મનો પણ કર્તા નથી એ સિદ્ધ થયું. કારણ કે કર્મ પુદ્ગલ છે. હવે જો આત્મા

કર્મનો કર્તા નથી તો આત્માને કર્મબંધ કેમ થાય છે ? ઉત્તરઃ– સંસાર અવસ્થામાં આત્મા પોતાના રાગાદિ અશુદ્ધ ભાવોને કરે છે. આત્માના આ અશુદ્ધ ભાવોને નિમિત્ત માત્ર કરીને પુદ્‌ગલો સ્વયં જ્ઞાનાવરણાદિ કર્મ રૂપે પરિણમે છે. (૧) જેમ લોહચુંબક પાસે રહેલું લોઢું ( લોહચુંબક આકર્ષણની ક્રિયા ન કરતો હોવા છતાં ) સ્વયમેવ ખેંચાઈને લોહચુંબકને વળગે છે તેમ ( આત્મા પુદ્‌ગલોને ખેંચવાની ક્રિયા કરતો ન હોવા છતાં ) રાગાદિભાવોથી કાર્મણવર્ગણાના પુદ્‌ગલો સ્વયમેવ ખેંચાઈને આત્માને વળગે છે. (૨) જેમ તેલથી ચિકણા શરીરવાળાને ઊડતી ધૂળ સ્વયં ચોંટે છે, તેમ રાગ–દ્વેષથી ચિકણા બનેલા આત્માને સ્વયં કર્મ રૂપ રજ ચોંટે છે. આમ, ઋજુસૂત્ર નયની દૃષ્ટિએ આત્મા સ્વ–અશુદ્ધભાવોનો કર્તા છે, પણ કર્મ આદિ પૌદ્‌ગલિક ભાવોનો કર્તા નથી.

પ્રશ્ન : જો આત્મા પોતાના જ રાગાદિ ભાવોનો કર્તા છે તો તેને કર્મનો કર્તા કેમ કહેવામાં આવે છે ? ઉત્તર : જેમ વાદળ પાણી જ વરસાવે છે, છતાં ધાન્ય વરસાવનારું કહેવાય છે, કારણ કે પાણીથી ધાન્ય પાકે છે; તેમ આત્માએ કરેલા

રાગાદિ ભાવોથી અવશ્ય કાર્મણ વર્ગણાના પુદ્ગલો ખેંચાઈને આત્માને વળગે છે અને જ્ઞાનાવરણીયાદિ કર્મ રૂપે પરિણમે છે. આથી કારણમાં કાર્યના ઉપચારથી (વ્યવહારથી) આત્મા કર્મનો કર્તા કહેવાય છે. પરમાર્થથી તો આત્મા રાગાદિ ભાવોનો જ કર્તા છે.

નૈગમ અને વ્યવહાર નય ઉપચારને-વ્યવહારને માને છે. આથી એ બે નયોની દૃષ્ટિએ તો આત્મા કર્મનો પણ કર્તા છે. આ બે નયો આત્માને કર્મનો પણ કર્તા માનવામાં બે યુક્તિ બતાવે છે. (૧) આત્માએ કરેલા રાગાદિ અશુદ્ધ ભાવોનું સુખ-દુઃખાદિ ફળ કાલાંતરે આવે છે. આથી રાગાદિ રૂપ કારણ અને સુખ-દુઃખાદિ રૂપ ફળની વચ્ચેના કાળમાં એવો કોઈ વ્યાપાર માનવો જોઈએ, કે જે ફળપર્યંત રહીને સુખ-દુઃખાદિ ફળ પ્રત્યે રાગાદિકની પૂર્વવૃત્તિતા રૂપ કારણતાને જાળવી રાખે. એ વ્યાપાર તે જ કર્મ. આત્મા પ્રથમ રાગાદિ ઉત્પન્ન કરે, પછી કર્મ ઉત્પન્ન કરે. એ કર્મ દ્વારા આત્મા સુખ-દુઃખાદિ ફળ પામે. હવે બીજી યુક્તિ. (૨) આત્મામાં રાગાદિ ભાવો અને કર્મ રૂપ પુદ્ગલ-પર્યાયો ક્ષીર-નીરની જેમ એકમેક થઈને રહેલા છે. આથી આ રાગાદિ ભાવો છે કે આ કર્મ-

પુદ્‌ગલના પર્યાયો છે એવો ભેદ પાડવો મુશ્કેલ છે. એટલે જો આત્મા રાગાદિનો કર્તા હોય તો કર્મનો પણ કર્તા કેમ ન કહેવાય ? આમ, રાગાદિની જેમ કર્મનું પણ કર્તૃત્વ આત્મામાં માનવું જોઈએ એવું નૈગમ–વ્યવહાર નયોનું મંતવ્ય છે.

**लिप्यते पुद्गलस्कन्धो न लिप्ये पुद्गलैरहम् ।**
**चित्रव्योमाञ्जनेनेव ध्यायन्निति न लिप्यते ॥३॥**

(૩) पुद्गलैः – પુદ્‌ગલોથી पु. – પુદ્‌ગલોનો સ્કંધ लि.– લેપાય છે, (પણ) अहं – હું न लि. – લેપાતો નથી. इव – જેમ अं. – અંજનથી चि. – વિચિત્ર આકાશ (લેપાતું નથી તેમ). इति – આ પ્રમાણે ध्या. – ધ્યાન કરતો આત્મા न लि. – લેપાતો નથી.

(૩) પુદ્‌ગલનો સ્કંધ પુદ્‌ગલો વડે લેપાય છે પણ હું પુદ્‌ગલોથી લેપાતો નથી, જેમ ચિત્રામણ-વાળું–વિવિધ રંગવાળું આકાશ અંજનથી–કૃષ્ણ[૪૮] રંગના દ્રવ્યથી લેપાતું નથી તેમ. આ પ્રમાણે ધ્યાન કરતો આત્મા કર્મોથી લેપાતો નથી.

કર્મો એટલે કાર્મણ શરીર. રાગાદિના યોગે કાર્મણવર્ગણાના પુદ્‌ગલો કર્મ રૂપે બને છે, એટલે કે કાર્મણ શરીર સાથે મળી જાય છે. કાર્મણ

૪૮ ઉપલક્ષણથી કોઈ પણ રંગના દ્રવ્યથી.

શરીર પણ પુદ્‌ગલરૂપ જ છે. આથી કાર્મણ વર્ગણાના પુદ્‌ગલોથી કાર્મણ શરીર રૂપ પુદ્‌ગલ લેપાય છે. આમાં આત્માને લેપાવાની વાત જ ક્યાં આવી ? અલબત્ત, કાર્મણ શરીરનો આત્મા સાથે સંબંધ થાય છે, પણ તેટલા માત્રથી આત્મા લેપાય છે એમ કેમ કહેવાય? જેમ અનેક પ્રકારના (ઇંદ્ર ધનુષ વગેરે) રંગોનો આકાશ સાથે સંબંધ થાય છે, પણ આકાશ એ રંગોથી થોડું જ લેપાય છે? કાર્મણવર્ગણા રૂપ પુદ્‌ગલોનો આત્મા સાથે સંયોગ સંબંધ છે, નહિ કે તાદાત્મ્ય સંબંધ.

નિશ્ચયનયની દૃષ્ટિએ આત્મા કર્મોથી ક્યારે ય લેપાયો જ નથી, શુદ્ધ જ છે. જેમ કાળા કે લાલ રંગના કાગળની ઉપાધિથી–સંબંધથી શ્વેત સ્ફટિક કાળું કે લાલ દેખાવા છતાં તે રંગથી અશુદ્ધ બનતું નથી–નિર્મલ જ રહે છે, તેમ કર્મના સંબંધથી (સંયોગથી) આત્મા રાગી કે દ્વેષી દેખાતો હોવા છતાં પરમાર્થથી શુદ્ધ જ છે, રાગાદિથી અને કર્મોથી રહિત છે.

**लिप्तताज्ञानसम्पातप्रतिघाताय केवलम् ।**
**निर्लेपज्ञानमग्नस्य क्रिया सर्वोपयुज्यते ॥४॥**

(૪) नि. – (આત્મા નિર્લેપ છે એ પ્રમાણે) નિર્લેપ જ્ઞાનની ધારાએ આરૂઢને सर्वा क्रिया – બધી આવશ્યકાદિ

ક્રિયાઓ કે.—કેવળ લિ.—(આત્મા કર્મથી લિપ્ત છે એવા) લિપ્તપણાના જ્ઞાનના (સંપાત—) આગમનને (પ્રતિઘાતાય—) રોકવા માટે ઉ.—ઉપયોગી થાય છે.

(૪) પ્રશ્ન:—આત્મા નિર્લેપ છે એવી જ્ઞાનધારામાં ચઢેલા ઉચ્ચ કક્ષાના યોગીઓ કર્મથી બંધાતા નથી. આથી આવા યોગીઓને બાહ્ય આવશ્યકાદિ ક્રિયાઓની શી જરૂર છે ? એ ક્રિયાઓ તો ચિત્તશુદ્ધિ દ્વારા કર્મબંધથી અટકવા માટે છે. નિર્લેપ જ્ઞાનમાં મગ્ન યોગીઓ તો ચિત્તશુદ્ધિ થવાથી નિર્લેપ જ્ઞાનના યોગે જ કર્મબંધથી અટકી ગયા છે, પછી એમને એ ક્રિયાઓની શી જરૂર ? ઉત્તર:—(અહીંથી ચોથી ગાથાનો અર્થ શરૂ થાય છે.) આત્મા નિર્લેપ છે એવી જ્ઞાનધારામાં વર્તતા યોગીને આવશ્યકાદિ સર્વ ક્રિયાઓ કેવળ लिप्तताज्ञान........લિપ્તપણાના જ્ઞાનના સંપાતનું—આગમનનું નિવારણ કરવા ઉપયોગી છે. અર્થાત્ નિર્લેપ જ્ઞાનમગ્ન યોગી અશુભ નિમિત્ત પામીને આત્મા કર્મથી લેપાયેલો છે એવા જ્ઞાન દ્વારા સંસારમગ્ન ન બને—પરભાવમાં ન આવી જાય એ માટે એને શુભ નિમિત્ત—આલંબન રૂપ આવશ્યકાદિ ક્રિયાઓ ઉપયોગી છે, બાકી કર્મબંધથી અટકવા એ ક્રિયાઓ ઉપયોગી નથી. આવશ્ય-

કાદિ ક્રિયાઓ અલિપ્તપણાના જ્ઞાનને ટકાવી રાખીને લિપ્તપણાનું જ્ઞાન આવવા દેતી નથી. આથી જ ધ્યાનારૂઢને પણ આવશ્યકાદિ ક્રિયા તેવા પ્રકારની ચિત્તશુદ્ધિ દ્વારા આત્મધ્યાનની ધારાથી પડતા બચાવવા માટે જ આલંબન કહી છે. અધ્યાત્મની આવી ઉચ્ચ કક્ષાએ પહોંચેલા સાધકને એ જે કક્ષામાં છે તે કક્ષાથી પતન થવાનો સંભવ હોવાથી પતન ન થાય એટલા માટે પોતાની કક્ષા મુજબ ક્રિયાની જરૂર છે. એવો આ શ્લોકનો ભાવ છે.

**तपःश्रुतादिना मत्तः क्रियावानपि लिप्यते ।**
**भावनाज्ञानसम्पन्नो निष्क्रियोऽपि न लिप्यते ॥५॥**

(૫) त. – તપ અને શ્રુત વગેરેથી मत्तः – અભિમાનવાળો क्रियावानपि – ક્રિયાવાન હોય તો પણ लि. – લેપાય છે. भा. – ભાવનાજ્ઞાનવાળો निष्क्रियोऽपि – ક્રિયારહિત હોય તો પણ न लि. – લેપાતો નથી.

(૫) તપ, શ્રુત આદિથી અભિમાનવાળો આવશ્યકાદિ ક્રિયાઓ કરતો હોય તો પણ કર્મથી લેપાય છે, જ્યારે [૪૯A]ભાવનાજ્ઞાનવાળો ક્રિયા-રહિત હોય તો પણ કર્મથી લેપાતો નથી.[૪૯B]

---

૪૯A પ્રસ્તુત ગ્રંથમાં પાંચમા જ્ઞાન અષ્ટકના બીજા શ્લોકમાં ભાવનાજ્ઞાનનું વર્ણન આવી ગયું છે.

૪૯B સૂયડાંગ અધ્ય. ૧૨ ગા. ૧૫

**अलिप्तो निश्चयेनात्मा लिप्तश्च व्यवहारतः ।**
**शुद्धयत्यलिप्तया ज्ञानी क्रियावान् लिप्तया दृशा ॥६॥**

(૬) नि. – નિશ્ચયનયથી आ. – જીવ अ. – કર્મથી બંધાયેલો નથી. च – અને व्य. – વ્યવહારનયથી लि. – કર્મથી બંધાયેલો છે. ज्ञानी – જ્ઞાનવાળો अ. – અલિપ્ત દૃષ્ટિથી (અને) क्रि. – ક્રિયાવાળો लि. दृ. – લિપ્ત દૃષ્ટિથી शु. – શુદ્ધ થાય છે,

(૬) નિશ્ચયનયથી આત્મા કર્મથી લેપાયેલો નથી, વ્યવહારનયથી લેપાયેલો છે. જ્ઞાનયોગી શુદ્ધ ધ્યાનથી અલિપ્ત દૃષ્ટિએ શુદ્ધ થાય છે. ક્રિયાવાળો લિપ્ત દૃષ્ટિથી શુદ્ધ થાય છે.

અહીં બે પ્રકારના સાધકોની વાત કરી છે. આ બે સાધકોમાં એક છે જ્ઞાનયોગી અને બીજા છે કર્મયોગી. વ્યવહાર નયથી આત્મા કર્મથી લેપાયેલો છે, માટે અલિપ્ત બનવા આવશ્યકાદિ ક્રિયાઓની જરૂર છે એવી સમજપૂર્વક જિનવચનાનુસાર ક્રિયાઓમાં રક્ત બનીને ચિત્તશુદ્ધિ પ્રાપ્ત કર્યા પછી નિશ્ચયધર્મને જ આત્મામાં ભાવિત કરનાર (નિશ્ચયથી હું અલિપ્ત છું એવી જ્ઞાનધારામાં મગ્ન) સાધક જ્ઞાનયોગી છે, આવા જ્ઞાનયોગીને શુદ્ધ થવા માટે આવશ્યકાદિ ક્રિયાઓનું ખાસ પ્રયોજન રહેતું નથી. તે (મુખ્યતયા)

પોતાના જ્ઞાનયોગથી શુદ્ધ બને છે.

જેઓ હજી વ્યવહારદશામાં જ છે–ક્રિયાઓથી હજી વિશિષ્ટ ચિત્તશુદ્ધિ પામ્યા નથી તેઓ કર્મયોગી છે. તેમને શુદ્ધ થવા માટે આવશ્યકાદિ ક્રિયાઓ અત્યંત જરૂરી છે. તેઓ આત્મા કર્મથી લેપાયેલો છે એવી સમજથી કર્મલેપને દૂર કરવા જિનવચનાનુસારે આવશ્યકાદિ ક્રિયાઓનો અભ્યાસ કરતાં કરતાં ચિત્તશુદ્ધિ પ્રાપ્ત કરે છે. પછી તેઓ કર્મયોગી મટીને જ્ઞાનયોગી બની જાય છે, અને (મુખ્યતયા) જ્ઞાનથી શુદ્ધ થાય છે. આમ પ્રથમ કર્મયોગ (ક્રિયા કે વ્યવહાર)ની જરૂર છે. કર્મયોગથી ચિત્તની શુદ્ધિ થયા પછી જ્ઞાનયોગ (નિશ્ચય)ની જરૂર છે.

**ज्ञानक्रियासमावेशः सहैवोन्मीलने द्वयोः ।**
**भूमिकाभेदतस्त्वत्र भवेदेकैकमुख्यता ॥७॥**

(૭) द्वयोः – બંને દૃષ્ટિનો स. – સાથે જ उ. – વિકાસ થતાં ज्ञा. – જ્ઞાન–ક્રિયાની એકતા થાય છે. तु—અને भू.–ગુણસ્થાનક રૂપ અવસ્થાના ભેદથી अत्र – જ્ઞાન–ક્રિયામાં ए.–એક એકનું મુખ્યપણું भ. – હોય છે.

(૭) ઉપરના વિષયનો સાર એ આવ્યો કે શુદ્ધિ માટે બંને યોગની જરૂર છે. હવે આપણે આમાં જરા

ઊંડા ઉતરીએ. સૂક્ષ્મદૃષ્ટિથી જોતાં એ બંને યોગ સાથે હોય છે. હા, એ બંનેમાં ગૌણતા પ્રધાનતા અવશ્ય હોય છે. ઉપર કહ્યું તેમ પ્રથમ કર્મયોગ હોય છે. પણ કર્મયોગ વખતે જ્ઞાનયોગ ન જ હોય એમ નહિ, કિંતુ ગૌણ રૂપે હોય છે. કર્મયોગ પ્રધાન રૂપે હોય છે. કર્મયોગ સિદ્ધ થયા પછી જ્ઞાનયોગ હોય છે. જ્ઞાનયોગ દશામાં કર્મયોગ ગૌણ રૂપે હોય છે, અને જ્ઞાનયોગ મુખ્યરૂપે હોય છે. આ જ વાત અહીં (સાતમા શ્લોકમાં) કહે છે–

વ્યવહાર અને નિશ્ચય (ક્રિયા અને જ્ઞાન) એ બંને દૃષ્ટિનો એકી સાથે (એક જ કાળે) વિકાસ થતાં જ્ઞાન અને ક્રિયાનો સમાવેશ=એકતા હોય છે. હા, ગુણસ્થાનક રૂપ ભૂમિકાના ભેદથી અહીં (જ્ઞાન–ક્રિયામાં) એક એકની મુખ્યતા જરૂર હોય છે. ધ્યાન (જ્ઞાન) દશામાં જ્ઞાનની મુખ્યતા અને વ્યવહારમાં ક્રિયાની મુખ્યતા હોય છે.

**सज्ञानं यदनुष्ठानं न लिप्तं दोषपङ्कतः ।**
**शुद्धबुद्धस्वभावाय तस्मै भगवते नमः ॥८॥**

(૮) स.– જ્ઞાનસહિત य.– (यस्यानुष्ठानं यदनुष्ठानं) જેનું ક્રિયા રૂપ અનુષ્ઠાન दो.– દોષરૂપ કાદવથી न लि.– લેપાયેલું નથી (એવા) शु.– શુદ્ધ (बुद्ध–) ટંકોત્કીર્ણ

જ્ઞાન રૂપ સ્વભાવવાળા त. – તે म. – ભગવંતને नमः – નમસ્કાર હો.

(૮) જેનું જ્ઞાનપૂર્વક અનુષ્ઠાન (ક્રિયા) દોષ રૂપ કચરાથી લેપાયેલું નથી તે નિર્મલ જ્ઞાનમય સ્વભાવવાળા ભગવંતને નમસ્કાર હો.[૫૦]

## अथ निःस्पृहाष्टकम् ॥१२॥

**स्वभावलाभात् किमपि प्राप्तव्यं नावशिष्यते ।**
**इत्यात्मैश्वर्यसम्पन्नो निःस्पृहो जायते मुनिः ॥१॥**

(૧) स्व. – આત્મસ્વભાવની પ્રાપ્તિથી किमपि – બીજું કંઈ પણ प्रा. – પ્રાપ્ત કરવા યોગ્ય ना. – બાકી રહેતું નથી. इति – એમ आ. – આત્માના ઐશ્વર્યને પામેલ मुनिः – સાધુ नि. – સ્પૃહારહિત जा. – થાય છે.

(૧) આત્માના સ્વભાવ સિવાય બીજું કંઈ પણ મેળવવાનું બાકી રહેતું નથી એ પ્રમાણે આત્માના ઐશ્વર્યને પામેલો મુનિ નિઃસ્પૃહ થાય છે.[૫૧]

---

૫૦A શા. સમુ. ગા. ૬૮૧ થી ૬૯૧

૫૦B આ અષ્ટકના વિશેષ બોધ માટે અધ્યાત્મસારના (યોગસ્વરૂપ અધિકારમાં) ૪૯૬ થી ૫૨૦ વગેરે તથા (આત્મનિશ્ચય અધિકારના) ૭૫૮ થી ૭૯૯ વગેરે શ્લોકો જોવા.

૫૧ અ. ઉપ. અ. ૨ ગા. ૩૫ થી ૩૯.

**संयोजितकरैः के के प्रार्थ्यन्ते न स्पृहावहैः ? ।**
**अमात्रज्ञानपात्रस्य निःस्पृहस्य तृणं जगत् ॥२॥**

(२) सं.–જોડેલા છે હાથ જેમણે એવા स्पृ.–સ્પૃહાવાળા પુરુષોથી के के–કોણ કોણ न प्रा.–પ્રાર્થના કરાતા નથી ? अ.–અમર્યાદિત જ્ઞાનના પાત્ર नि.–નિઃસ્પૃહમુનિને ज.–જગત तृणं–તૃણ જેવું છે.

(૨) સ્પૃહાવાળા જીવો બે હાથ જોડીને કોની કોની પાસે માગતા નથી ? અર્થાત્ જે જે દાતા મળે તે તે બધાની જ પાસે માગે છે. અપરિમિત જ્ઞાનના પાત્ર નિઃસ્પૃહ મુનિને તો આખું જગત તૃણ તુલ્ય છે.

**छिन्दन्ति ज्ञानदात्रेण स्पृहाविषलतां बुधाः ।**
**मुखशोषं च मूर्च्छां च दैन्यं यच्छति यत्फलम् ॥३॥**

(३) यत्फलं–જે (લાલસારૂપ વિષલતા)નું ફળ मु.–મુખનું સુકાવું, मू.–મૂર્છા च–અને दै.–દીનપણું य.–આપે છે (તે) स्पृ.–સ્પૃહા રૂપ વિષવેલીને बुधाः–પંડિતો ज्ञा.–જ્ઞાન રૂપ દાતરડા વડે छि.–છેદે છે.

(૩) જેનું ફળ [૫૨] મુખશોષ, મૂર્છા અને

---

૫૨ જેમ વિષવેલીને ખાવાથી મુખશોષ–મોઢું સુકાઇ જાય, મૂર્છા–બેભાન દશા થાય, અને દૈન્ય–મોઢા ઉપર ફીકાશ આવે, તેમ સ્પૃહાથી યાચના કરતાં (બોલવાના યોગે) મુખશોષ–મોઢું સુકાય; (ધનરાગના યોગે) મૂર્છા-આસક્તિ થાય અને (ન મળવાથી) દીનતા થાય.

દીનતા આપે છે તે સ્પૃહારૂપ વિષવેલીને અધ્યાત્મના જ્ઞાની પંડિતો જ્ઞાનરૂપ દાતરડા વડે કાપી નાખે છે.

**निष्कासनीया विदुषा स्पृहा चित्तगृहाद् बहिः ।**
**अनात्मरतिचाण्डालीसंगमङ्गीकरोति या ॥४॥**

(૪) या – જે अ. – આત્માથી ભિન્ન પુદ્ગલમાં રતિ રૂપ ચંડાલણનો સંગ अं. – અંગીકાર કરે છે (તે) स्पृहा – તૃષ્ણા वि.– વિદ્વાને चि. – મન રૂપ ઘરમાંથી बहिः– બહાર नि.–કાઢી મૂકવા યોગ્ય છે.

(૪) આત્મવિરુદ્ધ પુદ્ગલરતિ રૂપ ચાંડાલીનો સહવાસ સ્વીકારનારી સ્પૃહાને પંડિતે ચિત્તરૂપ ઘરમાંથી બહાર કાઢી નાખવી જોઈએ.

**स्पृहावन्तो विलोक्यन्ते लघवस्तृणतूलवत् ।**
**महाश्चर्यं तथाप्येते मज्जन्ति भववारिधौ ॥५॥**

(૫) स्पृ. – સ્પૃહાવાળા तृ.–તણખલા અને આકડાના રૂની જેમ ल. – હલકા वि. – દેખાય છે, तथाऽपि – તો પણ एते – એઓ भ. – સંસાર સમુદ્રમાં म. – બુડે છે. (આ) म. – મોટું આશ્ચર્ય છે.

(૫) સ્પૃહાવાળા જીવો તૃણ અને આકડાના રૂ જેવા હલકા દેખાય છે, તો પણ તેઓ સંસાર રૂપ સમુદ્રમાં ડૂબે છે ! આ મહાન આશ્ચર્ય છે. કારણ કે હલકી વસ્તુ ડૂબે નહિ.

આ વિશે એક વિદ્વાને કહ્યું છે કે—

तूलं तृणादपि लघु, तूलादपि हि याचकः ।
वायुना किं न नीतोऽसौ, मामयं प्रार्थयिष्यति ॥

તૃણથી આકડાનું રૂ હલકું છે, અને યાચક તો આકડાના રૂથી પણ હલકો છે. (ઉત્તરાર્ધનો ભાવ-)

પ્રશ્નઃ- તો પછી તૃણ અને રૂની જેમ યાચકને વાયુ કેમ ખેંચી જતો નથી ? ઉત્તરઃ- મારી પાસે માગશે એવા ભયથી વાયુ તેને ખેંચી જતો નથી. અર્થાત્ યાચક જેમ બીજાની પાસે માગે છે તેમ જો હું તેને લઈ જઈશ તો કદાચ મારી પાસે પણ માગશે એવો ભય લાગવાથી વાયુ તેને ખેંચી જતો નથી.

**गौरवं पौरवन्द्यत्वात्प्रकृष्टत्वं प्रतिष्ठया ।**
**ख्यातिं जातिगुणात्स्वस्य प्रादुष्कुर्यान्न निःस्पृहः ॥६॥**

(૬) नि. – સ્પૃહારહિત મુનિ पौ. – નગરવાસીઓને વંદન કરવા યોગ્ય હોવાથી स्व. – પોતાની गौ. – મોટાઈને, प्र. – પ્રતિષ્ઠાથી प्रकृ. – સર્વોત્તમપણાને, ( અને ) जा. – ઉત્તમ જાતિ ગુણથી ख्यातिं – પ્રસિદ્ધિને प्रा. न – પ્રગટ ન કરે.

(૬) સ્પૃહા રહિત સાધુ અહો ! હું તો નગરના લોકોને વંદનીય છું એવા ઘમંડથી પોતાની મોટાઈનાં બણગાં ન ફૂંકે, જૂઓ, લોકમાં મારી કેવી પ્રતિષ્ઠા-ખ્યાતિ છે એમ જ્યાં ત્યાં કહેતો ન

ફરે, હું કેવા ઉચ્ચકુળનો છું એવા ગર્વથી પોતાની પ્રસિદ્ધિથી દૂર રહે.

**भूशय्या भैक्षमशनं जीर्णं वासो वनं गृहम् ।**
**तथापि निःस्पृहस्याहो चक्रिणोऽप्यधिकं सुखम् ॥७॥**

(૭) अहो – આશ્ચર્ય છે કે नि. – સ્પૃહારહિત મુનિને भू. – પૃથ્વી રૂપ શય્યા, भैक्षं अ. – ભિક્ષાથી મળેલ ભોજન, जीर्णं वासः – જૂનું વસ્ત્ર, (અને) वनं गृहं – વન રૂપ ઘર (છે), तथाऽपि – તો પણ च. – ચક્રવર્તીથી अपि – પણ अ.– અધિક सुखं – સુખ છે.

(૭) પૃથ્વી એ જ શય્યા, ભિક્ષાથી મળેલો આહાર, જુનું વસ્ત્ર, અને વન એ જ ઘર હોવા છતાં સ્પૃહારહિતને ચક્રવર્તીથી પણ અધિક સુખ છે ! આ એક આશ્ચર્ય છે !

**परस्पृहा महादुःखं निःस्पृहत्वं महासुखम् ।**
**एतदुक्तं समासेन लक्षणं सुखदुःखयोः ॥८॥**

(૮) प. – પર વસ્તુની ઈચ્છા म. – મહાદુઃખ રૂપ છે. नि. – નિઃસ્પૃહપણું म. – મહાસુખ રૂપ છે. ए. – આ स. – સંક્ષેપથી सु. – સુખ અને દુઃખનું ल. – ચિહ્ન उक्तं કહ્યું છે.

(૮) પરની–પુદ્ગલની ઈચ્છા મહા દુઃખ છે અને પરની–પુદ્ગલની ઈચ્છાનો અભાવ મહા સુખ છે. સુખ અને દુઃખનું સંક્ષેપથી આ લક્ષણ છે.[૫૩]

---

૫૩ અ. ઉપ. અ. ૨ ગા. ૧૨.

## अथ मौनाष्टकम् ॥१३॥

**मन्यते यो जगत्तत्त्वं स मुनिः परिकीर्तितः ।**
**सम्यक्त्वमेव तन्मौनं मौनं सम्यक्त्वमेव वा ॥१॥**

(૧) यः – જે ज. – જગતના સ્વરૂપને म. – જાણે છે सः – તે मुनिः – મુનિ प. – કહેલ છે. तत् – તેથી स. – સમ્યક્ત્વ एव – જ मौनं – મુનિપણું (છે.) वा – અથવા मौनं – મુનિપણું स. – સમ્યક્ત્વ एव – જ છે.

(૧) જગતના તત્ત્વોને જાણે તે મુનિ એમ તીર્થંકરોએ કહ્યું છે. આથી સમ્યક્ત્વ જ મુનિપણું–મુનિનો ધર્મ છે, અથવા મુનિપણું એ સમ્યક્ત્વ જ છે.

અહીં એવંભૂતનયની દૃષ્ટિએ મૌનની–મુનિધર્મની વ્યાખ્યા કરી છે. એવંભૂત નય તે જ જ્ઞાનને પરમાર્થથી જ્ઞાન માને, કે જે જ્ઞાનથી સમ્યક્ત્વ રૂપ ફળ મળ્યું હોય. એ નય સમ્યક્ત્વને પણ ત્યારે જ માને કે જ્યારે સમ્યક્ત્વનું આત્મરમણતા રૂપ ફળ મળ્યું હોય. આવું સમ્યક્ત્વ મુનિમાં જ હોય. કારણ કે મુનિમાં જ આત્મરમણતા હોય. આત્મરમણતા મુનિપણું–મુનિધર્મ છે. હવે બીજી વાત. નિશ્ચય (એવંભૂત) નયની દૃષ્ટિએ ઉપાદાન કારણ અને કાર્ય અભિન્ન છે–

એક જ છે. પ્રસ્તુતમાં સમ્યક્ત્વ મૌનનું-મુનિધર્મનું કારણ છે. આથી નિશ્ચયનયની (એવંભૂત નયની) દૃષ્ટિએ સમ્યક્ત્વ અને મૌન જુદા નથી-એક જ વસ્તુ છે. આનો અર્થ એ થયો કે સમ્યક્ત્વ એ જ મુનિપણું છે, અથવા મુનિપણું એ સમ્યક્ત્વ જ છે. આવું મૌન અને સમ્યક્ત્વ (મુખ્યતયા સાતમે ગુણસ્થાને) અપ્રમત્ત મુનિને હોય છે.[૫૪]

**आत्माऽऽत्मन्येव यच्छुद्धं, जानात्यात्मानमात्मना ।**
**सेयं रत्नत्रये ज्ञप्तिरुच्याचारैकता मुनेः ॥२॥**

(૨) आत्मा - આત્મા आत्मना - આત્માથી आत्मनि- આત્મામાં एव - જ शुद्धं - કર્મોપાધિ રહિત आत्मानं - આત્માને यद् - જે जा.- જાણે છે सा - તે इयं - આ र. - જ્ઞાન-દર્શન-ચારિત્ર રૂપ ત્રણ રત્નમાં ज्ञ. - જ્ઞાન-શ્રદ્ધા-આચારની અભેદ પરિણતિ मुनेः - મુનિને હોય છે.

(૨) આત્મા આત્માથી આત્મામાં જ શુદ્ધ આત્માને જાણે એ (-જાણવું) જ્ઞાન-દર્શન-ચારિત્ર રૂપ ત્રણ રત્નો વિશે જ્ઞાન, રુચિ અને આચારની એકતા છે. આવી એકતા મુનિને હોય છે.

---

૫૪ આચા. અ. ૫ ઉ. ૩ સૂ. ૧૫૫, શ્રીસીમંધર સ્વામીનું સવાસો ગાથાનું સ્તવન ત્રીજી ઢાળ ગાથા ૨૬, અ. સા. ગા. ૧૫૭

જ્ઞાતા આત્મા છે, માટે કર્તા આત્મા છે. શુદ્ધ સ્વભાવ રૂપ આત્મામાં જ જાણવાનું છે, માટે આધાર પણ આત્મા છે. આત્મા જ્ઞાન રૂપ છે અને જ્ઞાન રૂપ વીર્ય વડે જાણવાનું છે, આથી આત્મા જ કરણ છે. શુદ્ધ-કર્મની ઉપાધિથી રહિત આત્માને જાણવાનો હોવાથી આત્મા જ કર્મ છે.

મુનિનું આ પ્રમાણે જાણવું એ જ્ઞાન, દર્શન અને ચારિત્ર એ ત્રણે રૂપ છે. કારણ કે જાણવા રૂપ પ્રવૃત્તિમાં શુદ્ધ આત્માનો બોધ એ જ્ઞાન છે, (બોધથી થતો) આત્માના શુદ્ધ સ્વભાવનો નિર્ધાર એ રુચિ છે, અને (રુચિથી થતો) આચારનો અભેદ પરિણામ એ આચાર છે. આથી મુનિને એવંભૂત નયની દૃષ્ટિએ જ્ઞાન, દર્શન અને ચારિત્ર એ ત્રણે એક સ્વરૂપ જ છે, જુદા નથી. મુનિના જ્ઞાનાદિ રત્નત્રયમાં અભેદ પરિણામ હોય છે. અર્થાત્ આ જ્ઞાન છે, આ દર્શન છે, અને આ ચારિત્ર છે એવો ભેદ પાડી શકાતો નથી. એકસ્વરૂપ બની ગયેલા દૂધ-પાણીમાં આ દૂધ છે અને આ પાણી છે એવો ભેદ ન પાડી શકાય. તેમ પ્રસ્તુતમાં નિશ્ચયનયથી મુનિના જ્ઞાનાદિરત્નત્રયનો ભેદ પાડી શકાતો નથી.[૫૫]

---

૫૫ યો. પ્ર. ૪ ગા. ૨

**चारित्रमात्मचरणाद्, ज्ञानं वा दर्शनं मुनेः ।**
**शुद्धज्ञाननये साध्यं, क्रियालाभात् क्रियानये ॥३॥**

(૩) शु. – શુદ્ધ જ્ઞાન નયના અભિપ્રાયે मुनेः – મુનિને आ. – આત્મામાં ચાલવાથી चा. – ચારિત્ર, ज्ञानं – જ્ઞાન वा – અથવા द. – દર્શન सा. – સાધ્ય છે. क्रि. – ક્રિયાનયના અભિપ્રાયે क्रि. – જ્ઞાનના ફલરૂપ ક્રિયાના લાભથી [ મુનિને જ્ઞાન–દર્શન–ચારિત્ર સાધ્ય છે. ]

(૩) આ ગાથામાં મુનિને જ્ઞાન–દર્શન–ચારિત્ર કેવી રીતે સાધ્ય બને છે–પ્રાપ્ત કરી શકાય છે તે જણાવ્યું છે. ક્રિયાનયના અભિપ્રાય મુજબ ક્રિયાલાભથી જ્ઞાન–દર્શન–ચારિત્ર સાધ્ય છે–પ્રાપ્ત કરી શકાય છે. ચારિત્રનું પાલન કરવાથી એટલે કે આવશ્યકાદિ ક્રિયાઓ કરવાથી ચારિત્ર સાધ્ય છે. અર્થાત્ જે શ્રદ્ધાપૂર્વક ચારિત્રની આવશ્યકાદિ ક્રિયાઓ કરતો હોય તેનામાં ચારિત્ર, જ્ઞાન અને દર્શન એ ત્રણે છે. શ્રદ્ધાપૂર્વક જિનદર્શનાદિ ક્રિયાથી દર્શન–જ્ઞાન સાધ્ય છે, અર્થાત્ જે શ્રદ્ધા-પૂર્વક જિનદર્શનાદિ ક્રિયા કરતો હોય તેનામાં દર્શન–જ્ઞાન છે. આવું મંતવ્ય ક્રિયાનયનું છે.

હવે જ્ઞાનનયનું મંતવ્ય જોઈએ. શુદ્ધજ્ઞાન નય(જ્ઞાનાદ્વૈતનય)ના અભિપ્રાય મુજબ આત્મ-ચરણથી એટલે કે નિજ શુદ્ધસ્વભાવમાં રમણતાથી,

જ્ઞાન, દર્શન અને ચારિત્ર સાધ્ય છે–સિદ્ધ થાય છે. નિજશુદ્ધસ્વભાવમાં રમણતા વિના ન તો જ્ઞાન સિદ્ધ થાય, ન તો દર્શન સિદ્ધ થાય અને ન તો ચારિત્ર સિદ્ધ થાય. અર્થાત્ જે નિજશુદ્ધસ્વભાવમાં રમણતા કરતો હોય તેનામાં જ ચારિત્ર–જ્ઞાન–દર્શન છે. ચારિત્રની આવશ્યકાદિ ક્રિયાઓ કરવા છતાં જે નિજશુદ્ધસ્વભાવમાં રમણતા કરતો નથી તેનામાં ચારિત્ર તો નથી, પરંતુ દર્શન–જ્ઞાન પણ નથી.

પ્રશ્ન :– પરમાર્થથી નિજ શુદ્ધસ્વભાવમાં રમણતા રૂપ ચારિત્ર છે. આથી શુદ્ધજ્ઞાનનયની દૃષ્ટિએ નિજ શુદ્ધસ્વભાવમાં રમણતા વિના ચારિત્ર ભલે સાધ્ય ન બને, પણ જ્ઞાન–દર્શન સાધ્ય કેમ ન બને ? દર્શનમોહ કર્મના ક્ષયોપશમાદિથી દર્શન સાધ્ય બને છે. જ્યાં દર્શન હોય ત્યાં જ્ઞાન હોય જ. આથી ચતુર્થાદિ ગુણસ્થાને રહેલા જીવોમાં ચારિત્ર નથી, છતાં દર્શન–જ્ઞાન છે. ઉત્તર:– પહેલાં તમે અમારો ( શુદ્ધ જ્ઞાનનયનો ) સિદ્ધાંત સમજી લો. પછી તુરત તમારા પ્રશ્નનું સમાધાન થઈ જશે. જે જ્ઞાન–દર્શન પોતાનું કાર્ય કરે તેને જ અમે પરમાર્થથી જ્ઞાન–દર્શન કહીએ છીએ. જેમ કે– સિગારેટ પીવાથી શરીરને નુકશાન થાય છે

એવું જ્ઞાન થયું, રુચિ ( સિગારેટને છોડી દેવાની ભાવના ) પણ થઈ, છતાં જો તે સિગારેટને છોડે નહિ તો એ જ્ઞાન અને રુચિ શા કામનાં ? જે વસ્તુ પોતાનું કાર્ય ન કરે–ફળ ન આપે તે વસ્તુ શા કામની ? એટલે અમે અહીં આવાં જ્ઞાન–રુચિને માનતા જ નથી. હા, જો એ ખરેખર સિગારેટ પીવાનું છોડી દે તો અમે એનાં જ્ઞાન–રુચિને માનીએ. પ્રસ્તુતમાં જ્ઞાન–શ્રદ્ધાનું ફળ–કાર્ય નિજ શુદ્ધ સ્વભાવમાં રમણતા રૂપ ચારિત્ર છે. આથી જ્યાં સુધી નિજ શુદ્ધસ્વભાવમાં રમણતા ન આવે ત્યાં સુધી અમે દર્શન–જ્ઞાન માનતા જ નથી. આ જ હકીકત પૂ. ઉપાધ્યાયજી શ્રી યશોવિજયજી મહારાજ હવે પછીના બે શ્લોકોથી સ્પષ્ટ કરે છે.

यतः प्रवृत्तिर्न मणौ, लभ्यते वा न तत्फलम् ।
अतात्त्विकी मणिज्ञप्ति–र्मणिश्रद्धा च सा यथा ॥४॥
तथा यतो न शुद्धात्म–स्वभावाचरणं भवेत् ।
फलं दोषनिवृत्तिर्वा–न तज्ज्ञानं न दर्शनम् ॥५॥

(૪–૫) यथा – જેમ यतः – જેથી मणौ – મણિમાં प्र. – પ્રવૃત્તિ न – ન (થાય), वा – અથવા त. – પ્રવૃત્તિનું ફળ न ल. – મળે નહિ, सा – તે म. – મણિનું જ્ઞાન च – અને म. – મણિની શ્રદ્ધા अ. – અવાસ્તવિક છે. (૫) तथा–

તેમ यतः – જેથી शु. – શુદ્ધ આત્મસ્વભાવમાં આચરણ वा – અથવા दो. – દોષની નિવૃત્તિ રૂપ फलं – ફળ न भ. – ન થાય तत् – તે ज्ञानं न – જ્ઞાન નથી, (અને) द. न – શ્રદ્ધા નથી.

(૪–૫) જેમ મણિ લેવાની પ્રવૃત્તિ ન થાય, અથવા (પ્રવૃત્તિ તો થઈ પણ) પ્રવૃત્તિનું અલંકારાદિમાં જડવા આદિ રૂપ ફળ ન મળે તો તે મણિનું જ્ઞાન અને "આ મણિ છે" એવી મણિની શ્રદ્ધા અતાત્ત્વિક–અસત્ય છે; તેમ જેનાથી નિજ શુદ્ધ સ્વભાવમાં રમણતા ન થાય અથવા રાગ–દ્વેષાદિ દોષોની નિવૃત્તિ રૂપ ફળ ન આવે તે જ્ઞાન નથી અને તે દર્શન પણ નથી.[૫૬]

**यथा शोफस्य पुष्टत्वं, यथा वा वध्यमण्डनम् ।**
**तथा जानन् भवोन्माद–मात्मतृप्तो मुनिर्भवेत् ॥६॥**

(૬) यथा – જેમ शो. – સોજાનું पु. – પુષ્ટપણું वा – અથવા व. – વધ કરવા યોગ્ય પુરુષને કરેણની માળા વગેરેથી શણગારવો तथा – તેમ भ. – સંસારની ઘેલછાને जा. – જાણતો मुनिः – મુનિ आ. – આત્મામાં જ સંતુષ્ટ भ. – થાય.

(૬) સંસારના ઉન્માદને સોજાની પુષ્ટિ અને

---

૫૬ લ. વિ. सिद्धे भो पयओ णमो......શ્લોકની ટીકા, तज्ज्ञानमेव न भवति...........

વધ કરવા લઈ જતા પુરુષને કરેણફૂલની માળા વગેરેથી કરવામાં આવતા શણગાર સમાન (પરિણામે દુઃખનું કારણ) જાણતો મુનિ આત્મામાં સંતુષ્ટ થાય.

**सुलभं वागनुच्चारं, मौनमेकेन्द्रियेष्वपि ।**
**पुद्गलेष्वप्रवृत्तिस्तु, योगानां मौनमुत्तमम् ॥७॥**

(૭) वा. – વાણીને નહિ ઉચ્ચારવા રૂપ मौनं – મૌન ए. – એકેંદ્રિયોમાં अपि – પણ सु. – સુખેથી પ્રાપ્ત થઈ શકે એવું છે. तु – પરંતુ पु. – પુદ્ગલોમાં यो. – મન–વચન–કાયાની अ. – પ્રવૃત્તિ ન થવી તે उ. – શ્રેષ્ઠ मौनं – મૌન છે.

(૭) નહિ બોલવા રૂપ મૌન તો એકેંદ્રિયોમાં પણ સુલભ છે. પુદ્ગલોમાં મન–વચન–કાયાની પ્રવૃત્તિ રોકવી એ ઉત્કૃષ્ટ મૌન છે.

**ज्योतिर्मयीव दीपस्य, क्रिया सर्वापि चिन्मयी ।**
**यस्यानन्यस्वभावस्य, तस्य मौनमनुत्तरम् ॥८॥**

(૮) इव – જેમ दी. – દીવાની स. – બધી ય क्रिया – જ્યોતિનું ઊંચે નીચે આડું અવળું જવું વગેરે ક્રિયા ज्यो. – પ્રકાશમય છે, (તેમ) अ. – અન્ય સ્વભાવે નહિ પરિણમેલા य. – જે આત્માની (સર્વ ક્રિયા) चि. – જ્ઞાનમય છે त. – તેનું मौनं – મુનિપણું अ. – સર્વોત્કૃષ્ટ છે.

(૮) જેમ દીપકની ઊર્ધ્વગમન, અધોગમન

વગેરે સઘળી ય ક્રિયા પ્રકાશમય હોય છે, તેમ પુદ્ગલના ભાવમાં નહિ પરિણમેલા (= આત્મામાં રમણ કરતા) જે મુનિની આહાર–નીહાર આદિ સઘળી ક્રિયા જ્ઞાનમય છે, તેનું મૌન ઉત્કૃષ્ટ છે.

## अथ विद्याष्टकम् ॥१४॥

**नित्यशुच्यात्मताख्याति–रनित्याशुच्यनात्मसु ।**
**अविद्या तत्त्वधीर्विद्या, योगाचार्यैः प्रकीर्तिता ॥१॥**

(૧) यो. – યોગાચાર્યોએ अ. – અનિત્ય, અશુચિ અને આત્માથી ભિન્ન પુદ્ગલાદિમાં नि.–નિત્યપણાની, શુચિપણાની અને આત્મપણાની બુદ્ધિને अ.–અવિદ્યા (તથા) त.–શુદ્ધ આત્મ દ્રવ્યમાં નિત્યપણાની, શુચિપણાની અને આત્મપણાની બુદ્ધિને (યથાર્થ જ્ઞાનને) विद्या – વિદ્યા प. – કહી છે.

(૧) અનિત્ય પર સંયોગમાં નિત્યપણાની, નવ દ્વારોથી અશુચિ વહેવડાવતા અપવિત્ર શરીરમાં પવિત્રતાની અને આત્માથી ભિન્ન પુદ્ગલાદિમાં આત્મપણાની (હુંપણાની અને મારાપણાની) બુદ્ધિ એ અવિદ્યા છે, તત્ત્વબુદ્ધિ એટલે કે આત્મામાં જ નિત્યપણાની, પવિત્રપણાની અને આત્મપણાની બુદ્ધિ એ વિદ્યા છે; એમ યોગદૃષ્ટિસંપન્ન પાતંજલિ આદિ યોગાચાર્યોએ કહ્યું છે.[૫૭]

---

૫૭ પા. યો. પા. સૂ. ૫, દ્વા. દ્વા. ૨૫ ગા. ૧૯

**यः पश्येन्नित्यमात्मान-मनित्यं परसङ्गमम् ।**
**छलं लब्धुं न शक्नोति, तस्य मोहमलिम्लुचः ॥२॥**

(૨) यः – જે आ. – આત્માને नि. – સદા અવિનાશી (અને) प. – પરવસ્તુના સંબંધને अ. – વિનશ્વર प. – જૂએ त. – તેનું छलं – છિદ્ર ल. – મેળવવાને मो. – મોહ રૂપ ચોર न श. – સમર્થ થતો નથી.

(૨) જે આત્માને નિત્ય–સર્વકાળે અવિચલિત સ્વરૂપે જૂએ છે અને પરસંયોગને અનિત્ય જૂએ છે તેનું છિદ્ર મેળવવાને મોહ રૂપ ચોર સમર્થ બનતો નથી.

**तरङ्गतरलां लक्ष्मी-मायुर्वायुवदस्थिरम् ।**
**अदभ्रधीरनुध्याये-दभ्रवद् भङ्गुरं वपुः ॥३॥**

(૩) अ. – નિપુણ બુદ્ધિવાળો ल. – લક્ષ્મીને त. – સમુદ્રના તરંગ જેવી ચપલ आयुः – આયુષ્યને वा. – વાયુના જેવું अ. – અસ્થિર (અને) वपुः – શરીરને अ. – વાદળ જેવું भं. – વિનશ્વર अ. – વિચારે.

(૩) વિદ્વાન લક્ષ્મીને સમુદ્રના તરંગોની જેમ ચપળ, આયુષ્યને વાયુની જેમ અસ્થિર અને શરીરને વાદળની જેમ વિનાશશીલ ચિંતવે.

**शुचीन्यप्यशुचीकर्तुं, समर्थेऽशुचिसंभवे ।**
**देहे जलादिना शौच-भ्रमो मूढस्य दारुणः ॥४॥**

(૪) शु. – પવિત્ર પદાર્થોને अपि – પણ अ.– અપવિત્ર

કરવાને स. – સમર્થ (અને) अ. – માતાનું રુધિર અને પિતાનું શુક્ર એ એથી ઉત્પન્ન થયેલા દેહે – શરીરમાં मू. – મૂઢ પુરુષને ज. – પાણી વગેરેથી शौ. – પવિત્રતાનો ભ્રમ दा. – ભયંકર છે.

(૪) પવિત્ર પદાર્થોને અપવિત્ર બનાવવામાં સમર્થ અને અશુચિમાં ઉત્પન્ન થયેલ શરીરમાં મોહથી મુંઝાયેલ બ્રાહ્મણ વગેરેનો પાણી આદિથી પવિત્રતાનો ભ્રમ (–સ્નાનાદિથી શરીર પવિત્ર થાય છે એવી ખોટી માન્યતા)[૫૮] ભયંકર છે.[૫૯]

**यः स्नात्वा समताकुण्डे, हित्वा कश्मलजं मलम् ।**
**पुनर्न याति मालिन्यं, सोऽन्तरात्मा परः शुचिः ॥**

(૫) यः – જે स. – સમતા રૂપ કુંડમાં स्ना. – સ્નાન કરીને क. – પાપથી ઉત્પન્ન થયેલા मलं – મેલને हि. – તજીને पुनः – ફરીથી मा. – મલિનપણાને न याति – પામતો નથી सः – તે अं. – અંતરાત્મા परः – અત્યંત शुचिः – પવિત્ર છે.

(૫) જે સમતા રૂપ કુંડમાં સ્નાન કરીને પાપથી થયેલા મેલને દૂર કરીને ફરી પાપ રૂપ

---

૫૮ સમજાવવા છતાં કદી દૂર કરી શકાય તેમ ન હોવાથી ભયંકર છે.

૫૯ પા. યો. પા. ૨ સૂ. ૫ મણિપ્રભા ટીકા.

મેલથી મલિન બનતો નથી તે અંતરાત્મા ઉત્કૃષ્ટ પવિત્ર છે.

અંતરાત્મા એટલે સમ્યગ્દૃષ્ટિ આત્મા. સમ્યગ્-દૃષ્ટિ અંશે સ્નાતક—ભાવસ્નાન કરનાર છે. કારણ કે એક વાર પણ સમ્યગ્દર્શન પામ્યા પછી ક્યારે ય (સમ્યગ્દર્શન ચાલ્યું જાય તો પણ) આયુષ્ય સિવાય સાત કર્મસંબંધી અંતઃકોડાકોડિ સાગરોપમથી અધિક સ્થિતિનો અને ઉત્કૃષ્ટ રસનો બંધ થતો નથી.[૬૦] આથી સમ્યગ્દૃષ્ટિ આત્મા ઉત્કૃષ્ટ પાપ રૂપ મેલથી ક્યારે ય મલિન બનતો નથી.[૬૧]

**आत्मबोधो नवः पाशो, देहगेहधनादिषु ।**
**यः क्षिप्तोऽप्यात्मना तेषु, स्वस्य बन्धाय जायते ॥**

(૬) दे.—શરીર, ઘર અને ધનાદિમાં आ.—આત્મ-પણાની બુદ્ધિ તે नवः—નવો—લોકોત્તર पाशः—પાશ છે. यः—જે तेषु—શરીરાદિમાં आ.—આત્માએ क्षिप्तः—નાખેલો स्व.—પોતાના बं.—બંધ માટે जा.—થાય છે.

(૬) શરીર, ઘર, ધન વગેરે પદાર્થોમાં આત્મ-

---

૬૦ સિદ્ધાંતના મત પ્રમાણે આ લખ્યું છે. કાર્મગ્રંથિક મતે તો ફરી ઉત્કૃષ્ટ સ્થિતિ બંધાય છે, પણ ઉત્કૃષ્ટ રસ બંધાતો નથી.

૬૧ હા. અ. ૨ ગા. ૮.

પણાની (=હુંપણાની અને મારાપણાની) બુદ્ધિ એ નવીન (લોકોત્તર) પાશ (-બંધન) છે. કારણ કે એ પાશ આત્માએ શરીર આદિમાં નાખ્યો હોવા છતાં પોતાના જ બંધ માટે થાય છે. લૌકિક દોરડું વગેરે પાશ તો જેના ઉપર નાખ્યો હોય તેને બાંધે છે. જ્યારે શરીરાદિમાં આત્મબોધ રૂપ પાશ તો દેહાદિ ઉપર નાખ્યો છે, તો પણ તેમને બાંધતો નથી, ઉલટું નાખનારને જ બાંધે છે. આ એક આશ્ચર્ય છે !

**मिथोयुक्तपदार्थाना-मसंक्रमचमत्क्रिया ।**
**चिन्मात्रपरिणामेन, विदुषैवानुभूयते ॥७॥**

(૭) मि. – પરસ્પર મળેલા જીવ-પુદ્ગલાદિ પદાર્થોનો अ. – ભિન્નતા રૂપ ચમત્કાર चि. – જ્ઞાનમાત્ર પરિણામવાળા वि. – વિદ્વાનથી एव – જ अ. – અનુભવાય છે.

(૭) પરસ્પર મળેલા જીવ-પુદ્ગલાદિ (દ્રવ્ય-પર્યાય રૂપ) પદાર્થોની લક્ષણ અને સ્વરૂપથી ભિન્નતાના ચમત્કારને જ્ઞાનમાત્રના પરિણામવાળા વિદ્વાન જ અનુભવે છે.

જીવ અને શરીર જુદાં હોવા છતાં પરસ્પર એવા ઓતપ્રોત થઈ ગયા છે કે જેથી આ દેહ છે અને આ જીવ છે, આ પર્યાયો શરીરના છે કે આ

પર્યાયો જીવના છે એવો વિભાગ અજ્ઞાન લોકો અનુભવી શકતા નથી, વિશિષ્ટ જ્ઞાની જ અનુભવી શકે છે. વિશિષ્ટ જ્ઞાની શરીર અને જીવના લક્ષણોથી બંનેને ભિન્ન અનુભવી શકે છે. જીવ અને શરીર કેવા ઓતપ્રોત છે તે વિશે સન્મતિ ગ્રંથમાં કહ્યું છે કે—

अण्णोण्णाणुगयाणं इमं च तं चत्ति विभयणमसक्कं ।
जह दुद्धपाणियाणं जावन्त विसेसपज्जाया ॥

કાં. ૧ ગા. ૪૭

દૂધ અને પાણીની જેમ પરસ્પર ઓતપ્રોત થયેલા જીવ અને (દેહ રૂપ) પુદ્ગલ દ્રવ્યના જેટલા વિશેષ પર્યાયો છે તેમાં આ જીવના પર્યાયો છે અને આ પુદ્ગલના=શરીરના પર્યાયો છે એવો વિભાગ કરવો અશક્ય છે.

**अविद्यातिमिरध्वंसे, दृशा विद्याञ्जनस्पृशा ।**
**पश्यन्ति परमात्मान–मात्मन्येव हि योगिनः ॥८॥**

(૮) यो.–યોગીઓ अ.–અજ્ઞાન રૂપ અંધકારનો નાશ થતાં वि.–તત્ત્વબુદ્ધિ રૂપ અંજનનો સ્પર્શ કરનારી दृ.–દૃષ્ટિથી आ.–આત્મામાં एव–જ प.–પરમાત્માને प.–જુએ છે.

(૮) યોગીઓ મિથ્યાજ્ઞાન રૂપ અંધકારનો નાશ થતાં તત્ત્વબુદ્ધિ રૂપ અંજનનો સ્પર્શ

કરનારી દૃષ્ટિથી પોતાના આત્મામાં જ પરમાત્માને જૂએ છે.

બાહ્યાત્મા = મિથ્યાજ્ઞાની, પહેલા ગુણઠાણે રહેલા જીવો. અંતરાત્મા = સમ્યગ્દૃષ્ટિ, ચોથાથી બારમા ગુણ સ્થાન સુધીના જીવો. પરમાત્મા=કેવલ-જ્ઞાની, ૧૩–૧૪ ગુણસ્થાને રહેલા જીવો.[૬૨]

## अथ विवेकाष्टकम् ॥१५॥

**कर्म जीवं च संश्लिष्टं, सर्वदा क्षीरनीरवत् ।**
**विभिन्नीकुरुते योऽसौ, मुनिहंसो विवेकवान् ॥१॥**

(૧) स. – હમેશાં क्षी. – દૂધ–પાણીની જેમ सं. – મળેલાં कर्म जीवं च – કર્મ અને જીવને यः – જે मु. – મુનિરૂપ રાજહંસ वि. – ભિન્ન કરે છે असौ – એ वि. – વિવેકી છે.

(૧) સદા દૂધ–પાણીની જેમ પરસ્પર મળેલાં જીવ અને જ્ઞાનાવરણીયાદિ કર્મને લક્ષણાદિના ભેદથી ભિન્ન કરનાર–સમજનાર રાજહંશ જેવા સાધુ વિવેકી છે. અજીવથી જીવના ભેદનું જ્ઞાન તે વિવેક.

**देहात्माद्यविवेकोऽयं, सर्वदा सुलभो भवे ।**
**भवकोट्यापि तद्भेद–विवेकस्त्वतिदुर्लभः ॥२॥**

---

૬૨ યો. શા. પ્ર. ૧૨ ગા. ૬ વગેરે, અ. સા. ગા. ૯૦૮ વગેરે.

(૨) भवे – સંસારમાં स. – હમેશાં दे. – શરીર અને આત્મા વગેરેને અવિવેક सु.–સુખેથી પ્રાપ્ત થઈ શકે એવો છે. ( પરંતુ ) त. – તેનું ભેદ જ્ઞાન भ. – કોટિ જન્મથી अपि – પણ भ. – અત્યંત દુર્લભ છે.

(૨) સંસારમાં શરીર–જીવાદિના અભેદજ્ઞાન રૂપ અવિવેક સદા સુલભ છે. તેનું ભેદજ્ઞાન કોટિજન્મોથી પણ અતિશય દુર્લભ છે.

સંસારમાં સઘળા ય ભવસ્થ જીવો શરીર–જીવના અભેદની વાસનાથી વાસિત જ છે, ભેદજ્ઞાની કોઈક જ હોય છે, એવો ભાવ આ શ્લોકનો છે.[૬૩]

**शुद्धेऽपि व्योम्नि तिमिराद्, रेखाभिर्मिश्रता यथा ।**
**विकारैर्मिश्रता भाति, तथात्मन्यविवेकतः ॥३॥**

(૩) यथा – જેમ शुद्धे – સ્વચ્છ अपि – પણ व्यो. – આકાશમાં ति. – તિમિર રોગથી रे. – નીલ–પીતાદિ રેખા-ઓથી मि. – મિશ્રપણું भाति – ભાસે છે, तथा – તેમ (શુદ્ધ પણ) आ. – આત્મામાં अ. – અવિવેકથી वि. – વિકારોથી मि. – મિશ્રપણું ( ભાસે છે. )

(૩) પ્રશ્નઃ– શરીર અને જીવ તદ્દન જુદા છે એ વાત સમજાઈ ગઈ. હવે જીવનું સ્વરૂપ કેવું છે તે કહો. જીવમાં ક્રોધ, માન, માયા, લોભ વગેરે વિચિત્ર ભાવો દેખાય છે. એથી અમને જીવ ક્રોધાદિ સ્વ-

૬૩ સ. સા. ગા. ૪

ભાવવાળો દેખાય છે. અમારી આ દષ્ટિ બરોબર છે? ઉત્તરઃ– ના. આત્મા ક્રોધાદિ વિકારોથી રહિત શુદ્ધ છે. પ્રશ્નઃ– આત્મા શુદ્ધ છે તો તેમાં અમને ક્રોધાદિ વિકારો કેમ દેખાય છે ? ઉત્તર :– અવિવેકથી= અજ્ઞાનતાથી. વિવેકીને તો આત્મા ક્રોધાદિ વિકારોથી રહિત શુદ્ધ દેખાય છે. જેમ શુદ્ધ પણ આકાશમાં તિમિર રોગથી નીલ–પીતાદિ રેખાઓ વડે ચિત્ર-વિચિત્રતા દેખાય છે, તેમ શુદ્ધ પણ આત્મામાં અજ્ઞાનતાથી કામ–ક્રોધાદિ વિકારો વડે મિશ્રતા–કર્મ આદિ વિકારો દેખાય છે. આત્મા તો નિર્વિકાર શુદ્ધ છે. અજ્ઞાનતા તિમિર રોગ સમાન છે. કામ–ક્રોધાદિ વિકારો નીલ–પીતાદિ રેખા સમાન છે. આત્મા સ્વચ્છ આકાશ સમાન છે.[૬૪]

**यथा योधैः कृतं युद्धं, स्वामिन्येवोपचर्यते ।**
**शुद्धात्मन्यविवेकेन, कर्मस्कन्धोर्जितं तथा ॥४॥**

(૪) यथा – જેમ योधैः – યોદ્ધાઓએ कृतं – કરેલું युद्धं – યુદ્ધ स्वा. – રાજા વગેરે સ્વામીમાં एव – જ उ. – આરોપાય છે, तथा – તેમ अ.–અવિવેકે कृतं – કરેલો क.– કર્મ પુદ્ગલના પુણ્ય–પાપ રૂપ ફળનો વિલાસ शु. – શુદ્ધ આત્મામાં ( આરોપાય છે. )

(૪) પ્રશ્નઃ– જીવમાં કર્મ આદિ વિકારો

---

૬૪ અ. સા. ગા. ૭૯૫.

કરનાર તો જીવ જ છે ને? ઉત્તરઃ– ના. પ્રશ્નઃ– તો જીવ કર્મ બાંધે છે એમ કેમ કહેવાય છે? ઉત્તરઃ– ઉપચારથી. જેમ સુભટોએ કરેલા યુદ્ધનો (રાજાએ યુદ્ધ કર્યું એમ) રાજામાં ઉપચાર થાય છે, સુભટોએ કરેલો જય–પરાજય રાજાનો કહેવાય છે, તેમ અવિવેકે કરેલા કર્મપુદ્ગલના પુણ્ય–પાપ રૂપ વિલાસનો શુદ્ધ આત્મામાં આરોપ કરવામાં આવે છે.

અવિવેકના યોગે ક્રોધાદિ પરિણામ થાય છે; ક્રોધાદિ પરિણામના યોગે કાર્મણવર્ગણાના પુદ્ગલો શુભાશુભ કર્મરૂપે પરિણામે છે. આથી કર્મોનું મૂળ કારણ અવિવેક–અજ્ઞાન છે. આમ, અવિવેકથી થયેલા કર્મ રૂપ વિકારોનો શુદ્ધ આત્મામાં "આત્માએ કર્મો કર્યાં" એમ ઉપચાર થાય છે.[૬૫]

**इष्टकाद्यपि हि स्वर्णं, पीतोन्मत्तो यथेक्षते ।**
**आत्माऽभेदभ्रमस्तद्वद्, देहादावविवेकिनः ॥५॥**

(૫) यथा – જેમ पी. – જેણે ધતૂરો પીધો છે એવો इ. – ઈંટ વગેરેને अपि – પણ स्व. – સુવર્ણ (રૂપે) ई. – જૂએ છે, त. – તેમ अ. – અવિવેકીને दे. – શરીરાદિમાં आ. – આત્મા સાથે એકપણાનો વિપર્યાસ (જાણવો).

---

૬૫ સ. સા. ગા. ૧૦૬, અ. સા. ગા. ૭૯૬–૭૯૭, અ. ઉપ. અ. ૨ ગા. ૨૯–૩૦–૩૧.

(૫) જેણે ધતૂરો પીધો છે તે જેમ ઈંટ વગેરેને પણ ખરેખર સુવર્ણ રૂપે જૂએ છે તેમ વિવેક રહિત જીવને શરીરાદિને વિશે આત્મા સાથે એકતાનો વિપરીત બોધ થાય છે, અર્થાત્ તે શરીરાદિને જ આત્મા રૂપે માને છે.

**इच्छन् न परमान् भावान्, विवेकाद्रेः पतत्यधः ।**
**परमं भावमन्विच्छन्, नाऽविवेके निमज्जति ॥६॥**

(૬) प. भा. – પરમભાવોને न इ. – નહિ ઇચ્છતો वि. – વિવેક રૂપ ગિરિના અપ્રમત્તતા રૂપ શિખરથી अधः – નીચે प. – પડે છે. ( અને ) प. भा. – પરમભાવને अ. – ઇચ્છતો अ. – અવિવેકમાં न नि. – નિમગ્ન થતો નથી.

(૬) પરમભાવોને નહિ ઇચ્છતો, એટલે કે સાત્ત્વિક, રાજસ અને તામસભાવની ઇચ્છા થવાથી પરમભાવ ગ્રાહક (નિશ્ચય) નય સંમત શુદ્ધ ચૈતન્યની ઉપેક્ષા કરતો, આત્મા વિવેક રૂપ પર્વતના અપ્રમત્તભાવ રૂપ શિખર ઉપરથી નીચે પડે છે. સર્વવિશુદ્ધ આત્મભાવનું અન્વેષણ કરતો આત્મા અવિવેકમાં નિમગ્ન થતો નથી.[૬૬]

---

૬૬ આ શ્લોકનો ભાવ બાલાવબોધ (ટબા)ના આધારે લખ્યો છે. નીચેનું વિવેચન પણ એના આધારે લખ્યું છે.

પ્રશ્નઃ- રાજસ અને તામસ ભાવ અશુભ હોવાથી તેની ઈચ્છા થવાથી વિવેક રૂપ પર્વતથી નીચે પડે એ બરાબર છે. પણ સાત્ત્વિક ભાવ (ક્ષાયોપશમિક ભાવ) શુભ હોવાથી તેને ઈચ્છનાર શા માટે વિવેક રૂપ પર્વતથી નીચે પડે? ઉત્તરઃ- જે સાધક હજી અધ્યાત્મની ઉચ્ચ કક્ષાએ પહોંચ્યો નથી તેને માટે સાત્ત્વિક ભાવની ઈચ્છા લાભ કરે છે. પણ અધ્યાત્મની ઉચ્ચ કક્ષામાં તો શુદ્ધ ચૈતન્ય ભાવમાં રમણતા જ લાભ કરે છે. આથી અધ્યાત્મની ઉચ્ચકક્ષાએ પહોંચેલો સાધક તો શુદ્ધ ચૈતન્યભાવને જ ઈચ્છે છે.

આનો ભાવ આ પ્રમાણે છેઃ- ઉચ્ચકક્ષાના સાધકને તપ વગેરેના પ્રભાવથી અનેક વિશિષ્ટતાઓથી ભરેલી અનેક પ્રકારની ઋદ્ધિ-લબ્ધિઓ પ્રગટે છે. પણ આત્મરમણતામાં લીન બનેલા મહાત્માઓ પ્રગટેલી ઋદ્ધિ-લબ્ધિઓ પ્રત્યે ઉપેક્ષા ભાવ ધારણ કરે છે, લબ્ધિઓનો ઉપયોગ કરવાની ઈચ્છા રાખતા જ નથી, તથા લબ્ધિઓ મળવા બદલ અહંકાર કરતા નથી. જેમ અનાજ મેળવવાના આશયથી ધાન્ય વાવતા ખેડૂતને અનાજની સાથે સાથે ઘાસ મળી જાય તે બદલ અભિમાન થતું નથી, તેમ મુક્તિની કામનાથી તપ-ધ્યાનમાં મગ્ન

રહેતા (ચક્રવર્તી મહાત્મા સનત્કુમાર વગેરે) ઉચ્ચકક્ષાના સાધકને (આનુષંગિક ફળ રૂપ) લબ્ધિઓ મળી જાય તો તેનું અભિમાન થતું નથી.

હવે જો કોઈ સાધકને તેવા પ્રકારના નિમિત્તથી ઋદ્ધિ–લબ્ધિઓમાં આસકિત કે અહંભાવ આવી જાય તો એ મહાત્મા આ શ્લોકમાં કહ્યું તેમ વિવેક રૂપ પર્વતના અપ્રમાદ રૂપ શિખરથી નીચે પડે છે. લબ્ધિઓનો ઉપયોગ કરવો એ પ્રમાદ છે. કામના ઘરમાં પેશીને કામને મારનારા મહાત્મા સ્થૂલિભદ્રજી સાધ્વીજી બહેનો વંદનાર્થે આવતા લબ્ધિનો ઉપયોગ કર્યો એ બીના પ્રમાદ તરીકે સુપ્રસિદ્ધ છે.

આનો સાર એ આવ્યો કે ઉચ્ચ કક્ષાના સાધકોમાં પણ જે સાધકને વિષયેચ્છા આદિ રાજસ–તામસ ભાવની ઈચ્છા અને લબ્ધિઓ વગેરેની ઈચ્છા (આસક્તિ કે અહંકાર) રૂપ સાત્ત્વિક ભાવની ઈચ્છા એ ત્રણ ઈચ્છાઓમાંથી કોઈ પણ ઈચ્છા થઈ જાય તેનું અધઃપતન થાય છે. જે સાધક આ ત્રણે ભાવો પ્રત્યે ઉદાસીન બની કેવળ શુદ્ધ ચૈતન્ય ભાવને જ ઈચ્છે છે તે આગળ ધપે છે.

આ જ વિષયને પાતંજલ યોગશાસ્ત્રમાં વિષય

વૈરાગ્ય અને ગુણ વૈરાગ્ય એ બે પ્રકારના વૈરાગ્યથી કહેવામાં આવ્યો છે. વિષય વૈરાગ્ય એટલે વિષયો પ્રત્યે અનાસક્તિ. ગુણ વૈરાગ્ય એટલે તપથી પ્રગટતી લબ્ધિ વગેરે ગુણ પ્રત્યે અનાસકિત. નીચલી કક્ષાના સાધકમાં વિષયવૈરાગ્ય હોય છે. ઉચ્ચકક્ષાના સાધકમાં બંને વૈરાગ્ય હોય છે. ઉચ્ચ-કક્ષાના સાધકો જેમ વિષયો પ્રત્યે ઉદાસીન હોય છે, તેમ તપ આદિથી પ્રગટેલી ઋદ્ધિ–લબ્ધિઓ રૂપ ગુણો પ્રત્યે પણ ઉદાસીન હોય છે. આવા મહાત્માઓ સાધનામાં ખૂબ આગળ વધે છે ત્યારે તો તેમનામાં મોક્ષની ઇચ્છા પણ ન રહેવાથી સંસાર અને મોક્ષ બંને પ્રત્યે નિઃસ્પૃહ બની જાય છે.[૬૭]

[મૂળ શ્લોકમાં રહેલા विवेकाद्रेः એ પદનો બાલાવબોધ ( ટબા )માં "વિવેક રૂપ પર્વતના અપ્રમત્તભાવ રૂપ શિખર ઉપરથી" એવો અર્થ કર્યો છે. આથી અહીં પણ તે જ અર્થ લખ્યો છે.]

आत्मन्येवात्मनः कुर्याद्, यः षट्कारकसंगतिम् ।
काविवेकज्वरस्यास्य, वैषम्यं जडमज्जनात् ? ॥७॥

૬૭ અ. સા. વૈરાગ્યવિષય અધિકાર સંપૂર્ણ, પ્ર. ૨. ગા. ૨૫૫, અ. ઉપ. અ. ૨ ગા. ૬–૭, પા. યો. પા. ૧ સૂ. ૧૫–૧૬.

(૭) यः – જે आ. – આત્મામાં एव – જ आ. – આત્માના ष. – છ કારકનો સંબંધ कु. – કરે, अ. – એને ज. – પુદ્ગલમાં મગ્ન થવાથી अ. – અવિવેક રૂપ જ્વરનું वै. – વિષમપણું क – ક્યાંથી (હોય) ?

(૭) આત્મામાં જ આત્માના છ કારકના અર્થને ઘટાવનારને પુદ્ગલની મગ્નતાથી થતા અવિવેક રૂપ જ્વરની વિષમતા ક્યાંથી હોય ?

જાણવાની ક્રિયાથી આત્મામાં જ છ કારકની ઘટના આ પ્રમાણે છે– જે સ્વતંત્રપણે ક્રિયા કરે તે કર્તા. આત્મા સહજભાવથી સ્વતંત્રપણે જાણવાની ક્રિયા કરે છે માટે આત્મા કર્તા છે. ક્રિયાના ફળનો આશ્રય તે [૬૮]કર્મ. અહીં જાણવાની ક્રિયાનું ફળ જ્ઞાન છે. તેનો આશ્રય આત્મા છે. કારણ કે આત્માએ જાણવાની ક્રિયાથી શુદ્ધ આત્માને જ જાણવાનો છે. (આત્મા સિવાય બીજું કશું જાણવાનું નથી) ક્રિયામાં જે સાધકતમ–પ્રકૃષ્ટ ઉપકારક હોય તે કરણ. જાણવામાં જ્ઞાનોપયોગ અત્યંત જરૂરી છે. જ્ઞાનોપયોગ વિના ન જાણી શકાય. આત્મા જ્ઞાનોપયોગમય છે. આથી આત્મા જ કરણ છે. ક્રિયાથી જે અભિપ્રેત હોય તે સંપ્રદાન. જાણવાની ક્રિયાથી આત્મા જ અભિપ્રેત છે.

---

૬૮ धात्वर्थक्रियाफलाश्रयत्वं कर्मत्वम् (શબ્દેન્દુ શેખર)

કારણ કે આત્મા માટે જ જાણવાનું છે. છૂટા પડવાની અવધિ-હદ તે અપાદાન. જાણવાની ક્રિયામાં પૂર્વ પૂર્વ જ્ઞાનપર્યાયોથી ઉત્તર ઉત્તર જ્ઞાનપર્યાયો વધારે શુદ્ધ છે. આથી પૂર્વપૂર્વ જ્ઞાનપર્યાયોથી ઉત્તર ઉત્તર જ્ઞાનપર્યાયો છૂટા પડે છે-જુદા પડે છે. અહીં ઉત્તર ઉત્તર જ્ઞાનપર્યાયોની જુદા પડવાની અવધિ-હદ પૂર્વ પૂર્વ જ્ઞાનપર્યાયો છે.[૬૯] આત્મા જ્ઞાનપર્યાય રૂપ છે. આથી આત્મા અપાદાન છે. ક્રિયાનો આધાર તે [૭૦]અધિકરણ. આત્મામાં જ જ્ઞાન થવાનું છે માટે જાણવાની ક્રિયાનો આધાર આત્મા છે. આમ જાણવાની ક્રિયાથી આત્મામાં છ કારક ઘટાવવાથી આત્મા આત્માવડે આત્મા માટે આત્મામાંથી આત્મામાં આત્માને જાણે છે એવો અર્થ થાય.[૭૧]

**संयमास्त्रं विवेकेन, शाणेनोत्तेजितं मुनेः ।**
**धृतिधारोल्बणं कर्म-शत्रुच्छेदक्षमं भवेत् ॥८॥**

---

૬૯ અહીં બુદ્ધિસંસર્ગ પૂર્વક અપાદાન છે.

૭૦ અધિકરણની આ વ્યાખ્યા સામાન્યથી લખી છે. વ્યાકરણના નિયમની દૃષ્ટિએ તો કર્મ કે કર્તાનો આધાર તે અધિકરણ.

૭૧ આત્મામાં છ કારકની ઘટના અનેક રીતે થઈ શકે છે. અહીં કરેલી ઘટના બાલ જીવો સમજી શકે એટલા માટે બહુ જ સ્થૂલથી છે.

(૮) वि. शा. – વિવેક રૂપ સરાણથી उ. – અત્યંત તીક્ષ્ણ કરેલું (અને) धृ.– સંતોષ રૂપ ધારવડે ઉગ્ર मुनेः– મુનિનું सं. – સંયમ રૂપ શસ્ત્ર क. – કર્મ રૂપ શત્રુનો છેદ કરવામાં સમર્થ भ. – થાય.

(૮) સંતોષ રૂપ ધારથી ઉત્કટ અને વિવેક રૂપ સરાણથી અતિશય તીક્ષ્ણ કરેલું મુનિનું સંયમ રૂપ શસ્ત્ર કર્મ રૂપ શત્રુનું છેદન કરવા સમર્થ છે.

## अथ माध्यस्थ्याष्टकम् ॥१६॥

**स्थीयतामनुपालम्भं, मध्यस्थेनान्तरात्मना ।**
**कुतर्ककर्करक्षेपैस्त्यज्यतां बालचापलम् ॥१॥**

(૧) अं. – શુદ્ધ અંતરંગ પરિણામથી म.– રાગ-દ્વેષને બંને પડખે રાખીને–મધ્યસ્થ થઈને अ. – ઠપકો ન આવે તેવી રીતે स्थी. – રહો. कु. –કુયુક્તિ રૂપ કાંકરા નાખવાથી बा. – બાલ્યાવસ્થાની ચપળતાનો त्य. – છોડી દો.

(૧) શુદ્ધ [૭૨]અંતરંગ પરિણામોથી મધ્યસ્થ થઈને ઠપકો ન આવે તેમ રહો. ઠપકો ન આવે એ માટે કુયુક્તિ રૂપ કાંકરા નાંખવાની બાલ-ચપલતાનો ત્યાગ કરો.

---

૭૨ શુદ્ધ અંતરંગ પરિણામોથી એટલે દેખાવથી નહિ, કિંતુ અંતરથી.

**मनोवत्सो युक्तिगवीं, मध्यस्थस्यानुधावति ।**
**तामाकर्षति पुच्छेन, तुच्छाग्रहमनःकपिः ॥२॥**

(૨) म. – મધ્યસ્થ પુરુષનો म. – મન રૂપ વાછરડો यु. – યુક્તિ રૂપ ગાયની अ. – પાછળ દોડે છે. तु. – તુચ્છ આગ્રહવાળા પુરુષનો મન રૂપ વાંદરો तां – યુક્તિ રૂપ ગાયને पु. – પુંછડાથી आ. – ખેંચે છે.

**(૨) મધ્યસ્થ પુરુષનો મન રૂપ વાછરડો યુક્તિ રૂપ ગાયની પાછળ દોડે છે. કદાગ્રહવાળા પુરુષનો મન રૂપ વાનર યુક્તિને પુંછડાથી ખેંચે છે.**

**મધ્યસ્થનું ચિત્ત જ્યાં યુક્તિ હોય ત્યાં જાય છે, અને કદાગ્રહીનું ચિત્ત યુક્તિની કદર્થના કરે છે. મધ્યસ્થ યુક્તિ પ્રમાણે સિદ્ધાંતને સિદ્ધ કરે છે, જ્યારે કદાગ્રહી યુક્તિની ઉપેક્ષા કરીને કે યુક્તિને ગમે તેમ ખેંચીને યેન કેન પ્રકારેણ સ્વપક્ષ–પોતે માનેલું સિદ્ધ કરવા મથે છે. યુક્તિનો યોગ્ય રીતે ઉપયોગ ન કરવો એ યુક્તિની કદર્થના છે. કદાગ્રહી સ્વપક્ષ સિદ્ધ કરવા યુક્તિનો અયોગ્ય રીતે ઉપયોગ કરીને યુક્તિની કદર્થના કરે છે. મધ્યસ્થની દૃષ્ટિ તત્ત્વ તરફ હોય છે, અને કદાગ્રહીની દૃષ્ટિ સ્વપક્ષ તરફ હોય છે.[૭૩]**

---

૭૩  અ. સા. ગા. ૪૮૪, અ. ઉપ. અ. ૧ ગા. ૬

**नयेषु स्वार्थसत्येषु, मोघेषु परचालने ।**
**समशीलं मनो यस्य, स मध्यस्थो महामुनिः ॥३॥**

(૩) स्वा. –પોતપોતાના અભિપ્રાયથી સાચા ( અને ) प. – બીજા નયોના વક્તવ્યનું નિરાકરણ કરવામાં मो. – નિષ્ફળ न. – નયોમાં य. – જેનું मनः – મન स. – સમ-સ્વભાવવાળું છે सः म. – તે મહાન મુનિ म.–મધ્યસ્થ છે.

(૩) પોતપોતાના અભિપ્રાયે સાચા અને બીજા નયોના વક્તવ્યનું નિરાકરણ કરવામાં નિષ્ફળ નયોમાં જેનું મન સમાનભાવ ધારણ કરે છે, અર્થાત્ આ નયો સાચા છે અને આ નયો જુઠ્ઠા છે એમ વિભાગ કર્યા વિના બધા નયો પ્રત્યે સમભાવ રાખે છે તે મહામુનિ મધ્યસ્થ છે.[૭૪]

**स्वस्वकर्मकृतावेशाः, स्वस्वकर्मभुजो नराः**
**न रागं नापि च द्वेषं, मध्यस्थस्तेषु गच्छति ॥४॥**

(૪) नराः – મનુષ્યો स्व. – પોતપોતાના કર્મમાં જેણે આગ્રહ કર્યો છે એવા, અર્થાત્ સ્વકર્મપરવશ ( અને ) स्व.– પોતપોતાના કર્મને ભોગવનારા છે. तेषु – તેવા મનુષ્યોમાં म. – મધ્યસ્થ પુરુષ रागं – રાગને न ग. – પામતો નથી, च – અને द्वेषं – દ્વેષને अपि – પણ न ग. – પામતો નથી.

(૪) પોતપોતાના કરેલા કર્મને વશ બનેલા,

---

૭૪ વિ. આ. ભા. ગા. ૨૨૭૨, અ. ઉપ. અ. ૧ ગા. ૬૧ થી ૬૪, સ. તર્ક કાંડ ૧ ગા. ૨૮

અને પોતપોતાના કર્મના ફળને ભોગવનારા મનુષ્યોમાં મધ્યસ્થ પુરુષ રાગ–દ્વેષ કરતો નથી.

**मनः स्याद् व्यापृतं, यावत्परदोषगुणग्रहे ।**
**कार्यं व्यग्रं वरं तावन्मध्यस्थेनात्मभावने ॥५॥**

(૫) या. – જ્યાં સુધી मनः – મન प. – પારકા દોષ અને ગુણને ગ્રહણ કરવામાં व्या. – પ્રવર્તેલું स्यात् – હોય ता. – ત્યાં સુધી म. – મધ્યસ્થ પુરુષે आ. – આત્મધ્યાનમાં व्यग्रं – આસક્ત कार्यं – કરવું वरं – શ્રેષ્ઠ છે.

(૫) જેટલો ટાઈમ પારકાના દોષ અને ગુણ ગ્રહણ કરવામાં મન રોકાયેલું રહે છે, તેટલો ટાઈમ તેને મધ્યસ્થ પુરુષે આત્મધ્યાનમાં રત રાખવું સારું છે.

પ્રશ્ન:– બીજાના દોષો જોવા, વિચારવા કે બોલવા એ દોષરૂપ છે. પણ બીજાના ગુણો વિચારવા જોવા કે બોલવા એ તો ગુણ છે. આથી પારકાના ગુણો શા માટે ગ્રહણ ન કરવા? ઉત્તર:– મગનું પાણી અને દૂધ બંને પૌષ્ટિક અને ઉત્તમ છે. છતાં રોગીને તો મગનું પાણી જ લાભ કરે, પણ નિરોગી માણસને આ બેમાં કોનાથી વધારે લાભ મળે? મગનું પાણી લે તો તેને નુકશાન નથી, પણ દૂધ-પાનથી મળતા અધિક લાભથી વંચિત રહી જાય છે. સૂક્ષ્મદૃષ્ટિથી વિચારીએ તો આમાં નુકશાન પણ છે. અધિક લાભથી વંચિત રહેવું એ જેવું તેવું

નુકશાન નથી. રોગી પ્રાથમિક અવસ્થામાં મગના પાણીનું સેવન કરીને નિરોગી બની જાય અને દૂધનું સારી રીતે પાચન કરવાની શક્તિ આવી જાય, છતાં મગનું પાણી જ પીવાનું ચાલુ રાખે તો શું એ પૂર્ણ શક્તિ મેળવી શકે? પછી તો એ ધીમે ધીમે મગના પાણીના સ્થાને દૂધનું સેવન કરે અને અંતે મગનું પાણી સર્વથા છોડી કેવળ દૂધનું જ સેવન કરે. એ જ પ્રમાણે પ્રસ્તુતમાં પરગુણગ્રહણ મગના પાણી તુલ્ય અને આત્મધ્યાન દૂધ સમાન છે. નીચલી કક્ષાના સાધક માટે પરગુણગ્રહણ લાભદાયી છે, પણ ઉચ્ચ કક્ષાના સાધકને પરગુણગ્રહણથી થતા લાભની અપેક્ષાએ આત્મધ્યાનથી અધિક લાભ થાય છે. આથી જ પ્રસ્તુત ગ્રંથકાર મહાત્માએ બાલાવબોધ (ટબા)માં લખ્યું છે કે–"પરને વિશે મન તે ચિંતા સ્વરૂપ છે, અને આત્માને વિશે મન તે સમાધિ સ્વરૂપ છે. ચિંતામાં જ રહેનાર સમાધિ ન પામી શકે. આથી ગુણ–દોષ સર્વ છોડીને આત્માથી અભિન્ન જ્ઞાન–દર્શન–ચારિત્ર રૂપ રત્નત્રયીમાં લીન રહેવું જોઈએ."[૭૫]

---

૭૫ પ્ર. ૨. ગા. ૧૮૪

[સાથે સાથે એ પણ ન ભૂલવું જોઈએ કે, જ્યાં સુધી સમાધિની અવસ્થામાં પહોંચવાની યોગ્યતા ન આવે ત્યાં સુધી પરગુણગ્રહણ આદિ ચિંતા આવશ્યક છે.]

**विभिन्ना अपि पन्थानः, समुद्रं सरितामिव ।**
**मध्यस्थानां परं ब्रह्म, प्राप्नुवन्त्येकमक्षयम् ॥६॥**

(૬) इव – જેમ स. – નદીઓના (જુદા જુદા પણ માર્ગો એક) स. – સમુદ્રને (મળે છે, તેમ) म. – મધ્યસ્થોના वि. अपि प. – જુદા જુદા પણ માર્ગો एकं – એક अ. – ક્ષય રહિત परं ब्रह्म – ઉત્કૃષ્ટ પરમાત્મ સ્વરૂપને प्रा. – પ્રાપ્ત કરે છે.

(૬) જેમ નદીઓના જુદા જુદા પણ માર્ગો સમુદ્રને મળે છે, તેમ અપુનર્બંધક, સમ્યગ્દષ્ટિ વગેરે મધ્યસ્થોના (મુક્તિપદના) જુદા જુદા માર્ગો–ઉપાયો ક્ષય રહિત એક પરબ્રહ્મને પ્રાપ્ત કરે છે. અર્થાત્ મધ્યસ્થ બનીને મુક્તિની સાધના કરનારા બધા મોડા વહેલા કેવલજ્ઞાન પામીને પરમાત્મા બને છે.

**स्वागमं रागमात्रेण, द्वेषमात्रात् परागमम् ।**
**न श्रयामस्त्यजामो वा, किन्तु मध्यस्थया दृशा ॥७॥**

(૭) स्वा. – પોતાના શાસ્ત્રને रा. – કેવળ રાગથી न श्र. – સ્વીકારતા નથી, वा. – અથવા प. – પરના શાસ્ત્રને द्वे. – કેવલ દ્વેષથી न त्य. – તજતા નથી. किन्तु – પરંતુ

म. द.–મધ્યસ્થ દૃષ્ટિથી (સ્વીકાર અને ત્યાગ કરીએ છીએ)

(૭)અમે (સત્યાસત્યનો વિચાર કર્યા વિના) કેવળ રાગથી પોતાના સિદ્ધાંતનો સ્વીકાર કરતા નથી, તેમ કેવળ દ્વેષથી પર સિદ્ધાંતનો ત્યાગ કરતા નથી. કિંતુ મધ્યસ્થ દૃષ્ટિથી વિચાર કરીને સ્વસિદ્ધાંતનો સ્વીકાર અને પર સિદ્ધાંતનો ત્યાગ કરીએ છીએ.[૭૬]

**मध्यस्थया दृशा सर्वेष्वपुनर्बन्धकादिषु ।**
**चारिसंजीविनीचार–न्यायादाशास्महे हितम् ॥८॥**

(૮) स. अ.–અપુનર્બંધકાદિ બધામાં म. द.–મધ્યસ્થ દૃષ્ટિથી चा.–( ચારિ = ઘાસ ) ઘાસ સાથે સંજીવની ચરાવવાના દૃષ્ટાન્તથી हितं – કલ્યાણ आ.–ઇચ્છીએ છીએ.

( ૮ ) અમે અપુનર્બંધક આદિ સર્વ પ્રકારના જીવોમાં મધ્યસ્થદૃષ્ટિથી ચારિસંજીવનીચાર ન્યાયથી હિત ઇચ્છીએ છીએ. અહીં આદિ શબ્દથી માર્ગાભિમુખ, માર્ગપતિત, અવિરત સમ્યગ્દૃષ્ટિ, દેશવિરતિ અને સર્વવિરતિ જીવો સમજવા.

---

૭૬ લો. ત. નિ. ગા. ૧૮ થી ૨૦, ૩૨ – ૩૩ તથા ૩૮ – ૩૯, અયોગવ્ય. દ્વા. ગા. ૨૯. યો. બિં. ગા. ૫૨૪.

સંક્ષેપમાં ચારિસંજીવનીચાર ન્યાય સંબંધી[77] કથા– શ્રાવસ્તી નગરીમાં એક બ્રાહ્મણપુત્રી હતી. તેની એક અત્યંત પ્રીતિપાત્ર સખી હતી. વિવાહ થવાથી બંને જુદી પડી. એક વાર સખી બ્રાહ્મણ-પુત્રીને મળવા ગઈ. બ્રાહ્મણપુત્રીને ઉદાસીન જોઈને સખીએ ઉદાસીનતાનુ કારણ પૂછ્યું. બ્રાહ્મણ-પુત્રીએ કહ્યું: મારો પતિ મને આધીન નથી તેથી હું દુ:ખી છું. સખીએ તેને શાંત્વન આપતાં કહ્યું: હું વનસ્પતિની જડી આપું છું. તે જડી તું તારા પતિને ખવડાવી દે જે, જેથી તે બળદ બની જશે. બ્રાહ્મણપુત્રીએ પતિને જડી ખવડાવી બળદ બનાવી દીધો. પછી તેને દુ:ખ થયું. તે હમેશાં તેને બહાર ચરાવવા લઈ જતી હતી. એક દિવસ તે એક વડવૃક્ષની નીચે બળદને ચરાવતી બેઠી હતી. આ વખતે એક વિદ્યાધરયુગલ એ વડની શાખા ઉપર બેશી આરામ લેતું હતું. બંનેના વાર્તાલાપમાં વિદ્યાધરે કહ્યું: આ બળદ સ્વાભાવિક નથી, જડીના પ્રયોગથી મનુષ્ય મટી બળદ થયો છે. હવે જો આ વૃક્ષ નીચે રહેલી સંજીવની નામની જડી ખવડાવવામા આવે તો તે ફરી બળદ મટી મનુષ્ય બની જાય. બ્રાહ્મણપુત્રીએ આ સાંભળી બળદને સંજીવની ખવડાવવાનો વિચાર

---

૭૭ યો. બિં. ગા. ૧૧૯

કર્યો. પણ તે સંજીવનીને ઓળખતી ન હતી. આથી તેણે વડવૃક્ષ નીચે રહેલી બધી વનસ્પતિ બળદને ચરાવી દીધી. બધી વનસ્પતિની સાથે સંજીવની પણ આવી ગઈ. આથી તેનો પતિ બળદ મટી મનુષ્ય થયો. જેમ અહીં બળદ બધી વનસ્પતિને ચરતાં ચરતાં સંજીવની પણ ચરી ગયો, એથી બળદ મટી મનુષ્ય થયો. તેમ પ્રસ્તુતમાં અપુનર્બંધક વગેરે જીવો શુદ્ધ મોક્ષમાર્ગને જાણતા નથી, પણ પોતે માનેલા દર્શનમાં કહેલી મોક્ષ માટેની ક્રિયા કરતાં કરતાં શુદ્ધ મોક્ષમાર્ગ પામે છે અને આત્મહિત સાધે છે.

**અપુનર્બંધકઃ-** જે જીવ રાગાદિદોષોનો હ્રાસ થવાથી આયુષ્ય સિવાય સાત કર્મની અંતઃકોડાકોડિ સાગરોપમથી અધિક સ્થિતિને ખપાવે છે અને ભવિષ્યમાં ફરી ક્યારે ય અંતઃકોડાકોડિ સાગરોપમથી અધિક સ્થિતિનો બંધ કરે નહિ તે અપુનર્બંધક છે.

પ્રશ્નઃ- યોગશાસ્ત્રોમાં અપુનર્બંધકની વ્યાખ્યામાં ફરી ( સાત કર્મની ) ઉત્કૃષ્ટ સ્થિતિ ન બાંધે એવો ઉલ્લેખ છે. આથી અહીં અંતઃકોડાકોડિ સાગરોપમથી અધિક સ્થિતિ ન બાંધે એમ કેમ

કહ્યું ? ઉત્તરઃ– અપુનર્બંધક જીવોને શાસ્ત્રમાં ધર્મ-પ્રાપ્તિને યોગ્ય કહેલા છે. યથાપ્રવૃત્તિકરણમાં આવ્યા વિના ધર્મપ્રાપ્તિની યોગ્યતા આવે નહિ. યથા-પ્રવૃત્તિકરણમાં આયુષ્ય સિવાય બધા કર્મોનો સ્થિતિબંધ અંતઃકોડાકોડિ સાગરોપમથી વધારે ન થાય. તથા અપુનર્બંધકને યોગશાસ્ત્રોમાં ( પ્રાયઃ ) વર્ધમાન ગુણવાળો કહ્યો છે. આથી તે પ્રાપ્ત થયેલી અવસ્થાથી પાછો પડતો નથી. આમ, અર્થાપત્તિથી સિદ્ધ થાય છે કે અપુનર્બંધક જીવ અંતઃકોડાકોડિ સાગરોપમથી અધિક સ્થિતિનો બંધ ન કરે.

અપુનર્બંધક જીવ નિયમા ચરમાવર્તકાળમાં આવેલો હોવાથી શુક્લપાક્ષિક હોય છે. કોઈ પણ જીવના આધ્યાત્મિક વિકાસના પગરણ અપુનર્બંધક અવસ્થાથી મંડાય છે.

અપુનર્બંધકના લક્ષણો :– (૧) તીવ્રભાવથી–ઉત્કટ રાગાદિપૂર્વક પાપ કર્મ ન કરે. (૨) ભયાનક સંસાર પ્રત્યે બહુમાન–આદરભાવ ન હોય, અર્થાત્ તેમાં તીવ્ર આસક્તિ ન હોય. (૩) સર્વત્ર ઉચિત રીતે વર્તે, એટલે કે ધન મેળવવામાં ન્યાય રાખવો, આંગણે અતિથિ આવે તો યોગ્ય સત્કાર કરવો વગેરે ઔચિત્યને જાળવે. ધર્મસ્થાન, બજાર,

મુસાફરી, ઘર, કુટુંબ, સમાજ વગેરે સ્થળે જ્યાં જેવું ઔચિત્ય સાચવવાનું હોય ત્યાં તેવું ઔચિત્ય સ્વશક્તિ આદિ મુજબ સાચવે. જેમ મયૂરશિશુના પીંછામાં આકર્ષક રંગ–ચિત્ર સ્વાભાવિક હોય છે, પીંછાને કોઈ ચીતરતું નથી; તેમ અપુનર્બંધક જીવમાં આ ગુણો પરના દબાણ કે ભય આદિ વિના સ્વાભાવિક–સહજભાવે હોય છે.

**માર્ગાભિમુખ–માર્ગપતિતઃ**– જ્યારે રાગાદિ વિશેષ રૂપે ઘટે છે ત્યારે અપુનર્બંધક જીવ માર્ગાભિમુખ અને માર્ગપતિત બને છે.[૭૮] માર્ગ એટલે વિશિષ્ટ ( ચતુર્થાદિ ) ગુણસ્થાનની પ્રાપ્તિ કરાવનાર સ્વાભાવિક ( મિથ્યાત્વમોહાદિના ) ક્ષયોપશમ વિશેષથી થતી સર્પને પેસવાની લાંબી નળીની[૭૯] જેમ ચિત્તની સરળ ગતિ. ચિત્તની સરળ ગતિ એટલે ચિત્તમાં કદાગ્રહ, વિષયતૃષ્ણા આદિ રૂપ વક્રતાના ત્યાગથી મધ્યસ્થતા સંતોષ આદિ ગુણોનો પ્રાદુર્ભાવ.

૭૮ કોઈના મતે આ બે અવસ્થાઓ અપુનર્બંધકથી ઊતરતી કોટિની છે.

૭૯ જંગલમાં સર્પ વાંશ વગેરેની નળીમાં પેસી જાય છે. આ નળી સરળ હોય છે. જો નળી વાંકી હોય તો સર્પ તેમાં પેસી શકે નહિ.

જે જીવ આવા માર્ગ તરફ વળ્યો હોય, અર્થાત્ માર્ગમાં પ્રવેશવાની યોગ્યતા પ્રાપ્ત કરી હોય, પણ માર્ગમાં પ્રવેશ ન કર્યો હોય તે માર્ગાભિમુખ કહેવાય અને જેણે એ માર્ગમાં પ્રવેશ કરી દીધો હોય તે માર્ગપતિત કહેવાય.[૮૦]

## अथ निर्भयाष्टकम् ॥१७॥

**यस्य नास्ति परापेक्षा, स्वभावाऽद्वैतगामिनः ।**
**तस्य किं न भयभ्रान्ति–क्लान्तिसन्तानतानवम् ? ॥१॥**

(૧) स्व. – સ્વભાવની એકતાને પામેલા य. – જેને प. – બીજાની અપેક્ષા ना. – નથી, त. – તેને भ. – ભયની ભ્રાન્તિથી થયેલ ખેદની પરંપરાનું અલ્પપણું किं न – શું ન હોય ?

(૧) કેવળ આત્મસ્વભાવમાં રમનારા અને પરની ( દેવલોકાદિ સુખની ) અપેક્ષાથી રહિતને ભયની ભ્રાન્તિથી થતા ખેદની પરંપરા પાતળી બની જાય છે.

---

૮૦ યો. બિં. ગા. ૧૭૯, ઉ. પ. ગા. ૨૫૩, દ્વા. દ્વા. ૧૪ ગા. ૨-૪, પંચા. ૩ ગા. ૩, લ. વિ. મગ્ગ-મ્યાણું પદ.

આવા મુનિઓ સાત પ્રકારના[૮૧] ભયથી રહિત હોવાથી ભયથી થતા દુઃખોથી રહિત હોય છે. જગતના મૂઢ જીવોને હાય ! ધન જતું રહેશે તો ? હાય આપણે લૂંટાઈ જઈશું તો ? આવી આવી અનેક જાતની ભ્રાન્તિ–શંકા થાય છે, અર્થાત્ ભય આવવાની શંકા રહ્યા કરે છે. ભયની શંકાના કારણે ખેદ–ચિંતા અનુભવે છે. એક ભયની શંકા થઈ. મન ચિંતાતુર બન્યું. આ ભયની શંકા દૂર થઈ ન થઇ ત્યાં તો બીજી ભય-શંકા ઊભી થઇ અને મન ચિંતામાં પડ્યું. જેમ તેમ કરીને એ ચિંતા ગઈ ત્યાં તો વળી ત્રીજી ભયશંકા ઉત્પન્ન થઈ અને મનમાં ચિંતા ઊભી થઈ. આમ મૂઢજીવોને ભયશંકાથી થતા ખેદની-ચિંતાની પરંપરા–પ્રવાહ ચાલ્યા કરે છે. આનું કારણ પરની અપેક્ષાથી પરભાવમાં રમણતા છે. મુનિઓ પરની અપેક્ષાથી રહિત બની આત્મસ્વભાવમાં

---

૮૧ ઇહલોક (=મનુષ્યને મનુષ્યથી ભય … ), પરલોક (=મનુષ્યને દેવાદિથી ભય), આદાન (=કોઇ મારું ધન વગેરે લઈ લેશે એવો ભય), અકસ્માત્ (=ધરતી કંપ વગેરે), આજીવિકા ( = જીવનનિર્વાહ ), અપજશ અને મરણ એમ સાત પ્રકારે ભય છે.

રમનારા હોવાથી એમને ભયભ્રાન્તિથી થતો ખેદ-ચિંતા ન હોય.

**भवसौख्येन किं भूरि-भयज्वलनभस्मना ? ।**
**सदा भयोज्झितज्ञान-सुखमेव विशिष्यते ॥२॥**

(૨) ભૂ. – ઘણા ભય રૂપ અગ્નિની રાખ જેવા ભ. – સંસારના સુખથી किं – શું ? सदा – હમેશાં ભ. – ભયરહિત જ્ઞાન સુખ જ वि. – સર્વાધિક છે.

(૨) બહુ ભય રૂપ અગ્નિની રાખ સમાન સંસાર સુખોથી શું ? અર્થાત્ સંસારસુખ ભય રૂપ અગ્નિથી બળી ગયેલું હોવાથી નકામું છે. સદા ભયથી રહિત જ્ઞાનસુખ જ સર્વસુખોથી ઉત્તમ છે.[૮૨]

**न गोप्यं क्वापि नारोप्यं, हेयं देयं च न क्वचित् ।**
**क्व भयेन मुनेः स्थेयं, ज्ञेयं ज्ञानेन पश्यतः ? ॥३॥**

(૩) ज्ञेयं – જાણવા યોગ્યને ज्ञा. – જ્ઞાનથી प. – જોતા मुनेः – મુનિને क्वापि – ક્યાંય પણ न गो. – છુપાવવા યોગ્ય નથી. न आ. – મૂકવા યોગ્ય નથી, क्व – ક્યાંય हेयं – છોડવા યોગ્ય च – અને देयं – આપવા યોગ્ય न – નથી. આથી મુનિમાં भ. – ભય क्व – ક્યાં स्थेयं – રહે ?

(૩) જાણવા યોગ્ય વસ્તુને જ્ઞાનથી જાણતા મુનિને ક્યાંય છુપાવવા જેવું નથી, તેની પાસે

૮૨ પ્ર. ર. ગા. ૧૮૪

ક્યાંય રાખી મૂકવા જેવું નથી, ક્યાંય છોડવા જેવું નથી, અને ક્યાંય આપવા જેવું નથી. આથી મુનિને ક્યાંય ભય હોતો નથી.

**एकं ब्रह्मास्त्रमादाय, निघ्नन्मोहचमूं मुनिः ।**
**बिभेति नैव संग्राम-शीर्षस्थ इव नागराट् ॥४॥**

(૪) एकं – એક ब्र. – આત્મજ્ઞાન રૂપ શસ્ત્રને आ. – લઈને मो. – મોહની સેનાને नि. – હણતો मुनिः – મુનિ सं. – સંગ્રામના મોખરે રહેલા ना. – ઉત્તમ હાથીની इव – જેમ न बि. – ભય પામતો નથી.

(૪) શુદ્ધજ્ઞાન રૂપ શસ્ત્ર પકડીને મોહની સેનાના ચૂરેચૂરા કરતા મુનિ યુદ્ધના મોખરે રહેલા શ્રેષ્ઠ હાથીની જેમ ભય પામતા જ નથી.

**मयूरी ज्ञानदृष्टिश्चेत्, प्रसर्पति मनोवने ।**
**वेष्टनं भयसर्पाणां, न तदानन्दचन्दने ॥५॥**

(૫) चेद् – જો ज्ञा. म. – જ્ઞાનદૃષ્ટિ રૂપ ઢેલ म. – મન રૂપ વનમાં प्र. – વિચરે છે, तदा – તો आ. – આત્માનંદ રૂપ ચંદન વૃક્ષમાં भ. – ભય રૂપ સાપોનું वे. – વીંટાવું न – થતું નથી.

(૫) જો મન રૂપ વનમાં મોરલી જેવી જ્ઞાન-દૃષ્ટિ ફરતી હોય તો આનંદ રૂપ ચંદનવૃક્ષમાં ભય રૂપ સર્પો ન વીંટાય.

**कृतमोहास्त्रवैफल्यं, ज्ञानवर्म बिभर्ति यः ।**
**क्व भीस्तस्य क्व वा भङ्गः, कर्मसङ्गरकेलिषु ? ॥६॥**

(૬) कृ. – કર્યું છે મોહ રૂપ શસ્ત્રનું નિષ્ફળપણું જેણે એવું ज्ञा. – જ્ઞાન રૂપ બખ્તર यः – જે बि. – ધારણ કરે છે त. – તેને क. – કર્મના સંગ્રામની ક્રીડામાં भीः–ભય क्व – ક્યાંથી (હોય) ? वा – અથવા भंगः – પરાજય क्व – ક્યાંથી (હોય) ?

**(૬) મોહના શસ્ત્રને નિષ્ફળ કરનાર જ્ઞાન બખ્તરને જે પહેરે છે તેને કર્મના યુદ્ધની ક્રીડામાં ન ભય હોય અને ન તો પરાજય હોય.**

**तूलवल्लघवो मूढा, भ्रमन्त्यभ्रे भयानिलैः ।**
**नैकं रोमापि तैर्ज्ञान–गरिष्ठानां तु कम्पते ॥७॥**

(૭) तू. – આકડાના રૂની જેમ ल. – હલકા मूढाः – અવિવેકી જનો भ. – ભય રૂપ વાયુથી अभ्रे – આકાશમાં भ्र. – ભમે છે. तु – પણ ज्ञा.–જ્ઞાનથી અત્યંત ભારે પુરુષોનું एकं रोमाऽपि – એક રૂંવાડું પણ न क. – ફરકતું નથી.

**(૭) આકડાના રૂની જેમ હલકા [૮૩]મૂઢ જીવો ભય રૂપ પવનથી આકાશમાં (લોકાકાશમાં) ભમે છે. જ્ઞાનથી ભારે બનેલા મુનિઓનું તેનાથી (-ભય રૂપ પવનથી) એક રૂંવાડું પણ ફરકતું નથી.**

---

૮૩ હલકા કેમ છે તે જણાવવા મૂઢ વિશેષણ મૂકયું છે. તત્ત્વજ્ઞાન રહિત હોવાથી હલકા છે.

**चित्ते परिणतं यस्य, चारित्रमकुतोभयम् ।**
**अखण्डज्ञानराज्यस्य, तस्य साधोः कुतो भयम् ॥८॥**

(૮) य.–જેના चित्ते–ચિત્તમાં अ.–જેનાથી કોઈને ભય નથી (અથવા જેમાં કોઈથી ભય નથી) એવું चा.–ચારિત્ર प.–પરિણમેલું છે, त.–તે अ.–અખંડ જ્ઞાન રૂપ રાજ્યવાળા साधोः–સાધુને कुतः भयं–ક્યાંથી ભય હોય ?

(૮) જેમાં કોઈથી ભય નથી એવું ચારિત્ર જેના ચિત્તમાં પરિણમ્યું છે, અને અખંડિત જ્ઞાન રૂપ સામ્રાજ્ય જેને પ્રાપ્ત થયું છે તે સાધુને ક્યાંથી ભય હોય ?[૮૪]

## अथ अनात्मप्रशंसाष्टकम् ॥१८॥

**गुणैर्यदि न पूर्णोऽसि, कृतमात्मप्रशंसया ।**
**गुणैरेवासि पूर्णश्चेत्, कृतमात्मप्रशंसया ॥१॥**

(૧) यदि–જો गुणैः–કેવલજ્ઞાનાદિ ગુણોથી पूर्णः–પરિપૂર્ણ न असि–નથી, (તો) आ.–પોતાની પ્રશંસાથી કૃતં–સર્યું. चेत्–જો गुणैः–ગુણોથી पूर्णः–પૂર્ણ एव–જ असि–છે (તો) आ.–પોતાની પ્રશંસાથી कृतं–સર્યું.

(૧) મહાનુભાવ ! જો તું કેવળજ્ઞાન આદિ

---

૮૪ પ્ર. ૨. ગા. ૧૧૯

ગુણોથી પૂર્ણ નથી તો જાત પ્રશંસા નકામી છે. જો તું ગુણોથી પૂર્ણ છે તો પણ જાત પ્રશંસાની જરૂર નથી.

જે ગુણોથી અપૂર્ણ છે તેને આત્મપ્રશંસા કરવી યોગ્ય નથી. કારણ કે તેનાથી ફોગટ ફુલાવાનું થાય છે. જે ગુણોથી પૂર્ણ છે તેને આત્મપ્રશંસા કરવાની જરૂર જ રહેતી નથી. કારણ કે એના ગુણો ગુલાબપુષ્પની સુવાસની જેમ સ્વતઃ ચોતરફ ફેલાય છે. आचारः कुलमाख्याति આચરણ જ કુળને કહે છે એ ન્યાયે સ્વયમેવ ગુણો પ્રગટ થાય છે.

**श्रेयोद्रुमस्य मूलानि, स्वोत्कर्षाम्भःप्रवाहतः ।**
**पुण्यानि प्रकटीकुर्वन्, फलं किं समवाप्स्यसि ? ॥२॥**

(૨) श्रे. – કલ્યાણ રૂપ વૃક્ષના पु. मू. – પુણ્ય રૂપ મૂળીયાંને स्वो. – પોતાના ઉત્કર્ષવાદ રૂપ પાણીના પ્રવાહથી प्र. – પ્રગટ કરતો फलं किं स. – ફળ શું પામીશ ?

(૨) સ્વોત્કર્ષ રૂપ પાણીના પ્રવાહથી કલ્યાણ રૂપ વૃક્ષનાં મૂળિયાં જેવાં સુકૃતોને પ્રગટ કરતો તું ફળ નહિ પામે. જે વૃક્ષનાં મૂળિયાં પ્રગટ થઈ જાય તે વૃક્ષમાં ફળ ન આવે.[૮૫]

---

૮૫ અ. ક. અધિ. ૧૧ ગા. ૧૦

**आलम्बिता हिताय स्युः, परैः स्वगुणरश्मयः ।**
**अहो स्वयं गृहीतास्तु, पातयन्ति भवोदधौ ॥३॥**

(૩) अहो – આશ્ચર્ય છે કે – परैः – બીજાઓએ आ.– ગ્રહણ કરેલા स्व. – પોતાના ગુણ રૂપ દોરડાં हि. – હિત માટે स्युः – થાય છે, स्वयं – પોતે गृहीतास्तु – ગ્રહણ કર્યાં હોય તો भ. – ભવસમુદ્રમાં पा. – પાડે છે.

(૩) બીજાઓએ ( સ્તુતિ આદિથી ) ગ્રહણ કરેલા સ્વગુણ રૂપ દોરડાં હિત માટે થાય–ભવ રૂપ કૂવામાંથી બહાર કાઢે; પણ જો સ્વયં ગ્રહણ કર્યાં હોય તો ભવ રૂપ સમુદ્રમાં પાડે છે.

**उच्चत्वदृष्टिदोषोत्थ-स्वोत्कर्षज्वरशान्तिकम् ।**
**पूर्वपुरुषसिंहेभ्यो, भृशं नीचत्वभावनम् ॥४॥**

(૪) पू. – પૂર્વે થયેલા મહાપુરુષો રૂપ સિંહોથી भृशं – અત્યંત नी.–ન્યૂનપણાની ભાવના उ.–ઉચ્ચપણાની દૃષ્ટિના દોષથી થયેલ સ્વાભિમાન રૂપ જ્વરની શાંતિ કરનાર છે.

(૪) પૂર્વે થઈ ગયેલા મહાપુરુષો રૂપ સિંહોથી અતિશય હીનપણાની ભાવના ઉચ્ચપણાની દૃષ્ટિ રૂપ દોષથી ઉત્પન્ન થયેલ સ્વાભિમાનના ભાવ રૂપ જ્વરને મટાડે છે.

જ્ઞાનાદિગુણોથી ભરેલા ગૌતમસ્વામી વગેરે પૂર્વના મહાપુરુષો ક્યાં ? અને નિર્ગુણ હું ક્યાં ? એ મહાપુરુષોની અપેક્ષાએ મારામાં કંઈ જ નથી

એમ વિચારવાથી અહંકાર ઘટે છે. અહંકાર ઘટ-વાથી સ્વોત્કર્ષ પણ ઘટે છે. જેમ કફ આદિ દોષથી તાવ આવે છે તેમ હું કંઈક છું એવી ઉચ્ચપણા-ની દૃષ્ટિ રૂપ દોષથી અહંકાર થાય છે. એટલે જેમ કફ વગેરે દોષ દૂર થતાં તાવ દૂર થાય છે તેમ ઉક્ત ભાવનાથી અહંકાર દોષ દૂર થાય છે.

**शरीररूपलावण्य–ग्रामारामधनादिभिः ।**
**उत्कर्षः परपर्यायैश्चिदानन्दघनस्य कः ? ॥५॥**

(૫) चि. – જ્ઞાન અને આનંદથી ભરપૂર આત્માને श. – શરીરના રૂપ અને સૌંદર્ય, ગામ, બગીચા અને ધન આદિ રૂપ प. – પરદ્રવ્યના ધર્મોથી उ. – અભિમાન कः – શો ?

(૫) ચિદાનંદથી પૂર્ણને શરીર, રૂપ, લાવણ્ય, ગામ, બગીચો, ધન આદિ પરદ્રવ્ય ધર્મોથી અતિશય અભિમાન શો ? અર્થાત્ શરીર આદિથી અભિમાન કરવો એ ચિદાનંદપૂર્ણ માટે ઠીક ન ગણાય.

ઉત્તમ પુરુષ પારકા ધનથી પોતાને ધનવાન ન માને, કારણ કે તેનાથી એને કોઈ લાભ થતો નથી, આથી તે પારકા ધનથી અભિમાન ન કરે. તે પ્રમાણે વિવેકી આત્મા શરીર આદિ પરપર્યાયો-થી પોતાને ગુણવાન ન માને, કારણ કે એનાથી

પોતાને કોઈ લાભ થતો નથી. આથી તે શરીર આદિથી અભિમાન ન કરે.

**शुद्धाः प्रत्यात्मसाम्येन, पर्यायाः परिभाविताः ।**
**अशुद्धाश्चापकृष्टत्वान्नोत्कर्षाय महामुनेः ॥६॥**

(૬) प. – ( શુદ્ધનયની દષ્ટિથી ) વિચારેલા शुद्धाः प. – શુદ્ધ પર્યાયો प्र. – દરેક આત્મામાં સમાનપણે હોવાથી ( અને ) अशुद्धाः – વિભાવ પર્યાયો अ. – તુચ્છ હોવાથી म. – મહામુનિને उ. न – અભિમાન માટે થતા નથી.

(૬) શુદ્ધનયથી વિચારતાં સહજ શુદ્ધ પર્યાયો દરેક આત્મામાં ( એકેંદ્રિયાદિમાં પણ ) તુલ્ય હોવાથી અને અશુદ્ધનયથી વિચારતાં વિભાવ પર્યાયો તુચ્છ હોવાથી સર્વનયોમાં પરિણત સાધુને તે ( શુદ્ધ અને અશુદ્ધ ) પર્યાયો અભિમાન માટે થતા નથી.

શુદ્ધપર્યાયો દરેક આત્મામાં સમાન હોવાથી અમુક જીવ ઉચ્ચ છે, અમુક જીવ નીચ છે, અમુક જીવ નાનો છે, અમુક જીવ મોટો છે, એવો ભેદ ન રહેવાથી હું અમુક જીવથી ઉચ્ચ છું, મારામાં અમુક જીવથી અમુક વિશેષતા છે એમ અભિમાન કરવાનો પ્રસંગ જ રહેતો નથી. શરીર, ધન, રાજ્ય વગેરે પુદ્ગલ પર્યાયો તો સદા સાથે રહેતા ન

હોવાથી તથા અન્ય જીવોએ પણ ભોગવેલા હોવાથી (એઠા અન્નની જેમ) તુચ્છ છે. તુચ્છ વસ્તુઓનો અભિમાન શો ? આમ, મહામુનિ બંને પ્રકારના પર્યાયોથી અભિમાન કરતા નથી.

**क्षोभं गच्छन् समुद्रोऽपि, स्वोत्कर्षपवनेरितः ।**
**गुणौघान् बुद्बुदीकृत्य, विनाशयसि किं मुधा ॥७॥**

(૭) समुद्रोऽपि – મર્યાદા સહિત હોવા છતાં પણ स्वो. – પોતાના અભિમાન રૂપ પવનથી પ્રેરાયેલો क्षोभं ग.– વ્યાકુલતાને પામતો गु. – ગુણના સમુદાયને बु. – પરપોટા રૂપ કરીને मुधा – ફોગટ किं वि.–કેમ વિનાશ કરે છે ?

(૭) મહાનુભાવ ! સમુદ્ર=સાધુવેશની મર્યાદા સહિત હોવા છતાં, સ્વોત્કર્ષ રૂપ પવનથી પ્રેરાઈને ક્ષોભ પામતો તું જ્ઞાનાદિગુણોના પુંજને પરપોટા રૂપે કરીને ફોગટ શા માટે વિનાશ કરે છે ? જેમ સમુદ્રને પવનના બળે પાણીને પરપોટા રૂપે કરીને વિનાશ કરવો યોગ્ય નથી, તેમ ઉત્તમ પુરુષને ઉત્કર્ષથી પોતાના ગુણોનો વિનાશ કરવો યોગ્ય નથી.

**निरपेक्षानवच्छिन्ना–ऽनन्तचिन्मात्रमूर्तयः ।**
**योगिनो गलितोत्कर्षा–ऽपकर्षानल्पकल्पनाः ॥८॥**

(૮) ग. – ગળી ગયેલી છે (उत्कर्ष –) અધિકતા અને (अपकर्ष –) હીનતાની (अनल्प –) ઘણી (कल्पना –) કલ્પનાઓ જેમની એવા यो.–યોગીઓ नि. – (निरपेक्ष –)

અપેક્ષારહિત (अनवच्छिन्न –) દેશની મર્યાદારહિત (अनन्त –) કાળની મર્યાદા રહિત (चिन्मात्रमूर्तयः –) જ્ઞાનમાત્ર શરીર છે જેમનું એવા બને છે. [ निरपेक्ष વગેરે ત્રણ વિશેષણો चिद् ના–જ્ઞાનના છે. ]

(૮) ઉત્કર્ષ–અપકર્ષની ઘણી કલ્પનાઓથી રહિત યોગીઓને અપેક્ષા,[૮૬] દેશમાન અને કાલમાનથી રહિત જ્ઞાનમાત્ર શરીર રહે છે, અર્થાત્ મુક્તિની પ્રાપ્તિ થાય છે. મુક્તિમાં ઔદારિકાદિ શરીર ન હોય, કિંતુ કેવલજ્ઞાન રૂપ શરીર હોય.

## अथ तत्त्वदृष्ट्यष्टकम् ॥१९॥

**रूपे रूपवती दृष्टि–र्दृष्ट्वा रूपं विमुह्यति ।**
**मज्जत्यात्मनि नीरूपे, तत्त्वदृष्टिस्त्वरूपिणी ॥१॥**

(૧) रू. द. – રૂપવાળી દૃષ્ટિ रूपं दृष्ट्वा–રૂપ જોઈને रूपे वि. – રૂપમાં મોહ પામે છે. अ. त. – રૂપ રહિત તત્ત્વની

---

૮૬ મતિ આદિ જ્ઞાનમાં ઇંદ્રિયો વગેરેની અપેક્ષા રહે છે, જ્યારે કેવલજ્ઞાનમાં તેની અપેક્ષા રહેતી નથી. મતિ આદિ જ્ઞાન નિયત ક્ષેત્ર સુધી જ થતું હોવાથી દેશમાનથી સહિત છે, જ્યારે કેવલજ્ઞાન તેનાથી રહિત છે. મતિ આદિ જ્ઞાનમાં કાલની પણ મર્યાદા હોય છે, જ્યારે કેવલજ્ઞાન કાલની મર્યાદાથી રહિત છે. અહીં निरपेक्ष આદિ ત્રણે વિશેષણો જ્ઞાનનાં છે.

દૃષ્ટિ तु – તો नी. आ. – રૂપ રહિત આત્મામાં म. – મગ્ન થાય છે.

(૧) પૌદ્‌ગલિક દૃષ્ટિ (રૂપવાળી હોવાથી) રૂપ જોઈને તેમાં મોહ પામે છે. જ્યારે તત્ત્વ-દૃષ્ટિ (રૂપ રહિત હોવાથી) રૂપ રહિત આત્મામાં મગ્ન થાય છે.[૮૭]

**भ्रमवाटी बहिर्दृष्टि–र्भ्रमच्छाया तदीक्षणम् ।**
**अभ्रान्तस्तत्त्वदृष्टिस्तु, नास्यां शेते सुखाशया ॥२॥**

(૨) ब. – બાહ્ય દૃષ્ટિ भ्र. – ભ્રાન્તિની વાડી છે. त.– બાહ્ય દૃષ્ટિનો પ્રકાશ भ्र. – ભ્રાન્તિની છાયા છે. तु – પરંતુ अ. त. – ભ્રાન્તિ રહિત તત્ત્વની દૃષ્ટિવાળો अस्यां – ભ્રમની છાયામાં सु. – સુખની ઇચ્છાથી न शेते – સૂતો નથી.

(૨) બાહ્યદૃષ્ટિ ભ્રાન્તિની વાડી છે. બાહ્ય-દૃષ્ટિનો પ્રકાશ ભ્રાન્તિની છાયા છે, ભ્રાન્તિ રહિત તત્ત્વદૃષ્ટિવાળો આત્મા સુખની ઇચ્છાથી ભ્રાન્તિની છાયામાં શયન કરતો નથી.

પૌદ્‌ગલિક વસ્તુઓમાં સુખ છે એવી બુદ્ધિ એ બાહ્યદૃષ્ટિ છે. આવી બુદ્ધિ (= બાહ્યદૃષ્ટિ) ભ્રાન્તિથી–વિપરીત જ્ઞાનથી થાય છે. આથી અહીં બાહ્યદૃષ્ટિને ભ્રાન્તિની વાડી કહી છે. બાહ્યદૃષ્ટિનો પ્રકાશ એટલે કે બાહ્યદૃષ્ટિથી જોવું એ ભ્રાન્તિની

---

૮૭ યો. શા. પ્ર. ૧૨ ગા. ૧૦

( વાડીમાં રહેલા ભ્રાન્તિરૂપ વૃક્ષોની ) છાયા છે. જેમ વિષવૃક્ષની છાયા વિષ રૂપ હોય છે, તેમ ભ્રાન્તિની ( ભ્રાન્તિની વાડીમાં રહેલા ભ્રાન્તિ રૂપ વૃક્ષોની ) છાયા પણ ભ્રાન્તિ રૂપ હોય છે. મોહાધીન જીવો એ છાયામાં સુખની ઇચ્છાથી શયન કરે છે, અર્થાત્ સુખની ઇચ્છાથી વિષયોમાં પ્રવૃત્તિ કરે છે. પણ તત્ત્વદૃષ્ટિ જીવો વિષયોમાં સુખ નથી એમ સમજતા હોવાથી સુખની ઇચ્છાથી એ છાયામાં શયન કરતા નથી–વિષયમાં પ્રવૃત્તિ કરતા નથી. તત્ત્વદૃષ્ટિ આત્મા વિષયમાં પ્રવૃત્તિ કરે નહિ, અને કરે તો પણ સુખની આશાથી તો ન જ કરે.

**ग्रामारामादि मोहाय, यद् दृष्टं बाह्यया दृशा ।**
**तत्त्वदृष्ट्या तदेवान्त–र्नीतं वैराग्यसंपदे ॥३॥**

(૩) बा. दृ. – બાહ્ય દૃષ્ટિથી दृष्टं – જોયેલા यद् – જે ग्रा. – ગામ–ઉદ્યાન વગેરે मो. – મોહમાટે થાય છે, त. – તત્ત્વદૃષ્ટિથી अ. – આત્મામાં ઉતારેલા तदेव – તે જ ગામ–ઉદ્યાન વગેરે वै. – વૈરાગ્યની સંપત્તિ માટે થાય છે.

(૩) બાહ્યદૃષ્ટિથી જોયેલા ગામ–ઉદ્યાન વગેરે પદાર્થો મોહ માટે થાય છે, તે જ પદાર્થો તત્ત્વદૃષ્ટિથી જોયા હોય તો વૈરાગ્યની સંપત્તિ માટે થાય છે.

અહીં બાહ્યદૃષ્ટિ અને તત્ત્વદૃષ્ટિમાં કેટલો ભેદ છે તે બતાવ્યું છે. એક જ ક્રિયા દૃષ્ટિના ભેદથી ભિન્ન ભિન્ન પરિણામ આપનારી બને છે. બાહ્યદૃષ્ટિથી જોતાં જે વસ્તુ મોહ વધારે છે, તે જ વસ્તુ તત્ત્વદૃષ્ટિથી જોતાં મોહનો નાશ કરે છે.[૮૮]

**बाह्यदृष्टेः सुधासार–घटिता भाति सुन्दरी ।**
**तत्त्वदृष्टेस्तु सा साक्षाद्, विण्मूत्रपिठरोदरी ॥४॥**

(૪) बा. – બાહ્ય દૃષ્ટિને सु. – રૂપાળી સ્ત્રી सु. – અમૃતના સારથી ઘડેલી भाति – ભાસે છે. त. – તત્ત્વદૃષ્ટિને तु – તો सा – તે સ્ત્રી सा. – પ્રત્યક્ષ वि. – વિષ્ઠા અને મૂત્રની હાંડલી જેવા ઉદરવાળી (લાગે છે.)

(૪) બાહ્યદૃષ્ટિને રૂપાળી સ્ત્રી અમૃતના સારથી ઘડેલી ભાસે છે. તત્ત્વદૃષ્ટિને તો તેનું ઉદર પ્રત્યક્ષ વિષ્ઠા-મૂત્રથી ભરેલી હાંડલી ભાસે છે.

**लावण्यलहरीपुण्यं, वपुः पश्यति बाह्यदृग् ।**
**तत्त्वदृष्टिः श्वकाकानां, भक्ष्यं कृमिकुलाकुलम् ॥५॥**

(૫) बा. – બાહ્યદૃષ્ટિ वपुः – શરીરને ला. – સૌંદર્યના તરંગોથી પવિત્ર प. – જુએ છે. त. – તત્ત્વદૃષ્ટિ श्व. भ. –

૮૮ સ. સા. ગા. ૧૯૫ થી ૧૯૭, આચા. અ. ૪ ઉ. ૨ સૂ. ૧૩૦, અ. સા. ગા. ૧૧૨ વગેરે તથા ૧૮૪ વગેરે, યો. સ. ગા. ૧૬૧ થી ૧૬૬, દ્વા. દ્વા. ૨૪ ગા. ૧૦ થી ૧૬, શા. સ. ગા. ૫૬૦ વગેરે.

કૂતરા અને કાગડાઓને ખાવા યોગ્ય (અને) कृ.–કૃમિના સમૂહથી ભરેલું (જુએ છે.)

(૫) બાહ્યદૃષ્ટિ શરીરને સૌંદર્યની લહરીઓથી પવિત્ર જુએ છે. તત્ત્વદૃષ્ટિ તેને કૂતરા–કાગડાઓને ભક્ષણ કરવા યોગ્ય અને કૃમિઓના સમૂહથી ભરેલું જુએ છે.

**गजाश्वैर्भूपभवनं, विस्मयाय बहिर्दृशः ।**
**तत्राऽश्वेभवनात्कोऽपि, भेदस्तत्त्वदृशस्तु न ॥६॥**

(૬) ब.–બાહ્યદષ્ટિને ग.–હાથી અને ઘોડાઓથી સહિત भू.–રાજમંદિર वि.–વિસ્મય માટે (થાય છે.) त.–તત્ત્વદષ્ટિને तु–તો तत्र–ત્યાં રાજમંદિરમાં अ.–ઘોડા અને હાથીઓના વનથી कोऽपि–કંઈ પણ भेदः–અંતર न–નથી.

(૬) બાહ્યદૃષ્ટિને હાથી–ઘોડાઓથી શોભતું રાજમંદિર આશ્ચર્ય માટે થાય છે. પણ તત્ત્વદૃષ્ટિને તો આવું રાજમંદિર અશ્વ–હાથીઓનું વન જ લાગે છે.

**भस्मना केशलोचेन, वपुर्धृतमलेन वा ।**
**महान्तं बाह्यदृग् वेत्ति, चित्साम्राज्येन तत्त्ववित् ॥७॥**

(૬) बा.–બાહ્યદષ્ટિ भ.–રાખ ચોળવાથી, के.–કેશનો લોચ કરવાથી, वा–અથવા व.–શરીર ઉપર મેલ

ધારણ કરવાથી म. – મહાત્મા वेत्ति – જાણે છે, त. – तत्त्व-ज्ञानी चि. – જ્ઞાનની પ્રભુતાથી (મહાન જાણે છે.)

(૭) બાહ્યદષ્ટિ શરીરે રાખ ચોળવાથી, મસ્તકે મુંડન કરવાથી અને શરીર ઉપર મેલ ધારણ કરવાથી 'આ મહાત્મા છે' એમ જાણે છે, માને છે. પણ તત્ત્વજ્ઞાની જ્ઞાનની પ્રભુતાથી મહાન માને છે.[૮૯]

**न विकाराय विश्वस्यो–पकारायैव निर्मिताः ।**
**स्फुरत्कारुण्यपीयूष–वृष्टयस्तत्त्वदृष्टयः ॥८॥**

(૮) स्फु. – સ્ફુરાયમાન કરુણારૂપ અમૃતની વૃષ્ટિ છે જેઓથી એવા त. – તત્ત્વની દષ્ટિવાળા પુરુષો वि. – વિકારને માટે न – નહિ, (પણ) वि. – જગતના उ – ઉપકાર માટે एव – જ नि. – ઉત્પન્ન કરેલા છે.

(૮) વિકાસ પામતી કરુણા રૂપ અમૃતની વૃષ્ટિ કરનારા તત્ત્વદૃષ્ટિ પુરુષોનું નિર્માણ (–જન્મ) વિકાર માટે નહિ, કિંતુ વિશ્વના ઉપકાર માટે છે.

## अथ सर्वसमृद्धयष्टकम् ॥२०॥

**बाह्यदृष्टिप्रचारेषु, मुद्रितेषु महात्मनः ।**
**अन्तरेवावभासन्ते, स्फुटाः सर्वाः समृद्धयः ॥१॥**

---

૮૯ ષો. ૧ ગા. ૨, ઉત્તરા. અ. ૨૫ ગા. ૩૧–૩૨

(૧) बा. – વિષય સેવન આદિ બાહ્યદષ્ટિનો પ્રચાર मु. – બંધ થતાં म. – મહાત્માને अं. – આત્મામાં જ सर्वाः स. – સર્વ સમૃદ્ધિઓ स्फुटाः – સ્પષ્ટ अ. –ભાસે છે.

(૧) વિષય સેવન આદિ બાહ્ય પ્રવૃત્તિ રોકવાથી મહાત્માઓને આત્મામાં જ સર્વઋદ્ધિઓ સ્વાનુભાવથી સ્પષ્ટ દેખાય છે.[૯૦]

હું સ્વરૂપે આનંદમય છું, નિર્મળ, અખંડ અને સર્વ પ્રકાશક જ્ઞાનવાળો છું; ઇંદ્રાદિ સંપત્તિઓ ઔપચારિક છે, હું અવિનાશી છું; ઇંદ્રાદિ સંપત્તિ વિનાશી છે, આવા પ્રકારના આત્મસ્વરૂપના જ્ઞાનવાળા મહાત્માને પોતાના આત્મામાં જ સર્વ સંપત્તિઓ ભાસે છે. પણ, ઇંદ્રિયોની વિષયોમાં થતી પ્રવૃત્તિ રોકવી જોઈએ. આત્મજ્ઞાન થવા છતાં જો ઇંદ્રિયોની વિષયોમાં પ્રવૃત્તિ ચાલુ રહે તો આત્મામાં રહેલી સંપત્તિનો અનુભવ ન થાય.

**समाधिर्नन्दनं धैर्यं, दम्भोलिः समता शची ।**
**ज्ञानं महाविमानं च, वासवश्रीरियं मुनेः ॥२॥**

(૨) स. नं. – સમાધિ રૂપ નંદનવન, धैर्यं दं. – ધૈર્ય રૂપ વજ્ર, स. शची – સમભાવ રૂપ ઇંદ્રાણી, ज्ञानं म. – સ્વરૂપના અવબોધ રૂપ મોટું વિમાન. इयं वा. – ઇંદ્રની આ લક્ષ્મી मुनेः – મુનિને (છે.)

---

૯૦ પ્રસ્તુત ગ્રંથ અ. ૩ ગા. ૧.

(૨) ઇંદ્રની ઋદ્ધિ મુનિમાં પણ ઘટે છે. મુનિને સમાધિ (–ધ્યાતા, ધ્યાન અને ધ્યેયની એકતા) રૂપ નંદનવન, ધૈર્ય રૂપ વજ્ર,[૯૧] સમતા રૂપ ઇંદ્રાણી, સ્વરૂપબોધ રૂપ મહાન વિમાન હોય છે.

**विस्तारितक्रियाज्ञान–चर्मच्छत्रो निवारयन् ।**
**मोहम्लेच्छमहावृष्टिं, चक्रवर्ती न किं मुनिः ? ॥३॥**

(૩) वि.–વિસ્તારેલા છે ક્રિયા અને જ્ઞાન રૂપ ચર્મરત્ન અને છત્રરત્ન જેણે એવા (અને) मो. – મોહ રૂપ મ્લેચ્છોએ કરેલી મહાવૃષ્ટિને नि. – નિવારતા मुनिः – સાધુ किं – શું च. न–ચક્રવર્તી નથી ?

(૩) ક્રિયારૂપ ચર્મરત્ન અને જ્ઞાનરૂપ છત્ર-રત્નને વિસ્તારીને મોહરૂપ મ્લેચ્છોની (વાસનારૂપ) વૃષ્ટિને રોકતા મુનિ શું ચક્રવર્તી નથી ?

ભરત ચક્રવર્તી દક્ષિણ ભરતને સાધીને ઉત્તર ભરતમાં આવ્યા ત્યારે ત્યાંના પરાક્રમી મ્લેચ્છોએ ચક્રવર્તીના સૈન્યો ઉપર હુમલો કર્યો. તેમાં નહિ ફાવવાથી અઠ્ઠમ તપ કરી પોતાના કુળદેવ મેઘમુખ દેવની આરાધના કરી. પ્રગટ થયેલા દેવે ચક્રવર્તીના સૈન્યને હેરાન કરવા મુશળધાર વર્ષાદ વરસાવ્યો. આથી ચક્રીએ ચર્મરત્નનો સ્પર્શ કર્યો

---

૯૧ પરીષહ રૂપ પર્વતને છેદવા.

એટલે તે ભૂમિમાં બાર યોજન વિસ્તાર પામ્યું. તેના ઉપર સઘળું સૈન્ય રહ્યું. ચક્રીના સ્પર્શથી રત્ન પણ બાર યોજન વિસ્તૃત બનીને ઉપરના ભાગમાં છવાઈ ગયું. છત્રરત્નના બરોબર મધ્યભાગમાં મણિરત્ન રાખવાથી સર્વત્ર પ્રકાશ ફેલાઈ ગયો. સાત રાત પછી વૃષ્ટિ બંધ થઈ ગઈ. આ પ્રમાણે ભરત ચક્રવર્તીએ ચર્મરત્ન અને છત્રરત્નના વિસ્તારથી સૈન્યનું રક્ષણ કર્યું. આ ઘટનાને અહીં ગ્રંથકાર મહાત્માએ આધ્યાત્મિક દૃષ્ટિએ મુનિમાં ઘટાવી છે.

**नवब्रह्मसुधाकुण्ड–निष्ठाधिष्ठायको मुनिः ।**
**नागलोकेशवद्भाति, क्षमां रक्षन् प्रयत्नतः ॥४॥**

(૪) ન. – નવ પ્રકારના બ્રહ્મચર્ય રૂપ અમૃતકુંડની સ્થિતિના સ્વામી (અને) પ્ર. – કાળજીથી क्षमां – સહિષ્ણુતાને (પૃથ્વીને) ર. – રાખતા मुनिः – સાધુ ના. – શેષનાગની જેમ भाति – શોભે છે.

(૪) નવપ્રકારના બ્રહ્મચર્ય રૂપ અમૃતકુંડોની સ્થિતિના સ્વામી અને પ્રયત્નથી ક્ષમાનું પાલન કરતા મુનિ નાગલોકના સ્વામી શેષનાગની જેમ શોભે છે.

શેષનાગ નવ અમૃતકુંડોને અધિષ્ઠાતા છે અને ક્ષમાને–પૃથ્વીને ધારણ કરે છે એવી લોકોક્તિ

છે. આ લોકોક્તિને અહીં મુનિ સાથે ઘટાવવામાં આવી છે. બ્રહ્મચર્યની નવ વાડેનું પાલન કરવામાં સમર્થ હોવાથી મુનિને તેના સ્વામી કહ્યાં છે.

**मुनिरध्यात्मकैलासे, विवेकवृषभस्थितः ।**
**शोभते विरतिज्ञप्ति–गङ्गागौरीयुतः शिवः ॥५॥**

(૫) अ. – અધ્યાત્મ રૂપ કૈલાસમાં वि. – વિવેક રૂપ વૃષભ ઉપર બેઠેલા वि. – ચારિત્રકલા અને જ્ઞાનકલા રૂપ ગંગા અને પાર્વતીથી સહિત मुनिः शिवः – મુનિરૂપ મહાદેવ भाति – શોભે છે.

(૫) અધ્યાત્મ રૂપ કૈલાસપર્વતમાં વિવેક (=સત્યાસત્યનો નિર્ણય) રૂપ વૃષભ ઉપર બેઠેલા અને વિરતિરૂપ ગંગા અને જ્ઞાનરૂપ ગૌરીની સાથે રહેતા મુનિરૂપ મહાદેવ શોભે છે.

મહાદેવ સ્ફટિકમય કૈલાસપર્વતમાં વાસ કરે છે. વૃષભ તેનું વાહન છે. ગૌરી (–પાર્વતી) અને ગંગા તેની પત્નીઓ છે.

**ज्ञानदर्शनचन्द्रार्क–नेत्रस्य नरकच्छिदः ।**
**सुखसागरमग्नस्य, किं न्यूनं योगिनो हरेः? ॥६॥**

(૬) ज्ञा. – જ્ઞાન–દર્શન રૂપ ચંદ્ર–સૂર્ય નેત્ર છે જેનાં એવા, न. – નરક ગતિનો (નરકાસુરનો) નાશ કરનારા (અને) सु.–સુખરૂપ સમુદ્રમાં મગ્ન થયેલા यो.–યોગીને हरेः – કૃષ્ણથી किं न्यूनं – શું ઓછું છે ?

(૬) જ્ઞાન–દર્શન (=વિશેષ અને સામાન્ય બોધ) રૂપ ચંદ્ર–સૂર્ય જેનાં નેત્રો છે એવા, નરક-ગતિનો નાશ કરનારા અને સુખરૂપ સમુદ્રમાં લીન થયેલા યોગીને કૃષ્ણથી જરા ય ઓછું નથી.

કૃષ્ણનાં ચંદ્ર અને સૂર્ય એ બે નેત્રો છે. તે નરકાસુરનો નાશ કરે છે. તે અષાઢ સુદ અગિયારસથી ક્ષીરસમુદ્રમાં શેષનાગની શય્યામાં પોઢી જાય છે અને કારતક સુદ અગિયારસે જાગે છે એવું શિવ-ધર્મના અનુયાયીઓ માને છે.

**या सृष्टिर्ब्रह्मणो बाह्या, बाह्यापेक्षावलम्बिनी ।**
**मुनेः परानपेक्षान्त-र्गुणसृष्टिस्ततोऽधिका ॥७॥**

(૭) ब्र. – બ્રહ્માની बा. – બાહ્ય કારણની અપેક્ષા રાખનાર या – જે बाह्या सृष्टिः – બાહ્ય જગત રૂપ સૃષ્ટિ છે, ततः – તેનાથી (બ્રહ્માની બાહ્ય સૃષ્ટિથી) मुनेः – મુનિની प. – બીજાની અપેક્ષાથી રહિત अं.–અંતરંગ ગુણની સૃષ્ટિ अ. – અધિક છે.

(૭) બ્રહ્માની બાહ્ય સૃષ્ટિ(=વિશ્વનિર્માણ)થી મુનિની આંતરિક ગુણસૃષ્ટિ (=આત્મગુણોનું પ્રકટીકરણ) ઉત્કૃષ્ટ છે. કારણ કે બ્રહ્માની બાહ્યસૃષ્ટિ બાહ્ય કારણની અપેક્ષા રાખે છે, જ્યારે મુનિની આંતરિક ગુણસૃષ્ટિ પરની અપેક્ષાથી રહિત છે.

**रत्नैस्त्रिभिः पवित्रा या, स्रोतोभिरिव जाह्नवी ।**
**सिद्धयोगस्य साप्यर्हत्पदवी न दवीयसी ॥८॥**

(૮) स्रोतोभिः जाह्नवी इव – (ત્રણ) પ્રવાહોથી ગંગાની જેમ या – જે रत्नैस्त्रिभिः पवित्रा – જ્ઞાનાદિ ત્રણ રત્નોથી પવિત્ર છે सा – તે अ. – તીર્થંકર પદવી अपि – પણ सि. – સિદ્ધયોગવાળાને द. न – બહુ દૂર નથી.

(૮) ત્રણ પ્રવાહોથી પવિત્ર ગંગાનદીની જેમ સમ્યગ્દર્શનાદિ ત્રણ રત્નોથી પવિત્ર અરિહંત પદવી પણ સિદ્ધયોગ સાધુને દૂર નથી.

સિદ્ધયોગીને સમાપત્તિ આદિ ધ્યાનથી તીર્થંકરનાં [૯૨]દર્શન થાય છે. ગંગા પાતાલ, મનુષ્ય અને સ્વર્ગ લોકમાં વહે છે, આથી તેના ત્રણ પ્રવાહો છે.

## अथ कर्मविपाकचिन्तनाष्टकम् ॥२१॥

**दुःखं प्राप्य न दीनः स्यात्, सुखं प्राप्य च विस्मितः ।**
**मुनिः कर्मविपाकस्य, जानन् परवशं जगत् ॥१॥**

(૧) ज. – જગતને क. – કર્મના વિપાકને प. – પરાધીન जा. – જાણતા मुनिः – સાધુ दुःखं प्रा. – દુઃખ પામીને दीनः न स्यात् – દીન ન થાય, च – અને सुखं प्रा. – સુખ પામીને वि. – વિસ્મયયુક્ત ( ન થાય ).

---

૯૨ યો. બિં. ગા. ૬૪

(૧) જગતના જીવો કર્મના શુભાશુભ પરિણામને આધીન થયેલા છે એમ જાણતા મુનિ દુઃખમાં દીન ન બને અને સુખમાં હર્ષ ન પામે.

**येषां भ्रूभङ्गमात्रेण, भज्यन्ते पर्वता अपि ।**
**तैरहो कर्मवैषम्ये, भूपैर्भिक्षापि नाप्यते ॥२॥**

(૨) अहो – આશ્ચર્ય છે કે येषां – જેઓના भ्रू. – ભમ્મરના ચાલવા માત્રથી प. अपि – પર્વતો પણ भ.–તૂટી પડે છે, तैः भूपै – તે રાજાઓને क. – કર્મની વિષમદશામાં भिक्षाऽपि – ભિક્ષા પણ न. आ. – મળતી નથી.

(૨) આંખનાં ભવાં ફેરવવા માત્રથી પર્વતોના પણ ચૂરેચૂરા કરી નાખનારા રાજાઓને અશુભ કર્મોનો ઉદય થતાં માગી ભિક્ષા પણ મળતી નથી. આ કેવું આશ્ચર્ય છે!

**जातिचातुर्यहीनोऽपि, कर्मण्यभ्युदयावहे ।**
**क्षणाद् रंकोऽपि राजा स्याच्छत्रच्छन्नदिगन्तरः ॥३॥**

(૩) अ. क. – અભ્યુદય કરનારા કર્મનો ઉદય થતાં जा. – જાતિ અને ચતુરાઈથી હીન પણ (અને) रं. – રાંક પણ छ. – છત્રથી ઢાંકયા છે દિશાઓના ભાગ જેણે એવો राजा – રાજા स्यात् – થાય.

(૩) જાતિ અને ચતુરાઈથી હીન પણ પુણ્યકર્મનો ઉદય થતાં નંદ આદિની જેમ ક્ષણવારમાં છત્રથી દિશામંડલને ઢાંકનાર રાજા થાય છે.

**विषमा कर्मणः सृष्टि–र्दृष्टा करभपृष्ठवत् ।**
**जात्यादिभूतिवैषम्यात्, का रतिस्तत्र योगिनः ? ॥४॥**

(૪) क. सृ. – કર્મની રચના जा. – જાતિ આદિની ઉત્પત્તિના વિષમપણાથી क. – ઊંટની પીઠના જેવી वि. – સરખી નહિ–અસમાન दृष्टा – જોઈ છે. (આથી) यो. – યોગીઓને तत्र – તેમાં का रतिः – શી પ્રીતિ (થાય) ?

(૪) કોઈ ઉચ્ચ જાતિમાં જન્મે, તો કોઈ નીચ જાતિમાં જન્મે, કોઈ રાજા બને, તો કોઈ ભિખારી બને; કોઈ પંડિતશિરોમણિ બને, તો કોઈ મૂર્ખશેખર બને....આમ કર્મની સૃષ્ટિ ઊંટની પીઠની જેમ વિષમ (=અસમાન) છે. કર્મસૃષ્ટિની આવી વિષમતા જોનારા યોગીને એમાં શાનો આનંદ આવે ?[૯૩]

**आरूढाः प्रशमश्रेणिं, श्रुतकेवलिनोऽपि च ।**
**भ्राम्यन्तेऽनन्तसंसार–महो दुष्टेन कर्मणा ॥५॥**

(૫) अहो – આશ્ચર્ય ! प्र. आ. – ઉપશમ શ્રેણિ ઉપર ચઢેલા च – અને श्रु. – ચૌદપૂર્વધરો अपि – પણ दु. क.– દુષ્ટ કર્મ વડે अ. – અનંત સંસાર भ्रा. – ભમાડાય છે.

(૫) અરે ! ઉપશમ શ્રેણિમાં અગિયારમાં ગુણસ્થાનક સુધી પહોંચેલાઓને અને ચૌદપૂર્વ-ધરોને પણ દુષ્ટ કર્મ અનંત કાળ સુધી સંસારમાં પરિભ્રમણ કરાવે છે.

---

૯૩ પ્ર. ૨. ગા. ૧૦૨

**अर्वाक् सर्वापि सामग्री, श्रान्तेव परितिष्ठति ।**
**विपाकः कर्मणः कार्य-पर्यन्तमनुधावति ॥६॥**

(૬) अर्वाक् – નજીક (રહેલી) सर्वाऽपि – બધી પણ सा. – કારણયોજના श्रान्ता इव – જાણે થાકી ગઇ હોય તેમ प. – રહે છે. क. वि. – કર્મનો વિપાક का. – કાર્યના અંત સુધી अ. – પાછળ દોડે છે.

(૬) નજીકમાં રહેલી બીજી બધી સામગ્રી (=કારણો) કર્મવિપાક વિના જાણે થાકી ગઈ હોય તેમ ઊભી રહે છે. કર્મનો વિપાક કાર્યના છેડા સુધી દોડે છે.

કોઈ પણ એક કાર્યમાં અનેક કારણો હોય છે. એ બધા કારણોમાં કર્મવિપાક પ્રધાન કારણ છે. બીજા બધા કારણો હાજર હોવા છતાં જો કર્મવિપાક રૂપ કારણ ન આવે તો કાર્ય ન થાય. આ હકીકતને સમજવા ટૂંકમાં દૃષ્ટાંત જોઈએ. એક ગામમાં લગ્ન હતાં. લગ્નના સમયે બધા માણસો માંડવામાં હાજર થઈ ગયા. ગોરબાપા પણ આવી ગયા. વર-કન્યાને બેસાડવા માટે પાટલા ગોઠવાઈ ગયા. કન્યા પણ શણગાર સજીને તૈયાર હતી. પણ વરરાજા આવ્યા નહિ. પિતા વરરાજાને બોલાવવા ગયા. પણ વરરાજા દેખાયા નહિ. ક્યાંથી દેખાય ? વરરાજા ક્યારના ય રીસાઈને

રફૂચક થઈ ગયા હતા. બધા ય વરરાજાની શોધ માટે દોડાદોડ કરવા લાગ્યા. મહા મહેનતે એક કલાક પછી વરરાજા મળ્યાં. સમજાવીને પરણવા માટે પાટલા ઉપર બેસાડ્યા અને લગ્ન થયાં. જેમ અહીં કન્યા, ગોર વગેરે હાજર હોવા છતાં વરરાજા વિના એક કલાક સુધી લગ્ન થયાં નહિ, તેમ બીજા બધા કારણો હાજર હોવા છતાં કર્મવિપાક વિના કાર્ય ન થાય. કર્મવિપાક વરરાજા જેવો છે. આ વિષયને બીજા દૃષ્ટાંતથી સમજીએ. રોગ દૂર કરવા કુશળ વૈદ્ય, સારી દવા, પથ્યપાલન વગેરે બધું જોઈએ. એ બધું હોવા છતાં જો કર્મવિપાક— રોગીનો સાતાવેદનીય કર્મનો ઉદય હાજર ન હોય તો એ બધી સામગ્રી કંઈ જ કરી શકતી નથી.

**असावचरमावर्ते, धर्मं हरति पश्यतः ।**
**चरमावर्तिसाधोस्तु, छलमन्विष्य हृष्यति ॥७॥**

(૭) असौ – આ કર્મવિપાક अ. – છેલ્લા પરાવર્ત સિવાયના પરાવર્તમાં प. – દેખતાં છતાં धर्मं ह. – ધર્મને હરે છે. तु – પણ च. – ચરમ પરાવર્તમાં વર્તતા સાધુના छलं अ. – છિદ્રને શોધીને हृ. – ખુશ થાય છે.

(૭) આ કર્મવિપાક ચરમ પુદ્ગલપરાવર્ત સિવાયના કાળમાં જોવા છતાં—જાણવા છતાં ધર્મને લઈ લે છે, અને ચરમ પુદ્ગલપરાવર્તમાં રહેલા

સાધુનું છળ–અતિચાર આદિ દોષો શોધીને હર્ષ પામે છે.

જે જીવની જે પુદ્‌ગલપરાવર્તમાં મુક્તિ થાય તે જીવનો તે પુદ્‌ગલપરાવર્ત ચરમ–અંતિમ કહેવાય. એ પહેલાના બધા પુદ્‌ગલપરાવર્તો અચરમ પુદ્‌ગલપરાવર્તો છે. ચરમ પુદ્‌ગલપરાવર્તને અને અચરમ પુદ્‌ગલપરાવર્તને ટૂંકમાં અનુક્રમે ચરમાવર્ત અને અચરમાવર્ત પણ કહેવામાં આવે છે. અચરમાવર્તમાં રહેલા જીવને જિનેશ્વરાદિ પાસેથી સંસાર દુઃખસ્વરૂપ છે, મોક્ષમાં જ સાચું સુખ છે, મોક્ષ સમ્યગ્દર્શન પૂર્વક ચારિત્રથી મળે છે...........આવું સાંભળવા છતાં મોક્ષ માટે ધર્મ કરવાની ભાવના જ ન થાય. એ જિનદર્શન આદિ સમ્યગ્દર્શનની ક્રિયા કરે તો પણ દર્શનમોહના ક્ષયોપશમાદિથી થતા સમ્યગ્દર્શનના પરિણામ વિના જ કરે. એ પ્રમાણે ચારિત્રનું પાલન કરે તો પણ ચારિત્રમોહના ક્ષયોપશમાદિથી થતા ચારિત્રના પરિણામ વિના જ કરે. આમ, અચરમાવર્તમાં સમ્યગ્દર્શન કે ચારિત્ર વગેરે ધર્મને જાણવા છતાં ભાવથી એના પાલન માટે જરૂરી પરિણામોને કર્મ-વિપાક થવા દેતો જ નથી. આ દૃષ્ટિએ અહીં કહ્યું કે અચરમાવર્તમાં જાણવા છતાં કર્મવિપાક

ધર્મને હરે છે. ચરમાવર્તમાં કર્મવિપાકનું બળ ઘટી જાય છે. છતાં ત્યાં પણ એ સખણો રહેતો નથી. એ ચરમાવર્તમાં પણ ભાવથી ચારિત્રનું પાલન કરતા સાધુને શંકાદિ અતિચારો લગાડે છે. આ દૃષ્ટિએ અહીં કહ્યું કે ચરમાવર્તી સાધુના છિદ્રો જોઈને કર્મવિપાક હર્ષ પામે છે.

**साम्यं बिभर्ति यः कर्म-विपाकं हृदि चिन्तयन् ।**
**स एव स्याच्चिदानन्द-मकरन्दमधुव्रतः ॥८॥**

(૮) यः – જે हृदि – હૃદયમાં क. – કર્મના વિપાકને चिं. – ચિંતવતો सा. – સમભાવ बि. – ધારણ કરે છે, स एव – તે જ (યોગી) चि. – જ્ઞાનાનંદ રૂપ પુષ્પ રસનો ભોગી ભ્રમર स्यात् – થાય.

(૮) કર્મના શુભાશુભ વિપાકને હૃદયમાં વિચારીને જે સમતા ધારણ કરે છે, તે જ જ્ઞાનાનંદ રૂપ પુષ્પપરિમલનો ભોગી ભ્રમર બને છે.

## अथ भवोद्वेगाष्टकम् ॥२२॥

**यस्य गम्भीरमध्यस्या-ऽज्ञानवज्रमयं तलम् ।**
**रुद्धा व्यसनशैलौघैः, पन्थानो यत्र दुर्गमाः ॥१॥**
**पातालकलशा यत्र, भृतास्तृष्णामहानिलैः ।**
**कषायाश्चित्तसंकल्प-वेलावृद्धिं वितन्वते ॥२॥**

स्मरौर्वाग्निर्ज्वलत्यन्त–र्यत्र स्नेहेन्धनः सदा ।
यो घोररोगशोकादि–मत्स्यकच्छपसंकुलः ॥३॥
दुर्बुद्धिमत्सरद्रोहै–र्विद्युद्दुर्वातगर्जितैः ।
यत्र सांयात्रिका लोकाः, पतन्त्युत्पातसंकटे ॥४॥
ज्ञानी तस्माद्भवाम्भोधे–र्नित्योद्विग्नोऽतिदारुणात् ।
तस्य संतरणोपायं, सर्वयत्नेन काङ्क्षति ॥५॥

(૧) ग.–ગંભીર છે મધ્યભાગ જેનો એવા यस्य–જે સંસારસમુદ્રનું अ. तलं–અજ્ઞાનરૂપ વજ્રથી બનેલું તળિયું છે, यत्र–જ્યાં व्य.– સંકટ રૂપ પર્વતના સમૂહથી रुद्धाः–રુંધાયેલા (અને) दु.–મુશ્કેલીથી જઈ શકાય તેવા पं.–માર્ગો છે.

(૨) यत्र–જ્યાં तृ.–તૃષ્ણારૂપ મહાવાયુથી भृताः–ભરેલા क.–ક્રોધાદિ ચાર કષાયરૂપ पा.–પાતાળ કળશો चि.–મનના સંકલ્પ રૂપ ભરતીને वि.–વિસ્તારે છે.

(૩) यत्र–જ્યાં अन्तर्–મધ્યમાં सदा–હમેશાં स्ने.–સ્નેહ–રાગ (જલ) રૂપ ઈંધન છે જેનું એવો स्म.–કામ રૂપ (और्वाग्नि–) વડવાનલ ज्व.–બળે છે. यः–જે घो.–ભયંકર રોગ–શોકાદિ રૂપ માછલાં અને કાચબાઓથી ભરેલો છે.

(૪) यत्र–જ્યાં दु.–દુષ્ટ બુદ્ધિ, મત્સર અને દ્રોહ રૂપ वि.–વિજળીઓ, વાવાઝોડાં અને ગર્જનાઓથી सां.–વહાણમાં બેઠેલા મુસાફર लोकाः–લોકો उ.–તોફાન રૂપ સંકટમાં प.–પડે છે.

(૫) त.–તે अ.–અતિ ભયંકર भ.–સંસારરૂપ સમુદ્રથી नि.–હમેશાં ભયભીત થયેલ ज्ञानी–જ્ઞાની स.–બધો ઉદ્યમ કરીને तस्य–તે સંસારસમુદ્રને सं.–તરવાના ઉપાયને कां.–ઇચ્છે છે.

(૧-૫) સંસાર સમુદ્રનો મધ્યભાગ અગાધ છે, તળિયું અજ્ઞાન રૂપ વજ્રથી બનેલું છે, ત્યાં જવાના માર્ગો સંકટ રૂપ પર્વતોથી ઘેરાયેલા અને મુશ્કેલીથી જઈ શકાય તેવા છે. (૨) એમાં તૃષ્ણા રૂપ મહાવાયુથી ભરેલા ક્રોધાદિ કષાયો રૂપ ચાર પાતાળ કળશો ચિત્તસંકલ્પ રૂપ વેલાની[૯૪] ભરતી કરે છે. (૩) એના મધ્યભાગમાં સ્નેહ[૯૫] રૂપ કાષ્ઠોથી કામ રૂપ વડવાનલ સળગી રહ્યો છે. એ ભયંકર રોગ-શોકાદિ રૂપ મત્સ્ય-કાચબાઓથી સંકીર્ણ છે.

---

૯૪ લવણ સમુદ્રના અતિ મધ્યભાગમાં તળિયે મોટા ઘડાના આકારવાળા ચાર દિશામાં ચાર પાતાળ કળશો છે. દરેક કળશના નીચેના ત્રીજા ભાગમાં કેવળ વાયુ, મધ્યના ત્રીજાભાગમાં વાયુ-જળ મિશ્ર અને ઉપરના ત્રીજા ભાગમાં કેવળ જળ હોય છે. જેમ મનુષ્યના પેટમાં રહેલો શ્વાસોચ્છ્વાસ રૂપ પ્રાણવાયુ પેટમાં સ્વભાવથી જ ઉત્પન્ન થઈ ઉચ્છ્વાસ રૂપે બહાર નીકળે છે તેમ, કળશમાં મહાવાયુ ઉત્પન્ન થઈ કળશની બહાર નીકળવાનો પ્રયત્ન કરતા હોય તેમ ઊછળે છે. આથી સમુદ્રની વેલા વૃદ્ધિ પામે છે. એક અહો-રાત્રમાં બે વખત આમ બને છે. આનું વિશેષ વર્ણન ક્ષેત્રસમાસ વગેરે ગ્રંથોમાંથી જોઈ લેવું.

૯૫ સંસારપક્ષે સ્નેહ-સ્નેહરાગ અને સમુદ્રપક્ષે સ્નેહ-જળ.

(૪) એમાં પાપબુદ્ધિ, મત્સર,[૯૬] દ્રોહ[૯૭] આદિ રૂપ વિજળીઓ, વાવાઝોડાં અને ગર્જનાઓથી વહાણમાં બેઠેલા[૯૮] મુસાફરો ઉત્પાત રૂપ સંકટમાં પડે છે. (૫) આવા અતિભયંકર સંસાર-સમુદ્રથી સદા કંટાળેલા જ્ઞાની સર્વપ્રકારના ઉદ્યમથી-કોઈ પણ રીતે તેને તરવાનો ઉપાય ઇચ્છે છે.

**तैलपात्रधरो यद्वद्, राधावेधोद्यतो यथा ।**
**क्रियास्वनन्यचित्तः स्याद्, भवभीतस्तथा मुनिः ॥६॥**

(૬) य. - જેમ तै. - તેલપાત્રને ધારણ કરનાર (અને) यथा - જેમ रा. - રાધાવેધ સાધવામાં તત્પર (એકાગ્ર મનવાળો હોય છે) तथा - તેમ भ. मुनिः - સંસારથી ભય પામેલા સાધુ क्रियासु - ચારિત્રની ક્રિયાઓમાં अन. - એકાગ્ર ચિત્તવાળા स्यात् - હોય છે.

(૬) જેમ મૃત્યુભયથી રાજાની આજ્ઞા મુજબ સંપૂર્ણ ભરેલું તેલનું પાત્ર લઈને સંપૂર્ણ નગરમાં ફરનાર શ્રેષ્ઠિપુત્રે રસ્તામાં નાટક વગેરે થવા છતાં, તેલનું એક પણ ટીપું પડી ન જાય એ માટે નાટક

૯૬ મત્સર=ગુણ-ગુણી પ્રત્યે રોષ.
૯૭ દ્રોહ=અપકારની બુદ્ધિ.
૯૮ સંસારપક્ષે એક ગતિમાંથી બીજી ગતિમાં જવાની મુસાફરી કરનારા જીવો.

વગેરે તરફ દષ્ટિ કર્યા વિના તેલપાત્રમાં જ ચિત્ત રાખ્યું હતું, તથા રાધાવેધ સાધવા તૈયાર થયેલા સુરેંદ્રદત્ત રાજકુમારે મસ્તકછેદના ભયથી રાધાવેધ સાધવાની ક્રિયામાં જ ચિત્ત રાખ્યું હતું; તેમ ભવથી ભય પામેલા મુનિ ચારિત્રક્રિયાઓમાં જ એકાગ્ર ચિત્તવાળા હોય છે.[૯૯]

**विषं विषस्य वह्नेश्च, वह्निरेव यदौषधम् ।**
**तत्सत्यं भवभीताना-मुपसर्गेऽपि यन्न भीः ॥७॥**

(૭) वि. - વિષનું औ. - ઓસડ विषं - વિષ છે च- અને वह्नेः - અગ્નિનું-અગ્નિથી દાઝવા આદિનું (ઓસડ) वह्निः - અગ્નિ (-ગરમ શેક વગેરે) છે. तत् - તે सत्यं-સાચું છે. यत् - કારણ કે भ. - સંસારથી ભય પામેલાઓને उ. - ઉપસર્ગો આવવા છતાં भीः न - ભય થતો નથી.

(૭) ઝેરનું ઔષધ ઝેર છે, અગ્નિનું ઔષધ અગ્નિ છે એમ જે કહેવાય છે તે સત્ય છે. કારણ કે ભવથી ભય પામેલા મુનિઓને ઉપસર્ગમાં પણ ભય હોતો નથી.

ભવભય દુઃખભયને દૂર કરવાનો ઉપાય છે. આથી જ ભવના ભયવાળા મુનિઓને ઉપસર્ગ આદિથી આવતા દુઃખનો ભય હોતો નથી.

---

૯૯ ઉ. પ. ગા. ૯૨૦ થી ૯૪૨, ઉ. ર. ગા. ૧૮૧, પંચા. ૧૪ ગા. ૨૯

**स्थैर्यं भवभयादेव, व्यवहारे मुनिर्व्रजेत् ।**
**स्वात्मारामसमाधौ तु, तदप्यन्तर्निमज्जति ॥८॥**

(૮) व्य. – વ્યવહાર નયે मुनिः – સાધુ भ. – સંસારના ભયથી एव – જ स्थैर्यं – સ્થિરતા व्रजेत् – પામે. तु – પરંતુ स्वा. – પોતાના આત્માની રતિ રૂપ સમાધિ અવસ્થામાં (નિર્વિકલ્પ ઉપયોગમાં રહે ત્યારે) तदपि – તે ભવભય પણ अं. – સમાધિમાં જ મગ્ન થાય છે. (અર્થાત્ સમાધિમાં ભવભય ન હોય.)

(૮) મુનિ વ્યવહાર દશામાં–પ્રાથમિક (નીચલી) કક્ષામાં હોય ત્યારે ભવભયથી જ ચારિત્રમાં સ્થિરતા પામે છે. પણ તે મુનિ જ્યારે ઉચ્ચકક્ષા પ્રાપ્ત કરીને આત્મરમણતા રૂપ સમાધિમાં રહે છે ત્યારે ભવભય પણ સમાધિમાં જ વિલીન થઈ જાય છે.[૧૦૦]

## अथ लोकसंज्ञात्यागाष्टकम् ॥२३॥

**प्राप्तः षष्ठं गुणस्थानं, भवदुर्गाद्रिलङ्घनम् ।**
**लोकसंज्ञारतो न स्यान्मुनिर्लोकोत्तरस्थितिः ॥१॥**

(૧) भ. – સંસાર રૂપ વિષમ પર્વતને ઓળંગી જવા રૂપ षष्ठं गु. – પ્રમત્ત નામના છઠ્ઠા ગુણસ્થાનને प्राप्तः – પામેલા (અને) लो. – લોકોત્તર માર્ગમાં સ્થિતિ છે જેની

---

૧૦૦ યો. શ. ગા. ૨૦

એવા મુનિઃ – સાધુ લો. – લોકસંજ્ઞામાં પ્રીતિવાળા ન સ્યાત્ – ન થાય.

(૧) સંસાર રૂપ વિષમ પર્વતના ઉલ્લંઘન રૂપ છઠ્ઠા ગુણસ્થાનને પામેલા અને સમ્યગ્દર્શનાદિ મોક્ષમાર્ગની મર્યાદાવાળા મુનિ "લોકોએ કર્યું તે જ કરવું, શાસ્ત્રાર્થનો વિચાર ન કરવો," આવી દુર્બુદ્ધિ રૂપ લોકસંજ્ઞામાં રત ન થાય.

**यथा चिन्तामणिं दत्ते, बठरो बदरीफलैः ।**
**हहा ! जहाति सद्धर्मं, तथैव जनरञ्जनैः ॥२॥**

(૨) हहा – અરે ! यथा – જેમ ब. – મૂર્ખ ब. – બોરોથી (બોર લઈને) चि. – ચિંતામણિરત્ન दत्ते – આપે છે, तथैव – તે જ પ્રમાણે (મૂઢ) ज. – લોકરંજનથી स. – સારા ધર્મને ज. – તજે છે.

(૨) કેવી દુઃખની બીના ! જેમ મૂર્ખ બોર લઈને ચિંતામણિ આપી દે છે, તે જ પ્રમાણે અવિવેકી વિવિધ લોક રંજનોથી સુધર્મનો ત્યાગ કરે છે. અર્થાત્ તપ–ત્યાગ વગેરે ધર્મ યશકીર્તિ, લોકાકર્ષણ વગેરે માટે કરે છે, આથી તેને ધર્મનું જેવું ફળ મળવું જોઈએ તેવું ફળ મળતું નથી.[૧૦૧]

---

૧૦૧ રત્ના. ૫. ગા. ૮–૯

**लोकसंज्ञामहानद्या–मनुश्रोतोऽनुगा न* के ? ।**
**प्रतिश्रोतोऽनुगस्त्वेको, राजहंसो महामुनिः ॥३॥**

(૩) लो. – લોકસંજ્ઞા રૂપ મોટી નદીમાં अनु. – પ્રવાહને અનુસરનારા के न – કોણ નથી ? प्र.– સામે પ્રવાહે ચાલનાર तु – તો एकः – એક म. रा. – મહામુનિ રૂપ રાજ-હંસ છે.

(૩) લોકસંજ્ઞા રૂપ મહાનદીના પ્રવાહમાં તણાઈ જનારા કોણ નથી ? રાજહંસ સમાન એક મહામુનિ જ એ પ્રવાહની સામે ચાલે છે.

**लोकमालम्ब्य कर्तव्यं कृतं बहुभिरेव चेत् ।**
**तदा मिथ्यादृशां धर्मो, न त्याज्यः स्यात्कदाचन ॥४॥**

(૪) चेद् – જો लोकं – લોકને आ. – અવલંબીને ब.– ઘણા માણસોએ एव – જ कृतं – કરેલું क. – કરવા યોગ્ય હોય तदा – તો मि. धर्मः – મિથ્યાદષ્ટિઓનો ધર્મ कदा. – ક્યારે પણ त्या. – તજવા યોગ્ય न स्यात् – ન થાય.

(૪) જો લોકને અનુસરીને ઘણાઓએ જે કર્યું હોય તે જ કરવાનું હોય તો ક્યારે પણ મિથ્યા-દષ્ટિઓનો ધર્મ નહિ છોડી શકાય. કારણ કે તેને આચરનારા ઘણા છે.[૧૦૨]

---

* **इन्द्रियाणामनुकूलतया प्रवृत्तिरनुस्रोतः ।**

૧૦૨ ઉ. ૨. ગા. ૧૭૯–૧૮૦, યો. વિં. ગા. ૧૬, ઉપ. ગા. ૯૦૯ થી ૯૧૩, અ. સા. ગા. ૨૭૮.

**श्रेयोऽर्थिनो हि भूयांसो, लोके लोकोत्तरे न च ।**
**स्तोका हि रत्नवणिजः, स्तोकाश्च स्वात्मसाधकाः ॥५॥**

(૫) श्रे. –મોક્ષના અર્થી लोके – લોકમાર્ગમાં च – અને लो. – લોકોત્તર માર્ગમાં भू. – ઘણા न हि.–નથી જ. र. – રત્નના વેપારી स्तोकाः – થોડા हि – જ (છે) च–અને स्वा. – પોતાના આત્માનું સાધનારા स्तोकाः – થોડા (છે.)

(૫) મોક્ષના અર્થીઓ લૌકિક માર્ગમાં અને લોકોત્તર માર્ગમાં થોડા જ હોય છે એ નિશ્ચિત છે. જેમ રત્નના વેપારી થોડા જ હોય છે, તેમ પોતાના આત્માની સાધના કરનારા થોડા જ હોય છે. ચોથા શ્લોકમાં કહેલા "મિથ્યાદૃષ્ટિ ઘણા છે અને સમ્યગ્દૃષ્ટિ બહુ જ થોડા છે" એ ભાવને આ ગાથામાં સાબિત કર્યો છે.

**लोकसंज्ञाहता हन्त !, नीचैर्गमनदर्शनैः ।**
**शंसयन्ति स्वसत्याङ्ग–मर्मघातमहाव्यथाम् ॥६॥**

(૬) हन्त – અફસોસ ! लो. – લોકસંજ્ઞાથી હણાયેલા नी. – ધીમે ચાલવાથી અને નીચે જોવાથી स्व. – પોતાના સત્યવ્રતરૂપ અંગમાં મર્મપ્રહારની મહાવેદનાને शं.–જણાવે છે.

(૬) કેવી અફસોસની વાત ! લોકસંજ્ઞાથી હણાયેલા જીવો, ધીમું ચાલવું, નીચું જોવું વગેરે ક્રિયાથી પોતાના સત્યવ્રત રૂપ અંગમર્મમાં પ્રહારની મહાપીડાને જણાવે છે.

શરીરે પીડા થવાથી જીવો ધીમે ચાલે છે, આથી ધીમે ચાલનાર માણસ મારા અંગમાં પીડા છે એમ વગર બોલે જણાવે છે. એ પ્રમાણે માયા અને સત્યવ્રતના ભંગથી જીવો દુઃખ પામતા હોવાથી, લોકસંજ્ઞાવાળા જીવો કપટપણે નીચું જોવું આદિ ક્રિયાથી સત્યવ્રતના ભંગથી અમે વર્તમાન ભવમાં રખે મારી માયા ખુલ્લી થઇ જશે એવો ભય વગેરે દુઃખો પામીએ છીએ અને આવતા ભવમાં દુર્ગતિનાં દુઃખો ભોગવવા પડશે એમ વગર બોલે જણાવે છે. ( એમ ગ્રંથકારે ઉત્પ્રેક્ષા કરી છે. )

**आत्मसाक्षिकसद्धर्म-सिद्धौ किं लोकयात्रया ।**
**तत्र प्रसन्नचन्द्रश्च, भरतश्च निदर्शने ॥७॥**

(૭) आ.– આત્મા સાક્ષી છે જેમાં એવા સાચા ધર્મની પ્રાપ્તિ થતાં लो. किम् – લોક–વ્યવહારથી શું કામ છે ? तत्र – તેમાં प्र. – પ્રસન્નચંદ્ર રાજર્ષિ भरतश्च – અને ભરત મહારાજા ( એ બે ) नि. – દૃષ્ટાંતો છે.

(૭) ધર્મની સિદ્ધિ આત્મસાક્ષીએ ( આત્મ-પરિણામથી) થાય છે, નહિ કે લોકસાક્ષીએ. આથી લોકને પોતાનો ધર્મ જણાવવાથી શો લાભ ? આત્મ-સાક્ષીએ જ સાચા ધર્મની સિદ્ધિ થાય છે એ વિષયમાં પ્રસન્નચંદ્ર રાજર્ષિ અને ભરત મહારાજા દૃષ્ટાંત રૂપ છે.

પ્રસન્નચંદ્ર રાજર્ષિમાં બાહ્ય (વેશ વગેરે) ચારિત્ર હોવા છતાં શ્રેણિક મહારાજના દુર્મુખ નામના સૈનિકનાં વચનો સાંભળી રૌદ્રધ્યાન થવાથી સાતમી નરકગતિ પ્રાયોગ્ય કર્મબંધ થયો. ભરત મહારાજાને દ્રવ્ય ચારિત્ર વિના પણ શુભભાવનાથી શુક્લધ્યાનમાં ચઢી જવાથી કેવળજ્ઞાનની પ્રાપ્તિ થઈ.[૧૦૩]

**लोकसंज्ञोज्झितः साधुः, परब्रह्मसमाधिमान् ।**
**सुखमास्ते गतद्रोह–ममतामत्सरज्वरः ॥८॥**

(૮) लो.– લોકસંજ્ઞાથી રહિત, प.– પરબ્રહ્મમાં સમાધિવાળા (અને) ग. – ગયો છે દ્રોહ, મમતા અને મત્સર રૂપ જ્વર જેનો એવા साधुः – મુનિ सुखमास्ते – સુખે રહે છે.

(૮) લોકસંજ્ઞાથી મુક્ત, પરબ્રહ્મમાં લીન, દ્રોહ, મમતા અને મત્સર રૂપ જ્વરથી રહિત સાધુ સુખે રહે છે.[૧૦૪]

## अथ शास्त्रदृष्ट्यष्टकम् ॥२४॥

**चर्मचक्षुर्भृतः सर्वे, देवाश्चावधिचक्षुषः ।**
**सर्वतश्चक्षुषः सिद्धाः, साधवः शास्त्रचक्षुषः ॥१॥**

---

૧૦૩ ઉ. મા. ગા. ૨૦
૧૦૪ પ્ર. ર. ગા. ૧૨૯

(૧) सर्वे – સઘળા મનુષ્યો च. – ચર્મચક્ષુને ધારણ કરનારા છે. देवाः – દેવો अ. – અવધિજ્ઞાન રૂપ ચક્ષુ છે જેમને એવા છે. सिद्धाः – સિદ્ધો स. – સર્વ આત્મપ્રદેશે કેવલજ્ઞાન-દર્શન રૂપ ચક્ષુ છે જેમને એવા છે. साधवः – સાધુઓ शा. – શાસ્ત્ર રૂપ ચક્ષુ છે જેમને એવા છે.

(૨) સઘળા મનુષ્યોને ચર્મની આંખ હોય છે. દેવોને અવધિજ્ઞાન રૂપ ચક્ષુ હોય છે. સિદ્ધોને કેવલ-જ્ઞાન રૂપ ચક્ષુ હોય છે. સાધુઓને શાસ્ત્ર એ જ ચક્ષુ હોય છે.[૧૦૫]

**पुरःस्थितानिवोर्ध्वाध-स्तिर्यग्लोकविवर्तिनः ।**
**सर्वान् भावानवेक्षन्ते, ज्ञानिनः शास्त्रचक्षुषा ॥२॥**

(૧) ज्ञा. – જ્ઞાનીઓ शा. – શાસ્ત્ર રૂપ ચક્ષુથી ऊ. – ઊર્ધ્વ, અધો અને તિર્છાલોકમાં (विवर्तिनः –) પરિણામ પામતા स. भा.–સર્વભાવોને पु. इव–સન્મુખ રહેલા હોય તેમ अ. – દેખે છે.

(૨) જ્ઞાનીઓ શાસ્ત્ર રૂપ ચક્ષુથી [સૌધર્મ દેવ-લોકાદિ] ઊર્ધ્વલોકમાં, [નરકાદિ] અધોલોકમાં, અને [જંબૂદ્વીપાદિ] તિર્ચ્છા લોકમાં રહેલા સર્વભાવોને જાણે આંખ સામે રહ્યા હોય એમ પ્રત્યક્ષ જુએ છે.[૧૦૬] અહીં શ્રુતસહચરિત માનસ અચક્ષુદર્શનથી

---

૧૦૫ પ્ર· સા. ગા. ૨૩૪, અ. ઉપ. અ. ૧ ગા ૧૬

૧૦૬ પ્ર. સા. ગા. ૨૩૫

દેખે છે એમ જાણવું. અર્થાત્ શ્રુતના બળે મનથી જુએ છે.

**शासनात्त्राणशक्तेश्च, बुधैः शास्त्रं निरुच्यते ।**
**वचनं वीतरागस्य, तत्तु नान्यस्य कस्यचित् ॥३॥**

(३) बुधैः – પંડિતો વડે शा. – હિતોપદેશ કરવાથી च – અને त्रा. – સર્વ જીવોનું રક્ષણ કરવાના સામર્થ્યથી शास्त्रं निरुच्यते – શાસ્ત્ર શબ્દની વ્યુત્પત્તિ કરાય છે. तत् तु– તે શાસ્ત્ર તો वी. – વીતરાગનું व. – વચન છે, अ. – બીજા क. – કોઈનું न – નથી.

(૩) હિતનો ઉપદેશ આપીને રક્ષણ કરે તે શાસ્ત્ર. વિદ્વાનોએ શાસ્ત્રશબ્દની આવી વ્યુત્પત્તિ કરી છે. આવું શાસ્ત્ર વીતરાગનું જ વચન છે. અન્ય કોઈનું વચન શાસ્ત્ર નથી.[૧૦૭]

**शास्त्रे पुरस्कृते तस्माद्, वीतरागः पुरस्कृतः ।**
**पुरस्कृते पुनस्तस्मिन्, नियमात् सर्वसिद्धयः ॥४॥**

(४) त. – તેથી शास्त्रे पु. – શાસ્ત્રને આગળ કર્યે છતે वी. पु. – વીતરાગ આગળ કર્યા. पुनः – તથા त. पु. – તે વીતરાગને આગળ કર્યે છતે नि. – અવશ્ય स. – સઘળી સિદ્ધિઓ થાય છે.

(૪) વીતરાગનું વચન શાસ્ત્ર હોવાથી શાસ્ત્ર આગળ કર્યું એટલે વીતરાગ જ આગળ કર્યા. કારણ

૧૦૭ અ. ઉ. અ. ૧ ગા. ૧૨, પ્ર. ૨. ગા. ૧૮૬થી૧૮૮

કે શાસ્ત્રના ઉપયોગથી વીતરાગની સ્મૃતિ થાય છે. સર્વ પ્રવૃત્તિમાં વીતરાગને આગળ કરવાથી અવશ્ય સર્વ અર્થોની સિદ્ધિ થાય છે.[૧૦૮]

**अदृष्टार्थेऽनुधावन्तः, शास्त्रदीपं विना जडाः ।**
**प्राप्नुवन्ति परं खेदं, प्रस्खलन्तः पदे पदे ॥५॥**

(૫) शा. विना – શાસ્ત્ર રૂપ દીવા વિના अ. – પરોક્ષ અર્થમાં अ. – પાછળ દોડતા जडाः – અવિવેકી જનો पदे पदे – પગલે પગલે प्र. – ઠોકરો ખાતા परं खेदं – અત્યંત ક્લેશ प्रा. – પામે છે.

(૫) નહિ જોયેલા મોક્ષમાર્ગ વગેરે વિષયમાં શાસ્ત્રરૂપ દીપ વિના (મોક્ષમાર્ગ વગેરે અર્થની) પાછળ દોડતા અવિવેકી પુરુષો પગલે પગલે ઠોકર ખાઈને બહુ ક્લેશ પામે છે.

મોક્ષમાર્ગમાં શાસ્ત્રની ઉપેક્ષા કરીને પોતાની મતિકલ્પનાથી પ્રવૃત્તિ કરનારા જડ જીવો દુર્ગતિ રૂપ ખાડામાં પડીને બહુ દુઃખ પામે છે એ આ ગાથાનો ભાવ છે.

**शुद्धोञ्छाद्यपि शास्त्राज्ञा–निरपेक्षस्य नो हितम् ।**
**भौतहन्तुर्यथा तस्य, पदस्पर्शनिवारणम् ॥६॥**

(૬) यथा – જેમ भौ. – ભૌતમતિને હણનારને तस्य– ભૌતમતિના प. – પગે સ્પર્શ કરવાનો નિષેધ કરવો ( હિતકર નથી તેમ ) शा. – શાસ્ત્રાજ્ઞાની અપેક્ષારહિતને–સ્વચ્છંદમતિને

---

૧૦૮ યો. ૨ ગા. ૧૪, અ. ઉ. અ. ૧ ગા. ૧૪.

શુ. – શુદ્ધ ભિક્ષા વગેરે બાહ્ય આચાર પણ હિતં નો – હિતકર નથી.

(૬) જેમ ભૌતમતિને હણનાર ભીલને ભૌતમતિના પાદસ્પર્શનું નિવારણ હિતકર ન હતું, તેમ શાસ્ત્રાજ્ઞાથી નિરપેક્ષ સાધુને બેંતાળીશ દોષથી રહિત શુદ્ધ આહારની ગવેષણા પણ હિતકર નથી.

ભૌતમતિ સાધુ એકવાર પોતાના ભક્ત ભીલરાજા પાસે આવ્યો. રાણીએ ભૌતમતિ પાસે સુન્દર મયૂરપિચ્છનું છત્ર જોયું. તેને એ ગમી ગયું. રાણીની ઇચ્છાને પૂર્ણ કરવા રાજાએ ગુરુ પાસે છત્રની માગણી કરી. ગુરુએ ના પાડી. ગુરુના ગયા પછી રાજાએ ગુરુનો વધ કરીને છત્ર લઈ આવવા સુભટને આજ્ઞા કરી. ગુરુના ચરણ પૂજ્ય હોવાથી ચરણસ્પર્શ કરવો નહિ, બાણ ગુરુના ચરણને સ્પર્શે નહિ તેવી રીતે વધ કરવો એવી સૂચના આપી. આથી સુભટે ચરણોનો સ્પર્શ કર્યા વિના શસ્ત્રથી ગુરુને મારીને છત્ર લઈ લીધું. ભીલરાજાની ગુરુ ઉપર જેવી ભક્તિ હતી તેવી જ શાસ્ત્રનિરપેક્ષ સાધુની શુદ્ધઆહારની ગવેષણા આદિ પ્રવૃત્તિ છે.[૧૦૯]

---

૧૦૯ અ. ઉ. અ. ૧ ગા. ૧૧, ધર્મર. પ્ર. ગા. ૧૨૮, ઉ. પ. ગા. ૬૭૭

**अज्ञानाऽहिमहामन्त्रं, स्वाच्छन्द्यज्वरलङ्घनम् ।**
**धर्मारामसुधाकुल्यां, शास्त्रमाहुर्महर्षयः ॥७॥**

(૭) म. – મોટા ઋષિઓ शास्त्रं – શાસ્ત્રને अ. – અજ્ઞાન રૂપ સર્પનું ઝેર ઉતારવામાં મહામંત્ર સમાન, स्वा.– સ્વચ્છંદતા રૂપ જ્વરનો નાશ કરવામાં લાંઘણ સમાન, (અને) ध. – ધર્મ રૂપ બગીચાને વિકસાવવામાં અમૃતની નીક સમાન आहुः – કહે છે.

(૭) મહર્ષિઓ શાસ્ત્રને અજ્ઞાનરૂપ સર્પનું ઝેર ઉતારવા માહામંત્ર સમાન, સ્વચ્છંદતારૂપ જ્વરને દૂર કરવા લાંઘણ સમાન, ધર્મરૂપ બગીચાને વિકસાવવા અમૃતની નીક સમાન કહે છે.[૧૧૦]

**शास्त्रोक्ताचारकर्ता च, शास्त्रज्ञः शास्त्रदेशकः ।**
**शास्त्रैकदृग्महायोगी, प्राप्नोति परमं पदम् ॥८॥**

(૮) शास्त्रोक्ता. – શાસ્ત્રમાં કહેલા આચારને પાળનાર, शास्त्रज्ञः – શાસ્ત્રને જાણનાર, शास्त्रदे. – શાસ્ત્રનો ઉપદેશ કરનાર च – અને शास्त्रै. – શાસ્ત્રમાં એકદષ્ટિ છે જેની એવા म.–મહાન યોગી परमं पदं – મોક્ષને प्रा. – પામે છે.

(૮) શાસ્ત્રમાં કહેલા આચારોનું પાલન કરનાર, શાસ્ત્રના જ્ઞાતા, શાસ્ત્રનો ઉપદેશ આપનાર અને શાસ્ત્રમાં જ દષ્ટિવાળા યોગી મોક્ષ પામે છે.

---

૧૧૦ યો. બિં. ગા. ૨૨૧થી૨૩૦

## अथ परिग्रहाष्टकम् ॥२५॥

**न परावर्तते राशे-र्वक्रतां जातु नोज्झति ।**
**परिग्रहग्रहः कोऽयं, विडम्बितजगत्त्रयः ? ॥१॥**

(૧) राशेः – રાશિથી न प. – પાછો ફરતો નથી, जातु – કદી પણ व. – વક્રતાને न उ. – તજતો નથી, वि.– વિટંબણા પમાડી છે ત્રણે જગતને જેણે એવો अयं – આ प.–પરિગ્રહ રૂપ ગ્રહ कः – કયો છે ?

**(૧) અરે ! આ પરિગ્રહ રૂપ ગ્રહ વળી કયો છે ! તે રાશિથી પાછો ફરતો નથી, અર્થાત્ એક રાશિ છોડીને બીજી રાશિમાં જતો નથી, ક્યારે પણ વક્રતાને છોડતો નથી, એટલે કે પાછળ પડતો નથી, અને ત્રણે જગતના જીવોને વિટંબણા પમાડે છે.**

અહીં ચંદ્રાદિ ગ્રહથી પરિગ્રહ રૂપ ગ્રહની ત્રણ વિલક્ષણતા જણાવી છે : (૧) ચંદ્રાદિ ગ્રહો મેષ આદિ એક રાશિને છોડીને વૃષભ વગેરે બીજી રાશિમાં જાય છે, અર્થાત્ સદા એક જ રાશિમાં રહેતા નથી. જ્યારે આ પરિગ્રહ રૂપ ગ્રહ સદા જીવોના સમૂહ રૂપ એક જ રાશિમાં રહે છે. (૨) ચંદ્રાદિ ગ્રહો ક્યારેક ક્યારેક મંદગતિ થવાથી (રાશિથી) પાછળ પડી જાય છે, જ્યારે આ

પરિગ્રહ રૂપ ગ્રહ તો સદા જીવોના સમૂહ રૂપ રાશિની સાથે જ રહે છે. (૩) ચંદ્રાદિ ગ્રહો બધા જ જીવોને દુઃખી કરી શકતા નથી. પુણ્યશાળી જીવોને એ ગ્રહો હેરાન કરી શકતા જ નથી. જ્યારે આ પરિગ્રહ રૂપ ગ્રહ તો જગતના તમામ જીવોને હેરાન કરે છે.

**परिग्रहग्रहाऽऽवेशाद्, दुर्भाषितरजःकिराम् ।**
**श्रूयन्ते विकृताः किं न, प्रलापा लिङ्गिनामपि ? ॥२॥**

(૨) प. – પરિગ્રહ રૂપ ગ્રહનો (આત્મામાં) પ્રવેશ થવાથી दु. – ઉત્સૂત્ર ભાષણ રૂપ ધૂળ ઉડાડનારા लिं. – વેષધારીઓના પણ वि. प्र. – વિકારવાળા બકવાદો किं – શું न श्रू. – સંભળાતા નથી.

(૨) પરિગ્રહ રૂપ ગ્રહનો (આત્મામાં) પ્રવેશ થવાથી ઉત્સૂત્ર વચન રૂપ ધૂળને ફેંકનારા જૈન વેશધારી સાધુઓના પણ લેવાની ઈચ્છા આદિના વિકારવાળા અસંબદ્ધ વચનો સંભળાય છે. ત્યારે બીજાઓની તો વાત જ શી કરવી ?

**यस्त्यक्त्वा तृणवद् बाह्य–मान्तरं च परिग्रहम् ।**
**उदास्ते तत्पदाम्भोजं, पर्युपास्ते जगत्त्रयी ॥३॥**

(૩) यः – જે तृ. – તણખલાની જેમ बाह्यं – બાહ્ય च – અને आं. – અંતરંગ प. – પરિગ્રહને त्य. – તજીને

उदास्ते – ઉદાસીન રહે છે त. – તેના ચરણકમલને ज. – ત્રણે જગત प. – સેવે છે.

(૩) જે બાહ્ય-અભ્યંતર[૧૧૧] પરિગ્રહને તણખલાની જેમ છોડીને સમભાવે રહે છે, તેના ચરણકમળને ત્રણે જગતના જીવો સેવે છે.

**चित्तेऽन्तर्ग्रन्थगहने, बहिर्निर्ग्रन्थता वृथा ।**
**त्यागात्कञ्चुकमात्रस्य, भुजगो न हि निर्विषः ॥४॥**

(૪) चित्ते अं. – ચિત્ત અંતરંગ પરિગ્રહથી વ્યાકુલ હોય તો ब. – બાહ્ય નિર્ગ્રંથપણું वृथा – ફોગટ છે. कं. – માત્ર કાંચળી त्यागात्–છોડવાથી भु. – સર્પ नि. – વિષરહિત न – ન हि – જ (થાય.)

(૪) જો ચિત્ત અભ્યંતર પરિગ્રહથી ખીચોખીચ ભરેલું હોય તો બાહ્ય પરિગ્રહનો ત્યાગ નિરર્થક જ છે. માત્ર ઉપરની કાંચળીના ત્યાગથી સર્પ વિષરહિત બની જતો જ નથી.

**त्यक्ते परिग्रहे साधोः, प्रयाति सकलं रजः ।**
**पालित्यागे क्षणादेव, सरसः सलिलं यथा ॥५॥**

(૫) यथा – જેમ पा. – પાળનો નાશ થતાં सरसः – સરોવરનું स. – પાણી (ચાલ્યું જાય છે તેમ) त्यक्ते प. –

---

૧૧૧ મિથ્યાત્વ, ચાર કષાય, હાસ્ય ષટ્ક અને વેદત્રિક એમ ૧૪ પ્રકારે અભ્યંતર પરિગ્રહ છે.

પરિગ્રહનો ત્યાગ થતાં साधोः – સાધુનું स. – સઘળું रजः – પાપ क्ष. – ક્ષણમાં જ प्र. – જાય છે.

(૫) જેમ પાળ નીકળી જતાં સરોવરમાંથી ક્ષણવારમાં સઘળું પાણી ચાલ્યું જાય છે, તેમ પરિગ્રહનો ત્યાગ થતાં સાધુનાં સઘળાં પાપો ચાલ્યાં જાય છે.

**त्यक्तपुत्रकलत्रस्य, मूर्छामुक्तस्य योगिनः ।**
**चिन्मात्रप्रतिबद्धस्य, का पुद्गलनियन्त्रणा ? ॥६॥**

(૬) त्य. – છોડયા છે પુત્ર અને સ્ત્રી જેણે એવા, मू. – મમત્વથી રહિત (અને) चि. – જ્ઞાનમાં જ આસક્ત यो. – યોગીને पु. – પુદ્ગલનું બંધન का – કયું હોય ?

(૬) પુત્ર, સ્ત્રી આદિ સઘળા બાહ્યપરિગ્રહથી અને મૂર્છા રૂપ આંતર પરિગ્રહથી મુક્ત બનીને જ્ઞાનમાં જ રત રહેનારા મુનિને કયું પુદ્ગલબંધન હોય ? અર્થાત્ તેને કર્મબંધ ન થાય.

આવા યોગીને રાગ–દ્વેષ પ્રત્યય કર્મબંધ ન થાય, ગુણસ્થાન પ્રત્યય કર્મબંધ તો થાય. પણ એ બધામાં રસાદિ નહિવત્ હોવાથી એનું ફળ પણ નહિવત્ મળે છે. આ દૃષ્ટિએ અહીં કર્મબંધ ન થાય એમ જણાવ્યું છે. આવા યોગીને થતો પુણ્ય-

બંધ પણ આત્મસાધનામાં બાધક બનતો નથી.

**चिन्मात्रदीपको गच्छेद्, निर्वातस्थानसन्निभैः ।**
**निष्परिग्रहतास्थैर्य, धर्मोपकरणैरपि ॥७॥**

(૭) चि. – જ્ઞાનના જ દીપક રૂપ અપ્રમત્ત સાધુ नि.– પવન રહિત સ્થાનના જેવા ध. – ધર્મના ઉપકરણોથી अपि– પણ नि. – પરિગ્રહના ત્યાગ રૂપ સ્થિરતાને ग. – પામે છે.

(૭) જ્ઞાનના (જ) દીપક રૂપ અપ્રમત્ત સાધુ પવનરહિત સ્થાન તુલ્ય ધર્મોપકરણોથી પણ નિષ્પરિગ્રહતાની સ્થિરતા પામે છે, અર્થાત્ ધર્મોપકરણો જ્ઞાન અને ચારિત્રમાં સહાયક હોવાથી અપ્રમત્ત સાધુ ધર્મોપકરણ રાખવા છતાં પરિગ્રહ રહિત છે.

મૂર્છા વિના ધર્મોપકરણનું ગ્રહણ થાય જ નહિ, આથી ધર્મોપકરણો પણ પરિગ્રહ જ છે એવી દિગંબરોની માન્યતા ખોટી છે, એ જણાવવા આ શ્લોક છે. દીપકની સ્થિરતા માટે બે સાધનની જરૂર છે. (૧) તેલ અને (૨) પવનરહિત સ્થાન. દીપકમાં પ્રમાણસર તેલ હોવા છતાં જો પવનના ઝપાટા લાગે તો તે બુઝાઈ જાય. તેમ જ્ઞાનના દીપક રૂપ અપ્રમત્ત સાધુની સ્થિરતા માટે યોગ્ય આહાર અને ધર્મોપકરણ એ બે સાધનની જરૂર છે. તેલના સ્થાને યુક્ત આહાર છે અને પવન રહિત

સ્થાનના સ્થાને ધર્મોપકરણો છે. યુક્ત આહારની જેમ યુક્ત ધર્મોપકરણો પણ મોક્ષમાર્ગની આરાધનામાં સહાયક છે. આથી યોગ્ય આહારથી મૂર્છા ન થાય અને ધર્મોપકરણથી અવશ્ય મૂર્છા થાય એવું દિગંબરોનું માનવું યુક્તિસંગત નથી. યુક્ત આહાર અને ધર્મોપકરણ એ બંને સમાન રૂપે મોક્ષમાર્ગમાં સહાયક હોવા છતાં એકથી મૂર્છા ન થાય, અને એકથી મૂર્છા થાય એમ માનવું એ કેવું હાસ્યાસ્પદ છે![112]

**मूर्छाच्छन्नधियां सर्वं, जगदेव परिग्रहः ।**
**मूर्च्छया रहितानां तु, जगदेवापरिग्रहः ॥८॥**

(૮) मू. – મૂર્છાથી ઢંકાયેલી છે બુદ્ધિ જેમની એવાઓને सर्वं – સઘળું ज. – જગત જ प. – પરિગ્રહ રૂપ છે. मू. र. – મૂર્છાથી રહિતને तु – તો ज. – જગત જ अ. – અપરિગ્રહ રૂપ છે.

(૮) જેમની બુદ્ધિ મૂર્છાથી આચ્છાદિત બની ગઈ છે તેમને સંપૂર્ણ જગત જ પરિગ્રહ છે, અને મૂર્છાથી રહિત યોગીઓને તો સંપૂર્ણ જગત જ અપરિગ્રહ છે.[113]

---

૧૧૨ પ્ર. ર. ગા. ૧૪૦ થી ૧૪૨

૧૧૩ યો. શા. પ્ર. ૧ ગા. ૨૪, વિ. આ. ભા. બોટિક-મતોત્પત્તિ પ્રકરણ ગાથા ૨૫૭૩ વગેરે, અ. મ. ૫. ગા. ૪ વગેરે.

## अथानुभवाष्टकम् ॥२६॥

**सन्ध्येव दिनरात्रिभ्यां, केवलश्रुतयोः पृथक् ।**
**बुधैरनुभवो दृष्टः, केवलार्काऽरुणोदयः ॥१॥**

(૧) इव – જેમ दि. – દિવસ અને રાત્રિથી સંધ્યા – સંધ્યા (જુદી છે, તેમ) के.–કેવલજ્ઞાન અને શ્રુતજ્ઞાનથી પૃથક્–જુદો के. – કેવલજ્ઞાન રૂપ સૂર્યના અરુણોદય સમાન अ. – અનુભવ बुधैः – પંડિતોએ दृष्टः – દીઠો છે.

(૧) જેમ સંધ્યા દિવસ અને રાતથી જુદી છે, તેમ કેવલજ્ઞાન અને શ્રુતજ્ઞાનથી જુદો કેવલજ્ઞાન રૂપ સૂર્યના અરુણોદય સમાન અનુભવ પંડિતોએ જોયો છે.

અનુભવ જ્ઞાન શ્રુતજ્ઞાનનું કાર્ય છે, અને કેવલજ્ઞાનનું અસાધારણ કારણ છે. અર્થાત્ શ્રુતજ્ઞાનના અભ્યાસથી અનુભવજ્ઞાન થાય છે, અને ઉષા પછી તુરત સૂર્યોદય થાય છે તેમ અનુભવ જ્ઞાન પછી તુરત–અંતર્મુહૂર્તમાં કેવલજ્ઞાન થાય છે. જેમ સૂર્યોદય થવાનો હોય ત્યારે પહેલાં ઉષા પ્રગટે છે, તેમ કેવલજ્ઞાન થવાનું હોય ત્યારે પહેલાં અનુભવ જ્ઞાન થાય છે. અનુભવજ્ઞાનને પ્રાતિભજ્ઞાન પણ કહેવામાં આવે છે. આ જ્ઞાન ક્ષપકશ્રેણિમાં

હોય છે.[૧૧૪]

**व्यापारः सर्वशास्त्राणां, दिक्प्रदर्शन एव हि ।**
**पारं तु प्रापयत्येको–ऽनुभवो भववारिधेः ॥२॥**

(૨) स. – સર્વશાસ્ત્રોનો व्या. – ઉદ્યમ दि. – દિશાને બતાવનાર एव – જ છે. भ. – સંસાર રૂપ સમુદ્રનો पारं–પાર तु – તો एक: – એક अ. – અનુભવ प्रा. – પમાડે છે. हि – નિશ્ચિત. ( સંસારનો પાર અનુભવ જ પમાડે છે એ હકીકત નિશ્ચિત-ચોક્કસ છે. )

(૨) સર્વશાસ્ત્રોનો ઉપાયપ્રદર્શન રૂપ વ્યાપાર દિશાસૂચન માટે જ છે, અર્થાત્ શાસ્ત્ર મોક્ષના ઉપાયો બતાવીને માત્ર દિશા સૂચન કરે છે. સંસાર સમુદ્રનો પાર તો એક અનુભવ જ પમાડે છે.

જેમ અજાણ્યા મુસાફરને માર્ગનો જાણકાર માત્ર માર્ગ બતાવે છે, પણ ઈષ્ટ સ્થાને પહોંચાડતો નથી. ઈષ્ટસ્થાને પહોંચવા તો સ્વયં પ્રવૃત્તિ કરવી પડે છે. તેમ પ્રસ્તુતમાં શાસ્ત્રો તો ભવ રૂપ સમુદ્રને પાર પામવાનો માત્ર માર્ગ બતાવે છે, પાર પમાડતા નથી, પાર તો અનુભવ જ પમાડે છે.[૧૧૫A]

---

૧૧૪ લ. વિ. નમોऽત્થુ ણં અરિહંતાણં પદનું વિવેચન, પા. યો. પા. ૧ સૂ. ૪૯ ના ભાષ્યની પૂ. મહો. શ્રીયશો વિ. મ.ની ટીકા, યો. સ. સામર્થ્ય યોગનું વિવેચન.

૧૧૫A અ. સા. ગા. ૨૬૩

अतीन्द्रियं परं ब्रह्म, विशुद्धानुभवं विना ।
शास्त्रयुक्तिशतेनापि, न गम्यं यद् बुधा जगुः ॥३॥
ज्ञायेरन् हेतुवादेन, पदार्था यद्यतीन्द्रियाः ।
कालेनैतावता प्राज्ञैः, कृतः स्यात् तेषु निश्चयः ॥४॥

(૩) अ.– ઇંદ્રિયોથી ન જાણી શકાય એવો परं–સર્વ ઉપાધિથી રહિત–શુદ્ધ ब्रह्म–આત્મા वि. विना–વિશુદ્ધ અનુભવ સિવાય शा.– શાસ્ત્રની સેંકડો યુક્તિઓથી પણ गम्यं न – જાણી શકાય નહિ. यद् – જેથી बुधाः – પંડિતોએ जगुः – (નીચે મુજબ) કહ્યું છે.

(૪) यदि – જો अ.– ઇંદ્રિયોથી ન જાણી શકાય એવા प.–પદાર્થો हे.–યુક્તિથી ज्ञा.– (હથેલીમાં રહેલા આમળાની જેમ) જણાય (તો) ए. का.–એટલા કાળે प्राज्ञैः –પંડિતોએ तेषु – તે અતીંદ્રિય પદાર્થોમાં नि.– નિશ્ચય कृतः स्यात् – કરી લીધો હોય.

(૩–૪) ઇંદ્રિયોથી ન જાણી શકાતો અને સઘળી ઉપાધિથી રહિત શુદ્ધ આત્મા વિશુદ્ધ અનુભવ વિના સેંકડો શાસ્ત્રયુક્તિઓથી પણ જાણી શકાય નહિ. આથી જ પંડિતોએ કહ્યું છે કે–

જો અતીંદ્રિય પદાર્થો શાસ્ત્રોક્ત યુક્તિઓથી હથેલીમાં રહેલા આમળાની પેઠે જાણી શકાતા હોત તો પંડિત પુરુષોએ આટલા કાળ સુધીમાં ક્યારે ય તે પદાર્થોમાં અમુક પદાર્થો અમુક સ્વરૂપે જ છે એમ અસંદિગ્ધ નિર્ણય કરી નાખ્યો હોત.

જો પંડિતોએ અતીંદ્રિય પદાર્થોમાં અસંદિગ્ધ નિર્ણય કરી નાખ્યો હોત તો એ વિષયોમાં કોઈ જાતનો વિવાદ ન રહેત. આત્મા અતીંદ્રિય છે. તેના પર્યાયો પણ અતીંદ્રિય છે. આથી તે તે વ્યક્તિને મોક્ષના ચોક્કસ ઉપાયનો બોધ થાય એ માટે સામર્થ્યયોગ રૂપ અનુભવ પ્રમાણ અવશ્ય માનવું જોઈએ એવો આ શ્લોકનો ભાવ છે.[૧૧૫B]

**केषां न कल्पनादर्वी, शास्त्रक्षीरान्नगाहिनी ।**
**विरलास्तद्रसास्वाद–विदोऽनुभवजिह्वया ॥५॥**

(૫) केषां – કોની क. – કલ્પના રૂપ કડછી शा.–શાસ્ત્ર રૂપ ક્ષીરાન્નમાં ( ખીરમાં ) પ્રવેશ કરનારી न – નથી ? (પણ) अ. – અનુભવ રૂપ જીભથી त. – શાસ્ત્ર રૂપ ક્ષીરાન્નના રસના ( રહસ્યના ) આસ્વાદને જાણનારા विरलाः–થોડા છે.

(૫) કોની કલ્પના રૂપ કડછી શાસ્ત્રરૂપ ક્ષીરાન્નમાં પ્રવેશ કરનારી નથી ? અર્થાત્ શાસ્ત્રદ્વારા આત્માની વિચારણા બધા પંડિતો કરે છે. પણ અનુભવ રૂપ જિહ્વાથી તેના રસાસ્વાદનો અનુભવ કરનારા તો વિરલા જ હોય છે.

શાસ્ત્રજ્ઞાન બાહ્યજ્ઞાન છે. સાક્ષાત્ અનુભવ

---

૧૧૫B અ. ઉ. અ. ૧ ગા. ૮થી૧૦, યો. બિં. ગા. ૬૭ થી ૬૯.

અંતરંગ જ્ઞાન છે. શાસ્ત્રજ્ઞાન ધરાવનારા પંડિતોમાં વિરલા જ અનુભવ જ્ઞાન પામે છે.

**पश्यतु ब्रह्म निर्द्वन्द्वं, निर्द्वन्द्वानुभवं विना ।**
**कथं लिपीमयी दृष्टि-र्वाङ्मयी वा मनोमयी ? ॥६॥**

(૬) नि. विना – ક્લેશરહિત-શુદ્ધ અનુભવ (–પ્રત્યક્ષ સાક્ષાત્કાર) વિના લિ.–પુસ્તક રૂપ वा.–વાણી રૂપ वा–અથવા म. – અર્થજ્ઞાન રૂપ दृष्टिः – દૃષ્ટિ नि. – રાગદ્વેષાદિથી રહિત શુદ્ધ ब्रह्म – આત્મસ્વરૂપને कथं प. – કેવી રીતે જુએ ?

(૬) ક્લેશરહિત આત્માને ક્લેશરહિત પ્રત્યક્ષ સાક્ષાત્કાર (અનુભવ) થયા વિના લિપીમયી, વાઙ્મયી કે મનોમયી દૃષ્ટિ કેવી રીતે જુએ ?

ભાવાર્થઃ– (લિપીમયી દૃષ્ટિ–) પુસ્તકોના વાંચનથી થતો બોધ, (વાઙ્મયી દૃષ્ટિ–) આત્મા સંબંધી ચર્ચા–વાદવિવાદ આદિથી થતો બોધ, અને (મનોમયી દૃષ્ટિ–) આત્મા સંબંધી ચિંતન–મનન આદિથી થતો બોધ સર્વ પ્રકારના ક્લેશથી રહિત શુદ્ધ બ્રહ્મને ન જોઈ શકે, કિંતુ અનુભવ રૂપ બોધ જ જોઈ શકે.

**न सुषुप्तिरमोहत्वाद्, नापि च स्वापजागरौ ।**
**कल्पनाशिल्पविश्रान्ते-स्तुर्यैवानुभवो दशा ॥७॥**

(૭) अनुभवः – અનુભવ अमो. – મોહરહિત હોવાથી

सु. – ગાઢ નિદ્રા રૂપ સુષુપ્તિ દશા न – નથી, च – અને क. – કલ્પના રૂપ કારીગરીનો વિરામ(–અભાવ) હોવાથી स्वा.–સ્વપ્ન અને જાગ્રદ્ દશા अपि–પણ न–નથી, (કિંતુ) तुर्या एव–ચોથી જ दशा – અવસ્થા છે.

(૭) નિદ્રા, સ્વપ્ન, જાગ્રદ્ અને ઉજાગર એમ ચાર દશા છે. તેમાં અનુભવ નિદ્રાદશા નથી, સ્વપ્ન દશા કે જાગ્રદ્ દશા પણ નથી, કિંતુ ચોથી જ ઉજાગર દશા છે. નિદ્રાદશામાં મોહ છે, જ્યારે અનુભવ દશામાં મોહ હોતો નથી. આથી અનુભવ નિદ્રા દશા નથી. સ્વપ્ન અને જાગ્રદ્ દશામાં કલ્પનાઓ–વિકલ્પો હોય છે, જ્યારે અનુભવ દશામાં કલ્પનાનો અભાવ હોય છે. આથી અનુભવ સ્વપ્ન કે જાગ્રદ્ દશા પણ નથી, કિંતુ ચોથી ઉજાગર દશા છે.

**अधिगत्याखिलं शब्द–ब्रह्म शास्त्रदृशा मुनिः ।**
**स्वसंवेद्यं परं ब्रह्मा–नुभवेनाऽधिगच्छति ॥८॥**

(૮) मुनिः – મુનિ शा.– શાસ્ત્ર રૂપ દૃષ્ટિથી अ.–સમસ્ત श. – શબ્દ બ્રહ્મને अधि. – જાણીને अनु. – અનુભવથી स्व.– સ્વપ્રકાશ રૂપ (સ્વથી જ જાણી શકાય તેવા) परं ब्रह्म–વિશુદ્ધ આત્માને अ.–જાણે છે.

(૮) મુનિ શાસ્ત્રરૂપ દૃષ્ટિથી સંપૂર્ણ શબ્દ-બ્રહ્મને (–શ્રુતને) જાણીને અનુભવ જ્ઞાનથી સ્વપ્રકાશ

રૂપ વિશુદ્ધ આત્માને જાણે છે. આત્મા સ્વ-પ્રકાશ રૂપ છે, એટલે કે એને જાણવા–જોવા માટે અન્ય સાધનની જરૂર પડતી નથી. જેમ ઘટ વગેરેને જોવા સૂર્ય આદિના પ્રકાશની જરૂર રહે છે, તેમ આત્માને જોવા આત્મા સિવાય અન્યના પ્રકાશની જરૂર નથી. આત્મા દીપકની જેમ સ્વયં પ્રકાશરૂપ છે.

## अथ योगाष्टकम् ॥२७॥

**मोक्षेण योजनाद् योगः, सर्वोऽप्याचार इष्यते ।**
**विशिष्य स्थानवर्णार्था-लम्बनैकाग्र्यगोचरः ॥१॥**

(૧) मो. – મોક્ષની સાથે यो. – ( આત્માને) જોડવાથી सर्वोऽपि – બધો ય आ. – આચાર योगः – યોગ इ. – ઇચ્છાય છે.–કહેવાય છે. वि. – વિશેષ કરીને स्थान. – મુદ્રા, અક્ષર, વર્ણનો અર્થ, આલંબન ( –પ્રતિમાદિ ) અને એકાગ્રતા (गोचर – ) સંબંધી આચાર યોગ છે.

(૧) આત્માને મોક્ષની સાથે જોડે તે યોગ. યોગશબ્દનો આ (વ્યુત્પત્તિસિદ્ધ) અર્થ ધર્મના સઘળા આચારોમાં ઘટતો હોવાથી સામાન્યથી ધર્મના સઘળા ય આચારો યોગ રૂપ છે. વિશેષ રૂપે સ્થાન, વર્ણ, અર્થ, આલંબન અને એકાગ્રતા એમ પાંચ પ્રકારે યોગ છે.

[૧૧૬]સ્થાન=કાયોત્સર્ગ, પદ્માસન વગેરે આસન. [૧૧૭]વર્ણ=શબ્દ, ક્રિયામાં બોલાતા સૂત્રો. અર્થ = ક્રિયામાં બોલાતા સૂત્રોનો અર્થ. આલંબન=બાહ્ય પ્રતિમા વગેરેનું ધ્યાન. એકાગ્રતા=બાહ્ય અલંબન વિના નિર્વિકલ્પ ચૈતન્યમાત્રની સમાધિ. આ અનાલંબન યોગ છે.[૧૧૮]

**कर्मयोगद्वयं तत्र, ज्ञानयोगत्रयं विदुः ।**
**विरतेष्वेव नियमाद्, बीजमात्रं परेष्वपि ॥२॥**

(૧) तत्र – તે પાંચ યોગમાં क. – બે કર્મયોગ (અને) ज्ञा. – ત્રણ જ્ઞાનયોગ ( છે એમ જ્ઞાનીઓ ) विदुः – જાણે છે. ( આ યોગ ) वि. – વિરતિવંતમાં नि. – અવશ્ય (હોય છે.) परेषु अपि – માર્ગાનુસારી વગેરે બીજાઓમાં પણ बी. – કેવળ બીજ રૂપ હોય છે.

(૨) પાંચ યોગમાં પ્રારંભના બે યોગ (સ્થાન, વર્ણ) કર્મયોગ છે, અને અંતિમ ત્રણ (અર્થ, આલં-

---

૧૧૬ ચૈત્યવંદન ભાષ્યમાં નિર્દિષ્ટ મુદ્રાત્રિક પણ સ્થાન યોગ છે.

૧૧૭ વર્ણ–અર્થ–આલંબન એ ત્રણ યોગ ચૈત્યવંદન ભાષ્યમાં નિર્દિષ્ટ આલંબનત્રિક (વર્ણત્રિક) સ્વરૂપ છે.

૧૧૮ આ અષ્ટકના આઠે ય શ્લોકોના બધા જ પદાર્થો યોગવિંશિકાની પૂ. મહો. શ્રીયશો વિ. મ.ની ટીકામાં વિસ્તારથી છે.

બન, એકાગ્રતા) જ્ઞાનયોગ છે; એમ જ્ઞાનીઓ જાણે છે. પાંચ પ્રકારનો આ યોગ દેશવિરતિ અને સર્વવિરતિ જીવોમાં અવશ્ય હોય છે, અપુનર્બંધક અને સમ્યગ્દષ્ટિ જીવોમાં કેવળ બીજ રૂપ હોય છે.

આ યોગ ચારિત્રમોહનીય કર્મના ક્ષયોપશમ આદિથી પ્રાપ્ત થતો હોવાથી દેશવિરતિ કે સર્વવિરતિ રૂપ ચારિત્રવાળાને જ હોય છે. અપુનર્બંધક અને સમ્યગ્દષ્ટિને આ યોગ બીજ રૂપે હોય છે. અર્થાત્ જેમ યોગ્ય ભૂમિમાં બીજ પડ્યું હોય તો અનુકૂલ સામગ્રી મળતાં તેમાં ફળ આવે છે, તેમ અપુનર્બંધક અને સમ્યગ્દષ્ટિને ભવિષ્યમાં અનુકૂલ સામગ્રી મળતાં (ચારિત્રાવરણ કર્મના ક્ષયોપશમાદિથી) આ યોગની અવશ્ય પ્રાપ્તિ થાય છે. આથી એ બેમાં વ્યવહારથી (કારણ રૂપે) યોગ હોય છે. સકૃદ્બંધક આદિને તો બાહ્ય ધર્મક્રિયા કરવા છતાં વ્યવહારથી પણ આ યોગ ન હોય.

**कृपानिर्वेदसंवेग-प्रशमोत्पत्तिकारिणः ।**
**भेदाः प्रत्येकमत्रेच्छा-प्रवृत्तिस्थिरसिद्धयः ॥३॥**

(૩) अत्र – અહીં प्रत्येकं – દરેક યોગના इच्छा. – ઇચ્છા, પ્રવૃત્તિ, સ્થિરતા અને સિદ્ધિ એ ચાર भेदाः–ભેદો છે. (તે ભેદો) कृपा.–કૃપા, નિર્વેદ, સંવેગ અને પ્રશમની ઉત્પત્તિ કરનારા છે.

(૩) સ્થાન આદિ પ્રત્યેક યોગના ઇચ્છા, પ્રવૃત્તિ, સ્થિરતા અને સિદ્ધિ એમ ચાર ભેદ છે. એ ચાર ભેદ કૃપા, નિર્વેદ, સંવેગ અને પ્રશમને ઉત્પન્ન કરનારા છે.

કૃપા = પ્રાણીઓના દુઃખને અને દુઃખનાં કારણોને યથાશક્તિ દૂર કરવાની ઇચ્છા રૂપ અનુકંપા. નિર્વેદ = ભવનું સ્વરૂપ જાણવાથી સંસાર અસાર લાગતાં તેનાથી છૂટવાની ઇચ્છા રૂપ વૈરાગ્ય. સંવેગ= મોક્ષની ઇચ્છા. પ્રશમ = કામ–ક્રોધની શાંતિ. યોગના સ્થાન આદિ ૫ × ઇચ્છા આદિ ૪ = ૨૦ ભેદો થયા. આ ૨૦ ભેદના દરેકના ચાર ચાર ભેદો સાતમી ગાથામાં કહેશે. આથી યોગના કુલ (૨૦×૪=) ૮૦ ભેદ થયા. ઇચ્છા આદિ ચાર યોગનો અર્થ ચોથી ગાથામાં છે.[૧૧૯]

**इच्छा तद्वत्कथाप्रीतिः, प्रवृत्तिः पालनं परम् ।**
**स्थैर्यं बाधकभीहानिः, सिद्धिरन्यार्थसाधनम् ॥४॥**

(૪) त. – (तद्वान् – योगवान् – યોગી) યોગીની કથામાં પ્રીતિ એ इच्छा – ઇચ્છાયોગ છે. परं – અધિક પ્રયત્નથી पा. – શુભ ઉપાયોનું પાલન કરવું એ प्रवृत्तिः – પ્રવૃત્તિયોગ છે. बा. – ( બાધક–અતિચાર ) અતિચારના ભયનો ત્યાગ એ

---

૧૧૯ અ. સા. ગા. ૨૯૪ અને ૨૯૮, દ્વા. દ્વા. ૨૩ ગા. ૨૪.

स्थैर्य - સ્થિરતા યોગ છે. अ.-બીજાના અર્થનું સાધન થાય (-જેનાથી બીજાનું પણ હિત થાય) એ सिद्धिः-સિદ્ધિયોગ છે.

(૪) યોગીની યોગસંબંધી વાતો સાંભળતાં પ્રીતિ થાય એ ઇચ્છાયોગ. શાસ્ત્રોક્ત વિધિ મુજબ સંપૂર્ણ યોગપાલન એ પ્રવૃત્તિયોગ. યોગના પાલનમાં અતિચારોના ભયનો અભાવ તે સ્થિરતા યોગ. સ્થાનાદિયોગ બીજાઓના પણ હિતનું કારણ બને એ સિદ્ધિયોગ છે.

ઇચ્છા આદિ ચાર અવસ્થાઓ ઉત્તરોત્તર ચઢિયાતી છે. યોગને જાણવાની ઇચ્છા થાય. યોગને જાણીને આનંદ થાય. આનંદથી શાસ્ત્રોક્ત વિધિ મુજબ સંપૂર્ણપણે યોગપાલનનો ઉલ્લાસ જાગે. પણ દ્રવ્ય-ક્ષેત્ર આદિ અનુકૂલ સાધનની ન્યૂનતાના કારણે સંપૂર્ણ રીતે યોગપાલન ન થઈ શકે, અલ્પ પ્રમાણમાં થઈ શકે, તેમાં પણ અનેક દોષો લાગે. યોગની આ અવસ્થા ઇચ્છાયોગ છે. આ યોગમાં વિધિનું સંપૂર્ણ પાલન થતું નથી. પણ વિધિ પ્રત્યે અને વિધિપાલન કરનારાઓ પ્રત્યે બહુમાન અવશ્ય હોય છે. એટલે ફલિતાર્થ એ થયો કે વિધિ અને વિધિ આચરનારાઓ પ્રત્યે બહુમાનપૂર્વક યથાશક્તિ અલ્પ યોગપાલન-યોગાભ્યાસ એ ઇચ્છાયોગ છે. પ્રબળ વીર્યોલ્લાસથી શાસ્ત્રોક્ત વિધિ મુજબ સંપૂર્ણ

યોગપાલન એ પ્રવૃત્તિયોગ છે. સુંદર અભ્યાસથી પ્રવૃત્તિયોગ સ્થિર બની જાય છે ત્યારે તેમાં અતિચારનો ભય રહેતો નથી. યોગની આ અવસ્થા સ્થિરતા યોગ છે. સ્થાનાદિ યોગો એવા સિદ્ધ થઈ જાય કે જેથી એનું પાલન કરનારના આત્મામાં તો શાંતિ વગેરે ગુણો પ્રગટે જ, પણ એની પાસે આવેલા જીવો ઉપર પણ એ ગુણોની અસર થાય. યોગની આ અવસ્થા સિદ્ધિયોગ છે. સિદ્ધિયોગવાળા પાસે આવેલા હિંસક પ્રાણીઓ પણ હિંસા કરતા નથી, અસત્ય બોલનારા અસત્ય બોલતા નથી, નિત્યવૈરવાળા ( સાપ–નોળિયા જેવા ) પ્રાણીઓ પણ વૈર ભૂલી જાય છે...........

ઇચ્છાદિ ચાર યોગનો સંક્ષેપથી સારઃ— ઇચ્છાયોગમાં અલ્પ અને સાતિચાર યોગપાલન હોય છે. પ્રવૃત્તિયોગમાં સંપૂર્ણ યોગપાલન હોય છે, પણ દોષો લાગવાનો ભય હોય છે. સ્થિરતાયોગમાં સંપૂર્ણ યોગપાલન અને દોષભયનો અભાવ એ બંને હોય છે. સિદ્ધિયોગમાં સંસર્ગમાં આવનારા પ્રાણીઓનું પણ હિત થાય છે.[૧૨૦]

૧૨૦ અ. સા. ગા. ૨૯૫–૨૯૬, દ્વા. દ્વા. ૧૯ ગા. ૨૬ થી ૨૮.

**अर्थालम्बनयोश्चैत्य-वन्दनादौ विभावनम् ।**
**श्रेयसे योगिनः स्थान-वर्णयोर्यत्न एव च ॥५॥**

(૫) चै. – ચૈત્યવંદનાદિ ક્રિયામાં अ. – અર્થ અને આલંબનનું वि. – સ્મરણ કરવું, च – અને स्था. – સ્થાન અને વર્ણમાં यत्न एव – ઉદ્યમ જ (કાળજી જ) यो. – યોગીના श्रे. – કલ્યાણ માટે (થાય છે.)

(૫) ચૈત્યવંદનાદિ ક્રિયામાં અર્થ અને આલંબન યોગનું વારંવાર સ્મરણ જ તથા સ્થાન અને વર્ણમાં ઉદ્યમ જ યોગીના હિત માટે થાય છે.

ભાવાર્થ:– ચૈત્યવંદનાદિ ક્રિયામાં (અર્થ–) સૂત્રોના અર્થનો વિચાર કરતા રહેવું જોઈએ, (આલંબન–) દૃષ્ટિ પ્રતિમાદિ આલંબન ઉપર સ્થિર રાખવી જોઈએ, (સ્થાન–) જે વખતે જે મુદ્રા જોઈએ તે મુદ્રા છે કે નહિ તેનો ઉપયોગ રાખવો જોઈએ, (વર્ણ–) સૂત્રો હીનાક્ષર આદિ દોષથી રહિત શુદ્ધ બોલાય છે કે નહિ તેનો ઉપયોગ રાખવો જોઈએ. અર્થાત્ ચિત્તને સ્થાનાદિ ચારમાં એકાગ્ર બનાવવું જોઈએ. પ્રશ્ન:– સ્થાનાદિ ચારેમાં એક સાથે ચિત્તનો ઉપયોગ કેવી રીતે રહે? ઉત્તર:– અહીં ચિત્તનો ઉપયોગ સ્થાનથી ખસીને વર્ણ ઉપર, વર્ણથી ખસીને સ્થાન ઉપર કે અર્થ ઉપર, અર્થ ઉપરથી ખસીને આલંબન ઉપર

કે વર્ણ ઉપર........એમ ફરતો હોવા છતાં બહુ જ ઝડપથી ફરતો હોવાથી ઉત્પલશતપત્રના ભેદની જેમ સ્થાનાદિ ચારેમાં ચિત્તની એકાગ્રતા કહેવાય. આમાં મુખ્યપણે મનમાં અર્થનો વિચાર ચાલે અને વચ્ચે વચ્ચે આલંબનાદિ બરોબર છે કે નહિ તેનો પણ સૂક્ષ્મ ઉપયોગ થતો રહે.[૧૨૧]

**आलम्बनमिह ज्ञेयं, द्विविधं रूप्यरूपि च ।**
**अरूपिगुणसायुज्य–योगोऽनालम्बनः परः ॥६॥**

(૬) इह – અહીં आ. – અલંબન रूपि – રૂપી च–અને अरूपि – અરૂપી ( એમ ) द्वि. – બે પ્રકારે છે. ( તે બેમાં ) अ. – ( અરૂપી=સિદ્ધ, ગુણ=સ્વરૂપ, સાયુજ્ય=તન્મયપણું ) સિદ્ધના સ્વરૂપ સાથે તન્મયપણા રૂપ યોગ એ अ. – અનાલંબન યોગ છે. ( આ યોગ ) परः – ઉત્કૃષ્ટ છે.

(૬) અહીં આલંબનના રૂપી અને અરૂપી એમ બે ભેદ છે. સિદ્ધસ્વરૂપની સાથે તાદાત્મ્ય (–એકતા) એ અનાલંબન યોગ છે. અનાલંબન યોગ ઉત્કૃષ્ટ યોગ છે.

આલંબનના (જેનું આલંબન–ધ્યાન કરવાનું છે તેના) બે ભેદ હોવાથી આલંબન યોગના બે

---

૧૨૧ ચૈત્યવંદન મહાભાષ્ય ગા. ૨૪૧ વગેરે

ભેદ છે. આલંબનના મુખ્યતયા રૂપી અને અરૂપી એ બે ભેદ છે. વીતરાગની મૂર્તિ આદિનું ધ્યાન રૂપી આલંબન છે. સિદ્ધ પરમાત્માના જ્ઞાનાદિ ગુણો સાથે પોતાના આત્માની એકતા અરૂપી આલંબન છે. રૂપી આલંબનને સાલંબન અને અરૂપી આલંબનને અનાલંબન યોગ કહેવામાં આવે છે. મૂળ ગાથામાં अरूपिगुण...... એમ કહીને અનાલંબન યોગની વ્યાખ્યા કરી છે. અહીં સાલંબન યોગની વ્યાખ્યા કરી નથી, પણ અર્થાપત્તિથી આવી જાય છે. અરૂપીનું ધ્યાન ( -તાદાત્મ્ય ) નિરાલંબન યોગ છે, એટલે રૂપી ( પ્રતિમાદિ ) નું ધ્યાન સાલંબન યોગ છે એ સિદ્ધ થાય છે. સાલંબન યોગનો અહીં જણાવેલા યોગના સ્થાનાદિ પાંચ ભેદો પૈકી આલંબનયોગમાં સમાવેશ થાય છે, અને અનાલંબનયોગનો એકાગ્રતાયોગમાં સમાવેશ થાય છે.

પ્રશ્નઃ–અનાલંબન શબ્દનો અર્થ આલંબન રહિત એવો છે. અનાલંબનયોગમાં અરૂપી આલંબન તો હોય છે. આથી તેને અનાલંબન કેમ કહી શકાય ? ઉત્તરઃ– જેમ વ્યવહારમાં થોડા પૈસા હોવા છતાં ગરીબને નિર્ધન–ધનરહિત કહેવામાં આવે છે તેમ અહીં અરૂપી આલંબન બહુ અલ્પ આલંબન

હોવાથી તેની વિવક્ષા કરવામાં આવી નથી.[૧૨૨]

**प्रीतिभक्तिवचोऽसंगैः, स्थानाद्यपि चतुर्विधम् ।**
**तस्मादयोगयोगाप्ते-र्मोक्षयोगः क्रमाद् भवेत् ॥७॥**

(૭) प्री.–પ્રીતિ, ભક્તિ, વચન અને અસંગથી स्था.–સ્થાનાદિ યોગ પણ च.–ચાર પ્રકારે છે. त.–તે (સ્થાનાદિ) યોગથી क्रमाद्–અનુક્રમે अ.–(अयोगः–योगाभावः–યોગનિરોધ) યોગનિરોધ રૂપ યોગની પ્રાપ્તિ થવાથી मो.–મોક્ષનો યોગ भ.–થાય.

(૭) પૂર્વે (ગા. ૧-૨માં) જણાવેલા યોગના સ્થાન આદિ ૨૦ ભેદોમાં પ્રત્યેક ભેદ પ્રીતિ, ભક્તિ, વચન અને અસંગ એ ચાર પ્રકારે છે. સ્થાનાદિ યોગથી અનુક્રમે શૈલેશી અવસ્થા રૂપ અયોગની પ્રાપ્તિ થવાથી મોક્ષની પ્રાપ્તિ થાય છે.

જે અનુષ્ઠાનમાં અન્ય સઘળાં કાર્યો છોડીને અતિશય પ્રીતિથી એ અનુષ્ઠાન માટે જ તીવ્ર પ્રયત્ન થાય તે પ્રીતિ અનુષ્ઠાન. જેમાં બહુમાન-ભાવ અને વિશુદ્ધિ પ્રીતિ અનુષ્ઠાનથી અધિક હોય તે ભક્તિ અનુષ્ઠાન.

પ્રીતિ-ભક્તિ અનુષ્ઠાનમાં ભેદઃ– વિશિષ્ટ પ્રકારનું પ્રીતિ અનુષ્ઠાન જ ભક્તિ અનુષ્ઠાન છે. તેમાં વિશેષતા આ પ્રમાણે છે– પ્રીતિ અનુષ્ઠાનની અપે-

---

૧૨૨ પો. ૧૪ ગા. ૧, પો. ૧૫ ગા. ૮-૯

ક્ષાએ ભક્તિ અનુષ્ઠાનમાં આલંબનના વિષય પ્રત્યે આદરભાવ અધિક હોય, અને આદર અધિક હોવાના કારણે વિશુદ્ધિ વધારે હોય. જેમ કે-પત્ની અને માતા એ બંનેની ભોજનાદિ દ્વારા પાલન-પોષણની ક્રિયા એક સરખી હોવા છતાં બંને પ્રત્યે ભાવમાં અંતર હોય છે. પત્ની પ્રત્યે પ્રીતિનો અને માતા પ્રત્યે ભકિતનો ભાવ હોય છે, પત્નીના પાલનની ક્રિયાની અપેક્ષાએ માતાના પાલનની ક્રિયામાં ચોક્કસાઈ, કાળજી વગેરે દ્વારા વિશેષ વિશુદ્ધિ હોય છે. આ રીતે અંતરના ભાવ અને ક્રિયાની વિશુદ્ધિના ભેદથી એક જ અનુષ્ઠાનના પ્રીતિ અને ભક્તિ એવા બે ભેદ છે.

સઘળી ધર્મક્રિયાઓમાં શાસ્ત્રને લક્ષ્યમાં રાખીને સાધુઓની ઉચિત પ્રવૃત્તિ વચન અનુષ્ઠાન છે. વચન અનુષ્ઠાનના અતિશય અભ્યાસથી શાસ્ત્રના સ્મરણ વિના ચંદનગંધની જેમ સહજ ભાવે થતી પ્રવૃત્તિ અસંગ અનુષ્ઠાન છે.

વચન-અસંગ અનુષ્ઠાનમાં ભેદઃ- વચન અનુષ્ઠાનમાં દરેક ઉચિત પ્રવૃત્તિ શાસ્ત્રમાં આમ વર્તવાની આજ્ઞા છે એમ શાસ્ત્રને યાદ કરીને થાય છે. અસંગાનુષ્ઠાનમાં દરેક ઉચિત પ્રવૃત્તિ શાસ્ત્રને યાદ

કર્યા વિના જ સહજ ભાવે થાય છે. અસંગ અનુષ્ઠાનમાં સંસ્કાર એટલા બધા દૃઢ થઈ ગયા હોય છે કે પ્રવૃત્તિ કરતી વખતે શાસ્ત્રસ્મરણની જરૂર જ રહેતી નથી. જેમ પ્રારંભમાં ચક્રને ફેરવવા દંડની પ્રેરણાની જરૂર રહે છે, ભ્રમણનો વેગ વધી ગયા પછી દંડની પ્રેરણા વિના પણ સંસ્કારથી જ તે ફરે છે, તેમ પ્રસ્તુતમાં પ્રારંભમાં ઉચિત પ્રવૃત્તિ માટે શાસ્ત્રપ્રેરણાની આવશ્યકતા રહે છે. શાસ્ત્રપ્રેરણાથી પ્રવૃત્તિનો બહુ અભ્યાસ થઈ ગયા પછી આત્મામાં એ પ્રવૃત્તિના સંસ્કાર અતિશય દૃઢ થઈ જવાથી, જેમ ચંદનમાં સુગંધ સ્વાભાવિક હોય છે તેમ, સહજપણે પ્રવૃત્તિ થયા કરે છે. જિનકલ્પી આદિ વિશિષ્ટ સાધુને અસંગ અનુષ્ઠાન હોય છે.

પહેલી–બીજી ગાથામાં બતાવેલા સ્થાનાદિ ૨૦ ભેદના પ્રત્યેકના પ્રીતિ આદિ ચાર ચાર ભેદ હોવાથી યોગના કુલ (૨૦×૪=) ૮૦ ભેદ થયા.[૧૨૩]

**स्थानाद्ययोगिनस्तीर्थो–च्छेदाद्यालम्बनादपि ।**
**सूत्रदाने महादोष, इत्याचार्याः प्रचक्षते ॥८॥**

(૮) સ્થા.–સ્થાનાદિ યોગથી ( સર્વથા ) રહિતને તી.–ગમે તેવાને પણ સૂત્ર ન ભણાવવામાં આવે તો

---

૧૨૩ ષો. ૧૦ ગા. ૨થી૯, અ. ઉ. અ. ૩ ગા. ૪૧

તીર્થનો ઉચ્છેદ થાય ઇત્યાદિ આલંબનથી પણ સૂ. – ચૈત્ય-વંદનાદિ સૂત્ર શિખવવામાં મ. – મોટો દોષ છે. इति – એમ आ. – શ્રીહરિભદ્રસૂરિ વગેરે આચાર્યો प्र. – કહે છે.

(૮) જેવા તેવાને પણ સૂત્ર ન ભણાવવામાં આવે તો તીર્થનો ઉચ્છેદ થાય ઇત્યાદિ કારણે પણ સ્થાનાદિ યોગથી સર્વથા રહિતને ચૈત્યવંદનાદિ સૂત્ર ભણાવવામાં સૂત્રની આશાતના રૂપ મહાદોષ છે એમ પૂજ્ય શ્રીહરિભદ્રસૂરિ મહારાજ વગેરે આચાર્યો કહે છે.[१२४A]

## अथ नियागाष्टकम् ॥२८॥

**यः कर्म हुतवान् दीप्ते, ब्रह्माग्नौ ध्यानधाय्यया ।**
**स निश्चितेन यागेन, नियागप्रतिपत्तिमान् ॥१॥**

(૧) यः – જેણે दीप्ते – પ્રદીપ્ત કરેલા ब्र. – બ્રહ્મ (–જ્ઞાનમય આત્મા) રૂપ અગ્નિમાં ध्या. – ધ્યાન રૂપ વેદની ઋચા (મંત્ર)થી कर्म – કર્મને हु. – હોમ્યાં છે, सः – તે મુનિ नि. – નિર્ધારિત–ભાવ या. – યાગથી नि. – ( नियागस्य प्रतिपत्तिः–प्राप्तिः स्वीकारो वा – नियागप्रतिपत्तिः, सा अस्यास्तीति नियागप्रतिपत्तिमान् ) નિયાગને પામેલા છે.

(૧) જેણે પ્રદીપ્ત જ્ઞાનમય આત્મા રૂપ અગ્નિમાં

---

૧૨૪A અ. સા. ગા. ૩૦૧–૩૦૨, લ. વિ. પ્રારંભમાં ચૌત્યવંદનના અધિકારીનું વર્ણન.

ધ્યાન રૂપ ધાય્યાથી જ્ઞાનાવરણીયાદિ કર્મનો હોમ કર્યો છે તે મુનિ ભાવયાગથી નિયાગને પામ્યા છે.

निश्चितो यागः=नियागः નિશ્ચિત યાગ તે નિયાગ. નિશ્ચિત એટલે નિર્ધારિત–નિશ્ચય કરેલું. પ્રસ્તુતમાં ભાવયાગ નિશ્ચિત–નિર્ધારિત છે. અર્થાત્ જેમાં પશુવધ થાય છે તે યાગ–યજ્ઞ નિર્ધારિત નથી, કર્મને બાળવા રૂપ ભાવયાગ નિર્ધારિત છે. પશુ-વધ વગેરે રૂપ યાગ દ્રવ્યયાગ છે. કર્મને બાળવા રૂપ યાગ ભાવયાગ છે. દ્રવ્યયાગ યજ્ઞ છે અને ભાવ-યાગ નિયાગ છે. ધ્યાનથી બ્રહ્મમાં–જ્ઞાનમય આત્મામાં કર્મો ખપી જાય છે. આથી અહીં કહ્યું કે–જેણે પ્રદીપ્ત બ્રહ્મ રૂપ અગ્નિમાં ધ્યાન રૂપ ધાય્યાથી ........[124B] ધાય્યા એટલે સામધેની ઋચા (–મંત્ર વિશેષ). આ ઋચાના પાઠપૂર્વક યજ્ઞમાં સમિધ્ (વિશિષ્ટ પ્રકારનું કાષ્ઠ) નાખવામાં આવે છે.

**पापध्वंसिनि निष्कामे, ज्ञानयज्ञे रतो भव ! ।**
**सावद्यैः कर्मयज्ञैः किं, भूतिकामनयाऽऽविलैः ? ॥२॥**

(૨) पा. – પાપનો નાશ કરનાર (અને) नि. – કામના રહિત ज्ञा. – જ્ઞાન રૂપ યજ્ઞમાં रतः – આસક્ત भव – થા. भू. – સુખની ઇચ્છાથી आ. – મલિન सा. – પાપસહિત क.– કર્મરૂપ યજ્ઞોથી किम् – શું ( પ્રયોજન છે ) ?

---

૧૨૪B ઉત્તરા. અ. ૧૨ ગા. ૪૨થી૪૪

(૨) મહાનુભાવ ! પાપનો નાશ કરનાર નિષ્કામ જ્ઞાનરૂપ યજ્ઞમાં આસક્ત થા. ભૌતિક સુખની ઇચ્છાથી મલિન અને પાપયુક્ત જ્યોતિષ્ટો-માદિ કર્મયજ્ઞોનું શું કામ છે ? भूतिकामः पशुमालभेत વગેરે શ્રુતિના આધારે જ્યોતિષ્ટોમ વગેરે યજ્ઞો સકામ છે.

**वेदोक्तत्वान्मनःशुद्धया, कर्मयज्ञोऽपि योगिनः ।**
**ब्रह्मयज्ञ इतीच्छन्तः, श्येनयागं त्यजन्ति किम् ॥३॥**

(૩) वे. – વેદમાં કહેલ હોવાથી म. – મનની શુદ્ધિ દ્વારા क. – કર્મયજ્ઞ પણ यो.– જ્ઞાનયોગીને ब्र. – બ્રહ્મયજ્ઞ રૂપ છે इति – એમ इ. – ઇચ્છતા–માનતા (વેદાનુયાયીઓ) श्ये.– શ્યેનયજ્ઞને किं – કેમ त्य. – છોડે છે ?

(૩) કર્મયજ્ઞ વેદોક્ત–વેદવિહિત હોવાના કારણે તેનાથી મનની શુદ્ધિ થતી હોવાથી જ્ઞાનયોગીને કર્મયજ્ઞ પણ બ્રહ્મયજ્ઞ થાય છે એમ માનનારા (કેટલાક વેદાનુયાયીઓ) શ્યેનયાગનો કેમ ત્યાગ કરે છે ?

બીજી ગાથામાં કર્મયજ્ઞ સાવદ્ય અને સકામ છે એમ કહ્યું છે. આ વિષયમાં વેદાંતીઓ જવાબ આપતાં કહે છે કે કર્મયજ્ઞ સાવદ્ય અને સકામ જ છે એવો એકાંત નિયમ નથી. ઇહલૌકિક–પારલૌકિક

ફળની આશાથી યજ્ઞ કરનારા અજ્ઞાની જીવો માટે ભલે કર્મયજ્ઞ સાવદ્ય અને સકામ હોય, પણ જ્ઞાનયોગીઓ માટે કર્મયજ્ઞ સાવદ્ય નથી અને સકામ પણ નથી, કિંતુ બ્રહ્મયજ્ઞ–જ્ઞાનયજ્ઞ છે. કારણ કે જે ચિત્તની શુદ્ધિ કરે તે બ્રહ્મયજ્ઞ–જ્ઞાનયજ્ઞ. જ્ઞાનયોગીને આત્માનું જ્ઞાન થયું હોવાથી કર્મયજ્ઞમાં સ્વર્ગફળનો સંકલ્પ હોતો નથી. તથા તે પશુ વગેરેને દ્વેષપૂર્વક મારવા માટે નહિ, કિંતુ વેદવિહિત છે માટે કર્મયજ્ઞ કરે છે. આથી તેને કર્મયજ્ઞમાં હિંસાનું પાપ પણ લાગતું નથી. પશુ વગેરેને દ્વેષપૂર્વક મારવાની બુદ્ધિએ મારવાથી હિંસા થાય.[૧૨૫] આ પ્રમાણે જ્ઞાનયોગીને કર્મયજ્ઞમાં ફળસંકલ્પનો અને હિંસકબુદ્ધિનો અભાવ હોવાથી તથા વેદવિહિત છે માટે કર્તવ્ય છે એવો શુભ આશય હોવાથી ચિત્તશુદ્ધિ થાય છે. વેદાનુયાયીઓની આવી દલીલને લક્ષ્યમાં રાખીને ગ્રંથકાર મહાત્માએ આ શ્લોકમાં તેમને પ્રત્યુત્તર આપ્યો છે. [वेदोक्तत्वाद् मनःशुद्धया=] વેદવિહિત હોવાથી કર્તવ્ય છે એવી બુદ્ધિથી ચિત્તની શુદ્ધિ થતી હોવાથી (योगिनः=) યોગીને (कर्मयज्ञोऽपि ब्रह्मयज्ञः=) કર્મયજ્ઞ

---

૧૨૫ द्वेषपूर्वकं प्राणिवध एव हिंसा ( મીમાંસાસૂત્ર ૧/૧/૨ )

પણ બ્રહ્મયજ્ઞ-જ્ઞાનયજ્ઞ બને છે (इतीच्छन्तः=) એમ માનનારાઓ श्येनयागं त्यजन्ति किम्(=) શ્યેનયાગ કેમ કરતા નથી ? શ્યેનયાગ પણ વેદવિહિત છે. "श्येनेनाभिचरन् यजेत्" જેણે શત્રુવધ કરવો હોય તેણે શ્યેનયજ્ઞ કરવો એમ વેદમાં કહ્યું છે. હવે જો શ્યેનયાગથી ચિત્તશુદ્ધિ થતી ન હોય તો અગ્નિહોત્રાદિ યજ્ઞોથી પણ ચિત્તશુદ્ધિ ન થાય. કારણ કે અગ્નિહોત્રાદિ યજ્ઞોમાં અને શ્યેનયજ્ઞમાં હિંસાની દૃષ્ટિએ કોઈ તફાવત નથી. આથી એ નક્કી થયું કે જેમ શ્યેનયાગથી ચિત્તશુદ્ધિ થતી નથી, તેમ અગ્નિહોત્રાદિ યજ્ઞોથી પણ ચિત્તશુદ્ધિ થતી નથી. માટે અગ્નિહોત્રાદિ કર્મયજ્ઞ ત્યાજ્ય છે.

**ब्रह्मयज्ञः परं कर्म, गृहस्थस्याधिकारिणः ।**
**पूजादि वीतरागस्य, ज्ञानमेव तु योगिनः ॥४॥**

(૪) अ. – અધિકારી-યોગ્ય गृ. – ગૃહસ્થને परं–કેવળ वी. – વીતરાગની पू. – પૂજા વગેરે कर्म – ક્રિયા ब्र. – બ્રહ્મયજ્ઞ છે, यो. – યોગીને तु – તો ज्ञानमेव – જ્ઞાન જ (ब्रह्मयज्ञ–બ્રહ્મયજ્ઞ છે.)

(૪) ન્યાયસંપન્નવૈભવ વગેરે ગુણોથી યોગ્ય ગૃહસ્થને કેવલ વીતરાગની પૂજા વગેરે સ્વરૂપથી સાવદ્ય અનુષ્ઠાન બ્રહ્મયજ્ઞ છે. યોગીને સર્વ

ઉપાધિથી રહિત શુદ્ધ જ્ઞાન જ બ્રહ્મયજ્ઞ છે.

**भिन्नोद्देशेन विहितं, कर्म कर्मक्षयाक्षमम् ।**
**क्लृप्तभिन्नाधिकारं च, पुत्रेष्ट्यादिवदिष्यताम् ॥५॥**

(૫) भि. – મોક્ષ સિવાય બીજા ઉદ્દેશથી विहितं – (શાસ્ત્રમાં) કહેલું च – અને क्लृ.–કલ્પેલો છે ભિન્ન અધિકાર જેનો એવું कर्म – અનુષ્ઠાન पु. – પુત્રપ્રાપ્તિ માટે વેદશાસ્ત્રમાં વિહિત યજ્ઞ વગેરેની જેમ क.–કર્મનો ક્ષય કરવામાં અસમર્થ इ. – ઇચ્છો–માનો.

(૫) ત્રીજી ગાથામાં જ્ઞાનયોગીને વેદવિહિત હોવાથી કર્તવ્યબુદ્ધિથી (પશુઓ પ્રત્યે દ્વેષ વિના) થતા કર્મયજ્ઞથી ચિત્તશુદ્ધિ થતી હોવાથી કર્મયજ્ઞ પણ બ્રહ્મયજ્ઞ બને છે એવું વેદાનુયાયીઓ માને છે એમ પૂર્વપક્ષ રૂપે જણાવ્યું છે. તેનું આ શ્લોકમાં ખંડન કરવામાં આવ્યું છે. એટલે કે જ્ઞાનયોગીને કર્મયજ્ઞ બ્રહ્મયજ્ઞ રૂપ બને નહિ એમ સિદ્ધ કર્યું છે. તેમાં બે હેતુ આપ્યા છે. તેમાં પહેલો હેતુ भिन्नोद्देशेन विहितं कर्म कर्मक्षयाक्षमम् એ છે, અને બીજો હેતુ क्लृप्तभिन्नाधिकारं च (कर्मक्षयाक्षमम्) એ છે. આ બે હેતુના સમર્થનમાં પુત્રેષ્ટિયજ્ઞનું દૃષ્ટાંત આપ્યું છે.

જ્ઞાનયોગીને પણ કર્મયજ્ઞ બ્રહ્મયજ્ઞ રૂપ બની

શકે નહિ. કારણ કે भिन्नोद्देशेन........મોક્ષના ઉદ્દેશ સિવાય સાંસારિક સુખપ્રાપ્તિ આદિ ઉદ્દેશથી વિહિત અનુષ્ઠાન કર્મક્ષય કરવા માટે અસમર્થ છે. વેદમાં અગ્નિહોત્રાદિ બધા યજ્ઞો સાંસારિક સુખ-પ્રાપ્તિ આદિ ઉદ્દેશથી વિહિત છે, તેમાં મોક્ષનો ઉદ્દેશ છે જ નહિ. આથી તે અનુષ્ઠાનથી જ્ઞાનીને પણ કર્મક્ષય થાય નહિ. જેનાથી કર્મક્ષય ન થાય તે અનુષ્ઠાન ચિત્તશુદ્ધિનું કારણ ન બનતું હોવાથી બ્રહ્મયજ્ઞ રૂપ બની શકે જ નહિ. હવે બીજી વાત. જેનો અધિકાર ભિન્ન કલ્પેલો છે, અર્થાત્ જેના અધિકારી ભિન્ન છે એવું અનુષ્ઠાન કર્મક્ષય કરવા અસમર્થ છે. જેમ કે, યોગીને યોગ્ય અનુષ્ઠાન ભિન્ન છે, અને ગૃહસ્થને યોગ્ય અનુષ્ઠાન ભિન્ન છે. યોગીને અને ગૃહસ્થને પોતપોતાની યોગ્યતા મુજબ ભિન્ન ભિન્ન અનુષ્ઠાનનો અધિકાર છે. આથી જો યોગી ગૃહસ્થને યોગ્ય (જિનપૂજાદિ) અનુષ્ઠાન કરે અને ગૃહસ્થ યોગીને યોગ્ય (ભિક્ષાથી નિર્વાહ વગેરે) અનુષ્ઠાન કરે તો તે કર્મક્ષય કરવા માટે અસમર્થ છે. પ્રસ્તુતમાં યોગીને કર્મયજ્ઞનો અધિકાર છે જ નહિ. આથી જ્ઞાનયોગીથી કર્મયજ્ઞ કરી શકાય જ નહિ. છતાં કરે તો તેનાથી કર્મ-ક્ષય ન થાય.

વેદમાં પુત્રેષ્ટિ યજ્ઞનું વિધાન છે. પુત્રેષ્ટિ યજ્ઞ સંતાનપ્રાપ્તિના ઉદ્દેશથી વિહિત છે, તથા ગૃહસ્થને માટે વિહિત છે. गृहीत्वा पञ्चवर्षीयां पुत्रेष्टिं प्रथमं चरेद्—ગૃહસ્થે પ્રથમ પાંચ વર્ષ સુધી પુત્રેષ્ટિ યજ્ઞ કરવો. આમ પુત્રેષ્ટિ યજ્ઞ મોક્ષ સિવાય ભિન્ન ઉદ્દેશથી વિહિત હોવાથી તથા જ્ઞાનયોગીને તેમાં અધિકાર ન હોવાથી જ્ઞાનયોગી પુત્રેષ્ટિ યજ્ઞ કરે તો તેનાથી કર્મક્ષય ન થાય અને એથી તે બ્રહ્મ-યજ્ઞ રૂપ ન બને. આ વાત તો તમારે (વેદાનુ-યાયીઓને) પણ માન્ય છે. આથી જ અમે કહીએ છીએ કે જ્ઞાનયોગીને પણ કર્મયજ્ઞ બ્રહ્મયજ્ઞ રૂપ બની શકે નહિ.

**ब्रह्मार्पणमपि ब्रह्म-यज्ञान्तर्भावसाधनम् ।**
**ब्रह्माग्नौ कर्मणो युक्तं, स्वकृतत्वस्मये हुते ॥६॥**

(૬) ब्र.—બ્રહ્મયજ્ઞમાં અંતર્ભાવનું સાધન ब्र.—બ્રહ્મને—પરમાત્માને અર્પણ કરવું એ अपि—પણ स्व.—પોતાના કર્તાપણાના ભાવ રૂપ અહંકાર हुते—હોમાયે છતે (અર્થાત્ અહંકારનો ત્યાગ કરીને) ब्र.—બ્રહ્મ રૂપ અગ્નિમાં कर्मणः—કર્મનું (અર્પણ કરવું) युक्तं—યુક્ત છે.

(૬) પૂર્વપક્ષ :— અમે જે કોઈ અનુષ્ઠાન કરીએ છીએ તેમાં મેં કર્યું એવા ભાવ રૂપ

અહંકારનો ત્યાગ કરીને બ્રહ્મને-પરમાત્માને અર્પણ કરી દઈએ છીએ. આથી દરેક અનુષ્ઠાનમાં આ કાર્ય પરમાત્માએ કર્યું છે, મેં નથી કર્યું એવી બુદ્ધિ રહે છે. બ્રહ્માર્પણ કરવાથી આવી બુદ્ધિ રહેતી હોવાથી બ્રહ્માર્પણ બ્રહ્મયજ્ઞના અંતર્ભાવનું કારણ છે, એટલે કે બ્રહ્માર્પણથી કર્મયજ્ઞનો બ્રહ્મ-યજ્ઞમાં અંતર્ભાવ ( સમાવેશ ) થઇ જાય છે. આથી જ્ઞાનયજ્ઞની જેમ કર્મયજ્ઞથી પણ આધ્યાત્મિક ભાવ રૂપ ફળ મળે છે.

ઉક્ત પૂર્વપક્ષનું આ ગાથામાં સમાધાન કરવામાં આવ્યું છે. બ્રહ્મયજ્ઞના અંતર્ભાવનું સાધન -કારણ બ્રહ્માર્પણ પણ યુક્ત છે. પણ કેવી રીતે? તમે જેવી રીતે બ્રહ્માર્પણ કરો છો તેવી રીતે નહિ! કિંતુ, ( स्वकृतत्वस्मये हुते= ) પોતાના કર્તા-પણાના ભાવ રૂપ અહંકારનો હોમ થયે છતે જ્ઞાનાવરણીયાદિ કર્મનો ( ब्रह्माग्नौ= ) જ્ઞાન રૂપ અગ્નિમાં હોમ કરવા રૂપ બ્રહ્માર્પણ યુક્ત છે. અર્થાત્ અહંકારનો ત્યાગ કરીને જ્ઞાન રૂપ અગ્નિમાં જ્ઞાનાવરણીયાદિ કર્મોને નાખવા જોઈએ. આ જ ઉત્તમ બ્રહ્માર્પણ છે. પોતે કરેલા અનુષ્ઠાનનું-કર્મનું ફળ પરમાત્માને અર્પણ કરવું, અને કાર્ય પોતે

કર્યું હોવા છતાં ઈશ્વરે કર્યું છે; મેં નથી કર્યું એમ માનવું એ તો નરી અજ્ઞાનતા જ છે.

**ब्रह्मण्यर्पितसर्वस्वो, ब्रह्मदृग् ब्रह्मसाधनः ।**
**ब्रह्मणा जुह्वदब्रह्म, ब्रह्मणि ब्रह्मगुप्तिमान् ॥७॥**
**ब्रह्माध्ययननिष्ठावान्, परब्रह्मसमाहितः ।**
**ब्राह्मणो लिप्यते नाघै-र्नियागप्रतिपत्तिमान् ॥८॥**

(૭-૮) ब्र. अर्पित.-બ્રહ્મમાં જેણે પોતાનું બધું અર્પણ કર્યું છે, ब्रह्मदृक् - બ્રહ્મમાં જ દૃષ્ટિ છે જેની એવો, ब्रह्मसाधनः - બ્રહ્મ રૂપ જ્ઞાન સાધન છે જેનું એવો, ब्रह्मणा - ઉપયોગ રૂપ બ્રહ્મથી ब्रह्मणि - બ્રહ્મમાં अब्रह्म-અજ્ઞાનને जु. - હોમતો, ब्रह्मगुप्तिमान् - બ્રહ્મચર્યની ગુપ્તિવાળો, (૮) ब्रह्माध्ययन. - બ્રહ્મ અધ્યયનની નિષ્ઠાવાળો, प. - પરબ્રહ્મમાં સમાધિવાળો, नि. - ભાવયજ્ઞને સ્વીકારનાર ब्राह्मणः - નિર્ગ્રંથ अघैः - પાપોથી न लि. - લેપાતો નથી.

(૭-૮) જેણે બ્રહ્મમાં પોતાનું બધું અર્પણ કર્યું છે, અર્થાત્ જેણે ક્ષાયોપશમિક ભાવોને આત્મામાં સ્થાપન[૧૨૬] કર્યા છે, જેની આત્મામાં જ દૃષ્ટિ છે, જેનું બ્રહ્મરૂપ જ્ઞાન સાધન છે, અર્થાત્ જે જ્ઞાનથી જુએ છે-પ્રવૃત્તિ કરે છે, ઉપયોગ રૂપ બ્રહ્મ વડે આધાર રૂપ બ્રહ્મમાં અજ્ઞાન રૂપ અબ્રહ્મને હોમતો,

૧૨૬ ક્ષાયોપશમિક ભાવોનો આત્મા માટે જ ઉપયોગ કરે છે એ ભાવ છે.

બ્રહ્મચર્યનું પાલન કરનાર, (૮) આચારંગના[૧૨૭] પ્રથમ શ્રુત સ્કંધના નવ અધ્યયનોમાં પ્રતિપાદિત આચારોની પરિણતિવાળો, પરબ્રહ્મમાં સમાધિવાળો, અર્થાત્ પરમાત્મામાં એકતાની પરિણતિવાળો, અને ભાવયજ્ઞનો સ્વીકાર કરનાર સાધુ પાપથી લેપાતો નથી.

## अथ भावपूजाष्टकम् ॥२९॥

**दयाम्भसा कृतस्नानः, संतोषशुभवस्त्रभृत् ।**
**विवेकतिलकभ्राजी, भावनापावनाशयः ॥ १ ॥**
**भक्तिश्रद्धानघुसृणो-न्मिश्रपाटीरजद्रवैः ।**
**नवब्रह्माङ्कतो देवं, शुद्धमात्मानमर्चय ॥ २ ॥**

(૧-૨) द. कृ.-દયા રૂપ જળથી કર્યું છે સ્નાન જેણે એવો, सं.- સંતોષરૂપ ઉજ્જવળ વસ્ત્રને ધારણ કરનાર, वि.- વિવેક રૂપ તિલકથી શોભતો, भा.- ભાવનાથી પવિત્ર આશય છે જેનો એવો, (૨) भ.- ભક્તિ અને શ્રદ્ધા રૂપ

૧૨૭ આચારંગ પ્રથમ શ્રુતસ્કંધના નવ અધ્યયનો બ્રહ્મચર્યના અને આચારોના પાલન માટે કહેલા હોવાથી બ્રહ્મચર્ય અધ્યયન છે. (નિશીથસૂત્ર પીઠિકા પ્રથમ ગાથાની ચૂર્ણિ). વ્યાકરણના નિયમ પ્રમાણે બ્રહ્મચર્યનું બ્રહ્મ થવાથી બ્રહ્મના=બ્રહ્મચર્યના અધ્યયનોની નિષ્ઠાવાળો=પરિણતિવાળો એવો અર્થ થાય.

કેશરમિશ્રિત ચંદન રસથી न. – નવ પ્રકારના બ્રહ્મચર્ય રૂપ નવ અંગે शुद्धं आ. – શુદ્ધ આત્મા રૂપ देवं – દેવને अ. – પૂજ.

(૧–૨) મહાનુભાવ ! દયા રૂપ જળથી સ્નાન કરીને, સંતોષ રૂપ શુભ વસ્ત્રો પહેરીને, વિવેક રૂપ તિલક કરીને અને ભાવનાથી પવિત્ર આશયવાળો બનીને ભક્તિ–શ્રદ્ધા રૂપ કેશર મિશ્રિત ચંદન રસથી નવપ્રકારના બ્રહ્મચર્ય રૂપ નવ અંગે શુદ્ધ આત્મા રૂપ દેવની પૂજા કર.

**क्षमापुष्पस्रजं धर्म–युग्मक्षौमद्वयं तथा ।**
**ध्यानाभरणसारं च, तदङ्गे विनिवेशय ॥३॥**

(૩) तथा – તથા त. – તે શુદ્ધ આત્માના અંગે क्ष.– ક્ષમા રૂપ પુષ્પની માળા, ध. – નિશ્ચય અને વ્યવહાર ધર્મ રૂપ બે વસ્ત્રો, च – અને ध्या. – ધ્યાન રૂપ શ્રેષ્ઠ અલંકાર वि. – પહેરાવ.

(૩) શુદ્ધ આત્મા રૂપ દેવના અંગે ક્ષમા રૂપ પુષ્પમાળા, નિશ્ચય અને વ્યવહાર એ બે ધર્મ રૂપ ઉત્તમ વસ્ત્રયુગલ અને ધ્યાન રૂપ ઉત્તમ આભૂષણો મનના ભાવથી પહેરાવ.

**मदस्थानभिदात्यागै–र्लिखाऽग्रे चाष्टमङ्गलम् ।**
**ज्ञानाग्नौ शुभसंकल्प–काकतुण्डं च धूपय ॥४॥**

(૪) च – તથા अग्रे – આત્મા આગળ म. – મદ-સ્થાનના ભેદોના ત્યાગથી अ. – સ્વસ્તિકાદિ આઠ મંગલ लिख – આળેખ. च – અને ज्ञा. – જ્ઞાન રૂપ અગ્નિમાં शु. – શુભ સંકલ્પ રૂપ કૃષ્ણાગરુને धू. – ધૂપ.

(૪) એ દેવની આગળ આઠમદના ત્યાગ રૂપ અષ્ટમંગલનું આલેખન કર, જ્ઞાન રૂપ અગ્નિમાં શુભ સંકલ્પ રૂપ કૃષ્ણાગરુનો ધૂપ કર.

અહીં ધૂપપૂજાથી શુભ સંકલ્પો જ્ઞાનાગ્નિમાં બળી જવાથી શુદ્ધ ઉપયોગ રૂપ નિર્વિકલ્પસમાધિ પૂજા થઈ. સાધુને અશુભ સંકલ્પોનો ત્યાગ થઈ ગયો છે અને ધૂપપૂજાથી શુભસંકલ્પોનો પણ ત્યાગ થયો. આથી નિર્વિકલ્પ સમાધિ દશા પ્રગટી.

**प्राग्धर्मलवणोत्तारं, धर्मसंन्यासवह्निना ।**
**कुर्वन् पूरय सामर्थ्य-राजन्नीराजनाविधिम् ॥५॥**

(૫) ध. – ધર્મસંન્યાસ રૂપ અગ્નિથી प्रा. कु.– પૂર્વના ક્ષાયોપશમિક ધર્મ રૂપ લવણનો ઉતાર કરતો (–લવણ ઉતારતો) सा. – સામર્થ્ય યોગ રૂપ શોભાયમાન (नीराजना–) આરતિની વિધિ पू. – પૂર્ણ કર.

(૫) એ દેવની સમક્ષ ધર્મસંન્યાસ રૂપ અગ્નિથી ઔદયિક અને ક્ષાયોપશમિક ધર્મ રૂપ

લવણ ઉતારીને [૧૨૮]સામર્થ્યયોગ રૂપ શોભતી આરતિની વિધિ પૂરી કર.

स्फुरन्मङ्गलदीपं च, स्थापयानुभवं पुरः ।
योगनृत्यपरस्तौर्य-त्रिकसंयमवान् भव ॥६॥

(૬) पुरः – આત્મા આગળ अ. – અનુભવ રૂપ स्फु.– ઝગમગતો મંગલ દીવો स्था. – મૂક. यो. – સંયમયોગ રૂપ નાટ્યપૂજામાં તત્પર (થઈને) तौ. – ગીત, નૃત્ય અને વાજિંત્ર એ ત્રણના સહયોગ જેવા સંયમવાળો भव – થા.

(૬) એ દેવની આગળ [૧૨૯]અનુભવ રૂપ ઝળહળતા મંગલદીપની સ્થાપના કર. સંયમયોગ રૂપ નૃત્યમાં તત્પર બનીને ગીત, નૃત્ય અને વાજિંત્રની એકતા જેવા સંયમવાળો થા.

त्रयमेकत्र संयमः ( પા. યો. પા. ૩ સૂ. ૪) એક વિષયમાં ધારણા, ધ્યાન અને સમાધિ એ ત્રણનો સહ-

---

૧૨૮ સામર્થ્યયોગના ધર્મસંન્યાસ અને યોગસંન્યાસ એમ બે ભેદ છે. તેમાં ધર્મસંન્યાસનો ઉલ્લેખ આ શ્લોકના પૂર્વાર્ધમાં કર્યો છે. આથી અહીં સામર્થ્યયોગથી યોગસંન્યાસ રૂપ સામર્થ્યયોગ સમજવો. પ્રસ્તુત ગ્રંથના આઠમા અષ્ટકમાં સામર્થ્યયોગનું વર્ણન આવી ગયું છે.

૧૨૯ અનુભવનું સ્વરૂપ આ ગ્રંથમાં અનુભવ અષ્ટકમાં આવી ગયું છે.

યોગ સંયમ [130] છે. અહીં ગીત–નૃત્ય–વાજિંત્ર એ ત્રણના સ્થાને ધારણા–ધ્યાન–સમાધિની ઘટના છે. ગીત, નૃત્ય અને વાજિંત્રની એકતા જેવા સંયમવાળા થા એટલે એક વિષયમાં (પરમાત્મામાં) ધારણા, ધ્યાન અને સમાધિવાળો થા. અર્થાત્ નિર્વિકલ્પ સમાધિ-દશા પ્રાપ્ત કર. ગીત, નૃત્ય અને વાજિંત્ર એ ત્રણનો એક સાથે યોગ એ तौर्यत्रिक કહેવાય છે.

**उल्लसन्मनसः सत्य–घण्टां वादयतस्तव ।**
**भावपूजारतस्येत्थं, करक्रोडे महोदयः ॥७॥**

(૭) उ. – ઉલ્લસિત મનવાળા स. वा. – સત્ય રૂપ ઘંટ વગાડતા इत्थं – આ પ્રમાણે भा. – ભાવપૂજામાં લીન થયેલા तव – તને म. – મોક્ષ क. – હથેળીમાં છે.

(૭) આ પ્રમાણે મનના ઉલ્લાસથી ભાવ-પૂજામાં લીન અને સત્ય રૂપ ઘંટને વગાડતા તને મોક્ષ હથેળીમાં છે.

**द्रव्यपूजोचिता भेदो–पासना गृहमेधिनाम् ।**
**भावपूजा तु साधूना–मभेदोपासनात्मिका ॥८॥**

(૮) गृ. – ગૃહસ્થોને भे. – ભેદપૂર્વક ઉપાસના રૂપ द्र. – દ્રવ્યપૂજા उचिता – યોગ્ય છે. अ. – અભેદ ઉપાસના રૂપ भा. – ભાવપૂજા तु – તો सा. – સાધુઓને (યોગ્ય છે.)

---

૧૩૦ યોગદર્શનમાં એક વિષયમાં ધારણાદિ ત્રણના સહ-યોગની સંયમ સંજ્ઞા છે.

(૮) ગૃહસ્થોને ભેદોપાસના રૂપ દ્રવ્યપૂજા ઉચિત છે–યોગ્ય છે અને સાધુઓને અભેદોપાસના રૂપ ભાવપૂજા ઉચિત છે.

પ્રભુ સેવ્ય છે, હું તેમનો સેવક છું એમ સેવ્ય–સેવકના ભેદપૂર્વક થતી દ્રવ્ય ઉપાસના=સેવા એ ભેદોપાસના છે અને પરમાત્મા સાથે આત્માની એકતાથી=અભેદ બુદ્ધિથી થતી ભાવસેવા એ અભેદોપાસના છે.

## अथ ध्यानाष्टकम् ॥३०॥

**ध्याता ध्येयं तथा ध्यानं, त्रयं यस्यैकतां गतम् ।**
**मुनेरनन्यचित्तस्य, तस्य दुःखं न विद्यते ॥१॥**

(૧) यस्य – જેને ध्याता – ધ્યાન કરનાર, ध्येयं – ધ્યાન કરવા યોગ્ય, तथा – અને ध्यानं – ધ્યાન त्रयं – એ ત્રણ ए. – એકપણાને गतं – પામેલ છે, अ. – જેનું ચિત્ત અન્ય સ્થળે નથી એવા तस्य मुनेः – તે મુનિને दुःखं – દુઃખ न वि. – નથી.

(૧) ધ્યાન કરનાર, ધ્યાન કરવા યોગ્ય વિષય અને ધ્યાન એ ત્રણની એકતાને પામેલા અને આત્મસ્વરૂપમાં એકચિત્ત બનેલા મુનિને દુઃખ નથી.

**ध्यातान्तरात्मा ध्येयस्तु, परमात्मा प्रकीर्तितः ।**
**ध्यानं चैकाग्र्यसंवित्तिः, समापत्तिस्तदेकता ॥२॥**

(૨) ध्याता – ધ્યાન કરનાર अं. – અંતરાત્મા છે. ध्येयं – ધ્યાન કરવા યોગ્ય तु – તો प. – પરમાત્મા प्र. – કહેલ છે. च–અને ध्यानं – ધ્યાન ए. – એકાગ્રતાની બુદ્ધિ છે. त.–તે ત્રણેની એકતા એ स. – સમાપત્તિ છે.

(૨) ધ્યાતા સમ્યગ્દષ્ટિ આત્મા છે. ધ્યેય સિદ્ધ–અરિહંત ભગવાન છે. વિજાતીય[૧૩૧] જ્ઞાનના અંતર રહિત સજાતીય જ્ઞાનની ધારા રૂપ ધ્યાન છે. તે ત્રણેની એકતા એ સમાપત્તિ છે.

**मणाविव प्रतिच्छाया, समापत्तिः परात्मनः ।**
**क्षीणवृत्तौ भवेद् ध्याना–दन्तरात्मनि निर्मले ॥३॥**

(૩) मणौ इव – મણિની જેમ क्षी. – ક્ષય પામી છે ધનમલ રૂપ વૃત્તિ જેની એવા नि. – નિર્મલ अं. – અંતરાત્મામાં ध्यानात् – ધ્યાનથી प.–પરમાત્માનું प्र. – પ્રતિબિંબ भ. – હોય–પડે એ स. – સમાપત્તિ ( કહી છે. )

(૩) જેવી રીતે નિર્મલ મણિરત્નમાં અન્ય વસ્તુનું પ્રતિબિંબ પડે છે, તેમ ગાઢ રાગાદિ રૂપ મલિન વૃત્તિઓ ક્ષીણ થઈ જવાથી નિર્મલ બનેલા અંતરાત્મામાં ધ્યાનથી પરમાત્માનું પ્રતિબિંબ તે સમાપત્તિ છે.[૧૩૨]

---

૧૩૧ પા. યો. પા. ૩ સૂ. ૨

૧૩૨ યો. સ. ગા. ૬૪, પા. યો. પા. ૧ સૂ. ૪૧

**आपत्तिश्च ततः पुण्य-तीर्थकृत्कर्मबन्धतः ।**
**तद्भावाभिमुखत्वेन, संपत्तिश्च क्रमाद् भवेत् ॥४॥**

(૪) ततः – તે સમાપત્તિથી पु. – પુણ્ય પ્રકૃતિ રૂપ તીર્થંકર નામ કર્મના બંધથી आ. – આપત્તિ નામે ફળ થાય, च – અને त.– તીર્થંકરપણાના અભિમુખપણાથી क.– અનુક્રમે सं.– સંપત્તિ રૂપ ફળ भ. – થાય.

(૪) સમાપત્તિથી પુણ્યપ્રકૃતિ રૂપ તીર્થંકર નામ કર્મનો બંધ થવાથી આપત્તિ[૧૩૩] રૂપ ફલ મળે છે. અને તીર્થંકર નામ કર્મનો ઉદય નજીક આવતાં ક્રમશઃ સંપત્તિ રૂપ ફળ થાય છે.

અરિહંત પરમાત્મા જે ભવમાં તીર્થંકર થાય તે ભવમાં ચ્યવન કલ્યાણકથી જ ઇંદ્રસ્તુતિ વગેરે અનેક રીતે સંપત્તિની શરૂઆત થાય છે. તીર્થંકર નામ કર્મનો વિપાકોદય તો કેવલજ્ઞાન થયા પછી થાય છે. આથી અહીં तद्भावाभिमुखत्वेन એમ કહ્યું. ક્રમશઃ એટલે પ્રથમ ચ્યવન સમયે ઇંદ્રસ્તુતિ વગેરે, પછી જન્મ સમયે દિક્કુમારિકાઓનું આગમન વગેરે, પછી જન્માભિષેક વગેરે........એમ

---

૧૩૩ બાલાવબોધ (ભાષાર્થ)માં આપત્તિનો "આપત્તિ નામનું ફળ" એવો અર્થ કર્યો છે, અને "જિનનામકર્મ બંધ જ આપત્તિ જાણવી" એવો ઉલ્લેખ કર્યો છે.

ક્રમશઃ અનેક પ્રકારે સંપત્તિ થાય. અથવા ક્રમશઃ એટલે પ્રથમ સમાપત્તિ થાય, પછી આપત્તિ થાય, પછી સંપત્તિ થાય.

**इत्थं ध्यानफलाद् युक्तं, विंशतिस्थानकाद्यपि ।**
**कष्टमात्रं त्वभव्याना–मपि नो दुर्लभं भवे ॥५॥**

(૫) इत्थं – આ પ્રમાણે ધ્યા. – ધ્યાનના ફળથી વિં.– વીશ સ્થાનક તપ આદિ अपि – પણ युक्तं – ઘટે છે. क. – માત્ર કષ્ટ રૂપ (વીશ સ્થાનક આદિ) तु – તો अ.–અભવ્યોને अपि – પણ भवे – સંસારમાં दु. – દુર્લભ नो.–નથી.

(૫) પ્રશ્નઃ– ધ્યાનથી સમાપત્તિ, આપત્તિ, અને સંપત્તિ એમ ત્રણ ફળો મળે છે. આથી એ એ સિદ્ધ થયું કે વીશસ્થાનક વગેરે તપ વિના પણ ધ્યાનમાત્રથી તીર્થંકર નામ કર્મનો બંધ થઈ શકે છે. જ્યારે શાસ્ત્રમાં તો વીશ સ્થાનકમાંથી ઓછામાં ઓછા કોઇ પણ એક સ્થાનકની આરાધના વિના તીર્થંકર નામ કર્મ ન બંધાય એવું વિધાન છે. આથી અહીં શાસ્ત્રના આવા વિધાન સાથે વિરોધ નહિ આવે ? ઉત્તરઃ–ના. ધ્યાનના ફલથી વીશસ્થાનકની આરાધના વગેરે પણ ઘટે છે. જેમ ધ્યાનથી સમાપત્તિ આદિ ત્રિવિધ ફલની પ્રાપ્તિ થાય છે, તેમ વીશસ્થાનકની આરાધના વગેરેથી પણ પરંપરાએ ધ્યાનનું ત્રિવિધ ફળ મળે છે.

વીશસ્થાનક વગેરે આરાધનાથી રાગાદિ મલિન વૃત્તિઓ ક્ષીણ થતાં આત્મા નિર્મલ બને છે. એથી ધ્યાન કરવાની યોગ્યતા આવે છે. ધ્યાનની યોગ્યતા આવ્યા પછી ધ્યાન થાય. ધ્યાનથી સમાપત્તિ આદિ ત્રિવિધ ફળ મળે. આમ વીશસ્થાનકની આરાધના વગેરે પણ (પરંપરાએ ધ્યાનનું ફળ મળતું હોવાથી) જરૂરી છે. હા, એટલું ખરું કે વીશસ્થાનક વગેરે તપ–અનુષ્ઠાનો સમ્યગ્દૃષ્ટિ ભવ્ય જીવને જ સફળ બને છે, અભવ્યને નહિ. અભવ્યને તો એ કાયકષ્ટ રૂપ જ છે. અભવ્યને કાયક્લેશ રૂપ બનતા આવાં તપ–અનુષ્ઠાનો સંસારમાં જરા ય દુર્લભ નથી. અભવ્યો ગમે તેટલી વાર આવાં તપ–અનુષ્ઠાનો આચરે તો પણ તેમનું કલ્યાણ ન થાય.

**जितेन्द्रियस्य धीरस्य, प्रशान्तस्य स्थिरात्मनः ।**
**सुखासनस्य नासाग्र–न्यस्तनेत्रस्य योगिनः ॥६॥**
**रुद्धबाह्यमनोवृत्ते–र्धारणाधारया रयात् ।**
**प्रसन्नस्याप्रमत्तस्य, चिदानन्दसुधालिहः ॥७॥**
**साम्राज्यमप्रतिद्वन्द्व–मन्तरेव वितन्वतः ।**
**ध्यानिनो नोपमा लोके, सदेवमनुजेऽपि हि ॥८॥**

(૬–૮) जि. – જિતેંદ્રિય, धी. – ધૈર્યવાન, प्र.–અત્યંત શાંત, स्थि. – જેનો આત્મા સ્થિર–ચપલતા રહિત છે, सु.– સુખકારી આસને રહેલ, ना. – જેણે નાસિકાના અગ્રભાગે

લોચન રાખ્યાં છે, यो. – જે પ્રવૃત્તચક્ર યોગી છે, (૭) ધા.–ધ્યેયમાં ચિત્તની સ્થિરતા રૂપ ધારણાની ધારાથી ***रयात्***– વેગથી रु. – જેણે બાહ્ય ઇંદ્રિયને અનુસરનારી મનની વૃત્તિ રોકી છે, प्र. – અકલુષિત ચિત્તવાળા, अ. – પ્રમાદરહિત, चि.–જ્ઞાનાનંદ રૂપ અમૃતનો આસ્વાદ લેનારા, (૮) अन्तः एव– અંતરમાં જ अ. – વિપક્ષ રહિત सा. – મોટા રાજ્યને वि. – વિસ્તારતા ध्या. – ધ્યાનીને स, लोके – દેવસહિત મનુષ્ય લોકમાં अपि–પણ उ.–ઉપમા न हि – નથી જ.

(૬–૮) હવે ત્રણ શ્લોકમાં ધ્યાની મહાત્મા કેવા હોય છે તે જણાવે છે. ધ્યાની મહાત્મા જિતેંદ્રિય, સત્ત્વશાલી, ઉપશાંત, સ્વરૂપરમણતામાં સ્થિર, સુખાસને[૧૩૪] બેઠેલા, નાસિકાના અગ્રભાગ ઉપર દૃષ્ટિવાળા, પ્રવૃત્તચક્ર[૧૩૫] યોગી,

---

૧૩૪ ધ્યાન કરવા માટે અનેક આસનો છે. તેમાં જેને જે આસનથી મન સ્થિર બને તેને માટે તે આસન સુખાસન કહેવાય. (યો. પ્ર. ૪ ગા. ૧૩૪) પ્રારંભમાં જે આસનથી મન સ્થિર ન રહેતું હોય, તે જ આસનથી લાંબા કાળ સુધી અભ્યાસ કરવાથી મન સ્થિર રહે છે. આથી તે સુખાસન બની જાય છે.

૧૩૫ યોગીના ચાર ભેદ છે. ગોત્ર યોગી, કુલયોગી, પ્રવૃત્તચક્ર યોગી અને નિષ્પન્નયોગી. (૧) યોગીના ગોત્રમાં જન્મેલા હોય, પણ યોગીની કુલમર્યાદાથી રહિત હોય,

( સામે નીચે ચાલુ )

ઇંદ્રિયોને અનુસરનારી મનની બાહ્ય વૃત્તિઓને

---

અર્થાત્ યોગધર્મને અનુસરનારા ન હોય તે ગોત્રયોગી. (૨) યોગીઓના કુલમાં જન્મેલા હોય અને તેના ધર્મને અનુસરનારા હોય તે કુલયોગી. જેમ કુલવધૂ સ્વભાવથી જ પરપુરુષની સોબત ન કરવી વગેરે કુલધર્મની મર્યાદા સાચવે છે, તેમ કુલયોગી સ્વભાવથી જ પોતાના કુલમાં પ્રવર્તતી યોગની(યો. સ. ગા. ૨૦૯માં બતાવેલી) મર્યાદાને જાળવે છે. જે ઇચ્છાયમ અને પ્રવૃત્તિયમને પામ્યા છે અને સ્થિર યમ તથા સિદ્ધિયમને પામવાની તીવ્ર ઇચ્છાવાળા છે તે પ્રવૃત્તચક્ર યોગી. જેમનું યોગ રૂપ ચક્ર પ્રવૃત્ત થયું છે– ચાલવા માંડ્યું છે તે પ્રવૃત્તચક્ર. અર્થાત્ પ્રવૃત્તચક્ર યોગીની યોગસાધના શરૂ થઈ ગયેલી હોય છે. ગોત્રયોગીની કે કુલયોગીની યોગસાધના શરૂ થઈ નથી. જેમને સંપૂર્ણપણે યોગસિદ્ધિ થઇ ગઈ છે તે નિષ્પન્નયોગી. ગોત્રયોગી યોગને લાયક જ નથી. કુલયોગી યોગને લાયક છે, પણ તે હજી યોગ પામ્યો નથી. નિષ્પન્નયોગીને યોગની સિદ્ધિ થઈ ગઇ છે. આથી યોગ–ધ્યાન કરનાર પ્રવૃત્તચક્ર યોગી હોય છે. આથી જ અહીં योगी શબ્દથી પ્રવૃત્તચક્ર યોગીનો ઉલ્લેખ કર્યો છે. આ ચારે યોગીઓનું વિશેષ સ્વરૂપ યો. સ. ગા. ૨૦૬ વગેરે સ્થળેથી અને ઇચ્છાદિ યમનું સ્વરૂપ યો. સ. ગા. ૨૧૨ વગેરે સ્થળેથી જોઈ લેવું.

ધારણાની[136] ધારાથી જલદી રોકનારા, અકલુષિત ચિત્તવાળા, પ્રમાદરહિત, જ્ઞાનાનંદ રૂપ અમૃતનો આસ્વાદ કરનારા અને અંતરમાં જ શત્રુરહિત સામ્રાજ્યનો વિસ્તાર કરનારા હોય છે. મનુષ્યલોકમાં તો શું, દેવલોકમાં પણ એવો કોઈ નથી, જે આ મહાત્માની તોલે આવી શકે.

## अथ तपोऽष्टकम् ॥३१॥

**ज्ञानमेव बुधाः प्राहुः, कर्मणां तापनात् तपः ।**
**तदाभ्यन्तरमेवेष्टं, बाह्यं तदुपबृंहकम् ॥१॥**

(૧) बुधाः – પંડિતો क. ता. – કર્મોને તપાવવાથી ज्ञा. – જ્ઞાનને જ तपः – તપ प्राहुः – કહે છે. तद् – તે તપ आ. – અંતરંગ જ इष्टं – ઈષ્ટ છે. (અને) त. – તેને અંતરંગ તપને વધારનાર (હોય તો જ) बाह्यं – બાહ્ય તપ (તપ રૂપે ઈષ્ટ છે.)

(૧) કર્મને તપાવે-બાળે તે તપ. મુખ્યતયા જ્ઞાન જ કર્મને બાળતું હોવાથી પંડિતો જ્ઞાનને જ તપ કહે છે. બાહ્ય અને અભ્યંતર એ બેમાં

---

૧૩૬ ધ્યેયના હૃદયકમળ આદિ કોઈ એક ભાગમાં ચિત્તને સ્થિર કરવું તે ધારણા. (પા. યો. પા. ૩ સૂ. ૧, અભિ. ચિં. ગા. ૮૪) ધારણાની ધારા એટલે ધારણાનો પ્રવાહ-નિરંતર પ્રવૃત્તિ.

મુખ્યતયા અભ્યંતર તપ જ તપ રૂપે ઈષ્ટ છે. બાહ્ય તપ તો અભ્યંતર તપની પુષ્ટિ–વૃદ્ધિ કરનાર હોય તો જ તપરૂપે ઈષ્ટ છે.

**आनुश्रोतसिकी वृत्ति–र्बालानां सुखशीलता ।**
**प्रातिश्रोतसिकी वृत्ति–र्ज्ञानिनां परमं तपः ॥२॥**

(૨) बा. – અજ્ઞાનીઓને आ. – લોકપ્રવાહને અનુસરનારી वृत्तिः – વૃત્તિ રૂપ सु. – સુખશીલપણું હોય છે. ज्ञा.– જ્ઞાનીઓને प्रा. – સામે પ્રવાહે ચાલવાની वृत्तिः – વૃત્તિ રૂપ परमं तपः – ઉત્કૃષ્ટ તપ હોય છે.

(૨) અજ્ઞાનીઓ સંસારના પ્રવાહમાં તણાઈ જવાની વૃત્તિવાળા હોવાથી સુખશીલિયાપણું સેવે છે. જ્ઞાનીઓ સંસારના પ્રવાહની સામે ચાલવાની વૃત્તિવાળા હોવાથી માસક્ષમણ આદિ ઉત્કૃષ્ટ તપનું સેવન કરે છે.

**धनार्थिनां यथा नास्ति, शीततापादि दुःसहम् ।**
**तथा भवविरक्तानां, तत्त्वज्ञानार्थिनामपि ॥३॥**

**सदुपायप्रवृत्ताना–मुपेयमधुरत्वतः ।**
**ज्ञानिनां नित्यमानन्द–वृद्धिरेव तपस्विनाम् ॥४॥**

(૩) यथा – જેમ ध. – ધનના અર્થીઓને शी. – ઠંડી–ગરમી વગેરે કષ્ટ दु. – દુસ્સહ नास्ति – નથી, तथा–તેમ भ. – સંસારથી વિરક્ત થયેલા त. – તત્ત્વજ્ઞાનના અર્થીઓને अपि – પણ ( તપ દુઃસહ–દુષ્કર નથી. )

(૪) सदु. – સારા ઉપાયમાં પ્રવૃત્ત થયેલા ज्ञा. – જ્ઞાની त. – તપસ્વીઓને उ. – મોક્ષ રૂપ સાધ્યની મીઠાશથી नि. – હમેશાં आ. – આનંદની વૃદ્ધિ જ (થાય છે.)

(૩–૪) જેમ ધનના અર્થીઓને ઠંડી–ગરમી વગેરે કષ્ટ દુઃસહ નથી–ઉદ્વેગ કરતું નથી, તેમ સંસારથી વિરક્ત બનેલા તત્ત્વજ્ઞાનના અર્થીઓને પણ ઠંડી–ગરમી વગેરે કષ્ટ રૂપ તપ દુષ્કર નથી. બલ્કે, સારા ઉપાયમાં પ્રવર્તેલા જ્ઞાની તપસ્વીઓના આનંદમાં સદા વધારો જ થાય છે. કારણ કે એમની આંખ સામે મોક્ષ રૂપ સાધ્યની મીઠાશ હોય છે.[૧૩૭]

જેની આંખ સામે ધનની મીઠાશ હોય છે તેને ધનપ્રાપ્તિ માટે ઠંડી–ગરમી વગેરે કષ્ટ સહન કરવા છતાં દિન–પ્રતિદિન આનંદમાં શું વધારો નથી થતો ? મોક્ષની મીઠાશ આગળ ધનની મીઠાશ તો કોઈ વિસાતમાં નથી.

**इत्थं च दुःखरूपत्वात्, तपो व्यर्थमितीच्छताम् ।**
**बौद्धानां निहता बुद्धि–र्बौद्धानन्दापरिक्षयात् ॥५॥**

(૫) इत्थं – આ પ્રમાણે बौ. – (તપથી) જ્ઞાનાનંદનો નાશ નહિ થવાથી दुःख. – દુઃખ રૂપ હોવાથી तपः – તપ

૧૩૭ હા. અ. ૧૧ ગા. ૬–૭

व्यर्थं – નિષ્ફળ છે, इति – એમ इ. – ઇચ્છનારા–માનનારા बौ. – બૌદ્ધોની बुद्धिः – બુદ્ધિ नि. – હણાયેલી–કુંઠિત થઈ ગયેલી છે.

(૫) આ પ્રમાણે તપથી જ્ઞાનના આનંદમાં જરા પણ ન્યૂનતા આવતી ન હોવાથી તપ દુઃખ રૂપ છે જ નહિ. એટલે તપ દુઃખ રૂપ હોવાથી પશુઓના કષ્ટની જેમ વ્યર્થ છે એમ માનનારા બૌદ્ધોની બુદ્ધિ બેર મારી ગઇ છે–તેમાં યુક્તાયુક્તનો વિચાર કરવાની શક્તિ જ મરી પરવારી છે.[૧૩૮]

**यत्र ब्रह्म जिनार्चा च, कषायाणां तथा हतिः ।**
**सानुबन्धा जिनाज्ञा च, तत् तपः शुद्धमिष्यते ॥६॥**

(૬) यत्र – જેમાં ब्रह्म – બ્રહ્મચર્ય (વધે), च – અને जि. – જિનપૂજા (થાય), तथा – તથા क. हतिः – કષાયોની હાનિ (થાય), च – અને सा. – અનુબંધ સહિત जि. – જિનની આજ્ઞા (પ્રવર્તે) तत् तपः – તે તપ शुद्धं – શુદ્ધ इ. – ઇચ્છાય છે–મનાય છે.

(૬) જેમાં બ્રહ્મચર્યની વૃદ્ધિ થાય, જિનેશ્વરની પૂજા થાય, કષાયોની હાનિ થાય અને અનુબંધ સહિત વીતરાગની આજ્ઞા પ્રવર્તે તે તપ શુદ્ધ કહ્યો છે.

---

૧૩૮ હા. અ. ૧૧ ગા. ૧ વગેરે

બ્રહ્મચર્ય = મૈથુનત્યાગ કે વિષયો પ્રત્યે અનાસક્તિ. જિનપૂજા = જિનવચનો પ્રત્યે આદર-ભાવ. સાનુબંધજિનાજ્ઞા = સાપેક્ષપણે જિનવચન સ્વીકાર.[૧૩૯]

**तदेव हि तपः कार्यं, दुर्ध्यानं यत्र नो भवेत् ।**
**येन योगा न हीयन्ते, क्षीयन्ते नेन्द्रियाणि च ॥७॥**

(૭) हि – નિશ્ચયથી यत्र – જેમાં दु. – અશુભ ધ્યાન नो भ. – ન થાય, येन – જેનાથી योगाः – સંયમવ્યાપારો न ही. – હાનિ ન પામે, च – અને इं.–ઇંદ્રિયો न क्षी.–ક્ષય ન પામે तदेव – તે જ तपः कार्यं – તપ કરવો જોઈએ.

(૭) જેમાં અશુભ ધ્યાન ન થાય, જેનાથી સંયમ વ્યાપારોને બાધા ન પહોંચે, અથવા ઇંદ્રિયો સ્વકાર્ય કરવા અસમર્થ નથાય તે જ તપ કરવો જોઈએ.

**मूलोत्तरगुणश्रेणि–प्राज्यसाम्राज्यसिद्धये ।**
**बाह्यमाभ्यन्तरं चेत्थं, तपः कुर्यान्महामुनिः ॥८॥**

(૮) म. – મોટા મુનિ मू.-મૂલગુણ અને ઉત્તરગુણની શ્રેણિરૂપ વિશાલ સામ્રાજ્યની સિદ્ધિ માટે इत्थं – આ પ્રમાણે बाह्यं – બાહ્ય च – અને आ. – અંતરંગ तपः कु. – તપ કરે.

---

૧૩૯ પંચા. ૧૯ ગા. ૨૬

(૮) મહામુનિ મૂલગુણ[૧૪૦] અને ઉત્તરગુણના સમુદાય રૂપ વિશાળ સામ્રાજ્યને સિદ્ધ કરવા પૂર્વોક્ત મુજબ બાહ્ય–અભ્યંતર તપ કરે.[૧૪૧]

નિત્ય કરવામાં આવે તે મૂલગુણ. કારણ ઉપસ્થિત થતાં કરવામાં આવે તે ઉત્તરગુણ. જેમ કે, સાધુઓને મહાવ્રતોનું પાલન સદા જ કરવાનું હોય છે, વ્રતોનું પાલન ન હોય એવો કોઈ કાળ જ નથી. આથી તે મૂલગુણ છે. પિંડવિશુદ્ધિ વગેરે ગુણો ક્ષુધાદિ કારણો ઉપસ્થિત થતાં સેવવામાં આવે છે માટે ઉત્તરગુણ છે.[૧૪૨] અથવા જેમ વૃક્ષનું મૂળ શાખા–પ્રશાખા વગેરેના આધાર રૂપ છે, તેમ શેષગુણોનો આધાર તે મૂલગુણ. મૂલ-

---

૧૪૰ $\frac{\text{મ. વ.}}{\text{૫}} + \frac{\text{શ્ર. ધ.}}{\text{૧૦}} + \frac{\text{સંયમ}}{\text{૧૭}} + \frac{\text{વૈ.}}{\text{૧૦}} + \frac{\text{બ્ર. ગુ.}}{\text{૯}} + \frac{\text{મો. મા.}}{\text{૩}}$

$+ \frac{\text{તપ}}{\text{૧૨}} + \frac{\text{ક. નિ.}}{\text{૪}} = \frac{\text{મૂ. ગુ.}}{\text{૭૦}}$ (ચરણસિત્તરી.)

$\frac{\text{પિં. વિ.}}{\text{૪}} + \frac{\text{સ.}}{\text{૫}} + \frac{\text{ભા.}}{\text{૧૨}} + \frac{\text{પ્રતિમા}}{\text{૧૨}} + \frac{\text{ઇં. નિ.}}{\text{૫}} + \frac{\text{પ્રતિલે.}}{\text{૨૫}}$

$+ \frac{\text{ગુ.}}{\text{૩}} + \frac{\text{અભિ.}}{\text{૪}} = \frac{\text{ઉ. ગુ.}}{\text{૭૦}}$ (કરણસિત્તરી.)

૧૪૧ પં. વ. તપદ્વાર ગા. ૮૪૦ થી ૮૬૪.

૧૪૨ ઓઘનિ. ભાષ્ય ગા. ૨ ની ટીકા, ધર્મસં. ગા. ૧૧૮ ની ટીકામાં અંતે.

ગુણોનું રક્ષણ-પાલન કરવામાં કારણ-સાધન તે ઉત્તરગુણ.[143]

## अथ सर्वनयाश्रयाष्टकम् ॥३२॥

**धावन्तोऽपि नयाः सर्वे, स्युर्भावे कृतविश्रमाः ।**
**चारित्रगुणलीनः स्या-दिति सर्वनयाश्रितः ॥१॥**

(૧) धा. – ( પોતપોતાના પક્ષને સિદ્ધ કરવા ) દોડતા अपि-પણ सर्वे नयाः -નૈગમાદિ સર્વ નયો भावे-વસ્તુસ્વભાવમાં कृ. – કરી છે સ્થિરતા જેણે એવા स्युः – હોય છે. इति – આથી चा. – ચારિત્રગુણમાં લીન સાધુ स. – સર્વ નયોને આશ્રિત (–માનનારા) स्यात् – હોય.

(૧) પોતપોતાના પક્ષને સિદ્ધ કરવા પ્રતિપક્ષ નયમાં નિરપેક્ષણે દોડતા પણ સર્વ નયો આખરે તો વસ્તુ સ્વભાવમાં સ્થિર થાય છે. અર્થાત્ નયો પરસ્પર એક-બીજાના મંતવ્યોનું ખંડન કરતા હોવા છતાં વસ્તુના સ્વભાવનો તો સ્વીકાર કરે જ છે. અલબત, પોતાની માન્યતા પ્રમાણે વસ્તુસ્વભાવનો સ્વીકાર કરે છે, પણ વસ્તુસ્વભાવનો સર્વથા નિષેધ કરતા નથી. તથા તે તે નય જે પ્રમાણે જે વસ્તુના જે સ્વભાવનો સ્વીકાર કરે છે તે પ્રમાણે તે વસ્તુમાં

---

૧૪૩ ધર્મસં. ગા. ૧૧૭ ની ટીકા.

તે સ્વભાવ છે જ. કારણ કે દરેક વસ્તુમાં અનંત ભાવો–ધર્મો છે. એટલે કોઈ પણ નય વસ્તુના સ્વભાવની બહાર જતો નથી. આનો અર્થ એ થયો કે સર્વ નયો વસ્તુના સ્વભાવમાં જ સ્થિર છે. હવે બીજી વાત. દરેક નય વસ્તુના કોઈ એક ભાવને (–ધર્મને) સ્વીકારે છે, જ્યારે વસ્તુ અનેકભાવાત્મક છે. (चारित्रगुणलीनः स्यादिति सर्वनयाश्रितः=) આથી ચારિત્રગુણોમાં લીન મુનિ સર્વ નયોનો આશ્રય કરનારા હોય. અર્થાત્ સર્વનયોને માનનારા હોય. સર્વનયોને માનવાથી અનેકધર્માત્મક વસ્તુ સિદ્ધ થાય.

દરેક નય પોતપોતાના અભિપ્રાયે સાચા હોવાથી સાધુએ સર્વનયોનો સ્વીકાર કરવો જોઈએ એ આ ગાથાનો સાર છે. આથી જ વિશેષાવશ્યક ભાષ્યમાં કહ્યું છે કે, "બધા ય નયોનું પરસ્પર વિરુદ્ધ બહુ પ્રકારનું વક્તવ્ય સાંભળીને સર્વનયોથી શુદ્ધ તત્ત્વનું ગ્રહણ કરવું. કારણ કે ચારિત્ર અને જ્ઞાનમાં સ્થિત સાધુ મોક્ષ સાધક છે" (=ક્રિયા અને જ્ઞાન એ બંને નયોનો સ્વીકાર કરનાર સાધુ મોક્ષ સાધક છે.)[૧૪૪]

---

૧૪૪ વિ. આ. ભા. ગા. ૩૫૯૩

**पृथग्नया मिथः पक्ष-प्रतिपक्षकदर्थिताः ।**
**समवृत्तिसुखास्वादी, ज्ञानी सर्वनयाश्रितः ॥२॥**

(૨) પૃ. – જુદા જુદા નયો મિથઃ – પરસ્પર પ. – વાદ અને પ્રતિવાદથી વિડંબિત છે. (આથી) सम. – મધ્યસ્થ-પણાના સુખનો અનુભવ કરનાર ज्ञानी – જ્ઞાની स. – સર્વ નયોને આશ્રિત (–માનનાર) હોય.

(૨) (અન્યનયથી નિરપેક્ષ) જુદા જુદા નયો પરસ્પર વાદ–પ્રતિવાદથી વિટંબણા પામેલા છે. આથી મધ્યસ્થભાવના સુખનો આસ્વાદ કરનાર જ્ઞાની સર્વનયોને સ્વીકારે છે, અર્થાત્ દરેક નય પોત-પોતાના અભિપ્રાયે સાચા છે એમ માનીને–કોઈ પણ નય પ્રત્યે દ્વેષભાવ ન રાખે.

આથી જ કહ્યું છે કે– "હે નાથ ! પરસ્પર પક્ષ–પ્રતિપક્ષ ભાવથી અન્યપ્રવાદો દ્વેષયુક્ત છે, પણ સર્વનયોને સમાનપણે ઈચ્છનાર આપનો સિદ્ધાંત પક્ષપાતી નથી."[૧૪૫]

**नाप्रमाणं प्रमाणं वा, सर्वमप्यविशेषितम् ।**
**विशेषितं प्रमाणं स्या-दिति सर्वनयज्ञता ॥३॥**

(૩) सर्वमपि – બધાંય વચનો अ. – વિશેષરહિત (હોય તો) न अ. – એકાંતે અપ્રમાણ નથી, वा – અથવા

૧૪૫ અન્યવ્ય. દ્વા. ગા. ૩૦

પ્ર. – એકાંતે પ્રમાણ ( પણ નથી. ) વિ. – વિશેષસહિત (–સાપેક્ષ હોય તો ) પ્ર. – પ્રમાણ સ્યાદ્ – થાય. इति – એ પ્રમાણે સ. – સર્વનયોનું જાણપણું ( થાય છે. )

(૩) બધાં ય વચનો અવિશેષિત હોય તો એકાંતે અપ્રમાણ નથી અને એકાંતે પ્રમાણ પણ નથી. જે વચન વિશેષિત છે તે પ્રમાણ છે. આ પ્રમાણે સ્યાદ્વાદદૃષ્ટિએ વિચારવાથી સર્વનયોનું જ્ઞાન થાય.

જેના વિષયની નયદૃષ્ટિએ ઘટના કરવામાં ન આવી હોય તે અવિશેષિત વચન. જેના વિષયની નયદૃષ્ટિએ ઘટના કરવામાં આવી હોય તે વિશેષિતવચન. સ્વસિદ્ધાંતનું વચન પણ જો નયદૃષ્ટિએ ઘટાવવામાં ન આવ્યું હોય તો અપ્રમાણ છે, તથા જે વચનના વિષયની નયદૃષ્ટિએ ઘટના કરવામાં આવી હોય તે વચન અન્યદર્શનનું હોય તો પણ પ્રમાણભૂત છે. અર્થાત્ સાપેક્ષ વચન પ્રમાણ છે અને નિરપેક્ષ વચન અપ્રમાણ છે. આથી જ કહ્યું છે કે “ પર આગમમાં પણ દ્વેષ ન કરવો, કિંતુ (તેના) વિષયને પ્રયત્નથી વિચારવો. પર આગમનું પણ જે પ્રવચનાનુસારી છે તે સદ્ વચન છે, અને જે પ્રવચનાનુસારી નથી તે બધું

જ અસદ્દ્વચન. છે."[૧૪૬]. આ પ્રમાણે બધાં ય વચનોના વિષયની નયની દૃષ્ટિએ ઘટના કરનાર સાધુ સર્વનયોનો જ્ઞાતા બને છે.

**लोके सर्वनयज्ञानां, ताटस्थ्यं वाप्यनुग्रहः ।**
**स्यात् पृथग्नयमूढानां, स्मयार्तिर्वातिविग्रहः ।**

(૪) स.- સર્વનયોના જાણકારોને लोके - લોકમાં ता.- મધ્યસ્થપણું वा - અથવા अ. - ઉપકાર બુદ્ધિ स्यात् - હોય. पृथग्न. - જુદા જુદા નયોમાં મૂઢ બનેલાઓને स्म. - અભિમાનની પીડા वा–અથવા अति.- અત્યંત ક્લેશ ( હોય. )

(૪) સર્વનયોના જાણકારોને લોકમાં મધ્યસ્થ બુદ્ધિ અથવા ઉપકાર બુદ્ધિ હોય છે. તેઓ જે લોકો કદાગ્રહ આદિથી નયો સમજવાને અયોગ્ય હોય તેમને વિશે મધ્યસ્થબુદ્ધિ રાખે છે–દ્વેષ કરતા નથી. જે જીવો નયોને સમજતા નથી, પણ સમજાવવાને લાયક છે તે જીવો વિશે "આ જીવો કયા ઉપાયોથી માર્ગમાં આવે" એવી ઉપકાર બુદ્ધિ રાખીને તે જીવો માર્ગે આવે તે માટે શક્ય યોગ્ય ઉપાયો કરે છે. જુદા જુદા નયોમાં મૂઢ બનેલાઓને અહંકારની પીડા અને ઘણો ક્લેશ થાય છે.

**श्रेयः सर्वनयज्ञानां, विपुलं धर्मवादतः ।**
**शुष्कवादाद्विवादाच्च, परेषां तु विपर्ययः ॥५॥**

૧૪૬ ષો. ૧૬ ગા. ૧૩, ઉ. મા. ૪૧૫

(૫) સ. – સર્વનયના જાણનારાઓનું ધ. – ધર્મવાદથી વિ. – ઘણું શ્રેયઃ – કલ્યાણ થાય છે. પ. – બીજા એકાંત દૃષ્ટિઓનું તુ – તો શુ. – શુષ્કવાદથી ચ–અને વિ.–વિવાદથી વિ. વિપરીત–અકલ્યાણ થાય છે.

(૫) સર્વનયોના જ્ઞાતાઓનું ધર્મવાદથી ઘણું કલ્યાણ થાય છે. એકાંતદૃષ્ટિ જીવોનું તો શુષ્કવાદ અને વિવાદથી ઘણું અકલ્યાણ થાય છે.

તત્ત્વજિજ્ઞાસુ પૂછે અને તત્ત્વજ્ઞાતા તેને સમજાવે તે ધર્મવાદ. અથવા પરલોકને મુખ્ય રાખનાર, સ્વ–પરદર્શનમાં મધ્યસ્થ, બુદ્ધિમાન અને સ્વશાસ્ત્રના પરમાર્થને જાણનારા વિદ્વાનોની તત્ત્વ-પ્રાપ્તિ માટે જે ચર્ચા–પ્રશ્નોત્તરી વગેરે થાય તે ધર્મવાદ. આવા ધર્મવાદમાં સાધુનો વિજય થાય તો પ્રતિવાદી જૈનધર્મનો સ્વીકાર કરે વગેરે લાભ થાય. પ્રતિવાદીથી સાધુનો પરાજય થાય તો સાધુ-ની અજ્ઞાનતા દૂર થાય–પોતાની ભૂલ સમજાય. આથી ધર્મવાદથી જય થાય તો પણ કલ્યાણ થાય, અને પરાજય થાય તો પણ કલ્યાણ થાય. જે વાદથી તત્ત્વસ્વરૂપની પ્રાપ્તિ રૂપ લાભ ન થાય, કેવળ કંઠ–તાલુ શોષ થાય તે શુષ્કવાદ. અથવા અતિશય ગર્વિષ્ઠ, અતિક્રૂર, ધર્મદ્વેષી અને મૂઢ આ ચારમાંથી કોઈ પણ પ્રકારના વાદી સાથે વાદ

તે શુષ્કવાદ. આવા વાદીની સાથે વાદ કરવાથી લાભ થતો નથી, કેવળ કંઠ–તાલુનો શોષ થાય છે. અત્યંત ગર્વિષ્ઠ જીતાય તો પણ જીતનારના ગુણનો (–પક્ષનો) સ્વીકાર ન કરે. અતિક્રૂર જીતાય તો વૈરી બને. જિનધર્મદ્વેષી જીતાય તો પણ જિનધર્મનો સ્વીકાર ન કરે. મૂઢ યોગ્યાયોગ્યના જ્ઞાનથી રહિત હોવાથી વાદનો અધિકારી જ નથી. આ રીતે શુષ્કવાદથી અકલ્યાણ થાય.

ધનાદિપ્રાપ્તિના આશયથી પરપક્ષનો પરાજય કરી સ્વપક્ષનું સ્થાપન કરવા જે વાદ થાય તે વિવાદ છે. વિવાદમાં તત્ત્વજ્ઞાનીને ઉત્તમ નીતિપૂર્વક વિજય દુર્લભ છે. કદાચ વિવાદમાં વિજય મળે તો પણ અંતરાય આદિ દોષો ઉત્પન્ન થાય છે. આ દોષો પરલોક બગાડે છે. પરાજિત થયેલા પ્રતિવાદીને રાજાદિ પાસેથી ધન ન મળે, બલ્કે પૂર્વે અન્ય વાદીની સાથે વાદ કરીને કંઈક મેળવ્યું હોય તે પણ લઈ લેવામાં આવે. આથી ધનનો અંતરાય થાય, તથા શોક, દ્વેષ, અશુભ કર્મબંધ વગેરે દોષો પણ ઉત્પન્ન થાય. આથી વિવાદથી અકલ્યાણ થાય.[૧૪૭]

---

૧૪૭ હા. અ. ૧૧મું વાદ અષ્ટક.

**प्रकाशितं जनानां यै-र्मतं सर्वनयाश्रितम् ।**
**चित्ते परिणतं चेदं, येषां तेभ्यो नमोनमः ॥६॥**

(૬) यैः – જેઓએ स.– સર્વનયોને આશ્રિત(–સ્યાદ્વાદ-ગર્ભિત) मतं–પ્રવચન ज.– લોકોને प्र. – પ્રકાશિત કર્યું છે, च–અને येषां–જેઓના चित्ते–ચિત્તમાં इदं–આ પ્રવચન प.– પરિણમેલું છે, तेभ्यः – તેઓને न. – વારંવાર નમસ્કાર હો.

(૬) જેમણે (=અરિહંતાદિએ) લોકોને સ્યાદ્વાદ-ગર્ભિત પ્રવચન બતાવ્યું છે અને જેમના (=ચતુર્વિધ સંઘના) ચિત્તમાં એ પરિણામ પામ્યું છે તેમને વારંવાર નમસ્કાર હો !

**निश्चये व्यवहारे च, त्यक्त्वा ज्ञाने च कर्मणि ।**
**एकपाक्षिकविश्लेष-मारूढाः शुद्धभूमिकाम् ॥७॥**
**अमूढलक्ष्याः सर्वत्र, पक्षपातविवर्जिताः ।**
**जयन्ति परमानन्द-मयाः सर्वनयाश्रयाः ॥८॥**

(૭–૮) नि.–નિશ્ચયનયમાં, व्य.–વ્યવહારનયમાં, ज्ञाने–જ્ઞાનનયમાં च–અને क. – ક્રિયાનયમાં ए. – એકપક્ષમાં રહેલા ભ્રાન્તિના સ્થાનને त्य.–છોડીને शु.–જ્ઞાન પરિપાકરૂપ શુદ્ધ ભૂમિકા ઉપર आ. – ચઢેલા, (૮) अ.–લક્ષ ન ચૂકે એવા, स. – સર્વભૂમિકામાં प. – પક્ષપાતરહિત, प.– પરમ આનંદથી ભરપૂર, (અને) स. – સર્વનયોનો આશ્રય કરનારા (જ્ઞાનીઓ) ज. – જયવંતા વર્તે છે.

(૭–૮) નિશ્ચય–વ્યવહાર નયમાં અને જ્ઞાન–ક્રિયા નયમાં એક પક્ષ સંબંધી ભ્રાંતિનો ત્યાગ કરીને

શુદ્ધભૂમિકાએ પહોંચેલા, અર્થાત્ નિશ્ચયનય સાચો કે વ્યવહારનય સાચો ? જ્ઞાનનય સાચો કે ક્રિયા-નય સાચો ? આવી ભ્રાંતિથી રહિત બનીને બંને નયો પોતપોતાના સ્થાને સાચા છે એવા નિર્ણયથી જ્ઞાનપરિપાક રૂપ શુદ્ધભૂમિકાએ પહોંચેલા, સર્વ ભૂમિકામાં સ્વલક્ષ્યને (=સ્વસ્વરૂપને) નહિ ભૂલનારા, કદાગ્રહથી રહિત, સર્વોત્તમ આનંદ રૂપ અને સર્વનયોનો સ્વીકાર કરનારા જ્ઞાનીઓ જયવંતા વર્તે છે.

●

## ॥ अथ उपसंहारः ॥

पूर्णो मग्नः स्थिरोऽमोहो, ज्ञानी शान्तो जितेन्द्रियः ।
त्यागी क्रियापरस्तृप्तो, निर्लेपो निःस्पृहो मुनिः ॥१॥
विद्याविवेकसंपन्नो, मध्यस्थो भयवर्जितः ।
अनात्मशंसकस्तत्त्व-दृष्टिः सर्वसमृद्धिमान् ॥२॥
ध्याता कर्मविपाकाना-मुद्विग्नो भववारिधेः ।
लोकसंज्ञाविनिर्मुक्तः, शास्त्रदृग् निष्परिग्रहः ॥३॥
शुद्धानुभववान् योगी, नियागप्रतिपत्तिमान् ।
भावार्चाध्यानतपसां, भूमिः सर्वनयाश्रितः ॥४॥

# ઉપસંહાર ( ચૂલિકા )

**ચાર શ્લોકો સુધી ૩૨ અષ્ટકોનાં નામ જણાવવા પૂર્વક મુનિના સાધ્ય-સાધનનું વર્ણન:—**

(૧-૪) મુનિ (૧) पूर्ण: - જ્ઞાનાદિ ગુણોથી પૂર્ણ, (૨) मग्न: - એથી જ જ્ઞાનમાં મગ્ન, (૩) स्थिर: - એથી જ યોગોમાં સ્થિર, (૪) अमोह: - એથી જ મોહરહિત, (૫) ज्ञानी - એથી જ જ્ઞાની, (૬) शान्त: - એથી જ ઉપશાંત, (૭) जि. - એથી જ જિતેંદ્રિય, (૮) त्यागी - એથી જ ત્યાગી, (૯) क्रि. - એથી જ ક્રિયામાં તત્પર. એટલે કે વચન-અનુષ્ઠાનથી ઉત્તીર્ણ થઈ અસંગ અનુષ્ઠાનમાં સ્થિત, (૧૦) तृप्त: - એથી જ આત્મામાં સંતુષ્ટ, (૧૧) नि. - એથી જ પાપ રૂપ લેપથી રહિત, (૧૨) नि. - તેથી જ સ્પૃહા રહિત, (૧૩) मुनि: - તેથી જ ભાવ મૌનવંત,

(૧૪) वि. - એથી જ વિદ્યાસંપન્ન, (૧૫) તેથી જ વિવેકસંપન્ન. (૧૬) म. - મધ્યસ્થ, (૧૭) म. - સર્વ પ્રકારના ભયથી રહિત, (૧૮) अना. - આત્મશ્લાઘા નહિ કરનારા, (૧૯) त. - તેથી જ તત્ત્વદષ્ટિ, (૨૦) स. - અંતરમાં પ્રગટેલી સર્વસમૃદ્ધિવાળા,

(૨૧) ध्याता क. - અંતરમાં પ્રગટેલી સર્વસમૃદ્ધિની સ્થિરતા માટે કર્મવિપાકનો વિચાર કરનારા, (૨૨) म. उ.- તેથી વ્યવહારદશામાં સંસાર સમુદ્રથી ઉદ્વિગ્ન, (૨૩) लो.- એથી જ લોકસંજ્ઞાથી મુક્ત, (૨૪) शा. - એથી જ લોકોત્તર માર્ગની પ્રાપ્તિ થઈ હોવાથી શાસ્ત્રમાં દષ્ટિ રાખનારા, (૨૫) नि. - એથી જ દ્રવ્ય-ભાવ પરિગ્રહથી રહિત,

(૨૬) શુ.-એથી જ શુદ્ધ અનુભવવાળા, (૨૭) योगी- એથી જ ભાવયોગસંપન્ન, (૨૮) नि. - એથી જ નિયાગને (=ભાવયજ્ઞને) પામેલા, (૨૯-૩૧) भा. भूमिः - એથી જ ભાવપૂજા, ધ્યાન અને શુદ્ધ તપની ભૂમિ, (૩૨) स. - સર્વવિશુદ્ધિથી સર્વનયોના આશ્રય કરનારા હોય. અહીં પૂર્ણતા સાધ્ય છે. બીજા બધા ગુણો જુદી જુદી અપેક્ષાએ અનંતર કે પરંપરાએ તેનાં સાધન-કારણ છે.

**स्पष्टं निष्टङ्कितं तत्त्व-मष्टकैः प्रतिपन्नवान् ।**
**मुनिर्महोदयं ज्ञान-सारं समधिगच्छति ॥५॥**

**અષ્ટકના અધ્યયનનું ફળ —**

(૫) अ. - અષ્ટકોથી स्पष्टं - સ્પષ્ટ नि. - નિશ્ચિત કરેલા तत्त्वं - તત્ત્વને प्र. - પામેલા मुनिः - સાધુ म.-મહાન ઉદય છે જેનાથી એવા ज्ञा. - જ્ઞાનના સાર (-ચારિત્ર)ને स.-પામે છે. **શુદ્ધ ચારિત્ર અને પરમમુક્તિ એ જ્ઞાનનો સાર (-ફલ) છે. આથી જ કહ્યું છે કે—"સામાયિકથી માંડી ચૌદમા પૂર્વ બિંદુસાર સુધી શ્રુતજ્ઞાન છે. તેનો પણ સાર ચારિત્ર છે, અને ચારિત્રનો સાર નિર્વાણ-મોક્ષ છે."**[૧૪૮]

**निर्विकारं निराबाधं, ज्ञानसारमुपेयुषाम् ।**
**विनिवृत्तपराशानां, मोक्षोऽत्रैव महात्मनाम् ॥६॥**

**ત્રણ શ્લોક સુધી જ્ઞાનસારને પામેલા મુનિની વિશેષતા બતાવવા દ્વારા જ્ઞાનસારના માહાત્મ્યનું વર્ણન--**

---

૧૪૮ વિ. આ. ભા. ગા. ૧૧૨૬.

(૬) निर्वि. – વિકાર રહિત (અને) निरा. – પીડા રહિત ज्ञा.-જ્ઞાનસારને उ.–પામેલા (અને) वि.-નિવૃત્ત થઈ છે પરની આશા જેમની એવા म. – મહાત્માઓને इहैव – આ જ ભવમાં मोक्षः –(બંધની નિવૃત્તિ રૂપ) મોક્ષ છે.[૧૪૯]

**चित्तमार्द्रीकृतं ज्ञान-सारसारस्वतोर्मिभिः ।**
**नाप्नोति तीव्रमोहाग्नि-प्लोषशोषकदर्थनाम् ॥७॥**

(૭) ज्ञा. – જ્ઞાનસાર રૂપ સરસ્વતીના (–વાણીના) તરંગોથી आ. – કોમળ કરેલું चित्तं – મન ती. – આકરા મોહ રૂપ અગ્નિના દાહના શોષની પીડાને न आ. – પામતું નથી.

**अचिन्त्या कापि साधूनां, ज्ञानसारगरिष्ठता ।**
**गतिर्ययोर्ध्वमेव स्या-दधःपातः कदापि न ॥८॥**

(૮) सा. – મુનિઓની ज्ञा.– જ્ઞાનસારની ગુરુતા (ભાર) काऽपि – કોઈક अ.–ન ચિંતવી શકાય તેવી છે. यया–જેનાથી ऊ. – ઊંચે જ गतिः – ગતિ स्याद् – થાય. कदाऽपि – ક્યારે પણ अ.-નીચે પતન न – ન થાય. ભારે પદાર્થ નીચે જાય છે. પણ આ ભાર ઊર્ધ્વગતિનું કારણ છે. આથી આ ભાર (સામાન્ય લોક માટે) આશ્ચર્ય રૂપ હોવાથી અચિંત્ય છે.

**ચાર શ્લોક સુધી ક્રિયાથી જ્ઞાનની અધિક મહત્તાનું વર્ણન :**

**क्लेशक्षयो हि मण्डूक-चूर्णतुल्यः क्रियाकृतः ।**
**दग्धतच्चूर्णसदृशो, ज्ञानसारकृतः पुनः ॥९॥**

---

૧૪૯ પ્ર. ર. શ્રા. ૨૩૮.

(૯) क्रि. क्ले. – ક્રિયાથી કરેલો રાગાદિ ક્લેશોનો ક્ષય मं. – દેડકાના શરીરના ચૂર્ણ (અવયવોના ટુકડા) તુલ્ય છે, पुनः – અને ज्ञा. – જ્ઞાનસારથી–શુદ્ધ ક્ષયોપશમભાવથી કરેલો ક્લેશોનો ક્ષય द. – બાળેલા દેડકાના શરીરના ચૂર્ણ સમાન છે. हि. – નિશ્ચિત–ચોક્કસ. આ હકીકત નિઃસંદેહ છે.[150]

નહિ બાળેલા દેડકાના શરીરના ચૂર્ણમાંથી વર્ષાદ થતાં ફરી અધિક દેડકાઓની ઉત્પત્તિ થાય છે. પણ બાળી નાખેલા દેડકાના શરીરમાંથી નવા દેડકાઓની ઉત્પત્તિ થતી નથી. તે પ્રમાણે જ્ઞાન-રહિત કેવલ ક્રિયાથી ક્ષય પામેલા ક્લેશોની નિમિત્ત મળતાં ફરી અધિક ઉત્પત્તિ થાય છે. ક્ષાયોપશમિક ભાવ રૂપ જ્ઞાનસારથી ક્ષય પામેલા ક્લેશોની ફરી ઉત્પત્તિ થતી નથી. આ વિષયમાં અભવ્યો, દુર્ભવ્યો અને ભરત મહારાજા વગેરે સમ્યગ્દૃષ્ટિ જીવો દૃષ્ટાંત રૂપ છે. અભવ્ય કે દુર્ભવ્ય જીવ ઉચ્ચકોટિની ક્રિયાના પ્રતાપે દેવલોકનાં કે મનુષ્યલોકનાં રાજ્યાદિ સુખો પામે છે. પણ ત્યાં સુખમાં ભાન ભૂલે છે. દબાવેલી સ્પ્રીંગની જેમ રાગાદિ દોષો જોરથી ઊછળે છે. સુખમાં આસક્ત બનીને પાપકર્મો બાંધે છે. પરિણામે દુર્ગતિમાં અનંત દુઃખો અનુભવે છે. ભરત મહારાજા જેવા

૧૫૦ યો. શ. ગા. ૮૬, ઉ. પ. ગા. ૧૯૧–૧૯૨.

સમ્યગ્દષ્ટિ જીવો રાજ્યાદિ સંપત્તિમાં આસક્ત બનતા નથી, સદા વિરાગ ભાવે રહે છે.

**ज्ञानपूतां परेऽप्याहुः, क्रियां हेमघटोपमाम् ।**
**युक्तं तदपि तद्भावं, न यद् भग्नापि सोज्झति ॥१०**

**આ સિદ્ધાંતનો અન્યદર્શનમાં પણ સ્વીકાર :**

(૧૦) परेऽपि–બીજાઓ (બૌદ્ધ વગેરે) પણ ज्ञा. क्रियां–જ્ઞાનથી પવિત્ર બનેલી ક્રિયાને हे.–સુવર્ણઘટ તુલ્ય आहुः–કહે છે. तदपि युक्तं–એમનું આ વચન પણ યોગ્ય છે. यत्–કારણ કે सा भग्नाऽपि–જ્ઞાનયુક્ત ક્રિયા (તેવા પ્રકારના કર્મોદયથી) ભગ્ન બને-બંધ થાય તો પણ तद्भावं–તેના (=ક્રિયાના) ભાવને न. उ.–છોડતી નથી.

જેમ માટીનો ઘડો ભાંગે તો નકામો જાય છે, પણ સોનાનો ઘડો ભાંગે તો નકામો જતો નથી. કેમ કે સુવર્ણનો ભાવ ઉપજે છે. તેમ જ્ઞાનપૂર્વક થતી ક્રિયા કદાચ તેવા પ્રકારના કર્મોદયથી બંધ થઈ જાય તો પણ ક્રિયા કરવાનો ભાવ જતો નથી.[૧૫૧]

ક્રિયા ભગ્ન બને તો પણ તેનો ભાવ જતો નથી એ વિષયની ઘટના ત્રણ રીતે થઇ શકે છે:

(૧) સમ્યગ્દષ્ટિ આત્મા સમ્યગ્દર્શનથી રહિત બને તો પણ ક્યારે ય કર્મના ઉત્કૃષ્ટ રસનો અને

૧૫૧ યો. શ. ગા. ૮૭, ઉ. પ. ગા. ૨૪૦ થી ૨૪૨.

(સાત કર્મોની) અંતઃકોડાકોડિ સાગરોપમથી અધિક સ્થિતિનો બંધ થતો નથી. આનો અર્થ એ થયો કે ઉત્કૃષ્ટ રસબંધ–સ્થિતિબંધની નિવૃત્તિ રૂપ ભાવ જતો નથી. તથા એ આત્મા ભવિષ્યમાં શુભ આલંબન વગેરેનો યોગ થતાં અવશ્ય ફરી સમ્યક્ત્વ પામે છે.

(૨) સર્વવિરતિ કે દેશવિરતિને પામેલો જીવ તેવા પ્રકારના કર્મોદયથી સર્વવિરતિ કે દેશવિરતિની ક્રિયાથી સર્વથા રહિત બને, તો પણ સમ્યગ્દર્શન ગુણ હોવાથી સર્વવિરતિ કે દેશવિરતિની ક્રિયા કરવાના ભાવ જતા નથી.

(૩) સાધુ વગેરે તેવા પ્રકારના કર્મોદયથી શાસ્ત્રવિહિત અમુક અમુક ક્રિયા ન કરી શકે તો પણ તે ક્રિયા કરવાનો ભાવ જતો નથી. ક્રિયા ન કરી શકવા બદલ તેના હૃદયમાં અપાર દુઃખ હોય છે.

**क्रियाशून्यं च यज्ज्ञानं, ज्ञानशून्या च या क्रिया ।**
**अनयोरन्तरं ज्ञेयं, भानुखद्योतयोरिव ॥११॥**

(૧૧) क्रि.–ક્રિયારહિત यद् ज्ञानं–જે જ્ઞાન च–અને ज्ञा.–જ્ઞાન રહિત या क्रिया–જે ક્રિયા अ. अं.–એ બંનેનું અંતર भा. इव–સૂર્ય અને ખજૂઆ જેટલું ज्ञेयं–જાણવું.

ક્રિયારહિત જ્ઞાન સૂર્યની જેમ અતિશય પ્રકાશવાળું છે. જ્ઞાનરહિત ક્રિયા ખદ્યોતની જેમ અલ્પપ્રકાશવાળી છે. આથી જ જ્ઞાનીઓએ ઉચ્ચ-કોટિની ચારિત્ર ક્રિયા કરનાર અભવ્ય વગેરેની જરા ય પ્રશંસા કરી નથી, અને વિરતિની ક્રિયાથી રહિત હોવા છતાં ચોથા ગુણસ્થાને રહેલા સમ્ય-ગ્દષ્ટિ જીવની પ્રશંસા કરી છે. અભવ્ય વગેરેની ચારિત્રની ઉચ્ચકોટિની ક્રિયા પણ જ્ઞાનથી રહિત છે. ચોથા ગુણસ્થાને રહેલા સમ્યગ્દષ્ટિ જીવમાં વિરતિની ક્રિયા ન હોવા છતાં જ્ઞાન છે. આથી ઉચ્ચકોટિની ચારિત્ર ક્રિયા કરનાર અભવ્ય આદિ-થી વિરતિક્રિયાથી રહિત સમ્યગ્દષ્ટિ જીવ અતિશય ઉચ્ચ છે.

**चारित्रं विरतिः पूर्णा, ज्ञानस्योत्कर्ष एव हि ।**
**ज्ञानाऽद्वैतनये दृष्टिर्देया तद्योगसिद्धये ॥१२॥**

(૧૨) पूर्णा वि. - પૂર્ણવિરતિ રૂપ चा. - ચારિત્ર हि - નિશ્ચયથી ज्ञा. उ. एव - જ્ઞાનનો ઉત્કર્ષ જ છે. तत् - તેથી यो. - યોગની સિદ્ધિ માટે ज्ञा. - કેવળ જ્ઞાનનયમાં दृष्टिर्देया - દૃષ્ટિ રાખવી.

જ્ઞાનપૂર્વક ક્રિયા કરવી એ આ શ્લોકનો ભાવ છે. જ્ઞાનનય ચારિત્રને જ્ઞાનસ્વરૂપ માને છે. ચારિત્ર જ્ઞાનથી ભિન્ન નથી. કેમ કે ચારિત્ર

જ્ઞાનનું જ કાર્ય છે. યોગ ક્રિયા–જ્ઞાન ઉભય રૂપ છે. જ્ઞાનનયની દૃષ્ટિએ ક્રિયાનો જ્ઞાનમાં સમાવેશ થઈ જવાથી જ્ઞાનની સિદ્ધિથી ( ક્રિયા–જ્ઞાન ઉભય રૂપ ) યોગની સિદ્ધિ થાય છે. આ દૃષ્ટિએ અહીં કહ્યું કે યોગની સિદ્ધિ માટે જ્ઞાનનયમાં દૃષ્ટિ રાખવી. જ્ઞાનનયની દૃષ્ટિએ ક્રિયા જ્ઞાનનું કાર્ય હોવાથી, યોગની સિદ્ધિ માટે જ્ઞાનનયમાં દૃષ્ટિ રાખવી એનો ભાવ એ થયો કે, ક્રિયા–જ્ઞાન રૂપ યોગની સિદ્ધિ માટે જ્ઞાનપૂર્વક ક્રિયા કરવી.

॥ अथ ग्रन्थकृत्प्रशस्तिः ॥

**सिद्धिं सिद्धपुरे पुरन्दरपुरस्पर्धावहे लब्धवान्,**
**चिद्दीपोऽयमुदारसारमहसा दीपोत्सवे पर्वणि ।**
**एतद्भावनभावपावनमनश्चञ्चच्चमत्कारिणां,**
**तैस्तैर्दीपशतैः सुनिश्चयमतैर्नित्योऽस्तु दीपोत्सवः ।१।**

(૧) अयं – આ ( પ્રસ્તુત ગ્રંથ ) चिद्दीपः – જ્ઞાનરૂપ દીવો पु. – ઇંદ્રનગરની સ્પર્ધા કરનાર सि. – સિદ્ધપુરમાં उ.– મહાન અને મનોહર મહોત્સવપૂર્વક दी. प.–દીવાળી પર્વમાં सिद्धिं ल. – પૂર્ણ થયો. ए.– આ ગ્રંથની ભાવનાના રહસ્યથી પવિત્ર થયેલા મનના ચમકતા ચમત્કારવાળા જીવોને सु. – શ્રેષ્ઠ નિશ્ચયનયને ઇષ્ટ तैः तैः – તે તે दी. – સેંકડો (જ્ઞાનરૂપ) દીવાઓથી दी. – દીવાળીનો ઉત્સવ नित्यः – સદા अस्तु–હો.

અર્થાત્ જ્ઞાનસાર જેવા સેંકડો ગ્રંથોના ચિંતન–મનન આદિ દ્વારા સદા ભાવ દીવાળી મહોત્સવ થાઓ.

**केषाञ्चिद्विषयज्वरातुरमहो चित्तं परेषां विषा-**
**ऽऽवेगोदर्क कुतर्क मूर्च्छितमथान्येषां कुवैराग्यतः ।**
**लग्नालर्कमबोधकूपपतितं चास्ते परेषामपि,**
**स्तोकानां तु विकारभाररहितं तज्ज्ञानसाराश्रितम् ।२।**

(૨) अहो – આશ્ચર્ય છે કે के. – કેટલાકનું चित्तं– મન वि. – વિષય રૂપ તાવથી પીડિત છે. प. – બીજાઓનું મન विषा. – વિષ સમાન આવેગવાળા અને[૧૫૨] (उदर्क –) તત્કાલ ફળ આપનાર કુવિચારોથી મૂર્છિત છે. अ.–બીજાઓનું મન कु.–દુઃખગર્ભિત અને મોહગર્ભિત વૈરાગ્યથી ल.–લાગ્યો છે હડકાયો કૂતરો જેને એવું છે. અર્થાત્ હડકાયો કૂતરો કરડે તો કાલાંતરે મૃત્યુ થાય તેમ દુઃખગર્ભિત–મોહગર્ભિત વૈરાગ્યવાળા જીવો કાલાંતરે અશુભ પામે છે. प.–બીજાઓનું પણ મન अ. – અજ્ઞાન રૂપ કૂવામાં પડેલું છે. स्तोकानां तु– થોડાઓનું જ મન त. – તે જ્ઞાનસારને આશ્રિત (છે, અને તેથી) वि. – વિકારના ભારથી રહિત आस्ते – છે.

**जातोद्रेकविवेकतोरणततौ धावल्यमातन्यते,**
**हृद्गेहे समयोचितः प्रसरति स्फीतश्च गीतध्वनिः ।**

---

૧૫૨ વિષ શરીરમાં ઝડપથી પ્રસરીને તત્કાલ અશુભ ફળ આપે છે. કુવિચારો પણ મનમાં જલદી પ્રસરીને તત્કાલ અશુભ ફળ આપે છે. उदर्क=તત્કાલ ફળ આપનાર.

**पूर्णानन्दघनस्य किं सहजया तद्भाग्यभङ्ग्याऽभव-**
**न्नैतद्ग्रन्थमिषात् करग्रहमहश्चित्रं चरित्रश्रियः ! ॥३॥**

(૩) जा. – જ્યાં (उद्रेक –) વૃદ્ધિ પામેલા વિવેક રૂપ તોરણની શ્રેણિ છે એવા हृ. – હૃદય રૂપ ઘરમાં धा. आ.– ઘણી શુદ્ધિ કરાય છે. च–અને स. – સમયને યોગ્ય स्फीतः – ઘણો गी. – ગીતધ્વનિ प्र. – ફેલાય છે. (તેથી) ए. – આ ગ્રંથની રચનાના બહાનાથી स. – સ્વાભાવિક त. – તેના ભાગ્યની રચનાથી पू. – પૂર્ણાનંદથી ભરપૂર આત્માના (અને) च. – ચારિત્ર રૂપ લક્ષ્મીના क. – પાણિગ્રહણને। મહોત્સવ न अ. – નથી થયો किं – શું ?

**भावस्तोमपवित्रगोमयरसैर्लिप्तैव भूः सर्वतः,**
**संसिक्ता समतोदकैरथ पथि न्यस्ता विवेकस्रजः ।**
**अध्यात्मामृतपूर्णकामकलशश्चक्रेऽत्र शास्त्रे पुरः,**
**पूर्णानन्दघने पुरं प्रविशति स्वीयं कृतं मङ्गलम् ॥४॥**

(૪) अत्र शास्त्रे – આ શાસ્ત્રમાં भू. – ભૂમિ भा. – ભાવનાના સમૂહ રૂપ પવિત્ર કામધેનુના છાણથી लीप्तैव – લીપેલી જ છે. अथ – ત્યાર બાદ सर्वतः – ચોતરફ स. – સમભાવ રૂપ પાણીથી सं. – છાંટેલી છે. पथि – માર્ગમાં वि. – વિવેક રૂપ પુષ્પમાળાઓ न्यस्ताः – મૂકી છે. पुरः – આગળ अ. – અધ્યાત્મ રૂપ અમૃતથી ભરેલો કામકુંભ चक्रे – કર્યો છે. ( આ પ્રમાણે ) पू. – પૂર્ણ આનંદથી ભરપૂર આત્માએ पुरं प्र. – ( આ ગ્રંથમાં કહેલા ૩૨ અધિકારોથી અંતરંગ શત્રુઓને જીતીને અપ્રમાદ રૂપ) નગરમાં પ્રવેશ કરતાં स्वीयं – પોતાનું मङ्गलं – મંગલ कृतं – કર્યું છે.

गच्छे श्रीविजयादिदेवसुगुरोः स्वच्छे गुणानां गणैः,
प्रौढिं प्रौढिमधाम्नि जीतविजयप्राज्ञाः परामैयरुः ।
तत्सातीर्थ्यभृतां नयादिविजयप्राज्ञोत्तमानां शिशोः,
श्रीमन्न्यायविशारदस्य कृतिनामेषा कृतिः प्रीतये ॥५॥

(૫) સુગુરુ શ્રીવિજયદેવસૂરિના ગુણોના સમૂહથી નિર્મલ અને બુદ્ધિના ધામ ગચ્છમાં શ્રીજિતવિજય પંડિત ઉત્કૃષ્ટ બુદ્ધિ પામ્યા. તેમના પંડિતોમાં શ્રેષ્ઠ શ્રીનયવિજય ગુરુભાઈ હતા. નયવિજયના શિષ્ય ન્યાયવિશારદ શ્રીયશોવિજયજીની આ રચના વિદ્વાનોની પ્રીતિ માટે થાઓ.

[બાલબોધ પ્રશસ્તિ–]

बालालालापानवद् बालबोधो,
न्या(ना)यं किन्तु न्यायमालासुधौघः ।
आस्वाद्यैनं मोहहालाहलाय (लस्य),
ज्वालाशान्तेर्धी विशाला भवन्तु ॥१॥

(૧) આ બાલબોધ ( –ગુજરાતીમાં અર્થ કરવા રૂપ ) બાળાના લાલ ચાટવાના જેવો ( અનુચિત) નથી. કિંતુ ન્યાયમાલા (–ઉચિત પ્રણાલિકા) રૂપ અમૃતના પ્રવાહ સમાન છે. એનો રસ ચાખીને મોહ રૂપ ઝેરની અગ્નિ જવાળાઓ ( –ગરમ જવાળાઓ ) ની શાંતિથી વિશાળ બુદ્ધિવાળા બનો.

आतन्वाना भा–रती भारती,
नस्तुल्यादेशा संस्कृते प्राकृते वा ।

शुक्तिसूक्तिर्युक्तिमुक्ताफलानां
भाषाभेदो नैव खेदोन्मुखः स्यात् ॥८॥

(૨) અમારી ભારતી–વાણી ભા–રતી = પ્રતિભા અને પ્રીતિનો વિસ્તાર કરનારી, સંસ્કૃત અને પ્રાકૃત–ચાલુ ભાષામાં સમાન આગ્રહવાળી, યુક્તિ રૂપ મોતીઓની સુવચન રૂપ શુક્તિ (છીપ) જેવી છે. (આથી વિદ્વાનોને) ભાષાનો ભેદ ખેદજનક ન જ થાય.

सूरजीतनयशान्तिदासहृन्मोदकारणविनोदतः कृतः ।
आत्मबोधधृतविभ्रमः श्रीयशोविजयवाचकैरयम् ॥२॥

॥ इति श्री ज्ञानसारप्रकरणं समाप्तम् ॥

(૩) આત્મજ્ઞાનમાં વિશ્રાંતિ આપનાર આ બાલબોધ શ્રીયશોવિજય ઉપાધ્યાયે સૂરજીના પુત્ર શાંતિદાસના હૃદયમાં પ્રમોદ કરાવનાર રમતથી કર્યો છે. અર્થાત્ બાલબોધ કરવામાં શ્રીયશોવિજય ઉપાધ્યાયને રમત જેવું થયું (–સહેલાઈથી કર્યો,) અને તેનાથી શાંતિદાસને (પોતાની વિનંતીનો સ્વીકાર થવાથી અથવા પોતાને આ ગ્રંથનું ગુજરાતીમાં રહસ્ય મળવાથી) આનંદ થયો.

# શુદ્ધિપત્રક

[ કોઈ કોઈ સ્થળે સંસ્કૃત શબ્દોમાં માત્રા, રેફ, અનુસ્વાર વગેરે બરોબર ઊઠ્યા ન હોય તેવા અને ગુજરાતી શબ્દોમાં હ્રસ્વ–દીર્ઘ વગેરેની અશુદ્ધિવાળા કેટલાક શબ્દો શુદ્ધિપત્રકમાં લીધા નથી. વાંચકોએ સ્વયં સુધારી લેવા ]

| પૃષ્ઠ | પંક્તિ | અશુદ્ધ | શુદ્ધ |
|---|---|---|---|
| ૧ | ૪ | –मुखमग्नेन | –सुखमग्नेन |
| ૬ | ૧૫ | ઓછાં– | ઓછા– |
| ૧૦ | ૧૯ | –विश्रान्तिंमग्न | –विश्रान्तिं मग्न |
| ૧૧ | ૧૫ | परब्रह्मणि | परब्रह्मणि |
| ૧૪ | ૫ | क्क | क्र |
| ૧૪ | ૬ | क्क | क्र |
| ૧૪ | ૧૪ | भ– | भ.– |
| ૧૬ | ૧૩ | ઉપશમ | ઉપશમ ૩૫ |
| ૨૩ | ૫ | સ માધિ | સમાધિ |
| ૨૮ | ૧૮ | सु.– | वि.– |
| ૩૧ | ૧૩ | –पदण्येकं | –पदमण्येकं |
| ૪૧ | ૧૦ | सदा.– | सदा– |
| ૪૯ | ૧૭ | कांक्षसि | काङ्क्षसि |
| ૫૩ | ૮ | ऐ.– | ए.– |
| ૬૨ | ૭ | આજ | આ જ |
| ૬૩ | ૮ | કેવલ | કેવલ– |
| ૬૩ | ૧૯ | કેવલ | કેવલ– |
| ૭૫ | ૧૦ | पुद्गलैः | पुद्‌गलैः |

| | | | |
|---|---|---|---|
| ૭૮ | ૬ | લેપાતો | લેપાતું |
| ૯૧ | ૧૩ | મૂર્च्छां | मूर्च्छां |
| ૯૨ | ૭ | ચંડાલણ | ચંડાલણી |
| ૯૫ | ૬ | તે | તેને |
| ૧૦૨ | ૭ | पुद्गल- | पुद्गल |
| ૧૦૩ | ૧૩ | प.- | प्र.- |
| ૧૧૫ | ૧૨ | આવતા | આવતાં |
| ૧૨૦ | ૭ | પુંછડાથી | પૂછડાથી |
| ૧૨૦ | ૧૪ | ઉંપેક્ષા | ઉપેક્ષા |
| ૧૨૭ | ૧૯ | યોગશાસ્રોમાં | યોગશાસ્ત્રોમાં |
| ૧૩૩ | ૧૦ | न | नैव |
| ૧૩૩ | ૧૦ | પામતો | પામતો જ |
| ૧૩૪ | ૧૨ | भयानिलः | भयानिलैः |
| ૧૩૫ | ૧૮ | सृतं | कृतं |
| ૧૩૯ | ૮ | (અને) | च-અને |
| ૧૪૯ | ૩ | રત્ન | છત્રરત્ન |
| ૧૫૦ | ૧૦ | भाति | शोभते |
| ૧૫૩ | ૧૦ | न. आ.- | न आ.- |
| ૧૫૩ | ૧૬ | रंकोऽपि | रङ्कोऽपि |
| ૧૫૩ | ૧૯ | પણ | પણ क्ष.-ક્ષણમાં |
| ૧૫૬ | ૪ | મળ્યાં. | મળ્યા. |
| ૧૬૦ | ૧૭ | ઉચ્છ્વાસ | ઉચ્છ્વાસ |
| ૧૯૩ | ૧૦ | અલંબન | આલંબન |
| ૨૨૦ | ૧૪ | અંતરંગ | =અંતરંગ |
| ૨૩૪ | ૧૮ | -नुममवाम् | -नुमववान् |

## પૂ. મુનિરાજ શ્રી રાજશેખરવિજયજી મ. ના

### સંપાદિત–અનુવાદિત

| ગ્રંથ | સાઈઝ | વિષય |
|---|---|---|
| (૧) જ્ઞાનસાર | પોકેટબુક | મૂળ શ્લોકો |
| (૨) યોગશાસ્ત્ર | ,, | ,, |
| (૩) ધર્મબિંદુ | ક્રાઉન ૧૬ પેજી | ગુજરાતી અર્થ સાથે મૂળસૂત્રો |
| (૪) તત્ત્વાર્થ | પોકેટબુક | ગુજરાતી અર્થ સાથે મૂળસૂત્રો |
| (૫) પ્રશમરતિ | ફૂલસ્કેપ ૧૬ પેજી | ગુજરાતી અર્થ–મૂળગાથાઓ |
| (૬) હારિભદ્રીય અષ્ટક | ,, ,, | ગુજરાતી અર્થ–મૂળગાથાઓ |
| (૭) જ્ઞાનસાર | ,, ,, | ગુજરાતી અર્થ મૂળગાથાઓ |
| (૮) વીતરાગસ્તોત્ર | ક્રાઉન ,, | ગુજરાતી અર્થ–મૂળગાથાઓ |

પૂજ્ય સાધુ–સાધ્વીજી મહારાજોને કંઠસ્થ કરવા ઉપરના ગ્રંથોની જરૂર હોય તેઓશ્રીએ નીચેના સરનામે જણાવવાથી સ્વાધ્યાયાર્થે ભેટ મોકલવામાં આવશે.

## શ્રી લહેરુચંદ ભોગીલાલ ગ્રંથમાળા

ઠે. શ્રી નગીનદાસ જૈન પૌષધશાળા, પંચાસરાજી પાસે
મુ. પાટણ, (ઉત્તર–ગુજરાત)

આવરણ • દીપક પ્રિન્ટરી • અમદાવાદ–૧